શ્રીકૃષ્ણનું જીવનદર્શન



શ્રીકૃષ્ણનું બાલદર્શન

[ખાસ નવી દૃષ્ટિ સહિત]



લેખક :

રંગનાથ શંભુનાથ ઘારેખાન બી. એ.

(માજી નાયબસુબા, વડોદરા રાજ્ય)

સંદેશ ભક્તિરસ ગ્રંથમાળા

પ્રકાશક ;

ધી સંદેશ લિમિટેડ વતી

નંદલાલ ચુનીલાલ બોડીવાળા

સારંગપુર, અમદાવાદ.

પુસ્તક
૫ મું

ડીસેમ્બર
૧૯૪૬

કિંમત:
રૂ. ૪-૦-૦
ચાર રૂપિયા.

[આવૃત્તિ બીજી]

પ્રકાશક :
ધી સંદેશ લિમિટેડ
સારંગપુર, અમદાવાદ.

મુદ્રક અને પ્રકાશક
'સંદેશ લિમિટેડ' વતી
નંદલાલ ચુનીલાલ
બોડીવાળા.

મુદ્રણસ્થાન
ધી ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ
માધુભાઈ કોલોની
અમદાવાદ.

અર્પણ

પરમપૂજ્ય પરમહંસ વિદેહમુક્ત ગુરૂદેવ શ્રી
માધવદાસજી મહારાજ, માલસર

આપશ્રી ગૌડીઆ સંપ્રદાયના છતાં કર્મ, યોગ અને જ્ઞાનમાં ઉંચામાં ઉંચી કોટિએ પહોંચવાથી પ્રેમ અને દયાભાવમાં માણસ માત્રને આદર્શરૂપ હોવાથી તેમજ સર્વ ધર્મ તથા દેવ તરફ સમભાવ હોવાથી અને નાસ્તિક, જડવાદી વગેરે તમામના ગુરૂ હોવાથી મારૂં પણ આકર્ષણ થયું. આપશ્રીનો માલસરનો આશ્રમ ઋષિ આશ્રમ જેવો હોવાથી તમામ પ્રકારના લોકોનું આતિથ્ય થતું હતું અને થાય છે અને ત્યાગી તથા સંસારી બન્નેને પ્રત્યક્ષ બોધ મળે છે. આપના પ્રત્યક્ષ બોધ કરતાં આપના પ્રત્યક્ષ ચારિત્ર્યની અસર અલૌકિક હતી.

" મ્હારા ધર્મ વિચાર " મારા પ્રથમના ગુરૂ પિતાશ્રીને અર્પણ કર્યા અને આ પુસ્તક આલોક તથા પરલોક બન્નેના ગુરૂદેવ આપશ્રીને અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

લી૦ આપનો કૃપાકાંક્ષી
રંગનાથ શંભુનાથ ઘારેખાન.

આમુખ

ભગવાન્ શ્રી કૃષ્ણચંદ્રની કીર્તિકૌમુદી એટલી બધી અનુપમ છે કે આ ગ્રન્થના લેખકે પ્રસ્તાવનામાં લખ્યું છે, તેમ કેટલાંએ પુરાણોમાં, પંચમ વેદની ઉપમા પામેલા મહાભારત–હરિવંશમાં અને સંસ્કૃતપ્રાકૃત મહાકવિઓના અંતરમાં એણે અમૃતનાં સરોવર ઉપજાવીને શ્રદ્ધાશીલ જનસમૂહને અત્યારની ઘડી સુધી એનું આસ્વાદન કરાવ્યું છે. વ્યાસદેવે એને પૂર્ણ પુરુષોત્તમ, સોળકળાસંપન્ન તથા અવતારી તત્ત્વ આલેખી ભાવનાને સર્વોચ્ચ શિખરે એમના વ્યકિતત્વની સ્થાપના કરી છે; કવિઓને એમણે આજીવન પણ અધુરૂં પડે એટલું કાવ્ય પ્રેરણાનું ઝરણું સોંપી રાખ્યું છે; ભકતોને ભકિતરસામૃતનું ટીપે ટીપે મધુરપાન કરાવી પ્રેમમૂર્તિ બનાવ્યા છે; દેશવિદેશના ભાષાભાષીઓને અલૌકિક રીતે આકર્ષી એમના જીવનની મીમાંસાના મંથનમાં ઊતાર્યા છે.

અને છતાં યે એ રહ્યા છે એવાને એવા, મનવાણીથી અવર્ણ્ય અને બધાં લોચનથી અલૌકિક. સામાન્ય લોકનેતા કે લોકસેવક મહાપુરુષોનાં જીવન જ જ્યાં લોકોત્તર રહસ્યથી ભરેલાં હોય છે, તો પછી લોકવિલોકથી પરપ્રદેશના તત્ત્વને મૂર્તિમાન સ્વરૂપ આપતા જીવનનું રહસ્ય સમજવામાં પૂર્ણ સફલતાનો પ્રયત્ન કરવો એમાં જો ગર્વ હોય તો તે મિથ્યાડંબર છે; અને આવું જ ચરિત્ર કે આટલું જ કથન–કવન એમના જીવનની ઇતિશ્રી બતાવે છે એમ કહેવું એ નરી અજ્ઞાન દશાની પરાકાષ્ઠા છે.

જ્યારથી ભારતવર્ષ મુખ્યત્વે પશ્ચિમની તેમજ બીજી વિદેશી સંસ્કૃતિના સંઘર્ષમાં આવ્યું છે, ત્યારથી પ્રજામાં એક પ્રકારની સ્થૂલ જીવન વિષેની મહત્તા, લૌકિકતા, તેમજ ઈન્દ્રિય પ્રત્યક્ષ દર્શનોની જ વાસ્તવિકતા વિષે ખૂબ જ જિજ્ઞાસા ઉદ્ભવી છે; આંખે જોયું એજ સાચું, કાને સાંભળ્યું તેજ ખરૂં, અને સામાન્ય ઇંદ્રિયલોલુપ મનુષ્ય જીવી જાણે એટલું અને એવું જ જીવન—એવી જે જડ શ્રદ્ધા ઉત્પન્ન થઇ છે, એને લીધે વેદોક્ત ધર્મના દેવ દેવતાઓ, ઋષિમુનિઓ, અવતારો, આચાર્યો, સંત-મહન્તો, સાધુવૃન્દો, ભકતગણો ઉપર અશ્રદ્ધા ઉપજી છે; પરન્તુ સૂક્ષ્મ અને દિવ્યાંશી જીવનમાં નિમગ્ન રહી, પરમાત્માના અગાધ–ઊંડાણમાં, અનન્ત બ્રહ્મસાગરમાં આત્મભાવે વિહાર કરનારા ભકતમકરોને, અનન્તરાશિ જલભંડારસમા બ્રહ્માંડ સાગરની સપાટી ઉપરનાં ક્ષુદ્ર મત્સ્યબુદ્બુદ્ સમજી શકે એમ કેમ માની શકાય ?

અને એમ છતાંયે અસંખ્ય ભાષાભાષીઓએ અવનવા પ્રયત્નો કર્યાં છે; સફલતા નિષ્ફલતાનો પ્રશ્ન એમાં નથી; પણ એ અલૌકિક જીવનની સુંદર ઝાંખી કરવાથી તો જેટલો એના દર્શકને આનંદ થાય છે એટલો જ એમાં સ્વલક્ષી લાભ ગણ-વાનો છે. જડવાદની ટોચે પહોંચેલા પશ્ચિમના શિક્ષણને લીધે આપણા જ—આજ દેશના કોઈ કોઇ સુપુત્રોએ જ્યારે શ્રીકૃષ્ણચંદ્રને કલ્પના પુરુષ ગણવા માંડયા, તો કોઇએ એથી એ આગળ જઇને સુધાપુષ્પી શ્રીભગવદ્ગીતાની વાણીની પણ વણ સમજ્યે અને વણ ઉકેલ્યે જીવનનાં ઘડતર–ચણતરમાં કેવળ નિરુપયોગી માનવા જેવાં પણ દુ:સાહસ કર્યાં છે; આ બધાનું પ્રયાશ્ચિત કરતા હોઇએ તેમ અત્યારે એજ ભગવદ્ગીતાએ લોકમાન્ય શ્રી. તિલકથી માંડીને યોગાચાર્ય શ્રી. અરવિન્દ જેવાઓને આકર્ષ્યાં છે અને એમાંથી

તત્ત્વજ્ઞાનમાં અનેરાં નવવિધાન ઉકેલવાના પ્રયત્નો આદર્યાં, ત્યારે જ એ જડચક્ષુને કંઈક માનવચક્ષુમાં ચૈતન્ય અને પ્રકાશ આંજવામાં નિમિત્ત બન્યા છે.

ભગવદ્‌ગીતાના ગવૈયા, ભાગવતધર્મના પ્રાણાધાર, ભક્તિ-રસના રાસધારી, પ્રેમ ધર્મના પોષક અને એકંદરે જ્ઞાન ભક્તિ-કર્મની ત્રિવેણી સંગમ તટે ઊભા રહીને પ્રણયબંસીના મધુર મુગ્ધ સ્વરે જાણે આ યુગમાં તો ભગવાન્ પોતે જ આકર્ષવા માંડયા હોય એમ લાગે છે અને નવયુગના સંચારમાં જ્યાં ત્યાં શ્રી. કૃષ્ણનાં દર્શન સ્પર્શનનાં ઉષાદર્શન થાય છે. કોઈ પણ સર્વદેશી સાહિત્યના અવલોકનકારને આ સ્પષ્ટ જણાય એમ છે.

એમના જીવનની અનેકદેશી ઘટનાઓને ઉકેલવાના ઘણા પ્રયત્નો થયા છે. આ પ્રયત્ન પણ એવો જ છે. આમાંની ઘણી યુક્તિઓ અને અનુમાનો અત્યારે જૂનવાણી લાગે એવાં પણ થઈ ગયાં હશે. પરન્તુ લેખકે પશ્ચિમની કેળવણી પામીને જે શિક્ષણના આધારે નવરંગથી રંગાએલાં અથવા ધર્મ, અવતારપૂજા, ઉપાસના, ભક્તિ, યોગ, તત્ત્વજ્ઞાન ઈશ્વર કે એવાં નામથી ભડકી ભાગનારા કહેવાતા કેળવાયેલા કે સુધરેલાની આંખોમાં ઉજાસ કે હૃદયની ભાવનામાં ચૈતન્ય પૂરવાનો પ્રયત્ન કર્યો છે, એ અત્યારે પણ એટલો જ આદરણીય છે, જેવો અત્યારથી પચ્ચીસ–ત્રીસ વર્ષ પહેલાં હતો, એ નિ:સંશય વાત છે.

માનવજીવનનું સર્વોત્કૃષ્ટ ધ્યેય બ્રહ્મપ્રાપ્તિ છે; બ્રહ્મનું સ્વરૂપ સત્–ચિત્–આનન્દ છે; એનું સાક્ષાત્ ઇન્દ્રિય તથા મનોગોચર સ્વરૂપ શ્રી કૃષ્ણ છે; અને તેથી જ એવા પૂર્ણ પુરુષોત્તમના મુખારવિન્દમાંથી ભગવદ્‌ગીતા તથા ભાગવતમાં એવી આશ્વાસનવાણી ગોઠવી છે કે શ્રદ્ધાલુ સાધકો એમનાં ધ્યાનચિંતન, તથા મનનનિદિધ્યાસનથી

અવશ્યમેવ બ્રહ્મદર્શન કરીને દિવ્યાંશી બન્યા અને બને છે એવાં અનેક સંતસાધુઓનાં જીવનચરિત્રો આપણને જોવા મળે છે; શ્રીમદ્ ભાગવતના એકાદશસ્કંધમાં એક સ્થળે શ્રી. કૃષ્ણદર્શન (બ્રહ્મ દર્શન) ની પ્રાપ્તિનાં મુખ્ય સાધન વર્ણવતાં ભગવાન્ સ્વમુખે જ કહે છે કે:–

योगस्त्रयो मया प्रोक्ता नृणां श्रेयविधित्सया ।
ज्ञानं कर्मञ्च भक्तिश्च नोपायोऽन्योऽस्ति कुत्रचित् ॥

અ. ૨૦; શ્લો. ૬.

શ્રી ભગવાન કહે છે–મનુષ્યોનું કલ્યાણ કરવાની ઇચ્છાથી મેં ત્રણ યોગ (ઉપાયો–સાધનમાર્ગો) કહ્યા છે; એક જ્ઞાનયોગ, બીજો કર્મયોગ અને ત્રીજો ભક્તિયોગ; આ ત્રણ વિના બીજો કોઇ ઉપાય કોઈ ઠેકાણે (કોઇ પણ શાસ્ત્રમાં) નથી.

આવી સ્પષ્ટ ઉક્તિને સિદ્ધ કરવા માટે જ જાણે એમનું જીવન હોય એમ લાગે છે; શ્રી ઉદ્ધવનો જ્ઞાનયોગ, રસમૂર્તિ ગોપીઓનો ભક્તિ યોગ, અને શ્રી નરકેસરી અર્જુનનો કર્મયોગ આપણને અનુક્રમે ભાગવતના એકાદશસ્કંધ, દશમસ્કંધ અને ભગવદ્ગીતામાં દર્શન આપે છે. અને ત્રિપથગામી સાધકોને એકજ સ્વરૂપે નિહાળતા, મેળવતા કેળવતા અને તેથી સ્વરૂપમાં આસ્વાદન નિમિત્તે અભેદ ભાવે મેળવતા શ્રીકૃષ્ણને વાંચવા સમજવા હોય તો શ્રદ્ધાને પોષણ આપે એવાં એમનાં જીવન દર્શનોનો અભ્યાસ કરવોજ જોઇએ.

આ ગ્રંથના લેખકે ઈ. સ. ૧૯૨૭ માં, એટલે કે આજથી વીસ વર્ષ પહેલાં જે પ્રયત્ન કર્યો છે, અને જે સાદી સરળ યુક્તિઓથી એમના બાલદર્શનના ઉકેલ કહાડયા છે, તે

અત્યારે પણ એટલા જ આદરણીય છે; કારણ કે હજુ આપણા દેશની પશ્ચિમની આછકલીને ઉપરછલી શિક્ષણપદ્ધતિ પલટાઇ નથી. અને તેથી જે શિક્ષણવર્ગનો ફાલ ઉતરે છે તે ઘણોખરો અધુરાં અને ઉતાવળિયાં વિધાનોમાં અટવાઇ પડેલા નવયુવાન અને નવયુવતીઓનો છે. હજુ વેદોક્ત ધર્મની અમૂલ્ય જીવનતૃપ્તિ આપતી સરસ્વતીની સાધના–આરાધના તરફ તેઓ વળ્યા નથી; એમનાં વલણ વહેણ હજુ આથમતા સૂર્યદેવ પ્રતિ જ ધસ્યાં જાય છે; જ્યાં જુઓ ત્યાં રશિયા, અમેરિકા, ઇંગ્લંડ એવાં નામો અને નિશાનોમાંથી જ એમને પ્રેરણા પામવાનો મોહ ઉતર્યો નથી. ગુજરાતમાં આવા ઘણાં પ્રયત્નો હવે થવા માંડયા છે. બહોળો વાચક સમુદાય ધરાવતા લોકપ્રિય "સંદેશ" દૈનિક ઉપરાંત સાંજનું "સેવક" અને બીજાં બે એવાં જ લોકપ્રિય સામાહિકોના સંચાલક અને આદ્ય પ્રેરક શ્રી નંદલાલ બોડીવાળાએ, પોતાની અનેકવિધ યોજનામાં અને ગ્રંથમાળામાં "ભક્તિરસ ગ્રન્થમાળા" ફેરવવા માંડી છે અને ધર્મગ્રંથોનાં અધ્યાત્મ રહસ્ય શોધવાનાં સાહસ ખેડવા માંડયાં છે, એમાં આ પુસ્તક પણ મણકા રૂપે પરોવાય છે એ જાણી સંતોષ થાય છે.

લેખકના પરિપક્વ અનુભવનો, પ્રકાશકના પ્રોત્સાહી સાહસનો, અને સર્વાંતે ભગવાન શ્રી કૃષ્ણચંદ્રના બાલદર્શનનો અલૌકિક લાભ ગુજરાતનો સાધક ભક્ત વર્ગ લઇ એ પ્રયત્નને સફળતા અપાવે એજ શુભેચ્છા છે!

ગોયાગેટ–માસ્તર નિવાસ
વડોદરા
} સ્વામી સ્વયંજ્યોતિતીર્થ

પ્રસ્તાવના

'મહાશા ધર્મ વિચાર' લખ્યા પછી ધર્મનો વિચાર કરતાં કરતાં ધર્મનો આદર્શ શોધવાનો વિચાર થયો; ને તેની શોધ કરતાં કરતાં આ યુગ માટે સ્થળ સમય તથા સંજોગોને લઇને **શ્રીકૃષ્ણનો** જોટો નહિ જડવાથી **શ્રીકૃષ્ણને** આદર્શ રૂપે ચિતરવા મન દોડયું. મનનો વેગ પામરથી રોકાતો નથી, એ સર્વ જાણે છે; ને તેથી હું પણ મારા વિચાર જે આવ્યા તે પ્રકટ કરૂં છું તે ઉપર કૃપા કટાક્ષ પ્રાણી માત્રનો થશે જ. **શ્રીકૃષ્ણ** તો પરમાત્મા છે એટલે પ્રાણી માત્રના પિતા તથા મનુષ્ય માત્રના પૂજ્ય છે એટલે સૂર્ય આગળ દીવો ધરવા જેવો મારો પ્રયાસ છે, તોપણ દુર્ભાગ્યે જડ જડવાદનો પ્રવાહ જરા વધારે દેખાવાથી આ સાહસ ખેડયું છે. પ્રભુનું કાર્ય અથવા ચરિત્ર માણસ શું સમજી શકશે ? સાધારણ માણસનું પણ સમજાતું નથી ત્યાં પછી શી આશા ? **શ્રીકૃષ્ણનું** ચરિત્ર મનુષ્ય શું સમજી શકે ? પલકમાં પહાડ સરજે અને નાશ કરે તેનું ચરિત્ર તો તે જ જાણે.

'નવી દૃષ્ટિ' નો અર્થ યોગ્ય લાગે તેમ કરશો. આકાશ અને પાતાળની વચ્ચેના પ્રદેશમાં નવું કાંઇ છેજ નહિ. અનાદિ કાળથી કુદરત તેની તે જ છે. સર્વસ્વ તેમાં છે, અને સર્વ વસ્તુથી તે પૂર્ણ છે; પરંતુ કૃષ્ણ ભકિતના વિષયમાં જડવાદી માટે માનવ દૃષ્ટિથી **શ્રીકૃષ્ણને** જોવાના ક્ષેત્રમાં કાંઇક જૂજ પડતર દેખાયાથી તે તરફ કેળવાયેલા યુવકોનું ધ્યાન ખેંચવાની ખાતર 'નવી દૃષ્ટિ' દાખલ કરી છે કે જેથી કુશળ દૃષ્ટિકારો પોતાની કુશળતા બતાવી ઉત્તમ પાક ઉતારી શકે. **નવી** એટલે કે શુષ્ક, **સ્થૂળ,** જડ દૃષ્ટિથી **કૃષ્ણદર્શન** કરવાનો સંકલ્પ પામર જડવાદીની ખાતર હોવા છતાં સૂક્ષ્મદૃષ્ટિથી એટલે કે જ્ઞાનદૃષ્ટિથી તથા પ્રેમલક્ષણા ભકિતની દૃષ્ટિથી પણ દર્શન કરવું પડયું છે, તેનો ખુલાસો એટલોજ છે કે કેવળ એક દૃષ્ટિ કરવી એ શકય નથી.

એકજ માણસ તથા વસ્તુની અનેક ભાવનાઓ હોય છે. એકજ ભાવના હોવી એ અસંભવિત છે. એક માણસ સ્રીનો પતિ છે, પરંતુ તેની માતુશ્રીનો પુત્ર છે, માટે જેની તેની ભાવના ઉપર આધાર છે. ઈશ્વરના સૃષ્ટિ કાર્યમાં અભેદ છે. ભેદ માત્ર જીવન સૃષ્ટિમાં ભેદ છે. પંચમહાભૂતનું માણસ માત્ર ભાવના સ્તુતિ માનવદૃષ્ટિ એટલે જડભાવની દૃષ્ટિ ભેગીજ સૂક્ષ્મ દૃષ્ટિ અથવા જ્ઞાનદૃષ્ટિ તથા પ્રેમદૃષ્ટિ પણ ત્રિગુણાત્મક સૃષ્ટિની માફક સેળ ભેળ છે; છુટાં પાડી શકાય તેમ નથી. માનવદૃષ્ટિનો સંકલ્પ પણ ઇતર બે દૃષ્ટિઓના મુકાબલાથીજ થઈ શકે છે, એટલે કે આ ત્રણે દૃષ્ટિઓને તદ્દન જુદી પાડીને પ્રથક પ્રથક દર્શન કરવાનું કોઈ મહાવિદ્વાન કરી શકે તો ભલે, બાકી શાસ્રોમાંજ એમ ભેળ સેળ જોવામાં આવે છે ત્યાં પછી ખાસ જૂદાં પાડવાની શી જરૂર ? વાસ્તવમાં તમામ દૃષ્ટિઓ માટેનું દશ્ય તેમાં છે. માટેજ પુસ્તકમાં ખાસ " નવી દૃષ્ટિ " રાખવા છતાં બીજી દૃષ્ટિઓની પણ દૃષ્ટિ કરી છે, ને ત્રણેને પ્રથક પાડવાને બદલે જે તે ઠેકાણે એકત્ર મુકાબલા માટે ભેગાં રાખ્યાં છે. સૂક્ષ્મ એટલે જ્ઞાન-દૃષ્ટિ માટે તથા પ્રેમલક્ષણા ભકિતની દૃષ્ટિ માટે પુસ્તકોનો ભંડાર છે. માત્ર ઉપર કહ્યા મુજબ નવી દૃષ્ટિ માટે જોઇએ તેટલું વિવેચન થયું નથી અને થયું છે તે કાંઇ ધોરણસર નથી એમ લાગવાથી નવી દૃષ્ટિને ખાસ સ્થાન આપ્યું છે; એટલે કે મૂળ સંકલ્પ નવી દૃષ્ટિનો કાયમ રહે છે. દિલગીરી એટલીજ કે હાલની કેળવણીમાં ગ્રીસનું પ્રાચીન તથા અર્વાચીન પાશ્ચાત્ય તત્ત્વ-જ્ઞાન શિખવવામાં આવે છે; પરંતુ આર્યના તત્ત્વજ્ઞાનનું આર્યોને સ્વપ્ન પણ ન મળે ! કોને પડી છે ? ઇશ્વર ઇચ્છા. ' પ્રજાકીય શાળા પાઠશાળાઓમાં પણ તેમજ ! '

હાલ પ્રત્યેક ક્ષણે જમાનો બદલાય છે તે હકીકત લક્ષમાં રાખીને સ્થિતિ સંજોગો ધ્યાનમાં લેવાશે એટલે બસ છે.

—લેખક

પ્રકાશકનું નિવેદન

'સંદેશ ભક્તિરસ ગ્રંથમાળામાંના ગ્રાહકોના કરકમળમાં ભાઈશ્રી રંગનાથ શંભુનાથ ધારેખાન કૃત 'શ્રીકૃષ્ણનું બાલદર્શન' નામક સચિત્ર ધાર્મિક ગ્રંથ રજુ કરતાં આનંદ થાય છે.

સંદેશ ભક્તિરસ ગ્રંથમાળાના ગ્રાહકોને ૧૫૦૦ પૃષ્ઠનું વાંચન આપવા અમે જાહેર કરેલું. ગ્રાહકોને આ છેલ્લું પુસ્તક મળતાં ૧૫૪૭ પૃષ્ટનું ધાર્મિક વાંચન મળી જાય છે. (વેદાન્ત અને યોગ ૩૮૪; શ્રીમદ્ ભાગવત માર્ગદર્શિકા ૨૭૨; ગુરૂ પૂર્ણિમા ૨૧૬; મીરાં પ્રેમ-દીવાની ૪૧૧ અને આ છેલ્લું પુસ્તક શ્રીકૃષ્ણનું બાલદર્શન ૨૭૨; એકંદરે ૧૫૫૫) અને ગ્રંથમાળાનું પ્રથમ વર્ષ પૂરૂં થાય છે. આ ગ્રંથમાળા દ્વારા સસ્તું અને ઉત્તમ ધાર્મિક સાહિત્ય આપવાનો અમે નિર્ણય કર્યો છે. પ્રથમ વર્ષમાં ૮ **થી ૧૦ રૂપિયામાં લગભગ ૨૧ રૂપિયાની કિંમતનાં પુસ્તકો અમે જનતાને આપ્યાં** છે. આ ગ્રંથમાળાના ગ્રાહક થવાથી અમારા ગ્રંથમાળાનાં પુસ્તકો નજીવી કિંમતનાં જ પડશે. આ હકીકત ખાસ ધ્યાનમાં લઇ ધર્મપ્રેમી જનતાને આ ગ્રંથમાળાના ગ્રાહક થવા વિનંતિ છે.

'સંદેશ ભક્તિરસગ્રંથમાળા'ને આ ઉત્તમ ધાર્મિક કૃતિ આપવા માટે આ ગ્રંથના લેખક શ્રી. રંગનાથભાઇનો આભારી છું તેમજ ટૂંક સમયમાં જ આ ગ્રંથનાં ચિત્રો દોરી આપવા માટે શ્રી. કાન્તીલાલ સોનીનો આભારી છું.

'સંદેશ ભકિતરસ ગ્રંથમાળા'ને પ્રથમ વર્ષમાં જનતાએ જે ઉમદા સહકાર આપ્યો છે તેવો જ સહકાર બીજા વર્ષમાં પણ ચાલુ રાખશે એવી આશા સહ વિરમું છું.

સંદેશ પ્રકાશન મંદિર
સારંગપુર
અમદાવાદ.

લિ. ભવદીય
નંદલાલ ચુનીલાલ બોડીવાળા
મેનેજિંગ ડિરેકટર
'ધી સંદેશ લિમિટેડ'

'સંદેશ ભક્તિરસ ગ્રંથમાળા'ની

બીજા વર્ષની ખાસ સસ્તી યોજના

ગ્રાહક બંધુઓને ખાસ વિનંતિ

ઈશ્વર કૃપાથી 'સંદેશ ભક્તિરસ ગ્રંથમાળા'નું પ્રથમવર્ષ આ પુસ્તક આપતાં પૂરૂં થાય છે.

પ્રથમ વર્ષમાં અમે માત્ર ૮ થી ૧૦ રૂપિયાના લવાજમમાં ૧૫૦૦ પૃષ્ઠનું ઉત્તમ ધાર્મિક વાંચન આપ્યું છે. પહેલા વર્ષમાં અપાયેલાં પાંચે પુસ્તકો ઉંચી કક્ષાનાં હોઇ અમારા ગ્રાહકોએ એને પ્રેમથી વધાવી લીધાં છે.

'મીરાં પ્રેમદીવાની' પુસ્તક આપ્યા પછી **'શ્રી કૃષ્ણનું બાલદર્શન'** તુરત જ આપવાની અમારી ઇચ્છા હતી પરંતુ મનુષ્યનું ધાર્યું હંમેશાં થતું નથી.

કેટલાક અનિવાર્ય સંજોગો, પેપર કંટ્રોલ. માણસોની તંગી અને છેલ્લું અમદાવાદનું અશાંત વાતાવરણ આ બધાં કારણોને લઈ "સંદેશ ભક્તિરસ ગ્રંથમાળા" નું આ છેલ્લું પુસ્તક આપવામાં ખૂબ જ વિલંબ થયો છે આ માટે અમારા ગ્રાહકોની ક્ષમા માગીએ છીએ.

હવે 'સંદેશ ભક્તિરસ ગ્રંથમાળા' બીજા વર્ષની મંગળ યાત્રા શરૂ કરે છે. બીજા વર્ષમાં પણ અભ્યાસી અને પ્રતિષ્ઠિત લેખકોના ઉત્તમ ધાર્મિક ગ્રંથો આપવાનું અમે નક્કી કર્યું છે.

બીજા વર્ષનું પ્રથમ પુસ્તક **"ભક્તિ અને સંકીર્તન"** (સ્વામી શ્રી શીવાનંદ સરસ્વતી કૃત) ટૂંક સમયમાં જ ગ્રાહકોને

મળી જશે. બીજું પુસ્તક **ભગવાન મનુ** (શ્રી. બળવંતરાય સંઘવી એમ. એ. બી. ટી) આપવાનું નક્કી કર્યું છે. ત્રીજું પુસ્તક **દશમસ્કંધ** (શ્રી. નાગરદાસ અમરજી પંડયા બી. એ) અપાશે. ચોથું અને પાંચમુપુસ્તક પરમપૂજ્ય **સ્વામીશ્રી કૃષ્ણાત્મજજી** અને પરમ પૂજય **સ્વામીશ્રી માધવતીર્થની** અણમોલ ધાર્મિક કૃતિઓ રહેશે.

પુસ્તકોનો ક્રમ બનતાં સુધી નિયત ક્રમ પ્રમાણે જ રાખવા પ્રયત્ન કરીશું પરંતુ અનિવાર્ય સંજોગોમાં આ ક્રમમાં કે પુસ્તકની સંખ્યામાં ફેરફાર થઈ શકશે. અમારૂં નૈતિક બંધન તો નિયત કરેલી પૃષ્ઠ સંખ્યાનું વાંચન આપવા પૂરતું જ રહેશે.

બીજા વર્ષમાં એકંદર ૧૦૦૦ પૃષ્ઠનું વાંચન આપવામાં આવશે. **૧૦૦૦ પૃષ્ઠનું ઉત્તમ ધાર્મિક વાંચન તા. ૨૮-૨-૪૭ સુધીમાં ગ્રાહક થનારને રૂા. ૭) સાત રૂપિયામાં આપવામાં આવશે. તા. ૨૮ ફેબ્રુઆરી પછી 'સંદેશ ભક્તિરસ ગ્રંથમાળા' નું લવાજમ રૂા. ૮ આઠ રૂપિયા રહેશે તેની નોંધ લેવા ગ્રાહક બંધુઓને વિનંતિ છે.**

અમારા પ્રથમ વર્ષના ગ્રાહકોને બીજા વર્ષના ગ્રાહક થવા અમારો ખાસ આગ્રહ છે, એટલું જ નહિ; પરંતુ તેઓ બીજા એક બે વિશેષ ગ્રાહકો બનાવી આ ગ્રંથમાળાના ઉત્કર્ષમાં પોતાનો ફાળો આપશે એમ ઇચ્છીએ છીએ.

નિવેદનમાં જણાવ્યા પ્રમાણે **પ્રથમ વર્ષમાં આ ગ્રંથમાળાના ગ્રાહકોને માત્ર ૮ થી ૧૦ રૂપિયાના લવાજમમાં અમે લગભગ રૂા. ૨૨) બાવીસની કિંમતનાં પાંચ ઉત્તમ પુસ્તકો (પૃષ્ઠ ૧૫૫૫) આપ્યાં છે. કિંમતની દૃષ્ટિએ ગ્રંથ-**

માળાના ગ્રાહક થવાથી પુસ્તકો ખૂબ જ સસ્તામાં પડે છે એ દરેક વાંચકને ધ્યાનમાં લેવા વિનંતિ છે.

આશા છે કે, અમારા માયાળુ ગ્રાહકો અમારી આ અપીલ ને વધાવી લઇ તેમનું બીજા વર્ષનું લવાજમ મોકલી આપશે.

પ્રથમ વર્ષના ગ્રાહકોએ પૈસા મોકલતાં પોતાનો જુનો ગ્રાહક નંબર લખવા વિનંતિ છે. જે ભાઇઓ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઇચ્છતા ન હોય તેમણે એક કાર્ડથી 'ના' લખી દેવા વિનંતિ છે.

'સંદેશ ભક્તિરસ ગ્રંથમાળા' ની પ્રથમ વર્ષની પ્રગતિમાં જે જે ગ્રાહકો, શુભેચ્છકો, લેખક બંધુઓ અને એજન્ટ ભાઇઓએ સહકાર આપ્યો છે તેમના અમે આભારી છીએ.

અમારી આ સસ્તી યોજનાનો લાભ લેવા દરેક ધર્મપ્રેમીને વિનંતિ છે. તા. **૨૮-૨-૪૭ સુધીમાં આપનું બીજા વર્ષનું લવાજમ મોકલી આપો અને ઉત્તમ ધાર્મિક ગ્રંથો મેળવો.**

પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી અમારા બીજા વર્ષની યાત્રા શરૂ કરીએ છીએ અને અમારી એ યાત્રાને સફળ બનાવવામાં સહકાર આપવા પ્રેમી વાચકોને ખાસ આગ્રહ કરીએ છીએ.

'સંદેશ લિ.'
સારંગપુર
અમદાવાદ.

વ્યવસ્થાપક:
સંદેશ પ્રકાશન મંદિર.

ઉપોદ્ઘાત

આપણો સંકલ્પ ખાસ નવી દૃષ્ટિથી શ્રી કૃષ્ણનાં દર્શન કરવાનો છે. **શ્રીકૃષ્ણનાં** દર્શન એટલે તેમના જન્મ તથા કર્મનાં દર્શન; તેઓશ્રીના જન્મનો, જીવનનો, ચારિત્ર્યનો હેતુ મનુષ્ય શું સમજી શકે? પ્રભુની ગતિ પ્રભુજ જાણે! મનુષ્યની ગતિ કેટલે સુધી જાય? તો પણ બુદ્ધિગ્રાહ્ય એકજ હેતુ છે, ને તે પોતે જ ગીતામાં કહેલો છે:– ધર્મની સંસ્થાપના, સત્પુરૂષોનું રક્ષણ અને દુષ્ટોનું નિકંદન. મતલબ કે એ ચરિત્રમાં નઠારી બાબત દૂર કરી સારી બાબતો ગ્રહણ કરવા રૂપી એક પ્રકારનો "સુધારો" છે. માટે નવી દૃષ્ટિવાળાને શરૂમાંજ મુબારકબાદી આપવાની કે **શ્રીકૃષ્ણ** પૃથ્વીમાં મોટામાં મોટા સુધારક હતા, તેથી **શ્રીકૃષ્ણને** એક સાર્વભૌમ સુધારક તરીકે તેવા ગૃહસ્થોએ વધાવી લેવા જોઇએ. વળી બીજા સુધારકોએ અનેક ઉપાયો લીધા છે; પરંતુ **શ્રીકૃષ્ણ** સુધારક તો પાછા પ્રેમી સુધારક છે એ વિશેષ છે. શત્રુ તથા મિત્ર બધાજ **શ્રીકૃષ્ણને** વશ થયા હતા, તે સમયમાં આર્યાવર્તમાં અથાગ અધર્મ, અનીતિ અને અવ્યવસ્થા હતાં. તેમાંથી લોકોને બચાવી સુધારો કરી તેમણે ફરીથી ધર્મની સંસ્થાપના કરી છે. અને આખા જીવનમાં એક પણ ભૂલ કરી નથી. તેથીજ અપૂર્વ અમાનુષ–દૈવી–સુધારક, ફળની અપેક્ષા નહિ રાખતાં કેવળ કર્તવ્ય કરવાની ભાવના ઉદ્દીપન કરનાર આ આદિ પુરૂષ છે એમ કહેવાને પણ હરકત નથી. દુનિયાના ઈતિહાસમાં કર્તવ્ય કર્તવ્યની ખાતર કરવું અને પ્રેમ પ્રેમની ખાતર નિઃસ્વાર્થપણે રાખવો એવો સ્પષ્ટ બોધપાઠ આપનાર ગુરૂસૃષ્ટિમાં **શ્રીકૃષ્ણ** પહેલવહેલાજ છે, એમાં લેશ માત્ર શંકા નથી. તો પછી **શ્રીકૃષ્ણના** નામથી આકર્ષણ ન થાય એવો કોઇ વિરલ હશે ખરો? આર્યબંધુ

માટે તો આના પ્રશ્નનો અવકાશજ નથી, કેમકે હરેક પ્રકારે **શ્રીકૃષ્ણના** નામથી અજાણ્યો કોઈ હોયજ નહિ, પરંતુ વિદેશીઓ-માંથી પણ પ્રશંસામાં, દ્વેષમાં, નિંદામાં, આશ્ચર્યમાં અગર પ્રેમમાં એમ ગમે તેમાં રચી રહીને પણ કૃષ્ણ નામથી આકર્ષાયા વિના કોઇ રહ્યો હશે ખરો? શ્રીકૃષ્ણ જેવો સાર્વભૌમ પ્રેમી સુધારક, અધર્મનો નાશ કરીને ધર્મની સંસ્થાપના કરનાર કર્તવ્યપરાયણતાનો અવતાર કોઇ સ્થળે કે કોઈ કાળે પાકયો છે ખરો ? ગીતાનો તરજુમો દુનિયાની સઘળી સુધરેલી પ્રજાઓની ભાષામાં થઈ ગયો છે એટલે આર્ય સિવાય અન્યોમાં પણ વિદ્વાન વર્ગમાં શ્રીકૃષ્ણ નામથી અજાણ્યો કોઈ ભાગ્યેજ હશે, અને તેથી શ્રીકૃષ્ણ નામ આખી સૃષ્ટિમાં વ્યાપી રહ્યું છે, તથા તેના નામથી આખી સૃષ્ટિ આકર્ષાય છે એમ નિર્ણયાત્મક ઠરાવ કરવામાં આંચકો ખાવાનું કારણ દેખાતું નથી.

દરેક પ્રજામાં, ધર્મમાં, પંથમાં આદર્શ (Ideals or models) હોય છે; પરંતુ શ્રીકૃષ્ણ એ કોઈ અપૂર્વ આદર્શ છે. રહસ્ય એ છે કે, સંસારમાં સાચો પણ સકામ પ્રેમ ઘણો ક્ષણિક તથા દુ:ખમિશ્રિત હોય છે, છતાં તેને આકર્ષણ કરવામાં પણ કેટલી વિટંબણા જોવામાં આવે છે! આ વાત દરેકના અનુભવની છે. **શેકસપીયર** કહે છે કે "The course of true love never did run smooth." આ મહાન **શેકસપીયર** પણ પ્રેમના પાર્થિવ સ્વરૂપથી આગળ જઇને પ્રેમના આત્મા matter થી આગળ spirit સુધી પહોંચ્યો દેખાતો નથી. શ્રીકૃષ્ણે તો સકામ અને નિષ્કામ એમ બન્ને પ્રેમ આકર્ષ્યા, અને આખી દુનિયાને આનંદ રૂપ થઇને પ્રેમ લીધો અને આપ્યો. અંત સુધી કર્તવ્ય કર્યા કર્યું, અને પ્રેમ એક ક્ષણ પણ તજ્યો નથી! પ્રેમ અને કર્તવ્યપરાયણતાનો એ એકજ અપૂર્વ નમુનો છે, એટલે

આદર્શોમાં પણ અપૂર્વ છે. એક માણસ એક વ્યક્તિના પ્રેમનું આકર્ષણ કરી શકતો નથી; કુટુંબનો, સગાસંબંધીનો પ્રેમ આકર્ષી શકતો નથી; તેના મુકાબલામાં જુઓ કે, શ્રીકૃષ્ણ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં પ્રેમ પ્રેમ અને પ્રેમ! નજરે નહિ જોનાર પણ પ્રેમમય થઈ જતાં હતાં! શુદ્ધ પવિત્ર પ્રેમ સિવાય કૃષ્ણ ચરિત્રમાં બીજું છેજ નહિ. પિતૃપ્રેમ, માતૃપ્રેમ, પુત્રપ્રેમ, મિત્રપ્રેમ, કુલપ્રેમ, દેશપ્રેમ, ઉપાસનાપ્રેમ, જ્ઞાનપ્રેમ, ગૌપ્રેમ, પશુપક્ષીપ્રાણીપ્રેમ ક્રીડાપ્રેમ, પતિપ્રેમ, પત્નીપ્રેમ, ભગિનીપ્રેમ, ગાનતાનનૃત્યવાદ્યપ્રેમ ખાનદાનપ્રેમ, જારજારિણીપ્રેમ, જડચેતન પ્રેમ, યુદ્ધપ્રેમ, શાંતિપ્રેમ, શત્રુપ્રેમ, એમ હરેક પ્રકારના પ્રેમનો ત્યાં ભંડારજ છે. હજી જાણે તેમનો પ્રેમ પ્રત્યક્ષ અનુભવાતો હોય એમ દેખાય છે! હજારો વર્ષો થયાં પણ પ્રેમ વધતોજ જાય છે! એટલે આદર્શમાં શું પૂછવું? પરંતુ જ્યાં ઇશ્વર ભાવના અર્પી ત્યાં પછી પ્રેમની પૂર્ણતામાં પણ શી ખામી? શ્રીકૃષ્ણ વાસ્તવમાં પ્રેમવાચક શબ્દ થઇ ગયો છે. શ્રીકૃષ્ણ તે 'પ્રેમ' અને પ્રેમ તે, શ્રીકૃષ્ણ! દુનિયાના ધર્મોમાં કર્મ, ઉપાસના, યોગ અને જ્ઞાન માર્ગો છે; પરંતુ શ્રીકૃષ્ણનો નવો ધર્મ યા માર્ગ તે પ્રેમનો છે. એ વ્યાવહારિક (બૌદ્ધ અગર ખ્રિસ્તિ જેવો આચરણમાં ન મુકી શકાય તેવો અવ્યાવહારિક નહિ) પંથ, શ્રીકૃષ્ણે પૃથ્વીમાં નવોજ કાઢયો. કોઇ પણ ઈતર દેવ દેવતા, પીર, પયગંબર, બુદ્ધ, ક્રાઈસ્ટ આદી મહાત્માઓને કેવળ પ્રેમ માર્ગ જડયો નથી. અને તેથી કોઇનો પણ પ્રેમ, પ્રેમમૂર્તિ શ્રીકૃષ્ણનેપહોંચી શકે નહિ. બીજા બધા ઐશ્વર્યપ્રિયને દાસત્વ જોઇએ; માત્ર શ્રીકૃષ્ણ પ્રેમ માગે છે. શ્રીકૃષ્ણનું સ્થાન તેજ પ્રેમનું સ્થાન, અને તે જ ભક્તોનું હૃદય છે. માત્ર તે હૃદય સૂરદાસ તથા હનુમાન જેવા ભક્તોનું હોવું જોઈએ. કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનો તથા કવિઓને પ્રેમનો કંઈક અંશે ખ્યાલ આવેલો જણાય છે. સર વૉલ્ટર સ્કૉટ કહે છે કે Love is heaven and heaven is Love.

સ્વર્ગ તે પ્રેમ અને પ્રેમ તે સ્વર્ગ. **રૉબર્ટ સાઉધી** કહે છે કે "From heaven it came, to heaven returneth" સ્વર્ગમાંથી એ (પ્રેમ) આવ્યો છે, અને સ્વર્ગમાં પાછો જવાનો છે. કવિરાજ કીટસ કહે છે કે "Love is my religion, I can die for Love" પ્રેમ મારો ધર્મ છે, પ્રેમ ખાતર મૃત્યુ મંજુર છે. **બાયરન** તેથી આગળ વધી કહે છે કે Devotion wafts the soul above, Heaven itself descends in love."

શ્રીકૃષ્ણને તેમના ખરા સ્વરૂપમાં તેમજ કોઇ પણ સ્વરૂપમાં નહિ માનતાં બધુંજ તૂત માનનાર મહાત્માએ પણ એટલું તો કબુલ કરવું પડશે કે શ્રીકૃષ્ણચરિત્રની કેવળ કલ્પનાજ યોજાઇ હશે તો, તે યોજનારને પણ ધન્ય છે! પ્રત્યેક પ્રકારના સુધારામાં શ્રીકૃષ્ણ અગ્રણી છે. પિતા **નંદરાયજી**ના ઇન્દ્રયજ્ઞ પ્રસંગે વ્યાવહારિક યજ્ઞ દાખલ કરાવીં કર્મને શ્રેષ્ઠપણું કેવું આપ્યું છે? પાછી ખુબી એ છે કે, પોતે નિષ્કામ નિર્લેપ રહીને આખી જીંદગી નિષ્કામ કર્મો કરી બતાવ્યા છતાં અધિકાર પરત્વે બીજાઓને કામ્યકર્મોમાં આસક્તિ લગાડી અંતે ગીતાનાં નિષ્કામ કર્મો કેવાં કરી બતાવ્યાં છે? પોતાના કોઈ પણ કર્મમાં ઝીણામાં ઝીણી બાબતમાં ચૂક નહિ, અથવા એક શબ્દ પણ અયોગ્ય નહિ! આનુંજ નામ અમાનુષ કર્મ. જો કે વેદમાં જોઇએ તે છે, પરંતુ કર્મોનો જે ભાગ બતાવ્યો છે તે વિશેષે કરીને કામ્ય છે. નિષ્કામ કર્મો પણ ક્વચિત છે; ઉપનિષદના ભાગમાં વિશેષ છે, પરંતુ ફળની અપેક્ષા સિવાય કેવળ કર્તવ્ય કરવાની ખાતર કર્મ, કરવાની ખાતર કર્મ કરવાનું, અને તે પ્રેમથી કરવાનું સૂત્ર તો **શ્રીકૃષ્ણે** જ આ કળિયુગ માટે રચ્યું અને કરી બતાવ્યું છે, ગીતાની ધર્મસંસ્થાપનાની પ્રતિજ્ઞા

ડગલેને પગલે પ્રત્યક્ષ કરી બતાવી છે. અને તેથીજ કર્મ, ઉપાસના અને જ્ઞાન એ ત્રણે માર્ગવાળાને શ્રીકૃષ્ણ માન્ય તથા ઇષ્ટ છે. આ ઉપરાંત પાંચમો વેદ શ્રીકૃષ્ણનો પ્રેમ રૂપે પ્રકટયો એટલે તેમાં સર્વસ્વ આવી જાય છે. આ પ્રેમ થયા પછી કર્મ, ઉપાસના કે યોગ એવા અન્ય માર્ગની ખાસ દરકાર રહેતી નથી.

આગળ બતાવવામાં આવશે તે પ્રમાણે શ્રીકૃષ્ણનો અર્થ વ્યાપક હોવાથી સ્માર્ત, પાછળથી છૂટા પડેલા વૈષ્ણવ, વેદાન્તી, કર્મકાંડી, એમ સર્વ કોઇને શ્રીકૃષ્ણ ઉપર પ્રીતિ છે; જૈન બંધુઓ **નેમિનાથ** ભગવાનના કાકાના દીકરા કહીને તેમના ગુણ ગાય છે, અને કર્મો કર્યાં પરંતુ નિષ્કામ હોવાથી કર્મોમાંથી છૂટીને ભવિષ્યમાં તીર્થંકરની ગાદી ઉપર બેસવાના છે એમ એમણે ઠરાવ્યું છે; *બૌદ્ધમતવાળાઓ ગમે તે રૂપમાં પણ તેમનું નામ રટે છે; ક્રિશ્ચિયનને પણ કૃષ્ણ નામના મોહથી ક્રાઇસ્ટના શિષ્ય કહી હરેક પ્રકારે પણ શ્રીકૃષ્ણનું નામ લેવાનું મન થાય છે. (અતિ આવેશમાં ગોરા-કાળાનો ભેદ પણ ભૂલી જાય પરંતુ ભેદ માટે અવકાશ જ કયાં છે? ક્રાઇસ્ટ એશિયાખંડના હતા, એટલે ગોરાઓનો ગુરૂ અગર પિતા પણ એશિયામાં જ પાકયો!) તેમના ભવિષ્ય પુરાણમાં ક્રાઇસ્ટ હિંદુસ્તાનમાં હિમાલય ઉપર આવ્યાની વાત પણ લખી છે. થિયોસોફીમાં શ્રીકૃષ્ણ મુખ્ય પદ ભોગવે છે; ઇસ્લામી બંધુઓમાં *સુફી મજહબ ખાસ કૃષ્ણ

---

* શકકાળના આરંભમાં **અશ્વઘોષ** નામના બુદ્ધ કવિએ '**બુદ્ધચરિત્ર**''માં લખ્યું છે કે:-**इदं नव वधूनां वो हि निकुंचितचक्षुषाम् । दर्शस चेष्टितं हि स्याद्यदि वा गोपयोषिताम् ॥** બુદ્ધને તરૂણ સ્ત્રીઓની મારફત આકર્ષવાના પ્રસંગે બુદ્ધના જિતેન્દ્રિયપણા માટે આ પ્રમાણે કહેલું છે.

* **ખ્વાજા હસન નિઝામી સાહેબ દહેલવીના** હાથનું લખેલું શ્રીકૃષ્ણ ચરિત્ર જોવા લાયક છે.

ભક્તિની સડક ઉપર જ ચાલે છે; પાશ્ચાત્ય પંડિતો તથા તેમના ભક્તો શ્રીકૃષ્ણને ઠેઠ [1]ગ્રીસમાં લઈ જાય છે. આ ઉપરાંત તમામ જાતના લોક કળા હુન્નરના સંબંધમાં શ્રીકૃષ્ણને ભજે છે. **"कनैया बिन गाना नहि और लून बिना खाना नहि"** હરેક પ્રપંચમાં શ્રીકૃષ્ણ રજુ જ રહે છે. પ્રેમપ્રપંચ, રાજ્યપ્રપંચ, ગૃહસ્થાશ્રમપ્રપંચ, વિકરિતપ્રપંચ એમ હરકોઈ પ્રસંગના ખ્યાલમાં શ્રીકૃષ્ણ હાજર છે. કૃષ્ણ નામથી આનંદ આનંદ અને આનંદનો જ ઉદ્ભવ થાય છે. કૃષ્ણ શબ્દથી જાણે કે સાક્ષાત પ્રેમની જીવંત મૂર્તિ ખડી થઇ જાય છે! ઈશ્વિરત્વ–પ્રભુત્વ–ઉપરની કોટિ તે પ્રેમ છે.

આવા કૃષ્ણ નામનો મારા જેવા એક સાધારણ સનાતની આર્યને મોહ થાય એમાં શું આશ્ચર્ય? આજ સુધીના સંસારના તમામ લહાવા લીધા, તેમાં સારા નરસા પ્રસંગો અનેક આવી ગયા. એ પ્રસંગોમાં અનેક ક્રાન્તિઓમાંથી પસાર થયા. આંખ ઉઘાડીને દૃષ્ટિની મર્યાદામાં આવે તેટલા ધર્મો, પંથો, આચાર્યો તથા ધામોનું નિરીક્ષણ કર્યું. બચપણમાં શાસ્ત્રોનું હાર્દ નહિ સમજવાથી કેટલીક બાબતો બહુ જ હાસ્યજનક લાગતી. **मेरे बावेकी शादी हुइ तब बारा कोसमें मांडवा डाला था और बंदा गद्दीमें बेठकर देखता था;** "ગપ્પી કહે હું ગપ ન મારૂં, ગપ્પ મારતાં બીહું, બાર હાથનું ચીભડું ને તેર હાથનું બીયું, અમદાવાદથી ખાતો આવ્યો તે ચૌદ હાથ રહ્યું;" **"एक जालेमें सो साप"** ઇત્યાદિ રમુજી ફકરાઓ **માણભટ્ટો** વિગેરે પાસેથી ઘણે ઠેકાણે

---

[1] જો કે તેમનામાં **સૂર્યદેવ એપોલો** છે, તો પણ તેને **હરક્યુલિસ** નામ આપે છે. મહાભારતના યુદ્ધ પછી **બળરામ ગ્રીસ** ગયા હતા, ત્યાં તેમનાં બળ તથા પરાક્રમથી લોકો ચકિત થઈ ગયા, અને તેથી તેમનું નામ **હરક્યુલિસ:हरि–कुल–ईश–**પડયું, એમ તર્ક થાય છે. બાળરામને કૃષ્ણરૂપે ગણીને કૃષ્ણને જ **હરક્યુલિસ** કહે છે.

સંભળાતા. બહુજ નાનપણમાં જેમ ધર્મચુસ્તતાની દૃષ્ટિથી જોયું હતું તેમ વિદ્યાર્થી અવસ્થામાં ઇંગ્રેજી વિદ્યા સાથે તે વિદ્વાનોનાં ચસ્માંથી પણ જોયું. કેળવણીની શરૂઆતમાં **प्रथमे ग्रासे मक्षिका** ના ન્યાયથી અસલી ચીજ ખરા સ્વરૂપમાં બતાવનાર કોઇ નહિ મળવાથી નવા પવનના સપાટામાં સપડાયેલા યુવકો સાથે અમે પણ કુદરતી રીતે પાશ્ચાત્ય મોહજાળમાં ફસાઈએ તેમાં શું આશ્ચર્ય ? પાશ્ચાત્ય વિદ્વાનોની ચાલાકી મશહૂર છે. હાલની આર્ય પ્રજાની અધોગતિ, નિર્માલ્યાવસ્થા અથવા ખરી રીતે જોતાં વૃદ્ધાવસ્થા તથા પરવશતા જોઈને યુવાવસ્થાના મદમાં આવેલા, પશુબળથી છકેલા કેટલાક પાશ્ચાત્ય બળવાન અભિમાની વિદ્વાનોને એમ લાગ્યું કે, **પાંડવ** કે કૃષ્ણ જેવા પુરૂષો હિંદુસ્તાનમાં કદી હોયજ નહિ ! આ ભૂમિમાં તો હાલ દેખીએ છીએ એવાજ પાકે! આવી કલ્પનાથી ઈશ્વરે આપેલી બધી બુદ્ધિ તથા વિદ્વત્તાનો ઉપયોગ કમનસીબે અવળો કર્યો, અને આર્યાવર્તના વીરોને, મહાત્માઓને, દેવોને વગેરે બધાને ઉતારી પાડયા, તેમજ શાસ્ત્રોના મારી મચડીને વિપરિત અર્થો કર્યા. તેમાં **શ્રીકૃષ્ણ** પણ સપડાયા. મોટાને ગાળ દેવામાં કંઈ જોખમ છે ? તેમને ક્રોધ કે દ્વેષ નહિ હોવાથી ગાળ દેનાર નિર્વિઘ્ને મોજ કરી શકે છે. આ પ્રમાણે કુટિલ જાતિ સ્વભાવવાળા વિદ્વાનો જાણે કે **દશરથ** રાજાના કોપભુવનમાં સતત વાસ હોય, તેમ દ્વેષનો ધંધોજ લઈ બેઠા; પણ એમાં શું આશ્ચર્ય ? વિદ્વત્તા પ્રાપ્ત કર્યાથી કંઈ સ્વભાવ બદલાઇ જાય છે ? સંસારનો એક લોભી જીવડો વૃદ્ધ થઇને અંતકાળ આવ્યો તે વખતે બોલી શકયો નહિ, ત્યારે આંગળીના ચાળા કરીને કંઇક બતાવવા મંડયો. ઘરનાં માણસો સમજ્યાં કે કંઈક કહેવું છે, પણ બોલી શકાતું નથી. પછી ડાકટર વૈદ્યોને બોલાવી મોટી માત્રા આપી. જરા સંજ્ઞા આવી ત્યારે બધાંએ પૂછ્યું :–" કાકા ! શું કહેવું છે ?" ત્યારે કહે કે–"તમે આટલાં બધાં છો, આટલા નોકરો

છે પણ પેલી સામે બાંધેલી વાછરડી છે તે સાવરણી ચાવી ખાય છે તે તમે કોઇ જોતા નથી, તે તમારૂં તે કેમ ચાલશે?" એટલામાં માત્રાની અસર પૂર્ણ થઇ અને એ મહાત્મા આ છેવટના શબ્દો ઉચ્ચારતા શાન્ત થઈ ગયા ! એવી રીતે એક બીજા મહાત્મા મરતાં મરતાં કોડીયામાં એ વાટ સળગતી હતી તેથી બધાંને ગાળો દેતાં એક વાટ કહાડી નાંખવાનું કહેતા કહેતા શાન્ત થઇ ગયા ! તરગાળાઓ વેશ કાઢતા હતા, એ સમયે યોગીનો વેશ કાઢયો અને આસન લગાવી સમાધિનો ચાળો કર્યો, ત્યાં કોઈ કહે કે એમ ચાળા કર્યાથી શું વળે ? સાચી સમાધિ ચઢાવે તો ખરો. તે ઉપરથી પેલો તરગાળો એકદમ કુંભક કરી પ્રાણને ઉંચે ખેંચી બ્રહ્માંડમાં લઈ ગયો. પોતાને કે બીજાને સમાધિ ઉતારતાં નહિ આવડતી હોવાથી ઉતરી નહિ. તેથી આખર મહાત્મા ઠરાવી તેની ત્યાં બધાએ મળી સમાધિ કરી. ત્યાર પછી ત્રણસેં વર્ષે કોઇ પ્રસંગે ત્યાં ખોદાણ કરતાં અંદરથી આ યોગીરાજ નિકળ્યા. કોઇ જાણકારે તેની સમાધિ ઉતારી કે તરતજ," બારે વરસે બાવાજી બોલ્યા કે, દુકાળ પડશે,' તેમ આ તરગાળા યોગીરાજ પહેલુંજ વાકય બોલ્યાઃ-" તા તા થેઈ થેઈ થેઇ ભલેરે ભાઇ ભાઈ !" યોગીરાજ મટીને તરગાળો ઓળખાઈ ગયો ! ત્રણસેં વર્ષે સમાધિસ્થ થયા છતાં પણ સ્વભાવ ન છૂટયો ! તેથી નિશ્ચય થાય છે કે, પ્રાણ અને પ્રકૃતિ સાથેજ જાય છે. શ્વાનની પૂંછડી સીધી કેમ થઇ શકશે ? દોરી બળશે પણ વળ મૂકશે ? તેમજ એળિયો દુર્ગંધ છોડશે ? આ ન્યાયથી નવા વિદ્વાનોમાંથી કેટલાક કુટિલતા ઉપર ચઢી ગયા. કુટિલ અને ભોળા એમ બન્નેને આ પ્રમાણે ખોરાક મળ્યો. આપણાં શાસ્ત્ર પ્રમાણે, અને હાલનો જમાનો કબુલ કરે છે તેમ ગર્ભ ઉપર પણ સંસ્કાર પડે છે. તો પછી પ્રત્યક્ષ સોબતથી શું ન બને ? આર્યશાસ્ત્રમાં

તેટલા માટે રક્તશુદ્ધિ તથા સંસ્કારોની અથાગ કાળજી બતાવી છે, અને તે કાંઈક હમણાના પાશ્ચાત્યો સમજવા માંડયા છે. અસલ કરતાં પણ નકલ વધારે દીપે છે, તેમ આ લોકોમાં સંસર્ગથી નવીન વટલેલ અસલ કરતાં પણ વધારે દ્વેષ કરે છે. તેમ ઉછરતા કાચી બુદ્ધિના પોતાનીજ માને ડાકણ કહેનારા આર્યબંધુઓ આ પાશ્ચાત્ય વિદ્વાનોને, જે અંધશ્રદ્ધાના તેઓ દુશ્મન હતા, તે જ અંધશ્રદ્ધાથી મૂર્તિપૂજક થઈને, દેવ જેવા માનવા મંડયા, અને તેમનાં અનુમાન અગર મતમાં ભૂલ હોયજ નહિ એવા નિશ્ચયથી બમણા બળ તથા જુસ્સાથી તેમના શિષ્ય થયા, તેમના આડંબરથી મોહાંધ થઇ ગયા. આવી દશા આપણા નવીન સમાજની થઈ ગઇ!

નાટકનું પાત્ર પ્રેક્ષકોને જેમ અશ્રુપાત કરાવે છે તેવો આ ખેલ થયો. કોઈ વિચક્ષણ સમજ્યો પણ ખરો, છતાં તે જમાનામાં સાહેબ (પછી તે ગમે તે હોય) એટલે જાણે કે રાજા! તેથી સાહેબ સામે કેમ બોલાય? આવી સ્થિતિમાં આર્યનું સર્વસ્વ ઉતારી પાડવામાં શ્રીકૃષ્ણ પણ ભેગા આવ્યા. "ઘરના વેરી સબદાસીયા" જેવું આ આર્યસપૂતોએ કર્યું. પરિણામે શ્રીકૃષ્ણે કરેલા દરેક કૃત્યને અવળી રીતે બતાવવા માંડયું. ઉજળી ચીજનો પડછાયો કાળો એ ખરું, પરંતુ આ તો ખુદ ઉજળી ચીજને પણ પડછાયા જેવી સ્થિતિમાં મૂકાવા માંડી. નિષ્પક્ષપાતપણાના, પ્રમાણિકપણાના તથા સત્યના જાણે કે સાક્ષાત્ અવતારોજ ન આવ્યા હોય તેમ પોતાનું ડહાપણ આ નકલી વિદ્વાનોએ જેમાં ને તેમાં ઝુકાવા માંડયું. મચ્છરના પાપમાં હવેલી છોડી દેવા જેવી અને માંકડના પાપમાં પલંગ બાળી મૂકવા જેવી તથા અગરૂદાહક જેવી અક્કલ વાપરી. એક માણસ કંઇક લખતો હતો, ત્યાં એક મૂર્ખો જઈ ચઢયો. પેલા માણસને લખતો જોઇને કંઇ પણ પૂછપરછ નહિ કરતાં હુકમ કર્યો કે, એ ભાઇ! મારી સલામ લખજો. પેલો લખનાર બિચારો કહે કે,

ભાઈ સાહેબ! હું કોઇને કાગળ લખતો નથી, પણ આ તો ખત લખાય છે. ત્યારે પેલા ચક્રમ પણ પાછા તેજ રૂઆબથી કહે કે ત્યારે મારી સાહેદી લખજો પણ કંઇક લખજો તો ખરાજ. આવા દોઢ ડાહ્યા વિદ્વાનો માટે કંઇ દવાદારૂ છે ખરાં?

ચાલીસ પચાસ વર્ષ ઉપર જે સ્થિતિ હતી તેમાંને હાલમાં બહુ તફાવત નથી. માત્ર જરા વિવેક વિશેષ દેખાય છે. કોઈ ખ્રિસ્તિ પાદરી, તેમાં પણ **દેશી** ખ્રિસ્તિ પાદરી તેમાં પણ **વિદ્વાન** ખ્રિસ્તિ પાદરીના મુખારવિંદમાંથી બોધ સાંભળો તો હિંદુના દેવ તથા મહાત્માઓને ગાળ સિવાય બીજું કંઇ સંભળાશેજ નહિ! વેરી કયાં વસે છે, કે માના પેટમાં. દુનિયાના ઇતિહાસ પણ એજ કહે છે કે, પેટ ફુટયા વિના પારકો દાખલ થઈ શકે નહિ. તેમાં પણ આર્યાવર્તમાં તો કમાલ થઈ ગઈ છે.+

જમાનો આ પ્રમાણે ચાલતો હતો, તેના પ્રવાહમાં ભણતા બાળકો પણ ઘણા તણાયા. બીજું શું બની શકે? એક પ્રસંગે ધાર્મિક વૈધવ્ય પ્રાપ્ત કરેલા હિન્દુસ્તાનના "રાંડી પુત્ર શાહજાદા" માંના એક પ્રતાપી બંગાળી દેશી ખ્રિસ્તિ **બોઝ** નામના ગૃહસ્થ એમ. એ. ની ઉપાધિ (ડીગ્રી) મેળવીને વિદ્વત્તાનો તથા વકતૃત્વનો મોટો આડંબર કરીને અમદાવાદ પધાર્યા. સવારી ધામધુમથી આવી. સાહેબોએ વધાવી લીધા. તેમનું છટાદાર અંગ્રેજી ભાષણ સાંભળવાના મોહથી મીશન હાઈસ્કુલના વિદ્યાર્થીઓ ગયા. તેમાં આ લેખક પણ સાથે હતો. બાર દિવસ ભાષણ ચાલ્યું તેમાં હિંદુ ધર્મને સતત ગાળોનો જ પ્રવાહ! આ આર્ય સપૂતના મુખારવિંદમાંથી

+ હિંદુસ્તાનમાં જેટલાં નાનાં મોટાં સંસ્થાનો છે, તેની તથા એક ગામના માલિકની ઠકરાતનો પણ ઇતિહાસ તપાસશો તો માલુમ પડશે કે, સેંકડે નેવું અગર નવ્વાણું ટકા બેઈમાનીજ હોય છે. ઘરનો માણસ ફુટયા વિના બહારનાનો પત્તો લાગેજ નહિ.

જાત જાતની ભાત ભાતની ગાળોની સતત ધારા ચાલી. અવિચ્છિન્ન અભિષેક ચાલ્યો. ન્હાના મોટા તમામ હિંદુઓ ઉશ્કેરાઇ ગયા; પરંતુ શ્રોતાઓમાં યુરોપીયન ગૃહસ્થ તથા બાનુઓની હાજરી હતી તેમની શેહ બહુ પડી ગઈ. એ બધું આર્યરકત તેમાં પણ ખાસ ગુજરાતી રકત તો સહન કરી રહ્યું; છતાં જ્યારે આ મહાત્માએ સીમાડો ઓળંગ્યો ત્યારે ઉશ્કેરાઈને એક યુવાન વિદ્યાર્થી શ્રી. **વામનરાવ બાબારાવે** ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ કેસરીરૂપ ક્રુન્હે, જેનો નમુનો હજી સુધી જોવામાં આવતો નથી, તેમની હૂંફથી ખ્રિસ્તિ બાબુના જેવીજ ભાષામાં ક્રાઇસ્ટને ગાળો દેવા માંડી ત્યારે " ગદ્ધોંકી જમાતમેં લાતનકી સરાહ " એ ન્યાયે તેના ભાષણનો પાર આવ્યો. " ખેંચ પકડ મુઝે જોર આતા હૈ " એમ બાર દિવસ જોર કર્યું. આખર " જેસેકું તેસે મીલે " "Tit for tat" જેવું થયું ત્યારે અંત આવ્યો. એક વાણીઆ મોદીએ એક મીયાંને કહ્યું કે–" મીયાં, ગાળ ન દો તો સહુથી પહેલું સીધું સામાન તમને આપું: " ત્યારે મીયાંએ કહ્યું:–' સાલે યું કર. કોન ગાલી દેતા હૈ ? ' એમ કહીને બેચાર વધારે ચોપડી.+ સ્વભાવ બિભત્સ ગાળ દેવાનો થઈ પડયો તે વાણીયાની સમજાવટથી ન મટયો, પણ સ્હામે જ્યારે મીયાં અગર મેવાડી મળ્યો ત્યારે ઠેકાણે આવ્યો.

+ બિભત્સ ગાળો નિંદ્ય દેવાનો રિવાજ હિંદુસ્તાનમાં ઠામ ઠામ જોવામાં આવે છે. તેમાં મુસલમાન તો મશહુર છે, પણ હિંદુઓમાં પણ દાક્ષિણાત્યોમાં તથા ઉત્તર હિંદુસ્તાન, રજપૂતાના વગેરેમાં અને તેથી પણ વિશેષ મેવાડમાં બિભત્સ ગાળોની પરિસીમા છે. અજાયબી એ છે કે, પારસી જેવી સુધરેલી, કેળવાયેલી અને સારી રીતભાતવાળી કોમમાં બિભત્સ શબ્દ બોલવાની એક સહજ આદત પડી ગઈ છે. મેવાડના એક ગામમાં એક માના બે દિકરા હતા, તેમાંથી નાના દિકરાએ મા જોડે કજીયો કરીને મ્હોમાંથી ચૂકીને બોલ્યો હશે તેની ફરિયાદ મોટા દિકરાને

સ્હામા પૂરે જવાની તાકાત નહિ હોવાથી, તેમ સમજ પણ બરાબર નહિ હોવાથી. ઘણીવાર આવી ધર્મની નિંદાઓ સાંભળવાના પ્રસંગ આવતા, પરંતુ સદ્દભાગ્યે કૃષ્ણ પરમાત્મા સંબંધી વિચાર કરવાનું અને ચર્ચા કરવાનું સ્ફૂરવા માંડયું. પછી બાલ્યાવસ્થાના. વિદ્યાર્થી અવસ્થાના, યુવાવસ્થાના, ગૃહસ્થાશ્રમના વગેરે સર્વના અનુભવ લેતાં છેવટે એમ લાગ્યું કે હિંદુ ધર્મ ભેગો **શ્રીકૃષ્ણને** ગેરઇન્સાફ ઘણોજ મળે છે. એકના દેવને બીજા વિરોધી મતના થોડા અજ્ઞાની લોકો ગાળો દે ત્યાં લગી ઠીક છે, પરંતુ **શ્રીકૃષ્ણને** તો દુનિયામાં વખાણનારાઓની સંખ્યા મોટામાં મોટી છે, તે સાથે વગોવનાર પણ ઓછા નથી. તેમના પોતાના વખતમાં તેમ હતું, તો પછી આટલાં હજારો વર્ષે હાલ હોય એમાં આશ્ચર્ય શું ? દુનિયામાં સારૂં-નરસું વગેરે દ્વંદ્વ સાથેજ જોડેલાં છે તે કેમ છૂટાં પડી શકે ?

શ્રીકૃષ્ણ માટે વિચાર કરતાં કરતાં ધાર્યું કે, જે વિચાર મનમાં સ્ફૂરે તે જાહેરમાં મૂકવા કે જેથી આર્યબંધુઓ પોતાનાં જ્ઞાન તથા શકિત પ્રમાણે જે તે ક્ષેત્રમાં નિરીક્ષણ કરીને ચોતરફ જાગૃતિ કરે અને જ્ઞાન વિસ્તારે, તથા પરિણામે આર્યોનું અને માણસ માત્રનું કલ્યાણ થાય. ટીટોડાએ સમુદ્ર ઉલેચવાનો અસંભવિત

માએ કરી. તે પરથી નાના ભાઇને બોલાવીને શુદ્ધ મનથી ઠપકો આપતાં માતુશ્રી સમક્ષ, કુટેવની કમનસીબીથી મા બેન સામે ગાળો દીધી. આખરે માતાએ કહ્યું કે " હવે રાખ્ય ઘણું થયું. "

રાજ દરબારમાં, દેવ દરબારમાં, ઘરમાં જ્યાં જુઓ ત્યાં મેવાડમાં બિભત્સ ગાળ સિવાયની ભાષાજ ન મળે ! મંદિરમાં વાતો કરતાં પણ એજ મૂર્ખતા ! આ નઠારી આદત માટે રાજા, પ્રજા અને નેતાઓએ ચાંપતા ઇલાજ લેવાની ઘણીજ જરૂર છે. યુરપમાં બિભત્સ ગાળ ન મળે ! તો બદલામાં ઉન્નતિ જુઓ છો. મા, દિકરી, બેન, દિકરા વગેરેની હાજરીમાં પણ મર્યાદા ભૂલાય છે !

સંકલ્પ કર્યો, તો તે પણ પ્રભુએ ગરૂડદ્વારા પૂરો કરાવ્યો, તો મારૂં ગજા ઉપરાંતનું સાહસ પણ તે જ પ્રભુ સફળ કરશે !

શ્રીકૃષ્ણનાં દર્શન—ને તે વળી ખાસ નવી **દૃષ્ટિથી** કરવા માંડયા પહેલાં ખુલ્લા દિલથી કહેવાનું કે, જ્ઞાની શ્રદ્ધાળુ પુણ્યાત્મા-ઓની શ્રદ્ધાને ડગાવવાનો હેતુ અહીં લેશમાત્ર નથી, પરંતુ શ્રદ્ધાળુની શ્રદ્ધા સજ્ઞાન કરીને, દઢ કરવાનો અને શ્રદ્ધા નથી તેવા દુર્ભાગીની હરેક પ્રકારે શ્રદ્ધા કરાવવાનો હેતુ છે, તેટલા માટે દલીલની ખાતર બીજી દૃષ્ટિ સાથે નવી દૃષ્ટિથી ખાસ દર્શન કરવાનું સ્વીકાર્યું છે. **શ્રીકૃષ્ણ** સંબંધી વિચાર કરવામાં બે વાત છે. (૧) એક તો ઈશ્વર **માનનાર** અને બીજું (૨) ઇશ્વર તરીકે માને અગર ન માને પણ મહાન મનુષ્ય તરીકે **ગણનાર**. એ મુજબ બે વર્ગ છે. ઈશ્વર માનનારે તો શ્રદ્ધા રૂપી ચક્ષુથી જોવાનું છે એટલે તેને માટે કંઈ કહેવાનું રહેતું જ નથી. શ્રદ્ધા આગળ કોઇનો હિસાબ નથી. એક તરફ સંસ્કૃત ભાષામાં હોય તેટલાજ કારણસર તે બધું અક્ષરેઅક્ષર શાસ્ત્ર અને તેથી માન્ય છે એ પ્રમાણેની બુદ્ધિ કે જેમાં વિવેક વગેરેનો ઉપયોગ નહિ કરીને માનનાર અંધશ્રદ્ધાવાળો વર્ગ છે; અને બીજી તરફ શાસ્ત્રના કટ્ટા શત્રુ થઈને બધુંજ ખરાબ છે એમ ડહાપણમાં ગંધાઈ જઇને નિરંકુશપણે ગમે તેમ બોલનાર વર્ગ છે. આ બન્ને વર્ગને છેડવાની જરાપણ જરૂર નથી. તેમને તેમની લહેરો મુબારક હો. સરકારની વિઘોટી માટે એક ખેડુત રોજ મ્હેતાનો માર ખાય. તેની સ્ત્રીએ એક દિવસ મારની નિશાની જોઈને કારણ સમજાયું એટલે કહ્યું કે " છતાં પૈસે શું કામ માર ખાઓ છો ? એમ કહીને +ખસપટે રૂપિયા ખોસીને મ્હેતા પાસે મોકલ્યા. પછી તે સ્ત્રી ત્યાં થઇને જતી હતી ત્યારે આ મહાત્માને તડકામાં

+ ખસપટે—ઓટીમાં.

અંગુઠા પકડીને ઉભેલા દીઠા! એટલે પૂછ્યું કે, "આ શું? પટેલે જવાબ આપ્યો કે, "રાંડ તું શું સમજે? એ તો મ્હેતાને કચકચાવું છું." ૭ મહીના સુધી વિચાર કરીને ગાયનાં શીંગડા વચ્ચે બેસનાર નરને કોઈએ પૂછ્યું કે, કંઈ વિચાર ન કર્યો? ત્યારે તેણે કહ્યું કે,—"ભાઈ! જરા પણ ઉતાવળ કરી નથી. ગાયનાં શિંગડા વચ્ચે ત્રિવેણીસંગમ છે, ત્હેનો લાભ લેવા ૭ મહિના સુધી વિચાર કરતાં કરતાં આજ લાગ આવ્યો ત્યારે બેઠો છું. મ્હને કયાં ખબર હતી કે આંમ કુટાવું પડશે?" માટે આ બંને પ્રકારના વર્ગના મનુષ્યો ભલે ભેંસનું પૂછડું પકડી રહે, પરંતુ એ બેની વચ્ચેનો જે જ્ઞાનયુક્ત શ્રદ્ધાવાળો વર્ગ છે, તેને માટે કંઈક પરિશ્રમ ઉચિત છે. * ડાહ્યાકાકાની વહીમાં થોડાં નામ હશે તો પણ બસ છે. મોટી સંખ્યાને શું કરવું છે?

પુરાણનાં કહેવાતાં પુરાણો ગપ્પાં. હમણાના સુધારાની ટોચે પહોંચેલા જમાનામાં પણ કંઇક સંભવનીય કહેવડાવાનો વખત આવ્યો છે. 'ત્રિપુર,' 'સૌભ,' વગેરેની અને 'ઝેપલીન' વગેરેનો કંઇક મેળ ખાવા માંડયો છે, તે સાથે સ્વદેશભક્તિના વિજળિક પ્રવાહની પાછળ પાછળ ધર્મ પ્રત્યેની ભકિતનો પણ પ્રવાહ ચાલ્યો દેખાય છે, તેથી હવે આ વિદ્વાન શ્રદ્ધાળુ વર્ગ માટે બહું ભાંજગડ નથી, કેમકે તે તો પોતાના ખપ પુરતો ભાગ લઈને બાકીને માટે દરકાર રાખતો નથી; પરંતુ તેમાંથી પાછા

---

* ડાહ્યાકાકા નામનો એક વણિક હતો. તેની ચિકિત્સા શકિત ઘણી ઉત્તમ હતી. તેમાં પણ ન્હાના બાળકને જોવા સાથે પરખી લેતો. આ ડાહ્યાકાકાની વહી એટલી બધી પ્રસિદ્ધ થઇ કે, રાજકુંવર અગર સાધારણ બાળકનો વિવાહ કરવો હોય તો વહી ઉપર મોટો આધાર રહેતો. જોશી મહાત્માઓ ખોટા પડે પણ અનુભવી, ચિકિત્સક ડાહ્યાકાકાની વહી ખોટી પડે જ નહિ!

જે ગૃહસ્થોને શ્રદ્ધા હોય અથવા ન હોય પણ પાશ્ચાત્યદૃષ્ટિથી જ જોવાની વૃત્તિ હોય તેમને માટે કંઈક શ્રમ લેવો જોઈએ એવો વિચાર થયો; આ વિચાર સંબંધી જે ગૃહસ્થો સાથે વાતચિત કરી તેમનું અનુમોદન મળ્યું. પછી નિશ્ચય કર્યો કે આપણે પણ શ્રીકૃષ્ણને નવી દૃષ્ટિએ જોવાનો પ્રયત્ન કરી જોઇએ. એટલે કે તેમને માનવચરિત્રમાં જોવાનું કરીએ. પ્રયત્ન કર્યો અને તેમાં ઘણે-ભાગે અનુમાન તર્ક અને કલ્પનાના ઘોડા દોડાવવાનું હોવાથી કંઈ મુશ્કેલી લાગી નહિ; પરંતુ આશા એવી છે કે, મ્હારા અસંસ્કારી તર્કના ઘોડા ઉપરથી સંસ્કારી વિદ્વાનો મનન કરી શોધન કરી પુષ્કળ પ્રકાશ આપશે કે જેથી આર્યાવર્તનું કલ્યાણ થાય. જેવી રીતે શ્રીકૃષ્ણ પરમાત્માએ અવતાર લઈને પરંતુ એ ભાર ઉતારીને પાપીનો પરાજ્ય અને ધર્મીનો જય કરાવી દુનિયાનું કલ્યાણ કર્યું તેવી રીતે આજ પાંચ હજાર વર્ષે તેમનાજ નામથી સાંસારિક, નૈતિક, ધાર્મિક વગેરે દરેક રીતે દેશનો ઉદ્ધાર કરાવવો એવા વિચાર કરી હવાઈ કિલ્લા બાંધીને મ્હારી કલ્પનાઓ રજુ કરૂં છું. તેમાંથી નૈવેદ્ય ફક્ત અમૃતદૃષ્ટિ, દેવની માફક કરશો તો પણ હું સંતુષ્ટ થઈશ. આ વિચારથી મેં મારો લેખ લખી નાંખ્યો.

લેખ લખ્યા પછી એક મિત્રે કહ્યું કે' આ ક્ષેત્રમાં બાબુ બંકિમચંદ્રના ' શ્રીકૃષ્ણ ચરિત્ર ' નો તરજુમો સાક્ષર શ્રી. કૃષ્ણલાલ ઝવેરીએ કર્યો છે, તે જોવા લાયક છે. તે ઉપરથી તે ગ્રંથ અમે જોયો. ઘણો સંતોષ થયો કે એજ શ્રીકૃષ્ણની કૃપાથી જે વિચારો બાબુશ્રીને સ્ફૂર્યા હતા તેવા વિચારો કંઈક સ્વરૂપા-ન્તરમાં પણ અમને થોડાઘણા સ્ફૂર્યા છે, પરંતુ અમારા બન્નેના માર્ગ જરા જુદા છે, એટલે મારો લેખ પિષ્ટપેષણ જેવો અગર ચોરેલો કે નકલી નહિ લાગે. બાબુશ્રી ઘણાજ વિદ્વાન અને સમર્થ નિરીક્ષક હોવાથી શ્રીકૃષ્ણને પરમેશ્વર તરીકે સ્વીકાર્યા છતાં પણ

તેમનાં દરેક કાર્યને કેવળ માનવીય રૂપમાં જોવા માગે છે, અને અમે શ્રીકૃષ્ણને માનવરૂપમાં જોવા સાથે તેમનું ઐશ્વર્ય છીનવી લેવા માગતા નથી, એટલુંજ નહિ પણ નવી દષ્ટિવાળા જડવિદ્વાનોના આકર્ષણ માટે યુક્તિની ખાતર કેવલ માનવરૂપમાં જોવા માગીએ છીએ. કેવળ મનુષ્ય રૂપેજ માનનારને તો પોતેજ ગીતામાં મૂઢ કહ્યા છે. તેઓશ્રીના ગ્રંથથી ભક્તિને પ્રહાર થાય છે જ્યારે અમે તેનું ઉદ્દીપન કરવા માગીએ છીએ. આ પ્રમાણે અમારા બન્નેના ઉદ્દેશોમાં મહત્ત્વનો ફેર છે. તેઓશ્રી વિદ્વત્તાના ક્ષેત્રમાં ઉતરી પડયા છે, અને માનવચરિત્ર માટે શ્રીકૃષ્ણના ચરિત્રમાં જેટલી તેમને અનુકૂળતા લાગી તેટલી બાબતોના મનસ્વી ખુલાસા કર્યા, અને **शेषं कोपेन पूरयेत्** ન્યાયથી કેટલાકને પાછળના ઉમેરા અગર ગપ્પાં કહીને બેસી રહ્યા છે. માત્ર શાસ્ત્રોમાં મૂળ કેટલું, વધારો કેટલો, સમય કયો, ખરો ઈતિહાસ કેટલો, અરસપરસ વિરોધ કેટલો ઇત્યાદિ વિદ્યાવિનોદના ક્ષેત્રમાં ઉતરી પડયા છે. બીજા આધુનિક વિદ્વાનો પણ પાશ્ચાત્ય પદ્ધતિને અનુસરીને તેવોજ માર્ગ પકડે છે; પરંતુ અમારી પ્રવૃત્તિ તથા દષ્ટિકોણ તેઓથી ભિન્ન હોવાથી એ કડાકૂટમાં પડવુંજ નથી, તેમ નકામી મગજમારી કરવી નથી, તેથી તેની શી પંચાત ?

આ તમામ હકીકત ઉપરથી સમજાશે કે આ લઘુ લેખ જુદી ભાવનાથી લખાયેલો છે. અધિકાર પરત્વે મનુષ્ય માત્ર શ્રીકૃષ્ણનું દર્શન પોતાની ઇચ્છા તથા પ્રકૃતિ પ્રમાણે કરી શકે છે તેથી કોઈના ઉપર રાગ-દ્વેષ માટે અવકાશજ નથી. બાબુજી શ્રીકૃષ્ણના ઐશ્વર્યથી મોહિત થયેલા દેખાય છે. પાશ્ચાત્ય ઐશ્વર્યની તેમના મન ઉપર અસર થઇ હોય એમ લાગે છે. આ ઐશ્વર્યથી મુગ્ધ થઈને આ વિદ્વાન નરે પ્રેમનો કંઇક સ્વાદ ચાખ્યો ખરો; પરંતુ સંસ્કારના અભાવે કેવળ શુદ્ધ માનવદષ્ટિથી માનવરૂપે

શ્રીકૃષ્ણને નિરખ્યા અને પાછા ઇશ્વર માન્યા! બીજાઓના મતને અને પુરાણની વાતોને ગપ્પાં કહીને પોતેજ તે વ્યાધિના ભોગ થઇ પડયા એ તેમને કેમ સમજાય? ખેર; અમે માનવદષ્ટિથી શ્રીકૃષ્ણને જોવા માગીએ છીએ તે માત્ર દલીલની ખાતર છે એમ કહેવાઇ ગયું છે. સત્ય વસ્તુની તો તે જ **શ્રીકૃષ્ણને** ખબર! કેમકે વાસ્તવમાં તે સિવાય કાંઈ બીજી સત્ય વસ્તુજ નથી. અમારી દૃષ્ટિ દલીલની ખાતર હોવાથી કોઇને પણ ખાસ સંશય કાઢવાનું કારણ રહેતું નથી. બાકી “ શેરને માથે સવાશેર ” એ કુદરતનો ન્યાય છે. તે ન્યાયથી આ બાબુજી સામે એક બીજા પ્રતાપી વિદ્વાન બાબુએ સમશેર કાઢી. **સુરેન્દ્રમોહન ભટ્ટાચાર્ય** નામના શ્રદ્ધાળુ વિદ્વાન બાબુને ધાસ્તી લાગી કે, બાબુ **બંકીમચંદ્ર**ના પુસ્તકથી શ્રદ્ધા અને ભક્તિમાર્ગ શિથિલ થઈ જશે, તેથી તેમણે તેમનું ખંડન કરીને એક પુસ્તક લખ્યું છે. જેનો તરજુમો ગુજરાતીમાં મારા મિત્ર વૈષ્ણવરાજ સાક્ષર **શ્રી રણછોડદાસ વૃન્દાવનદાસ પટવારીએ** કરી પ્રસિદ્ધ કર્યો છે. આવાં ખંડન મંડન દુનિયામાં ચાલ્યાજ કરશે. આપણે આપણા માર્ગે જઇએ એટલે બસ.

દલીલની ખાતર માનીએ, અગર કદાચ વાસ્તવમાં પણ હશે કે, પુરાણાં પુસ્તકોમાં, અથવા ખુદ વેદમાં પણ પાછળથી ઘણું ક્ષેપક ઘુસી ગયું હશે. વેદમાંજ પુરાણનો ઉલ્લેખ દેખાય છે, તે ઉપરથી **વ્યાસ** ભગવાને અઢાર પુરાણ કર્યાં કે નવાં કર્યાં? અથવા **વ્યાસ**ના નામથી જેને જે ફાવ્યું તે ઘુસાડી દીધું ? એ સર્વ બાબતોનો નિર્ણય અત્યારે કરવો બહુ મુશ્કેલ છે. હજી સુધી કંઈ નિર્ણય થયેલો દેખાતો નથી. કેમ થઈ શકે? આવી સ્થિતિમાં પાછું કવિ, ભક્તો, ભક્તોના વખાણનાર, નાટકકાર, માણભટ્ટ ઇત્યાદિ વ્યક્તિઓએ એટલું બધું ડોળી નાખ્યું છે કે

ગમે તેવાને પણ મુંઝવણ થાય; પરંતુ શ્રીકૃષ્ણ કૃપાથી આ અગાધ સાગર, એક ન્હાના હોડકામાં બેસીને પાર ઉતરવાનું સાહસ અમે ઉઠાવ્યું છે, તે કૃષ્ણ કૃપાથી જ પાર પડશે. બાકી માયાનું આવરણ કોને નથી લાગ્યું ? પ્રત્યક્ષ સંસારમાં દરેક ક્ષણે ગેરસમજ થતી જોઇએ છીએ. રાજ્યકારભારમાં પણ તે જ સ્થિતિ. મુગલાઇ, બાદશાહી, જહાંગીરી, નવાબશાહી, નિઝામશાહી, સિંધિયાશાહી, હોલ્કરશાહી, * ગાયકવાડી વિગેરે અનેક શબ્દો શી રીતે થયા ? "જર્મન કાઉંટ"નું "જર્મનકા ઉંટ" થઈ ગયું. અને પાછું પૂછયું કે, "જર્મનીસે ઉંટ કૈસા આયા ?" 'હોડી'ની 'ઘોડી' થઈ જાય, વાંદરાને આરોપીમાં દાખલ કરી કેસ કમીટી થાય, ભૂતના હાથથી ખૂન થયું ઠરાવી ગુન્હામાંથી કામ કમી થવા પોલીસ મોકલે, આવા બનાવોને શું કહેવું ? ઉંટ અને સાંઢણી રેલ્વે ઉપર ચગદાઈ મૂવાં તે માટે કોઇ અર્ધદગ્ધ અંગ્રેજી ભણેલા સ્ટેશન માસ્તરે તાર કર્યો કે "મીસ્ટર અને મીસીસ કૅમલ કચરાઇ ગયાં." તે ઉપરથી મોટી ધમાલ મચી રહી ! આ પ્રમાણે અનેક માયાના રંગ રોજ જોવામાં આવે છે. સંસારજ ગેરસમજનો ભરેલો છે ત્યાં પછી ગેરસમજ માટે શો શોચ ?

વિદ્વાનોને વિદ્વત્તા માટે કૃષ્ણચરિત્રમાં ખોરાક જોઇએ તેટલો છે; પરંતુ સાધારણ માણસને કંઈક લાભ મળે અને વિદ્વાનો જાગૃત થઇ શોધન કરી, અમારામાં દોષ કાઢીને ટીકા કરીને અથવા સુધારો વધારો કરી, બીજી બાબતો સૂચવીને ચોતરફ શ્રીકૃષ્ણના નામના પ્રતાપનો પ્રકાશ પાડશે; અને તેથી

---

* આ બધા શબ્દો કાયમ રહી ગયા, માત્ર ગાયકવાડી શબ્દ, તેવા અર્થમાં હાલના રાજ્યકર્તાના [શ્રી. સયાજી રાવના] અમલમાં અદશ્ય થઇ ગયો. મહાન ક્રાંતિ થવાથી નવો જન્મ જાણે થયો !

આર્યબંધુઓને હાથે આર્યોનો ઉદ્ધાર થશે એવી ઉમેદ છે. ભૂલવાનું નથી કે, જે દેશોના ઉદ્ધાર થયા છે તે વિદેશીથી કિંવા વિદેશી વિદ્યાર્થી અથવા અંદર અંદરના દ્વેષથી થયા નથી, પણ પોતાનાજ શિષ્ટોથી, પોતાનાજ આંતરિક પ્રયાસથી, અને અરસપરસના પ્રેમથી થયા છે. હિંદુત્વ નહિં છોડવાનો દૃઢ નિશ્ચય થશે તોજ કંઇક પરિણામ આવશે, બાકી ધોબીના કુતરાનું દૃષ્ટાન્ત મોજુદ છે. વિદેશીઓના હાથે, અગર અંદર અંદરના દ્વેષથી કોઈ દેશનો ઉદ્ધાર થયો હોય તો જોઇ વળો. કમનસીબે આ બન્ને વિપરિત ભાવનાઓ, જાણે અજાણે પણ આર્ય સુધારકોમાં જોવામાં આવે છે. ઈશ્વર ઇચ્છા ! પ્રભુ સારૂંજ કરશે.

પ્રકૃતિપરાયણ તથા વિજ્ઞાનશાસ્ત્રથી પૂર્ણ એવા હાલના જમાનામાં દૈવીશક્તિની ચમત્કારિક વાતો કરીને શું ફળ છે? જમાનાનો ફેરફાર જૂઓ કે, પંદર વીસ વર્ષ ઉપર જે પુસ્તકો લખાતાં તે પહેલાંના પુસ્તકોમાં ભૂત, પિશાચ, સેતાન, દૈવીમાયા ઈત્યાદિ અલંકાર તથા ભયાનક રસથી પૂર્ણ વાતો આવતી હતી. ત્યાર પછીના સમયમાં ફેરફાર થઈ સંસારના ચાલુ પ્રસંગને વધારે સ્થાન મળવા માંડયું, અને હાલમાં તો પ્રવૃત્તિના પ્રત્યક્ષ બનાવોનો કેવી બુદ્ધિથી ચિતાર આપવામાં આવે છે ? કલ્પિત વાતો કરતાં પણ પ્રત્યક્ષ રોજના અનુભવની વાતોને કેવો શણગાર સજાવવામાં આવે છે ? તો આપણે પણ કૃષ્ણચરિત્ર કે જે અદ્‌ભુત ચમત્કારોથી ભરપૂર છે, અને જે કેવળ ઈશ્વરી શકિતનો પૂર્ણ પ્રતાપ બતાવે છે, તે બાબતો સાત્વિક જ્ઞાની શ્રદ્ધાળુ માટે રહેવા દઈ, અસંસ્કારી પામર લોકોને હંમેશના સંસારવ્યવહારમાં કંઈ ઉપયોગ થાય છે કે કેમ, તે ધોરણે મનુષ્યહિતની ખાતર નિરીક્ષણ કરીશું. કેમકે ઇશ્વરને કેવળ ઈશ્વરી સત્તા જ વાપરવી હતી, તો પછી અવતાર લેવાનું કારણજ શું હતું ?

પરંતુ માનવરૂપ લઇને સંસારનું નાટક રચ્યું, ને પાછું ભજવી બતાવવામાં **શ્રીકૃષ્ણે** લીલા તરીકે માનવચરિત્ર કરી બતાવ્યું છે, કે જેથી દરેક મનુષ્યને અનુકરણ કરવાનું મન થાય, તથા તેને શિક્ષણ અને શાંતિ મળે. પોતાનું ઈશ્વરપણાનું ઐશ્વર્ય, ઘણી વખત લોકોની આંખ ઉઘાડવા ખાતર બતાવ્યું છતાં તેને પણ આપણે દલીલ ખાતર, વ્રજવાસી જે ખરૂં તત્ત્વ સમજ્યા હતા તેવા કાંઇક ભાવથી અને સાથે જડવાદીની જડ ભાવનાથી જોઇશું. માયામાં જીવને ભુલાવી, પોતાનાથી દૂર કરી, પાછા અનુગ્રહ માટે અવતાર લઇને, આકર્ષણ કરીને જીવને પાસે લે છે, એજ લીલા કૃષ્ણપરમાત્માએ,જેમ ચૌદ વિદ્યા અને ચોસઠ કળામાં પૂર્ણતા બતાવી છે તેમ દેખાડી છે. તે સાથે આગળ કહ્યું તેમ, ધર્મના પણ મોટા સુધારક તરીકે કામ કર્યું છે, અને તે સુધારક પણ એક વ્યાવહારિક સુધારક તરીકે છે. હવે બૌદ્ધ, ખ્રિસ્તિ, યાહુદી વગેરે ધર્મના પ્રવર્તકો એટલે પયગંબરોનાં વચનો જૂઓ અને શ્રીકૃષ્ણનાં વચન જૂઓ. બૌદ્ધ અને ખ્રિસ્તિ ધર્મનો સિદ્ધાંત જૂઓ અને તેમના અનુયાયીઓનાં આચરણ પ્રત્યક્ષ જૂઓ. કંઇજ મેળ છે? તદ્દન વિરોધ! ક્રાઇસ્ટ અને બુદ્ધનાં વાકયો જૂઓ અને **યુરપ, જાપાન, કોરિયા, મંચુરિયા** વગેરેની યાદવાસ્થળીઓ જૂઓ. ધર્મોપદેશમાં નરમાશ, નિર્માલ્યપણું તથા શાંતિ, અને પ્રત્યક્ષ આચરણમાં તદ્દન જૂદું! હવે શ્રીકૃષ્ણનો બોધ જૂઓ. કેવો મર્દાઇભરેલો! કેટલો વ્યાવહારિક! કેટલો વાસ્તવિક! અને ખૂબી જૂઓ કે તેનાં પરિણામમાં આર્યપ્રજા નિર્બળ, નિર્માલ્ય, પરાધિન! કારણ એજ કે આ બધી પ્રજાઓ પોતાના ઇષ્ટની આજ્ઞાઓ પાળતી નથી, વળી હાલના શોધક તથા શાસ્ત્રીય અખતરાના જમાનામાં ' યુટિલિટેરિયન ' (ઉપયુક્તતાવાદ) ઇત્યાદિ મતોને લીધે બીજા ધર્મોને બાધ આવે છે, પરંતુ શ્રીકૃષ્ણના વેદાંત ધર્મમાં ગમે તેવા ભૌતિક શાસ્ત્ર, શોધ અને સુધારાનો સમાવેશ

થઇ જાય છે. કોઈપણ પ્રકારના મતને વાંધો આવતો નથી. બીજા સાંકડા મનના છે અને શ્રીકૃષ્ણનો મત વિશાળ છે. દિવ્ય પ્રેમ-કોટિમાં વેદ શાસ્ત્ર કે કોઈની પરવા રાખેલ નથી, શ્રીકૃષ્ણના નામથી નરકના ભયવાળાને નરકનો ભય ટળી જશે. કેમકે તે નામ લેનારને પાપ અગર નરકની કલ્પના ન હોઇ શકે. પ્રેમમાં ભય રહે જ ક્યાંથી ? કદાચ સંસ્કારને લઈને પાછલાં પાપો સાંભરે કે તરત બ્રહ્મવાચક કૃષ્ણ નામ લેવું. અને તેનું સગુણ સ્વરૂપ માનસિક દષ્ટિ આગળ ખડું કરવું. એટલે પાપ અને નરક બન્ને ભ્રાંતિઓ ટળી જશે. આ નામસ્મરણથી કર્તવ્યની ખામીની બીક પણ ટળશે, કર્મવાળાને ઉત્તેજન મળશે; ઉપાસકને પ્રત્યક્ષ થશે; જ્ઞાનીને તો છેજ; પ્રેમી તો તેમનું સ્વરૂપજ છે; શ્રદ્ધાળુની શ્રદ્ધા દઢ થશે, નવામાંથી જેઓ તે તરફ વળ્યા છે તેમને આનંદ થશે; અને નહિ વળનારને મન થશે, અજ્ઞાની સુશીલનાં ચક્ષુ ઉઘડશે; અજ્ઞાની દુર્જન માટે તો આશા નથી, તોપણ નામનો મહિમા અપાર છે તેથી આશા રાખવાને પણ હરકત નથી. રામ જાતે પાણી ઉપર ચાલી શકયા નહિ, પણ તેમના નામથી શ્રદ્ધાળુ તથા બુદ્ધિશાળી ઇજનેરો નલ તથા નીલે પત્થરો તરાવ્યા. બાદશાહ જાતે હજારો ગાઉ દૂર છે, એકલો જાતે શું કરી શકે ? તોપણ તેમનું નામ દરેક ફોજદારી ગુન્હામાં દાખલ થાય છે; કાયદો, બધા ગુન્હા તેમના વિરૂદ્ધ ગણે છે; અને તેમનાજ ગુન્હેગાર ઠરાવીને શિક્ષાઓ પણ થાય છે; શેઠ મરી ગયા પછી કેટલી પેઢી સુધી તેમનું નામ ચાલે છે ? અજ્ઞાની દુર્જનનું તરત કલ્યાણ થશે; અનાર્ય, અકારણ શત્રુ તથા આર્ય દ્વેષિલાઓને, જો ખરા હૃદયનો સતતનો દ્વેષ હોય તો, ઉદ્ધાર થશે. આ પ્રમાણે શ્રીકૃષ્ણ નામથી દરેક પ્રકૃતિના માણસને લાભ થશે. એ નામ તથા તેના ગુણ ઉપર મનન કરી ધ્યાનસ્થ થઇ પ્રેમથી સુતર્કો કરીને અખતરા માટે એક દિવસ તો શું પણ એક કલાક

અગર એક મિનિટ તો કાઢી જુઓ! એ આનંદનું વર્ણનજ નહિ થઈ શકે. મોંઘી ચીજનું મોંઘુ મૂલ એ તો ન્યાય છે, પણ આ તો મોંઘી ચીજ, વગર મૂલ્યે મળે છે, તેથી આનંદની પરિસીમા છે. સાધારણ આનંદ પણ વર્ણવી શકાતો નથી, તો પછી પ્રેમમૂર્તિ પરમાનંદ સ્વરૂપ **શ્રીકૃષ્ણ**ના નામના આનંદનું વર્ણન કેમ થઇ શકે? આ અપૂર્વ આનંદની ઇચ્છા ફકત સંસ્કારીને થઇ શકે. ભકિત અને જ્ઞાનથી જેનાં દિવ્ય ચક્ષુ ઉઘડે તેનો અધિકાર છે. એક નિમિષ જેટલું સાચું જ્ઞાન પણ અથાગ સંકટને ટાળી શકે છે. હોળી પ્રગટાવવા, હોળી જેટલો અગ્નિ જોઇતો નથી. કરોડો મણની ઘાસની ગંજી સળગાવવા એક તણખો બસ છે. તેવી રીતે જ્ઞાનાગ્નિનો તણખો કર્મ માત્રને ભસ્મસાત કરી નાંખે છે!

શ્રીકૃષ્ણનાં દરેક કૃત્યનો ખુલાસો જડવાદી માટે કરવાનું બીડું ઝડપ્યું છે, પછી તે કૃત્ય ગમે તે પુસ્તકમાં લખેલું હોય તેની પરવા રાખી નથી. જેટલું જ્યાં નજરે પડયું ત્યાંથી લીધું છે. દરેક કૃત્ય પર વિવેચન કરીએ તો પાર ન આવે, માટે મુખ્ય મુખ્ય બાબતો લઇને ખુલાસાના પ્રયત્ન કર્યા છે. શાસ્ત્ર સમજવામાં બુદ્ધિ અને યુક્તિનો ઉપયોગ કરવાની શાસ્ત્રમાં સ્પષ્ટ આજ્ઞા છે. એક પુરાણમાં **પરિક્ષિત**ને અવગતિએ મોકલી આખરે મોક્ષ આપે છે, અને શ્રીમદ્‌ભાગવતમાં મોક્ષ આપે છે. આખું ભાગવત તેના ઉપર છે. **નારદ** તથા **શુકદેવજી** બાળ બ્રહ્મચારી છતાં કોઇ પુરાણમાં તેમને પત્ની તથા બાલ બચ્ચાં થયાં કહે છે; તેથી જડવાદીના હિત ખાતર જરા આગળ વધીને કૃષ્ણચરિત્રનો ઉપયોગ મનુષ્યના જીવનમાં થઇ શકે કે કેમ તે જોવા માણસ માત્રને પ્રભુએ આપેલી વિદ્યાથી પ્રયત્ન કરીશું. પ્રયત્ન નવીન છે તેથી જે કંઇ ખામી, અધિકાર અથવા સ્વભાવ પરત્વે લાગે તે બધી ક્ષમ્ય છે. જડવાદી માટે જડત્વ સ્વીકારીને અમે પણ કેવળ

તર્કો કર્યાં છે. ત્યાં પછી બીજા આધારની ખાસ જરૂર ક્યાં રહે છે? વળી જડવાદીને આધાર માન્યજ ક્યાં છે? 'શબ્દ' પ્રમાણ તેમના મતમાં નથી, તેથી આપણે પણ તે જ માર્ગ લઇશું; માટે સુજ્ઞ વાંચકોને સાર ગ્રહણ કરવા માટે ખાસ વિનંતિ કરવામાં આવે છે. ઉપયોગી ભાગ લાગે તે ગ્રહણ કરી, બાકીનો ઉદાસીન વૃત્તિથી છોડી દેવામાં આવે તો ઠીક પડશે. કેમકે કૃષ્ણ-ચરિત્ર સંબંધમાં યુરોપીયન, મુસલમાન, ખ્રિસ્તિ, આર્યસમાજી, બંગાળી, ઉત્તર અને દક્ષિણના, ગુજરાતના વગેરે અનેક પ્રકારના વિદ્વાનોએ અનેક પુસ્તકો લખ્યાં છે, તેમાં દરેકમાં દષ્ટિકોણ જુદાં છે તેથી ઘોટાળો થાય એ સહજ છે. માટે શ્રદ્ધા ભક્તિને અક્ષત રાખી, તેનાથી વિમુખ બંધુઓને પણ કંઇક પ્રીતિ ઉત્પન્ન કરાવવાના હેતુથી આ યુક્તિ ગ્રહણ કરી છે. એક વસ્તુનું અનેક દૃષ્ટિબિંદુથી નિરીક્ષણ કરીને સત્ય લાગે તે ગ્રહણ કરવા શાસ્ત્રોનો ઉદ્દેશ છે, તેને અનુસરીને આ માર્ગ લેવામાં આવ્યો છે; તેથી પરિશ્રમ કેવળ નિરર્થક થવાની ધાસ્તી નથી. નિરીક્ષણનું ફળ કંઇક તો આવવાનુંજ. શ્રમ બીલકુલ ફોકટ નહિ જાય! એક ઘોડાનો સોદાગર હિંદુસ્તાનના એક દેશી રાજ્યમાં જઇ ચઢ્યો, ત્યાં તેમની વાતચિતથી ખુશ થઇ રાજાએ ઘોડા ખરીદવા માટે એક લાખ રૂપિયા ખજાનામાંથી આપી દેવા હુકમ કર્યો. તે વખત દરબાર ભરાયેલો હોવાથી એક વિચક્ષણ વણિક હતો તેને સુઝયું કે આ કેટલી મુર્ખાઇ છે? અરબસ્તાનમાંથી ઘોડા લાવવાના અને હિંદુસ્તાન બહારનો સોદાગર, તેમાં વળી કંઇપણ બંદોબસ્ત વગર આ રાજા પૈસા આપી દેવા હુકમ કરે છે તે કેટલો મૂર્ખ? આ ચિકિત્સક શેઠને એવી આદત હતી કે, આગળ કહેલી **ડાહ્યાકાકાની** વહી જેવી એક વહી રાખતો હતો. તેમાં ફક્ત મૂર્ખ માણસોની નોંધ લેતો હતો. તે ચોપડો કાઢી તેમાં

રાજાનું નામ દાખલ કર્યું. દિવાન ચાલાક હતો તે ચેત્યો કે આ શેઠીયાએ કંઈક નોંધ લીધી. શેઠને પૂછતાં વાત ઉડાવી, પણ જ્યારે અભયદાન મળ્યું, ત્યારે મૂર્ખાઓનાં નામોમાં પહેલે નંબરે રાજાનું નામ મૂકેલું બતાવ્યું. પછી દિવાને કારણ પૂછતાં બધું સમજાવ્યું અને છેવટ કહ્યું કે આના કરતાં બીજી શી મુર્ખાઇ હોય? ત્યારે દિવાન કહે કે આ પ્રમાણે છતાં કદાચ સોદાગર ઘોડા લાવ્યો તો પછી શેઠ તમારી શી ગતિ? ત્યારે શેઠે કહ્યું કે અહિંથી રાજાનું નામ કાઢી ને સોદાગરનું નામ લખીશ, કારણ કે પૈસા મળ્યા પછી આવી સ્થિતિમાં માલ લાવે એવો બીજો મૂર્ખ કોણ હોય? રાજા અગર સોદાગર એ એમાંથી એકનું નામ મારી વહીમાં જરૂર રહેશે પણ જગ્યા ખાલી નહિ રહે. આ ન્યાયથી અમારામાં કદાચ ભૂલ હશે તો ઉપરના દૃષ્ટાન્તની માફક કંઈક નિશાની તો રહેશેજ.

ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે તર્ક કરીને શ્રીકૃષ્ણને માનવચરિત્રમાં નિરખવાના છે એ ખરૂં; પરંતુ તેમ કરવામાં શાસ્ત્રના ગ્રંથોને તદ્દન પડતા મુકાય તેમ નથી. વેદમાં શ્રીકૃષ્ણ છે તે કોણ? તે જાણવાની કડાકૂટમાં નહિ પડતાં અથવા મહાભારત તથા પુરાણો વગેરેમાં શ્રીકૃષ્ણ માટે જે કંઇ ઉપલબ્ધ છે, તેના કરતાં પણ શ્રીમદ્‌ભાગવત કે જેને **सात्वत संहिता** કહીએ તો પણ ચાલે તેને પ્રધાનપદ આપવામાં આવશે. બ્રહ્મપુરાણ, વિષ્ણુપુરાણ અને હરિવંશ વગેરે પણ આધાર રૂપે ગૌણસ્થાન લેશે. બ્રહ્મવૈવર્ત્ત પુરાણને કેટલાએક આધુનિક ગણે છે; કેમકે પ્રાચીન નષ્ટ થયું હોય એમ માને છે. હાલનું ઉપલબ્ધ છે તે પ્રાચીન છે કે કેમ એ બદલના કજીયામાં આપણે પડવું નથી. આ સાથે કવિઓ, ભક્તો, નાટકકારો, માણભટ્ટો વગેરે લોકોએ જે પ્રચાર કરાવ્યો છે તે પણ આપણે તદ્દન છોડી દેવો

નથી. વ્યવહારમાં જે કંઈ જોવામાં આવે છે તેવા પ્રસંગોમાંથી ઠીક લાગે તે પણ લેવું વાજબી જણાય છે. આ બન્ને ગ્રંથોમાં તથા પ્રત્યક્ષ વ્યવહારમાં રસ અલંકારને માન આપીને, રૂપકનો ભાવ પણ કંઈક ભાગે સમજવાની જરૂર છે. સાધારણ ભાષામાં તેમ વ્યવહારમાં રસ અલંકાર સિવાય એક સાધારણ માણસ પણ બોલતો નથી. એક કારકુન કહેશે કે, "ખાડામાં પડયા," "મૂઆ," "ફાંસીએ ચઢવું પડશે." "ગર્દન મારો" ઈત્યાદિ સહજ સાધારણ કસુર માટે બોલાય છે. ઘર સંસારમાં પણ "છાપરે ચડયો," "દીવો પાકયો," "અંગારો ઉડયો" વગેરે રૂપકો સંભળાય છે. ન્હાનાં છોકરાં વાતો કરે તેમજ છોકરાંને બાળપોથી શિખવાડવામાં આવે તેમાં પણ રૂપકો વગર ન ચાલે. આ પ્રમાણે રૂપક સર્વ વ્યાપી છે. કોઇ વસ્તુનું અથવા રૂપકનું સ્વરૂપ ધીમે ધીમે વિકૃતિઓ પામી કેવું થાય છે તે માટે અખા ભકતની વા વાયો ને નળીયું ખસ્યું, તે દેખીને કુતરૂં ભસ્યું" એ કવિતા ઉત્તમ છે. આ પ્રમાણે દરેક ગ્રંથમાં વિકૃતિ થઈ ગઈ. અને ખુદ રૂપકો પણ વિકૃત થઇ ગયાં! તેમાં વળી કૃષ્ણચરિત્ર સાગર જેવડું એટલે વિકારના ભંડારજ જોઇ લેવા. જેને જે બાબતની તલપ આવી તે પુરી કરવા, શ્રીકૃષ્ણનું નામ દઇ, રૂપક બનાવી, પ્રસાદી બધાને વહેંચી. તો પણ જો કોઈ સંસ્કારી ભાગ્યશાળીને ઈચ્છા થાય તો કૃષ્ણચરિત્ર રત્નનો સાગર હોવાથી તેમાંથી જે જોઇએ તે મળી શકે તેમ છે. આર્યાવર્તનું અહો-ભાગ્ય છે કે આ રત્નસાગર આપણી દષ્ટિગોચર છે. માત્ર આંખ ઉઘાડીને જોવાની અને રત્નો ઉપાડી લેવાની તસ્દી લેવાની છે. અધ્યાત્મજ્ઞાનના ભોગીને કૃષ્ણચરિત્રમાંથી જોઇએ તેટલું જ્ઞાન મળશે. યોગીને ઈષ્ટ રૂપે સાક્ષાત્કાર થશે. કર્મકાંડીને પણ ઈચ્છિત સ્વરૂપે પ્રકટ થઇ ઈચ્છા પૂર્ણ કરશે; પરંતુ આપણે તો આગળ

કહી ગયા તેમ અધિકાર વિનાના પામરની દષ્ટિ માટે માનવરૂપે પણ નિરખવાના છે. આ દષ્ટિવાળા માટે શ્રીકૃષ્ણની બે ભાવના છે. એક ગોપકૃષ્ણ તે ગોકુળ. વૃન્દાવનના, અને બીજા સંખાકૃષ્ણ તે મથુરાં અને દ્વારકાવાસી કૃષ્ણ અર્જુનના સખા (મિત્ર). આપણે બન્ને ભાવનાઓ સ્વીકારીશું. બે દિવસનું બાળક સો વરસનો ડોસો થાય પણ જીવ તેનો તે જ અને વસ્તુ પણ તેની તેજ છે; માટે ગમે તે રૂપ લ્યો પણ યાદ રાખવા જેવું એ છે કે, એકજ રૂપનાં સ્થૂળ અને સૂક્ષ્મ રૂપો પ્રસંગોપાત થાય છે. જૂદાં રૂપ ગણવાં હોય તો પણ "વૃક્ષમાંથી બીજ અને બીજમાંથી વૃક્ષ" જેવું છે; કાર્ય કારણ એકમેકમાં અનુસ્યૂત છે, અને તેથી બન્ને સત્ય છે; એટલે કે કૃષ્ણચરિત્ર ગમે તે રૂપમાં પણ સત્ય છે. પાયા વિનાની ઇમારત નથી, પણ કેવળ પાશ્ચાત્ય જડવાદની દષ્ટિથી જ જોવાનું હોય અને આર્યરક્ત તદ્દન ગુમાવવું હોય તો ઈલાજ નથી.

શ્રીકૃષ્ણ અજ્ઞાન સ્વધર્મી તથા દ્રોહી પરધર્મીના ગોળીબારનું નિશાન થઈ પડયા છે, એ સંબંધમાં આગળ કહેવાઈ ગયું છે; પરંતુ ઈશ્વરની કૃપાથી સ્વદેશાભિમાનની તીવ્ર લાગણીરૂપ 'બ્રેકથી' પુરાણા નામ સામે દ્રોહથી સુધારાનું નાશક 'એન્જીન' દોડતું હતું, તેનો વેગ કંઇક મંદ પડ્યો છે. હવે પુરાણી ચીજ તથા નામ ઉપર પ્રેમ ઉદ્ભવવા માંડયો છે. પોતાનું પોતે જોતું અને અનુમાન કરી નિર્ણય પર આવતું જોઇએ એવી સ્ફૂર્ણા થઇ છે. "પારકી આશ સદા નિરાશ," અને "આપ સમાન બળ નહિ." એ સૂત્રો સ્હમજાવા માંડયાં છે. **स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः** નું રહસ્ય પણ હવે સમજાવા માંડયું છે. ધર્મને કર્ત્તવ્યના સ્વરૂપમાં આર્ય બંધુઓ સ્વીકારવા માંડ્યા છે, અને આ વાતાવરણમાં શ્રીકૃષ્ણ તરફ પણ કંઈક આકર્ષણ થયું

છે. સુધારાની ટોચે પહોંચેલા અગર જેને જૂનો વર્ગ 'અરાડે ગયેલા' કહે છે, તેમનું દૃષ્ટિકોણ પણ બદલાવા માંડયું છે. શ્રીકૃષ્ણના પ્રત્યેક કાર્યનું રહસ્ય તથા તેમાં રહેલું જ્ઞાન સમજાવા માંડયું છે, અને તેથી કરીને સરવાળે શ્રીકૃષ્ણ ઉપર આ મહેરબાનોની કંઈક રહેમીયત થવા માંડી છે. વર્ત્તન અગર રાષ્ટ્રીય ભાવનાની ઈમારતો બાંધવાનો દાવો કરનારા સુધારકો (Character or Nation builders) શ્રીકૃષ્ણનો ઉપયોગ કરવા લાગ્યા છે. આ બધી કાળચક્રની બલિહારી છે. જમાનો પલટાયો છે, ક્રાન્તિનો કાળ આવ્યો છે.

હાલના જમાનાના જનસમૂહના આપણાં કાર્ય માટે ત્રણ વર્ગ પાડી શકાય. (૧) જૂના આગ્રહી, જૂની વાતને ફક્ત જૂની છે, તેટલાજ માટે ભેંસના પૂંછડાને વળગી રહેનારા જેવા ભોળા. (૨) જૂનું પૂર્ણ રીતે નહિ સમજનાર અને નવામાં પ્રવેશ નહિ કરી શકનાર ત્રિશંકુના જેવા. (૩) નવાથી મોહિત થયેલા નવા ભોળા વિદ્વાનો. પહેલા વર્ગનો સમૂહ ઘણો મોટો છે. લગભગ સાઠ સીત્તેર ટકા જેટલો હશે. જનસમાજ એ વર્ગનોજ કહી શકાય. આ વર્ગ ત્રીજા વર્ગના, ઉતાવળથી દોડનાર થોડાઓને જરા પકડી રાખનાર છે ખરો, પરંતુ એકંદરીમાં ઠીક નહિ. અજ્ઞાન જેવું બીજું પાપ નથી. આ લોકનું અજ્ઞાન અને ભોળપણ પ્રસંગે હાસ્યજનક બને છે. કોઇ ભોળા દિલના મીયાંને કોઇ એક નવાબ સાહેબનો બાગ બતાવ્યો. ત્યાં આંબાને મો'ર ખૂબ આવેલો જોઇને મીયાં સાહેબ ખુશ થઈને ભોળપણમાં બોલ્યા કે,—"બાપુ! એ કયા કુછ આંબેકા મો'ર ફૂટા હૈ. વહ તો નવાબ સાબકા નસીબ ફૂટા હૈ." કહેવાનો હેતુ બહુ ઉત્તમ પરંતુ ભોળપણમાં શબ્દના અર્થનું ભાનજ નહિ! તેવી રીતે એક સારા ચિત્રકારે એક સારૂં ચિત્ર બતાવ્યું, ત્યારે કહે કે "કયા

મેરે બેટેને કામ કિયા હૈ? સાલેને કમાલ કિયા." વગેરે અનેક ગાળો મા બ્હેન સામી તારીફ કરતાં ભોળપણમાં દીધી! આવા અજ્ઞાની ભોળા લોકોમાંથી શું હાંસલ થાય? શબ્દોનું ભાનજ નહિ ત્યાં શો ઇલાજ? દિકરીને ખીજવવા જતાં સ્ત્રી સહજ બોલે છે કે, "ઘેલીનાં ઘેર ઘેર સાસરાં." આ શબ્દોમાં કેટલો અનર્થ છે? એક જુવાન પુરૂષ અને તેની સ્ત્રી બન્ને એકલાં ઘરમાં હતાં. કોઈ પ્રસંગે ગોરને જમવાનું કહ્યું. ગોર જરા વૃદ્ધ, તેથી તેની મર્યાદા રાખવાની રીત હોવાથી પેલા યુવકે કહ્યું કે, "મહારાજ! અમે બન્ને બાળક છીએ તેથી આપને જરા તસ્દી પડશે તો નિભાવી લેશો." ગોરે કહ્યું કે, "કાંઇ નહિ, ઠીક છે." પછી ગોર જમવા બેઠા, ત્યાં પેલો ગૃહસ્થ શરમનો માર્યો મર્યાદા સાચવવા માટે પોતાની સ્ત્રી સાથે બોલે નહિ, તેથી આડકતરી રીતે સ્ત્રીને સંભળાવવા ગોરને ઉદ્દેશીને કહ્યું કે, "ગોર, દાળમાં આંબલી નથી તે શું હાથ ભાંગી ગયા છે?" ત્યારે પેલી સ્ત્રીએ કહ્યું કે, "ગોર, આંખો ફૂટી ગઈ છે? દેખતા નથી કે છોકરૂં રડતું હતું તેથી ઊઠી હતી?" ગોર બિચારો કહે કે "આ ભોળપણની મર્યાદા કૂવામાં પડી, અને તમારી શરમ પણ કુવામાં પડી, તમે તમારે હવે સીધી રીતે મારી સામેજ બોલો, મ્હારે મ્હારી આંખ્યો ફોડવી નથી અને હાથ પણ ભાગવા નથી." સુધરેલા વિદ્વાન લોકો પણ આવું ભોળપણ પ્રસંગે બતાવે છે. એક યુરોપીયન અમલદારને દવા માટે ગધેડીનું દુધ જોઈતું હતું, એમને માત્ર ગદ્ધા શબ્દ આવડતો હતો; તેથી હુકમ કર્યો કે, "ગદ્ધા લાવ." સીપાઈ ગધેડો લઇ આવ્યો. હવે સાહેબને સમજાવવું છે કે, ગધેડી જોઈએ પણ તે સમજાવવા બીજો રસ્તો ન સૂઝયો ત્યારે કહ્યું કે, "એ તો હમ ગદ્ધા. (નર જાતિ કહેવા માટે પોતાને બતાવ્યો), લેકિન હમકું (મેમસાહેબ પાસે બેઠાં હતાં તેમને બતાવીને કહે કે), મેમસાબ

ગદ્ધા ચાહિએ." આવા અનેક પ્રસંગો દુનિયામાં ગેરસમજ, વિચિત્ર રિવાજ, ભોળપણ વગેરે અનેક કારણોને લઇને બને છે. અસ્તુ.

હિંદુસ્તાનની પાયમાલીનાં તથા હાલની આર્થિક તથા રાજકીય અધોગતિનાં કારણોમાં એ વર્ગ અગ્રેસર છે એમ કહેવામાં હરકત નથી.

બીજા વર્ગના શંકાશીલ ગૃહસ્થોની સ્થિતિ ઇંગ્લંડના રાજા પહેલા ચાર્લ્સ જેવી દયામણી છે. જુનાઓ ઉપર પ્રીતિ છે, છતાં સત્ય વસ્તુનું જ્ઞાન નથી. જૂના ઉપર પ્રીતિ બતાવવામાં નવા તરફથી દ્વેષ અગર તિરસ્કારની અથવા પાછળ પડી ગયેલા જૂના વ્હેમી કહેવડાવવાની બીક રાખે છે, અને તેથી પરિણામે બંને બગાડે છે.

ત્રીજા વર્ગના સજ્જનોની સ્થિતિ હૃદયદ્રાવક છે. હૃદયમાં ઉમંગ છે, ખંત છે, વિદ્વતા છે, સ્વદેશ પ્રત્યે પ્રીતિ છે; પરંતુ રહસ્યના અજ્ઞાનને લીધે તેમજ રહસ્યની જિજ્ઞાસાના પણ અભાવને લીધે જૂનું સમજતા નથી અને નવું પકડતાં આખડી પડી છેવટ મુંઝાઇને બોલે છે કે, " બસ. ધર્મ જેવી કંઇ ચીજ નથી, એક મૂર્ખ અગર ગાંડાનો બકવાદ છે. ધર્મેજ હિંદુસ્તાનનો ધાણ કાઢયો. બસ, બધું હંબગ છે. આવી ધુન પર ચડી જઇને ગમે તેવાં વિપરીત અર્થનાં વાકયો બોલી નાંખીને જુનાને હરેક પ્રકારે વખોડે છે; પરંતુ રકતમાંજ જીર્ણતા હોવાથી, ઉન્માદવાયુવાળાને જેમ શાન્તિની ક્ષણો આવે છે, તેમ પોતાની શાંતિની ક્ષણોમાં વિચાર કરે છે, એટલે જુના તરફ આકર્ષાઇને પાછું મન ડહોળાઇ જાય છે; પરંતુ કમનસીબે જુનાનો બચાવ કરવાનું જ્ઞાન તથા જિજ્ઞાસા પણ નહિ હોવાથી વધારે મુંઝાય છે, અથડાય છે, અંતે કચવાઇને અસંતુષ્ટ રહે છે. કદી ખુલાસા કરવા ધારે તો

લાલબુઝર્ગ જેવા થઇ જાય છે. હાથીનું પગલું દેખીને ગામના લોકો ભડકયાં કે, આ તે આવડું મોટું શું ? આખર થાકીને **લાલ બુઝર્ગ** પાસે ગયા ત્યારે આવીને તેણે જોયું અને અફસોસ બતાવ્યો કે, હું નહિ હઇશ ત્યારે તમારી શી વલે થશે ? પછી ખુલાસો કર્યો કે, એ તો પગે ઘંટી બાંધીને હરણીયું કુદયું છે, તેનાં આ નિશાન છે. ભેંસનું માથું માટલામાં ભરાઈ રહ્યું ત્યારે કહે કે, પ્રથમ માથું કાપો અને જ્યારે તેમ છતાં માથું ન નીકળે તો માટલું ફોડીને માથું કાઢો. આવા **લાલ બુઝર્ગ** જેવા ખુલાસા કરીને મન વાળે અને અક્કલ તથા હોંશિયારીનો ફાંકો રાખી આવી રીતની આગેવાની લે તેનો શો ઇલાજ ? **લાલ બુઝર્ગ** દરેક ખુલાસો કરતી વખત દિલગીરી બતાવતો હતો કે, મ્હારા પછી તમારું શું થશે ? હાલ પણ ચમત્કાર જૂઓ કે, હિંદુસ્તાનનો આર્થિક, નૈતિક અને રાજકીય એમ તમામ પ્રકારનો ઉદ્ધાર, અંત્યજના ફકત સ્પર્શની સાથેજ થઇ જશે એમ આપણા દેખીતા દોસ્ત પણ અંતરના દુશ્મનોની મોહજાળમાં ફસાઈ ગયેલા ભોળા આર્યોના મનમાં કેવું ઠસાવ્યું છે ? આ ભૂત કેમ નીકળશે ? કૃષ્ણની કૃપા હોય તોજ નિકળે !" "**बुद्धिकर्मानुसारिणी**" "આહાર તેવો ઓડકાર" ખેર, પ્રભુ સારુંજ કરતો હશે, દુઃખ વગર સુખની કિંમત નથી, અને કલેશ વિના આનંદની કદર નથી. આપણા સ્વતઃસિદ્ધ નેતાઓને પ્રભુ સદ્બુદ્ધિ આપો ! આહાર વિહારની શુદ્ધિ થશે તોજ બુદ્ધિ સુધરશે. પ્રભુની મરજી.

આર્યાવર્તમાં ધર્મની સ્થિતિ જોતાં, તેમાં ખાસ આપણા ગુજરાતની જોતાં, આ ત્રણ વર્ગમાં ધર્મ વ્હેંચાઇ ગયેલો દેખાશે. આપણા ગુજરાતમાં કાળબળથી રૂઢીનું પ્રાબલ્ય વિશેષ અને વિચારનું પ્રમાણ કમતી દેખાશે, તેમ **લાલ બુઝર્ગ** જેવા કેળવાયેલા

ભોળાઓનો વર્ગ મોટો દેખાશે. આપણે તો ત્રણે વર્ગની સેવા કરીને એમની કૃપા મેળવવાનો પ્રયત્ન કરવો છે.

આખી પૃથ્વીમાં શ્રીકૃષ્ણ સમાન કોઇ નર થયો નથી, છે નહિ, અને થશે પણ નહિ; પરંતુ દિલગીરી એટલીજ કે હાર્દ સમજ્યા વગર માત્ર પુરાણો વાંચવાથી, અથવા તો પુરાણોના દ્રોહી સુધારાવાળાના લેખો વાંચવાથી જે ગેરસમજ થઇ છે, તેના ખુલાસા મારી શક્તિ પ્રમાણે અનુમાનથી કરવા માગું છું. શ્રીકૃષ્ણનાં કોઇ પણ કાર્યમાં અગર ગમે તે પ્રવૃતિમાં લવલેશ ખામી કે દોષ નથી, એટલુંજ નહિ પણ ઉલટ બોધના ભંડાર છે એમ પ્રત્યક્ષ દેખાશે. નવીન ચક્ષુવાળા ખુલાસા માગે તે સર્વ બધાથી થઈ શકે નહિ; માટે કેવળ અંધશ્રદ્ધા રાખવાનું કહેવાને બદલે જમાનાને માન આપીને, પામર મનુષ્યના ખુલાસા માટે તર્ક શક્તિ અગર સાધારણ વ્યાવહારિક બુદ્ધિના પ્રદેશમાં શ્રીકૃષ્ણને આપણે અખતરા માટે લઇ જવા પડશે; કેમકે તેમ કરવાથી શ્રદ્ધા ઓછી નહિ થતાં વ્યવહારમાં ઘણો પ્રકાશ પડશે એમ લાગે છે.

વિધવિધ ગુણોનું એકજ સ્થળે સંમેલન, અસંભવિત પ્રતિસ્પર્ધી તથા પરસ્પર વિરોધી સંકલનાઓનું એકજ સ્થળ, પ્રત્યેક અભિરૂચિવાળાને પૂરતા ખોરાકનો એકજ ભંડાર, ઉંચામાં ઉંચી બાબતોનું એકજ કેન્દ્રસ્થાન, માણસની ચડતી પડતીના ઈતિહાસના સારાંશનું એકજ પાન, ટુંકામાં માયાની અપૂર્વ રંગભૂમિ અગર સંસારનું નાટક બનાવી ભજવી બતાવનારૂં એકજ સ્થાન, શ્રીકૃષ્ણચરિત્રમાં દેખાય છે, એવું પૃથ્વીના તળમાં હોય તો તપાસી વળો. એકદેશીય અંશાવતારો તથા દૈવી મહાત્માઓ પૃથ્વીના દરેક પડમાં થયા છે; પરંતુ સર્વદેશીય અને પ્રત્યેક વસ્તુનો ભંડાર તો એક શ્રીકૃષ્ણચરિત્રમાંજ છે. **નેપોલિયન** જેવા યુદ્ધમાં પ્રવીણ; **ક્રાઈસ્ટ, બુદ્ધ** જેવા તપમાં તથા જ્ઞાનમાં પ્રવીણ એવા

કૃષ્ણસમાન એકજ નર કોઈપણ બીજે ઠેકાણે પાક્યો એમ સાંભળ્યું છે ?

શ્રીકૃષ્ણને યોગી તથા વેદાંતી, ઈષ્ટ અગર બ્રહ્મસ્વરૂપે જોતા હોય તેમને આ નિરીક્ષણ બહુ જરૂરનું નથી; પરંતુ સાધારણ મુમુક્ષુને કંઈક ભાન થાય અને સંસારમાં રહ્યા છતાં ધર્મનું કંઇક ભાન થાય તે માટે આ પ્રયત્ન છે, કારણ કે સંસારમાં રહીને બધાં કર્ત્તવ્યો કરવા છતાં બ્રહ્મજ્ઞાન સચવાય છે, એમ શ્રીકૃષ્ણે વ્યાવહારિક રીતે બતાવી આપ્યું છે. હાલની સૃષ્ટિમાં વ્યષ્ટિ તથા સમષ્ટિની પ્રવૃતિ વિના કોઈપણ પ્રજા ટકી શકે એવી સ્થિતિ નથી, કેમકે ચોતરફ પ્રવૃત્તિના ઢોલ વાગે છે, તેવા સંગોગોમાં પૂર્ણ પ્રવૃત્તિમય શ્રીકૃષ્ણચરિત્રનું નિરીક્ષણ કરવાથી અપૂર્વ બોધ અને શિક્ષણ તથા શાંતિ મળે તેમ છે. આ હેતુથી શ્રીકૃષ્ણચરિત્ર વૈભવ સાથે અદ્વૈતજ્ઞાન આપી પરમસુખ અગર મોક્ષ આપે છે કે કેમ તેની આપણે ખાત્રી કરી જોઈએ. એકજ કૃષ્ણને કામી અગર વ્યભિચારી તેમ બાળબ્રહ્મચારી કહેવામાં આવે, કપટી સાથે ખુલ્લા દિલના કહેવામાં આવે, જૂઠા સાથે સત્યવાદી કહેવામાં આવે, રાજ્ય નહિ છતાં પણ રાજેન્દ્ર કહેવામાં આવે, દિવાન, અમાત્ય, મંત્રી, સેનાપતિ, સરદાર, દરખદાર, જાગીરદાર, ઇનામદાર, વતનદાર, મોટા સફરી વ્યાપારી, શરાફ શાહુકાર, કંઇ નહિ છતાં આખા આર્યાવર્ત અગર આખી પૃથ્વી તો શું પણ આખા બ્રહ્માંડનો માલીક કહેવરાવે, સગાં સંબંધીના અથાગ પ્રેમી છતાં આખા કુટુંબનો સંહારક કહેવામાં આવે, સ્વાર્થ સાધક સાથે મહાન પરમાર્થી કહેવામાં આવે, ઘણાં ગુપ્ત કાર્યો કર્યાં છતાં એક પણ જેનું ગુપ્ત કાર્ય નથી એવા કહેવામાં આવે કુટુંબના નાશનો શાપ મળે ત્યારે પ્રસન્નતા દર્શાવી સંમતિ આપે, લીલા વિસ્તાર્યાને ચાર પાંચ હજાર વર્ષ

થયા છતાં **નરસિંહ મહેતાને** રાસ બતાવે અને **ગૌરાંગ** પ્રભુના રૂપમાં દુનીયાને પ્રત્યક્ષ રમત દેખાડે, તેમજ છેવટ હજી પણ ભકતોને આત્મા કરતાં પણ વધારે ભાવથી ભજે, ઇત્યાદિ મનુષ્ય કોટિની બહારનું અને અઘટિત ઘટનાવાળું ચરિત્ર દુનિયાના ઇતિહાસમાં કંઇ છે? થિયેસોફીસ્ટો વગેરે શોધકો હિમાલયમાં અર્વાચીન **બૌદ્ધ કુતુહમીર** તથા **મોર્ય** નામના વગેરે મહાત્માઓને ખોળે છે, પરંતુ કૃષ્ણ પરમાત્માના સૂક્ષ્મ શરીર (Spirit) સ્હામે કોઇનો પણ હિસાબ છે?

ઉપરના કારણોથી કૃષ્ણ ચરિત્રના દર્શનનો દરિયા જેવડો વિષય ગજા ઉપરાંત છતાં પણ મનના વેગને વશ થઇને હાથમાં લીધો છે. આ સાહસનો હેતુ એ છે કે ભવિષ્યમાં કોઇ વિશેષ સંસ્કારી તથા અધિકારી સજ્જનો, આ વિષયમાં વિશેષ પ્રકાશ પાડી જનસમૂહનું કલ્યાણ કરશે. કૃષ્ણચરિત્ર કોઇ માણસ સમજી શકયો એટલે હિંદુ ધર્મનું બધું રહસ્ય એ સમજી ગયો અને હિંદુ ધર્મનો જીર્ણોદ્ધાર કહો અગર પુનરુદ્ધાર કહો જે કહો તે, એ માણસ કરી ચૂકયો એમ સમજવું. અમારો તો સમજવા માટે ક્ષુલ્લક તથા ક્ષુદ્ર પ્રયત્નજ છે તે **શ્રીકૃષ્ણ** કૃપાથી સફળ થશે. બાકી તો જેમ વિદ્વાનો કહે છે તેમ તેના ગુણ લખવાને દરિયા જેવડો ખડીઓ લઇ આખી સૃષ્ટિનાં વૃક્ષની કલમ કરીને આખા બ્રહ્માંડરૂપી કાગળ ઉપર હજારો પંક્તિઓ લખે તો પણ પાર આવે એવું નથી.

પુનરુક્તિનો દોષ વહોરીને પણ ફરી કહેવું પડે છે કે આ લઘુ ગ્રંથનો ઉદ્દેશ જીજ્ઞાસુ બંધુઓ માટે છે. તેમાં પણ ખાસ નવા સુધારાના ઝપાટામાં સપડાઇ ગએલા નવા યુવકો, જેમને પોતાનું તપાસવાની તક મળી નથી અને જેઓ નવાથી અંજાઈ ગયા, તથા જેને લઇને જુના ઉપર તિરસ્કાર તથા શંકાની દ્રષ્ટિથી જુએ છે,

અને તેથી કૃષ્ણ નામથી પણ જાણે ભડકતા હોય અગર તે નામમાં કંઇ નીચું ઘાલવા જેવું લાગતું હોય તેવા, પણ શુદ્ધ બુદ્ધિથી સત્ય ગ્રહણ કરવાની ઇચ્છાવાળા જીજ્ઞાસુ માટે છે. કુમળું ઝાડ વાળ્યું વળી શકે છે, તે ન્યાયથી યુવાવસ્થા અને ખાસ બાલ્યાવસ્થામા જે સંસ્કાર તથા છાપ પડે છે તે જીંદગી પર્યંત ખસતાં નથીજ. શાસ્ત્રોએ તેટલાજ માટે દ્વિજના સોળ સંસ્કાર ઠરાવ્યા છે. માનસિક શાસ્ત્રની શોધને અંતે જણાયું હતું કે, એક માણસને બિલાડીઓ પાળવાને બહુ શોખ હતો, પરંતુ વર્ષમાં અમુક દિવસે બિલાડીની જાત ઉપર તેને એવો દ્વેષ આવતો કે, જ્યાં દેખે ત્યાથી મારી નાંખવાનું મન થાય; તે દિવસ તેટલા પૂરતો ગાંડોજ રહેતો એમ કહીએ તો ચાલે. આગલે દિવસે કહી મૂકે કે કાલે કોઇ બિલાડીને મારી પાસે આવવા દેશો નહિ ! ઘણા ડૉકટરોએ ચિકિત્સા તથા સારવાર કરી પણ પત્તો લાગ્યો નહિ. પછી એક વિચક્ષણ ડૉકટરે તેમનાં માતુશ્રીને ઠેઠ બચપણની હકિકત પૂછવા માંડી ત્યારે જણાયું કે પારણામાં એ બાળક હતો ત્યારે સૂતો હતો ત્યાં તેને બિલાડીએ ન્હોર મારીને પીખ્યો હતો. તેની રડવાની બૂમ સાંભળી પોતે દોડી આવીને સારવાર કરી. વધારે બારિક તપાસ કરતાં નિકળ્યું કે દર વરસે તે જ દિવસે તે માણસ બિલાડી ઉપર ગુસ્સે થઈ ગાંડો થતો હતો. હિસ્ટિરિયા વાળી એક છોકરી લૅટીન નહિ શીખેલી છતાં લૅટીન બોલતી હતી તેનો પણ ઈતિહાસ કાઢતાં, ન્હાનપણમાં કોઇ સાધુના ઘરમાં સાંભળેલા શબ્દોના સંસ્કાર અજ્ઞાન અવસ્થામાં મગજ ઉપર પડેલા. તે પ્રસંગે પ્રકટ થતા હતા એમ નીકળ્યું હતું. આપણામાં તો **નારદજી, શુકદેવજી, પ્રહ્લાદજી** વગેરેનાં દષ્ટાન્તો જોઇએ તેટલાં છે. માટે બની શકે તો બચપણમાંજ સારા સંસ્કાર પાડવાની ખાસ જરૂર છે. આખી જિંદગી પર્યંત સંસ્કાર પડી શકે છે, પરંતુ બચપણના વિશેષ કરીને

કાયમ રહે છે. મનુષ્ય સૂક્ષ્મવાદી, સ્થૂળવાદી અથવા ગમે તે કોટિનો હોય, પરંતુ સંસ્કારની અસરમાંથી કોઇ મુક્ત નથી. વિવેકી જડવાદીને તો આ ગ્રંથ ઉપરથી આગળ પડી બહુ પ્રકાશ આપવાનું વિશાળ ક્ષેત્ર બને એમ છે. વિદ્વાન અને નીતિમાન જડવાદી, દાંભિક ચૈતન્યવાદી કરતાં ઘણો ઉપકારક છે. ખરૂં જોતાં તેનો વિરોધ શબ્દ માટે વિશેષ હોય છે; પરંતુ એક શઠ, અર્ધદગ્ધ કે અંધમૂર્ખ, જે ઇશ્વર કે રામ કૃષ્ણ અથવા તેવાં નામ તથા તે સંબંધી કંઇ પણ વિવેચનથી અભડાય તેવા,—પોતે પોતાના માટે શંકા લેનાર—પ્રતાપી નર માટે કોઇ પણ જાતનો પ્રયાસ નિરર્થક છે. તેવા નર માટે આ ગ્રંથનો ઉદ્દેશ પણ નથી. બેવકુફીમાં કાકાનું માથું કાપ્યા પછી કાકીને જઇને ભત્રીજો પૂછે છે કે, ચચાકું શિર થા કે નહિ ભલા? **સાલેભાઈ** તડકાની નિશાની રાખી પાણીની બતક પાસે મૂકી સૂઈ ગયા, અને જાગ્યા ત્યારે બતક તો હતી પણ તડકો ખસી ગયો, ત્યારે વ્હેમમાં પડ્યા કે એક બતકની નિશાની છે પણ બીજી તડકાની નથી; તેથી વ્હેમ પડયો કે, **સાલેભાઈ** તે હુંજ હઇશ કે નહિ? લાંબો વખત વિચાર કરતાં સૂઝી આવ્યું કે, ઘેર જઈને બીબીને પૂછીશ તો તે ઓળખશે અને નક્કી થશે. પછી પોતાની જાતને જોતા—તપાસતા--મુંઝવણ કરતા કરતા **સાલેભાઇ** પોતાના ઘરનાં બારણા બહાર ઉભા રહી બારણું જરા ખોલી બોલવા માંડ્યા કે, **સાલેભાઈકી** બહુ! **સાલેભાઇકી** બહુ! **સાલેભાઈ** હૈ કે? બીબી શાણી હતી તે સમજી ગઇ કે, પાછી કંઇ ઘેલછા આવી છે, તેથી તે શરમાઈ ગઈ અને બારણા પાસે આવીને કહ્યું કે, આ તે શું ઘેલછા કાઢો છો? ત્યારે બિચારાએ બધી વાત કરી, અને જ્યારે બીબીએ કહ્યું, ત્યારે ચોક્કસ ખાત્રી થઇ, અને સ્થિર થયો. આવા **સાલેભાઈ**ના કયાં

હાલમાં તોટા છે? દસાડીયા ઢોર માફક ભડકે તેને માટે શો ઇલાજ?

આ પ્રમાણે સંજોગો હોવાથી આ ગ્રંથથી કરોડો મનુષ્યોમાંથી એકાદને પણ આનંદ થશે તો કૃતકૃત્ય સમજીશું. બાકી શઠ યા મૂર્ખને તો ખુદ કૃષ્ણ પણ કયાંથી પહોંચી શકે? દેવો પણ તેવાને જતા કરે છે, "ભૂંડાથી ભૂત નહાસે." ભૂત, પિશાચ, મેલડી, જીન પણ ગરીબ નબળાને સતાવે છે: તેમાં પણ ખાસ સ્ત્રી જાતને, તેમાં પણ વળી જે તેને માને તેને. એક મેલડીના પૂતળા ઉપર એક માતાના બે દિકરામાંથી એક રોજ તેના ઉપર પાણી નાંખીને નવરાવે, અને એક અપવિત્ર જગાથી તેનો અભિષેક કરે. આ ઉપરથી મેલડીએ માને સ્વપ્નું આપ્યું કે "તારા નઠારા દિકરાને વાર, નહિ તો તારા સારાને ખાઇશ." માએ કહ્યું કે, ત્યારે નઠારાનેજ ખાને!" એટલે મેલડીએ ફરી કહ્યું કે, તેને ખાવાની જો શક્તિ હોત તો તને ફરિયાદ શા માટે કરત?" **રાવણ** શરૂઆતમાં અભય વરદાન પામીને એકલો દિગ્વિજય કરવા નીકળી પડયો. ચોતરફ અપમાન, માર અને હાર ખાઇને પાછો ફર્યો. **સહસ્રાર્જુન** વગેરે ઉપર કંઈ ન ચાલ્યું ત્યારે દેવોના ઉપર ચઢાઇ કરી, અને તે બિચારાઓને નસાડી ઘણું સંકટ આપ્યું. **શ્રીરામચંદ્રજી** સાથે યુદ્ધમાં પણ **હનુમાન** વગેરેનો માર પડતો એટલે દેવોને જઈને સતાવતો હતો. **दैवो दुर्बलघातकः** "ગરીબકી જોરૂ સબકી ભાભી." આ ધોરણે આવાં નરરત્નો માટે કાંઈ ઇલાજ નથી; પરંતુ જેનું મન થોડું પણ સુંવાળું છે અને જિજ્ઞાસાનો કંઇ પણ અંશ જેનામાં છે તેને માટે આ પ્રયાસ છે. બાકીનાં નરરત્નો માટે બ્રહ્મા પણ થાકયા તો આપણું અભિમાન કયાં રહે?

ગીતામાં શ્રીકૃષ્ણે ખૂન કરવાનો બોધ કર્યો છે, કેમકે આત્મા મરતો નથી, એમ બોલનાર પાદરી અગર કોઇ પણ પામર પ્રાણી એટલો પણ ખ્યાલ કરતો નથી કે ખૂન કરનારનું ખૂન જે ન્યાયાધીશ કરે છે, તે ન્યાયાધીશ ખુની કહેવાતો નથી. પીનલકોડમાં જે ગુન્હાને બચ્ચપણુ, ગાંડપણ વિગેરેના કારણથી માફી બક્ષી છે, તેની અંદર એ જડ પામરને स्थितप्रज्ञ અથવા जीवन्मुक्तની કલ્પના કરવાનું મગજમાં કયાંથી આવે ? ગીતાનું રહસ્ય ગુરૂ વિના કેમ સમજાય ? ગુન્હાના કામમાં પણ 'હેતુ' મુખ્ય મુદ્દો છે, એ વાત ભૂલવાની નથી. એક સ્ત્રીને આગમાંથી અગર જળમાંથી બચાવનાર પુરૂષ બાથમાં ઘાલીને લઇ આવશે તો તે પીનલકોડના કોઇ ગુન્હામાં આવી શકશે ? જ્ઞાની અથવા જીવન્મુક્તના હાથે જે કંઇ થાય છે તેમાં સ્વાર્થની ગંધ પણ હોતી નથી. ઉલટ 'હેતુ' હંમેશ ઉત્તમ, શુદ્ધ તથા નીતિયુક્ત હોય છે.

એક મહાત્મા કહે કે, તમે બધાનો નિર્ણય કરીને છેવટનું ઠરાવો તો ઠીક. અમે કહ્યું કે, તે અસંભવિત અને નકામું છે. આજ સુધીમાં તમામ ધર્મવાળાઓએ નિર્ણય કર્યો છે તેમાં કોઇનો પણ સર્વમાન્ય થયો ? શ્રુતિ, સ્મૃતિ, ષટ્‌દર્શન, પુરાણો ઇત્યાદિ શાસ્ત્રો એમજ કહે છે કે જેને જે રૂચિકર હોય તે લેવું. અંધશ્રદ્ધામાં કંઇ અર્થ નથી. કર્મ, ઉપાસના, અને જ્ઞાન, સંસારમાં રહેનારને હરેક પ્રકારે ગમે તેવા રૂપમાં અજ્ઞાનપણે જેમ અનુભવાય છે, તેમ પ્રત્યેક ધર્મશીલ મનુષ્ય, સજ્ઞાનપણે તે જ ત્રિપુટિનો અનુભવ લે છે. કેટલાક જ્ઞાની ત્રણેને માન આપે છે; પરંતુ જેમની ઉત્ક્રાંતિ અમુક દરજ્જે પહોંચી હોય તે મનુષ્ય તેનાથી આગળ કેમ જઇ શકે ? કર્મવાળાને પેલાં બે ઉપર પ્રીતિ થાય નહિ, તેવીજ રીતે ઉપાસક અને જ્ઞાનીનું સમજવું. વાસ્તવમાં ત્રણે ઉપયોગી અને જરૂરનાં છે. એકલું બની

શકતુંજ નથી. શાસ્ત્રમાં ત્રણે માર્ગ બતાવ્યા છે. **શ્રી શંકરા-ચાર્ય** પણ તે જ કહે છે. ભક્તોએ પણ તેમજ કહ્યું છે. **શ્રીકૃષ્ણે** પણ તેવોજ બોધ કર્યો છે, અને તે સાથે પ્રસંગને માન આપીને પ્રત્યક્ષ પણ કરી બતાવ્યું છે, અને ખરૂં રહસ્ય જે પ્રેમ તે તો શાસ્ત્ર તથા લૌકિકની પેલીપાર બતાવ્યું છે. અમારે કોઇ પણ મત સામે વિરોધ નથી. શુભ પ્રયાસ બધી પ્રકારના ઉત્તમ છે. એક કુટુંબમાંજ કયાં નિર્ણય થઇ શકે છે? બે બાળક લડતાં આવે તો પ્રથમ મોટાં ભાંડુ નિકાલ કરે, તેથી આગળ મા, પછી બાપ, પછી દાદી, પછી દાદો, એમ અનુક્રમે વિવાદ થતાં થતાં છેવટનો નિર્ણય થાય છે તે પણ બન્ને બાળકને કબૂલ હોય છે ખરો? એક તો છેવટે કચવાશેજ. તેવી રીતે મુલકી, દિવાની, ફોજદારી અદાલતોના ઠરાવનું પણ સમજવું. છેવટનો નારાજ થયેલો માણસ આખર થાકીને કહેશે કે, ભગવાન જોશે, એને ત્યાં અંધેર નથી. એ પ્રમાણે મનનું સમાધાન કરે છે. દરેક માણસ પોતાનો મત ખરો માને છે, એનો આખરનો નિર્ણય, સત્તા અગર જ્ઞાનથીજ થઈ શકે. આ ધોરણે આ ગ્રંથનો હેતુ કૃષ્ણજીવનના ક્ષેત્રમાં દરેક અધિકારીને પ્રવેશ કરાવી તેમાં પ્રયાસ કરાવી દુનિયાને પ્રકાશ અપાવવાનો તથા ચોતરફ જાગૃતિ કરાવવાનો છે કે જેથી જીવોનું અને તેથી પોતાના દેશ તથા આખા જગતનું કલ્યાણ થાય.

હકીકતમાં, તર્કમાં, ભાષામાં જ્યાં ખામી દેખાય તો તે તરફ દષ્ટિ નહિ કરતાં, મોટા દિલથી પ્રકાશ આપવાના હેતુથી પોતપોતાના વિષયમાં એક નિષ્ણાત (expert) તરિકે લાભ આપવાના **હેતુથી**, આ લેખમાંથી કોઇ ભાગનો ટીકા રૂપે ઉપયોગ કરવામાં આવશે તો પણ ઉપકાર મનાશે. ઉદારતા, સત્ય તથા સૌજન્યમાંથી ખસવું નહિ એટલી શરત છે. આટલી શરત સાથે

સમશેરો ભલે મ્યાનમાંથી નીકળી પડે! ઉમેદ એટલી છે કે અમારાથી અંશતઃ ભિન્ન મતવાળા સમશેર મ્યાનમાંથી કાઢશે તેમ અમારા વિચારને અનુકૂળ સજ્જનો પણ મ્યાનમાં નહિ રાખી શકે! શ્રીકૃષ્ણે અર્જુનને આખર જે કહ્યું હતું તે જ અમારે કહેવાનું છે કે, **प्रकृतिस्त्वां नियोक्ष्यति, वादे वादे जायते तत्त्वबोधः** એ ન્યાયથી સમુદ્ર-મંથનમાંથી રત્નોજ નીકળશે. થોડું વિષ નીકળશે તો શંકર ભગવાન જેવા ગળી જનાર પણ મળશે. કોઇ પણ જાતના વાદવિવાદમાં ઉતરવાનું, વય અને સંજોગોને લીધે નિરર્થક અને અરૂચિકર લાગે છે. શંકા હોય ત્યાં સુધીજ વાદ; સમજાયું કે પછી ચુપ. શાંતિથી દઢતા પૂર્વક મનન નિદિધ્યાસન કરીને કર્તવ્યપરાયણ થવાનો છેવટનો ક્રમ છે. માટે આ ક્રાન્તિનો સમય જોઈને અમારા યુવાન વીર બંધુઓ (હિંદુસ્તાનની ભવિષ્યની દોલત)ને ઉત્તેજીત કરી, પ્રયત્નશીલ કરવા આ શરુઆતની ગતિ (પૃથ્વીને જેમ શરુની ગતિ કોઇક શકિતએ આપી છે એમ પાશ્ચાત્ય ખગોળશાસ્ત્ર કહે છે તેમ) આપવાનો હેતુ છે કે જેને પરિણામે વિદ્વાનોમાં વાદવિવાદ થઇ ઉત્તમ રત્નો પાકે. માટે વિરુદ્ધ મતવાળાને સમશેર કાઢીને ખેલવાનો કોઈ જાતનો વાંધો નથી.

આટલું પ્રાસ્તાવિક કહ્યા પછી હવે ચાલો આપણે આપણા હવાઇ કિલ્લામાંથી, અગર આપણા પુરાણાં વિમાનમાંથી, એટલે હાલના 'એરોપ્લેન 'માંથી, આપણા પરમપ્રિય પ્રેમમૂર્તિ **શ્રીકૃષ્ણનું** પ્રેમભાવથી અંતરીક્ષમાંથી નવી દષ્ટિએ એટલે કે કર્મ ભક્તિ, તથા જ્ઞાન વગરના જડ વિદ્વાનની દષ્ટિએ પણ પ્રેમપૂર્વક દર્શન કરીએ. કેમકે આ વીસમી સદીમાં બધો વ્યવહાર (Traffic) આકાશગામી વાહનોથી થવાનો છે!

શ્રીકૃષ્ણના ચરિત્રના બે ભાગ પાડી શકાય. (૧) **ગોકુળ વૃંદાવન** લીલાનો પૂર્વાર્ધ, અને (૨) **મથુરા દ્વારકા**ની લીલાનો ઉત્તરાર્ધ. બીજી રીતે ત્રણ ભાગ થઇ શકે. (૧)**ગોકુળ વૃંદાવન** લીલા-જેને પ્રેમભૂમિ કહી શકાય અને જે પ્રેમભકિતનું ધામ કહી શકાય તે, (૨) **મથુરાં લીલા** જેને ઉપાસના ભૂમિ કહી શકાય એટલે યોગ, તપ, પૂજન વગેરે સજ્ઞાન ઉપાસનાનું સ્થાન કહી શકાય તે, અને (૩) **દ્વારકાલીલા,** જેને સજ્ઞાન કર્મભૂમિ કહી શકાય તે. આ ત્રણેમાં સજ્ઞાન પ્રેમમયભકિત પ્રધાન છે, બાહ્યરંગમાં જો કે વેદ અને ગીતાનો ક્રમ કર્મ, ઉપાસના અને જ્ઞાનનો દેખાય છે, પરંતુ ભકિત વગરનું જ્ઞાન, કર્મ અને ઉપાસના શુષ્ક ઠુંઠા જેવાં અગર વંધ્યા સ્ત્રી જેવાં છે, અને પ્રેમ સિવાયની ભકિત પણ તેવીજ છે, એમ બતાવવા શરુમાંજ પ્રેમ અને ભકિતનો રસ રેડીને ત્રણેને પ્રેમમય કરી નાંખ્યાં. ભકતોની ભકિત કરતાં પણ ભકતો તરફ પોતાની ભકિત વધારે બતાવીને પ્રેમ સમજાવ્યો છે. પ્રેમયુકત નિષ્કામકર્મ અને ભકિતનાં તત્ત્વ આખા ચરિત્રમાં છે; તેથી શ્રીકૃષ્ણચરિત્ર હવે આપણે ક્રમને અનુસરીને ચીતરીશું. શ્રીકૃષ્ણ તે શું, અને તેમનીજ પસંદગી કરવાનું કારણ શું ? એ પ્રથમ બતાવીને પછી અવતારના મર્મનું વિવેચન કરી ને પછી ચરિત્રનાં દર્શનની શરૂઆત કરીશું.

પ્રકરણ ૧ લું

શ્રીકૃષ્ણદર્શનની આવશ્યકતા

આજ સુધીના પૃથ્વીના દેવદેવતાઓ તથા અવતારોમાંથી શ્રીકૃષ્ણને પસંદ કરવાનું કારણ ઉપોદ્ઘાતમાં ઘણે ભાગે આવી ગયું છે; પરંતુ તે સાધારણ દિગ્દર્શન હોવાથી તેમને જ પસંદ કરીને ખાસ દર્શન કરવાનું કારણ શું, એ જોવાનો પ્રયત્ન કરીએ.

કૃષ્ણ એટલે શું, તે સમજ્યા પહેલાં એ શબ્દ ક્યાં ક્યાં જોવામાં આવે છે તે જરા જોઈએ. વેદમાં કૃષ્ણ નામ છે. ષડ્દર્શનોમાં, મહાભારતમાં, બ્રહ્મવૈવર્તપુરાણમાં, પદ્મપુરાણમાં, વિષ્ણુપુરાણમાં, વાયુપુરાણમાં, બ્રહ્મપુરાણમાં, વામનપુરાણમાં, કૂર્મપુરાણમાં તથા શ્રીમદ્ભાગવત ઇત્યાદિ શાસ્ત્રો તથા પુરાણોમાં તેમનો મહિમા શ્રેષ્ઠપણે દેખાય છે. પુરાણોમાં જેમ એક જ બાબત માટે ભિન્ન વર્ણન દેખાય છે તેવી રીતે એક જ પુરાણમાં પણ એક જ બાબત પ્રસંગોપાત્ ભિન્ન રૂપે દેખાય છે. પુરાણોની બાબતમાં બીજું ઘણું કહેવા જેવું છે; પરંતુ અહિં તે અસ્થાને છે. એકંદરે બ્રહ્મનું સગુણ–સાકાર સ્વરૂપ તે જ શ્રીકૃષ્ણ છે.

વેદમાં કૃષ્ણ કોઈવાર ઋષિ તરીકે દેખાય છે અને એક ઠેકાણે અનાર્ય રાજાનું નામ પણ કૃષ્ણ દેખાય છે. ઋગ્વેદમાં એક મંત્ર છેઃ—**अहश्च कृष्णमहरर्जुनं च विवर्तेते रजसी वेद्याभिः** હવે કૃષ્ણ અર્જુનનો અર્થ જેમ મરજી પડે તેમ કરો. કૃષ્ણ

નામ ઉપર **गोपीचंद** નામનું ઉપનિષદ્ છે. વળી **कृष्णोपनिषद्** છે. આ ઉપનિષદ્‌માં ગોપ તે દેવ, **નંદ** તે પરમાનંદ, **યશોદા** તે મુક્તિ, **દેવકી** તે બ્રહ્મવિદ્યા, **વસુદેવ** તે વેદ, અને ગોપી તથા ગાયો તે વેદની ઋચાઓ એમ આધ્યાત્મિક અર્થ છે. **सामवेद छांदोग्य उपनिषद्** ના ૮–૧૩–૧ માં **श्यामात् शबलं प्रपद्ये शबलात् श्यामं प्रपद्ये** લખેલું છે, તેમાંના **श्याम** તે જ શ્રીકૃષ્ણ એમ કેટલાક કહે છે. વળી **अपश्यत् गोपामनि पश्यमा** માં **गोपामनि** તે જ ગોપતનય–શ્રીકૃષ્ણ–એમ કહે છે. વળી તે જ **सामवेदीयछांदोग्य उपनिषद्** ના ત્રીજા પ્રપાઠકના ૧૭ મા ખંડના છઠ્ઠા શ્લોકમાં **कृष्णाय देवकीपुत्राय** એમ લખેલું છે. અર્થ મરજી પડે તેમ કરો. સંસ્કૃત જેવી વિશાળ અને ખેડાયેલી ભાષામાં એક શબ્દના અનેક અર્થ થઈ શકે છે. વિદ્વાનો પોતાને મનભાવતો અર્થ કરી શકે છે, અને તેથી જ એક વેદમાંથી અનેક સંપ્રદાયો અને પંથો નીકળ્યા છે.

कृष्ण એટલે શ્યામ; કૃષ્ણવર્ણ અનંતપણાનો ગુણ બતાવે છે. આકાશ, સમુદ્ર, મેઘ, સૂર્ય, ચંદ્ર, દીપક વગેરેની અંદરની શ્યામતા વાસ્તવમાં શ્યામતા નથી છતાં દેખાય છે તે અનંતપણું સૂચવે છે. વેદથી માંડીને પુરાણ સુધીના શ્રીકૃષ્ણનો આ પ્રમાણે હરેક રીતે સંબંધ દેખાય છે. વેદમાં તેમ પુરાણોમાં અનેક યુગોની એટલે કે અનેક કૃષ્ણની હકિકત હોવાથી, શંકા લેવા જેવું કારણ નથી.

कृष्ण શબ્દમાં **कृष्** ધાતુનો અર્થ ' ખેડવું ' થાય છે. એટલે કે' સર્વવ્યાપી' જેવો અર્થ ઘટાવી શકાય. વળી **कर्ष** 'એટલે' 'ખેંચવું' 'આકર્ષણ કરવું.' આખી દુનિયાનું આકર્ષણ કરનાર તે કૃષ્ણ, અને તે જ હાલના ભૌતિકશાસ્ત્રની ગુરુત્વાકર્ષણશક્તિ (gravitation) એટલે કે ચેતન (spirit). વળી **कृष्** એટલે કે **भू** એટલે અસ્તિત્વવાચક,

તેની સાથે **न** નકારવાચક મળવાથી **सद्सत्** અર્થ થયો, એટલે કે માયાદર્શક થાય છે. **न** નિવૃત્તિવાચક પણ છે. વળી **कृष्** એટલે **सत्** સત્તાવાચક અને **न** આનંદવાચક હોવાથી પરબ્રહ્મનો અર્થ થાય છે. આ 'સત્' અને 'આનંદ' વચ્ચે પ્રત્યાહાર ન્યાયથી ચિત્ આપોઆપ આવીને, આખર 'સચ્ચિદાનંદબ્રહ્મ' નો અર્થ થાય છે અને તેથી જ શ્રીકૃષ્ણ પૂર્ણકળાવાન છે. આમ કૃષ્ણ તે જ સગુણબ્રહ્મ છે. એવો બહુમાન્ય સિદ્ધાન્ત ફલિત થાય છે.

આપણે થોડીવાર અનાદિ કાળને કલ્પનાની બહાર કાઢીએ; વેદાન્તવાદને કંઈક સમય માટે વિદાયગીરી આપીએ; સંપ્રદાય તથા વર્ણાશ્રમ વિચારને ઘડીભર વેગળો રાખીએ; મૂર્તિપૂજા અગર આર્યસમાજી, ખ્રિસ્તિ, મુસલમાન વગેરે બંધુઓના મૂર્તિ-પૂજા સામેના ગેરસમજના દ્વેષને દૂર મૂકીએ; મૂર્તિમૂજામાં પણ ક્વચિત્ વધી ગયેલી અણસમજ તેમ જ સંપ્રદાયના હાલના આચાર્યો ઉપરની અંધશ્રદ્ધાના દુરુપયોગને ગણત્રીમાંથી ગલત કરીએ; સાધુ, સંત, બ્રાહ્મણ, સંન્યાસી, પરમહંસ, અપંગ, અભ્યાગત વગેરેના સેવાધર્મ આદિ અનેક ધર્મોને અલગ રાખીએ; ટૂંકામાં બધા વિચારો બાજુ પર રાખીને હાલ તુર્ત માત્ર આધુનિક વિદ્વાનો માટે તેઓની સમજણ પ્રમાણે કહેવાતા નિર્ગુણ નિરાકાર એકેશ્વરવાદને ગ્રહણ કરીએ, તો પણ નિર્ગુણ ઉપરથી સગુણ ઇશ્વર તરફ ગયા વિના છૂટકો નથી. આર્યસમાજી પંડિતો વળી 'નિરાકાર' અને 'સગુણ' સાથે રાખે છે. હવે નિર્ગુણ તો મન, વાણીથી પણ અગોચર છે. 'નિર્ગુણ' શબ્દમાં જ નામ તથા રૂપ આવ્યાથી 'સગુણ' થયો. નિર્ગુણ થાય તો જ નિર્ગુણની કલ્પના થઈ શકે. ગુણની કલ્પના કર્યાં પછી જ નિર્ગુણનો ખ્યાલ થઈ શકે. જે પ્રદેશ અથવા તળ (plane)માં હોય તે પ્રદેશમાં જ દૃષ્ટિ જઈ શકે. વિચારી જોવાનું છે કે, નિર્ગુણ સમજવા માટે

નિર્ગુણ થઈ શકાશે? કોઠીમાં પેસીને બહારનો ભાગ કેવી રીતે જોવાશે? પ્રથમ તપાસી જુઓ કે, નિર્ગુણનો અધિકાર મળ્યો છે કે નહિ. આ કલ્પના અસંભવિત હોવાથી સગુણવાદમાં ઊતર્યા વિના છૂટકો નથી. **કબીર** સાહેબે આ સંબંધમાં ઉત્તમ ખુલાસો કર્યો છે. તેઓશ્રી કહે છે કે, "સાકાર તે મા અને નિરાકાર તે પિતા, એ બેમાંથી કોની નિંદા કરું?" એમ કહેવાય છે કે સગુણ બ્રહ્મના આદર્શ ઉપાસક **નરસિંહ** મહેતાને એક વખત **શ્રીકૃષ્ણે** કહ્યું કે, " તેં મારો સાક્ષાત્કાર કર્યો, હું તારી સાથે પ્રત્યક્ષ છું, એ બધું ખરું; પરંતુ તત્ત્વજ્ઞાનની મઝા કંઈક ઓર છે; માટે **કબીર** પાસેથી બોધ લે." પછી ઈશ્વરી પ્રેરણાથી બન્ને મહાત્માઓ એક ઠેકાણે મળ્યા, એકની સગુણ બ્રહ્મના પદની ધૂન ચાલી અને બીજાની નિર્ગુણ બ્રહ્મની ચાલી. બન્નેના અપૂર્વ ચમત્કારથી બન્નેએ એકમેકને ઓળખી કાઢયા. પછી **કબીર** સાહેબના બોધથી **નરસિંહ** મહેતાને રોમે રોમે બ્રહ્માનંદ થયો ત્યારે પદ રચ્યું કે–" જ્યાં લગી આત્મા તત્ત્વ પ્રીછ્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી." મતલબ કે અધિકાર પરત્વે બધી યોજના છે. "સાજાને શ્રીખંડ ને માંદાને ખીચડી" એ પ્રમાણે વ્યવસ્થા છે; બન્ને સાચાં અને જરૂરના અધિકાર પરત્વે છે.

સગુણ બ્રહ્મ એટલે ઈશ્વર તત્ત્વમાં ઊતરીએ એટલે અવતારોનો પ્રશ્ન આપોઆપ તરત ખડો થાય છે. સગુણત્વ આપ્યું એટલે નિરાકારપણું રહે જ કેમ? હવે સાકાર ઉપર આવીએ તો આપણે મનુષ્ય જાત ઘણું તો સાકારની મનુષ્ય જેવી કલ્પના કરી શકીએ. તેથી આગળ શી રીતે જવાય? ચંદ્રમાં રહેનારા મનુષ્યની કલ્પના ચંદ્રની સૃષ્ટિમાં રહેનારો જ કરી શકે. આ ન્યાયથી તમામ સુધરેલી પ્રજાઓએ સગુણ ઈશ્વરની કલ્પના પોતાની ગતિ અને બુદ્ધિ પ્રમાણે કરેલી છે; અથાગ પરિશ્રમ લીધો છે, અને ઘણી બારીક શોધો કરી છે. આર્ય શાસ્ત્રોમાં ઈશ્વરની એટલે

કે **સદાશિવ, મહાવિષ્ણુ, આદ્યશક્તિ** એમ ગમે તે નામથી ત્રિગુણાતીત ઈશ્વર–બ્રહ્મની ત્રિગુણાત્મક માયાને **અનુસરીને** ત્રણ રૂપ કલ્પ્યાં છે તે બધાં જ બ્રહ્મરૂપે એક છે, **અને** તેટલા માટે ઈશ્વરને ગમે તે સ્વરૂપમાં ભજવામાં **આવે** તે સામે આર્યબંધુને વાંધો હોય નહિ, **सर्वदेवनमस्कारः केशवं प्रतिगच्छति ।**

ઉપરની ત્રિગુણાત્મક ત્રિપુટિમાંથી, **બ્રહ્મા** ગમે તે કારણને લઈને પણ વિશેષ પૂજાતા* નથી. એટલે હવે હરીફાઈ **વિષ્ણુ** **અને મહાદેવ** વચ્ચે રહી. વાસ્તવમાં ઉપર બતાવ્યા પ્રમાણે બન્નેનું એક જ સ્વરૂપ છે. ‘ શિખા ’ ગ્રંથમાં **શિવ**નું નામ **વિષ્ણુ** છે, એટલે કે સર્વવ્યાપી. વાયુપુરાણ તથા લિંગપુરાણમાં **શિવ**નાં આઠ નામમાં વિષ્ણુ પણ છે. એ જ **અભેદ!** બંને એકમેકના ઉપાસક જેવા છે. બંને તત્ત્વરૂપે છે. આકાર રહિત બંને ગોળાકાર–સાલિગ્રામ અને લિંગરૂપમાં પૂજાય છે. પ્રસંગોપાત ત્રિપુટિના ત્રણે દેવો સત્ત્વ, રજસ્ અને તમસ્‌ના ગુણોના અધિષ્ઠાતા હોવાથી ત્રણે ગુણો બતાવે છે. કામગીરી વહેંચી લીધી છે છતાં અરસ-પરસ સહાયક થાય છે. **વિષ્ણુ** અને **મહાદેવ** બન્નેએ **વૃત્રાસુર** વધ વખતે ઇન્દ્રને મદદ કરી હતી. વિષ્ણુએ ભોળા **શંકરને ભસ્માસુર**ની આફતમાંથી બચાવ્યા હતા. બન્ને તપ કરે છે. આનંદ કરે છે, માત્ર નામ જુદાં છે. **વિષ્ણુ બલિ**ની ચોકી કરે, અને **શંકર બાણાસુર**ની કરે! સમુદ્રમંથન વખતે **મહાદેવ** વિષ પી જાય, અને **ત્રિપુરવધ** વખતે વિષ્ણુ, **મહાદેવ**નાં બાણ ઉપર બિરાજી જાય! આવી રીતે અતર્ક્ય અપૂર્વ દૈવી વ્યવહાર ચાલે છે! **વ્યાસ** ભગવાને અઢારમાંથી આઠ (કોઈ દસ કહે છે) પુરાણ **શિવ**ને, ચાર **વિષ્ણુ**ને, ને બાકીનાં દેવી વગેરેને અર્પ્યાં છે; તેથી કરીને અંદરથી બધાં બ્રહ્મનાં એક રૂપ છે, તો પણ આ બન્નેનાં

*માત્ર પુષ્કરરાજ તથા ખેડબ્રહ્મામાં તેમની મૂર્તિ પૂજાય છે.

પ્રસંગોપાત્ બાહ્યસ્વરૂપ ભિન્ન છે. **શિવપુરાણ**માં **સદાશિવ** ગુણાતીત કહ્યા છે, અને **વૈષ્ણવી** પુરાણોમાં **મહાવિષ્ણુ**ને કહ્યા છે, તો પણ **શંકર** વર્ણનમાં ત્રિપુટિના **શંકર**ને, પ્રસંગે ભોળપણ અને શીઘ્ર પ્રસન્ન તેમ જ ક્રોધમય થવાને પાત્ર વર્ણવેલા છે. **બ્રહ્મા** તો ભોળપણનો દાખલો જ અપાય છે, અને **શંકર** બંભોળા એટલે ઘણા જ ભોળા કહેવાય છે. **શંકર**ની ઉપાસના ગમે તેવી વૃત્તિવાળો કરી શકે છે. દૈત્ય રાક્ષસો પણ ત્રિગુણાત્મકમાંના **શંકર** પાસેથી વરદાન પ્રાપ્ત કરતા. નિવૃત્તિવાળા નિરપેક્ષ ઉપાસકો ઉપરાંત, હરેક પ્રકારની વૃત્તિવાળાનો પણ **શંકર** ઉપાસ્ય દેવ થવાથી, તેમના ઉપર તમોગુણવાળાની પણ ભક્તિ થવાથી, તમોગુણનાં કેટલાંક સ્વરૂપ તેમનાં કલ્પાઈ તમોગુણનો આરોપ થઇ ગયો, અને તેથી કરીને સાધારણ રીતે **શંકર**ના ઉપાસકોમાંથી ઘણેભાગે પૂર્વના સંસ્કારવાળા, જન્મથી વિરક્ત સ્વભાવના, સંસારને સ્મશાનસમ ગણનારા, મસ્તવૃત્તિવાળા, સંસારમાં લહાવો લઇને તૃપ્ત થયેલા અગર કંઇક અંશે તૃપ્ત થયેલા અથવા સંસારથી કંટાળેલા વગેરે પ્રકારના હોવા સાથે કામ્ય કર્મોવાળા રાક્ષસી વૃત્તિના ઉપાસકો પણ હોવાથી, તેવાઓ માટે **શંકરનું** અમુક સ્વરૂપ તથા સંજોગો ઇષ્ટ થાય એ સ્વાભાવિક છે. **યથા દેહે તથા દેવે** એ ન્યાય સર્વત્ર લાગુ પડે છે. સ્મશાન અને ભસ્મના નિંદકને ખબર તો હશે જ કે સૌનું અંતિમ સ્થાન એ છે; એ વિના છુટકો નથી; વળી ખૂબી એ છે કે, આ ત્રિપુટિના ત્રણે દેવો શાપને પણ પાત્ર થાય છે. **શંકરને** શાપના કારણથી અમુક સ્વરૂપ પ્રસંગે મળેલું છે. બાકી તેમનું ખરું સ્વરૂપ તો **વિષ્ણુ**ની માફક આગળ કહ્યા મુજબ કેવળ સત્ત્વમય છે. માત્ર તે સ્વરૂપ જોનારનો અધિકાર જોઇએ. **તુલસીદાસ** આદિ મહાત્માઓને બન્ને સમાન છે. ત્રિપુટિના **શંકર**નાં બાહ્યસ્વરૂપ સ્વીકારવા સંબંધમાં **પાર્વતી**ના લગ્ન પ્રસંગે ખુદ **શંકરે** જ સમર્પક ખુલાસો

કરેલો છે. વિષ્ણુના ઉપાસકોમાં તમોગુણી દૈત્ય રાક્ષસો દેખાતાં વિષ્ણુ કદી ઠગાયા નથી. શંકર વિષ્ણુ બન્ને ગમે તેવું વરદાન આપી શકે છે, અને ગમે તેવી શિક્ષા પણ કરી શકે છે. વાસ્તવમાં શંકરનાં અમુક સ્વરૂપ—વિરક્ત યોગીની દશાનું તે યોગી, પરમહંસ, સંન્યાસી, વિરક્ત, એકાન્તવાસી, જંગલમાં મંગળ કરનાર, જળ અને વગડાઉ આકડા ધંતુરાનાં ફૂલોથી પણ આનંદ લેનાર વગેરે વૃત્તિઓનું રૂપક છે; અને વિષ્ણુ, વિરક્ત ગૃહસ્થનું રૂપક છે. શંકરનું સ્વરૂપ તેમના ભોગ વિલાસ, ભકત-વત્સલપણું, ટૂંકામાં તેમનું જીવનચરિત્ર કંઇક અંશે સમજતાં ગમે તેવા અધિકારીને ઉપાસ્ય છે એ ખરું, પણ એ તત્ત્વ જરા ગૂઢ હોવાથી સર્વને રુચિકર હોઈ શકે નહિ. બ્રાહ્મણ ક્ષત્રિય પણ અનધિકારી થવા માંડયા ત્યાં શો ઈલાજ? વિષ્ણુના પ્રસંગો-પાત્ ભયંકર અવતારો થયા છે, તેવા શંકરના પણ થયેલા છે. બંનેની અજબ અતકર્ય લીલા છે. શંકરના કંઠમાં સર્પ ને વિષ્ણુના આસનમાં સર્પ. શંકર પોતે રાખ ચોળે છે પરંતુ ભકતોને કુબેરનો ભંડાર આપી શકે છે. પોતે સ્મશાનમાં રહેવા છતાં ભકતોને સામ્રાજ્ય આપી શકે છે; અને વિષ્ણુ સંસારના તમામ વૈભવ ભોગવતા છતાં ભકતોને લક્ષ્મી રહિત કરી શકે છે. મતલબ કે જ્ઞાનયુક્ત બ્રાહ્મણ ક્ષત્રિય જેવા અમુક સ્થિતિ, સ્વભાવ તથા અધિકારવાળા ભકતોને શંકરનું અમુક સ્વરૂપ જ ઇષ્ટ હોઈ શકે, બાકી સાધારણ વ્યવહારકુશળ વૈશ્ય શૂદ્ર વર્ગને વિષ્ણુ વધારે અનુકૂળ થઇ શકે. તેથી હવે પ્રશ્ન વિષ્ણુ માટે રહ્યો. કેમકે જમાનો વૈશ્ય અને શૂદ્ર વૃત્તિનો છે. બ્રાહ્મણ ક્ષત્રિય પણ એ વૈશ્ય શૂદ્ર વૃત્તિ વધારે બતાવે છે. હવે વિષ્ણુના સંબંધમાં પણ પોતાના સ્વરૂપ કરતાં અવતારોના સ્વરૂપમાં એ વિશેષ પૂજાય છે. વિષ્ણુના સ્વરૂપમાં પણ પોતે શંકરના જેવું ભોળપણ બતાવ્યું નથી. બ્રહ્મા અને શંકરના બગડેલા કેસો

વિષ્ણુએ સુધાર્યાં છે. પેલા બન્ને ગમે તેવા પાત્ર અપાત્રને પણ કર્મના નિયમ પરત્વે વરદાન આપે, અને પછી બધા દેવો તથા પૃથ્વી મુંઝાય ત્યારે વિષ્ણુ રસ્તો કાઢે અને રક્ષણ કરે. આ પ્રમાણે એક વ્યવહાર જેવું થઇ પડયું હતું. વળી એમ પણ જોવામાં આવે છે કે, કૃષ્ણ જેવાં અટકચાળાં કરવામાં મૂળ સ્વરૂપે વિષ્ણુ પણ કુશળ હતા. તેમની કાર્યદક્ષતા અપૂર્વ છે. નીતિ, મર્યાદા, નિયમ, શાસ્ત્ર વગેરેનું ધર્મથી બરાબર પરિપાલન હંમેશ કર્યું છે. ધર્મમાં બહુચુસ્તતા, તે સાથે આનંદી હતા, અને રમુજો પણ કરતા. પાર્વતીને પરણવા શંકર ગયા તે વરઘોડામાં શંકરના શણગાર અને સાજનને જૂદા પાડી કેવી મજા ઉડાવી હતી? નારદને વાંદરાનું મોં આપીને કેવા બનાવ્યા હતા? આવે પ્રસંગે રમુજ સાથે જ્ઞાન પણ કેટલું બતાવ્યું છે! બલિને ઠગવામાં વામનરૂપે વિષ્ણુની નિંદા કેવી ખુબીભરી કરી છે? હિરણ્યાક્ષને વિષ્ણુએ જીત્યા નહિ પણ "જીત્યા જેવું" કહ્યું, અને હિરણ્યકશિપુથી વિષ્ણુ ડરીને નાઠા, પણ સંતાવાને જગ્યા ન મળી તેથી હિરણ્યકશિપુના હૃદયમાં સૂક્ષ્મરૂપ લઇને પેસીને છાનામાના બેસી રહ્યા હતા. (મતલબ કે સંતાઈ પેઠા) એમ વિષ્ણુની ખુબીદાર નિંદા અને બલિના પૂર્વજોનાં પરાક્રમ કેવી ખુબીથી કહીને તેને કેવો ચડાવ્યો છે? સમુદ્રમંથન વખતે અનેક રંગ કરી બતાવ્યા છે. ડગલે ને પગલે યુકિત અને ચાલાકી બતાવી છે, તે બારીકીથી જોવા જેવાં છે. આ પ્રમાણે ખુદ વિષ્ણુ સ્વરૂપમાં અગર અવતાર સ્વરૂપમાં ચાલાકી, રાજ્ય નીતિ અને આનંદના આદર્શો આપી, દુનિયાનું કલ્યાણ કરીને અપૂર્વ બોધ આપેલો છે. નારદે જ્યારે વિષ્ણુને શાપ આપ્યો અને પછી સંતાપ કરવા માંડયા ત્યારે નિવારણ અર્થે શિવ નામનો જપ કરવા આજ્ઞા કરી! રમુજ કરવામાં પણ સાથે અભેદ બોધ ચૂકતા નથી.!

* **વિષ્ણુના** અવતારોમાં **વિષ્ણુ** ભગવાન **રામ અને કૃષ્ણ** રૂપે વધારે પૂજાય છે. ભગવાન **શ્રીરામચંદ્રજી**નું ચરિત્ર જૂના ત્રેતાયુગને માટે છેઃ હાલના જમાનાને લઇને વ્યવહારોપયોગી-પણામાં કંઈક ખામી રહે છે, કેમકે તેવા નમુના હાલના સમયમાં ઉપલબ્ધ નથી. માત્ર આદર્શ (models) તરીકે ઉત્તમ છે. તેમના ચરિત્રમાં લાંબી ભાંજગડ નથી. મા, બાપ, ભાઇ–ભાંડુ, પતિ–પત્ની પ્રજા એ બધાનાં કર્તવ્યોના આદર્શોથી **રામચંદ્રજી** પૂર્ણ છે. **વેદ** અને શાસ્ત્રોએ બાંધેલી મર્યાદાને અનુસરીને **રામ** વર્ત્યા હતા, અને તેથી તેઓશ્રી મર્યાદાપુરુષોત્તમ કહેવાય અને **શ્રીકૃષ્ણ** પરમાત્માએ તો મર્યાદાને લૌકિક વ્યવહાર માટે ઠરાવી અને તેથી આગળ વધીને ઐશ્વર્યની પૂર્ણ સત્તા બતાવી હતી. કૃપા અને કટાક્ષ સંપૂર્ણપણે તત્કાળ બતાવ્યાં હતાં. જન્મ સાથે તો શું પણ તેની પણ પહેલાં ડંકો વગાડીને પોતાનું ઐશ્વર્ય પ્રસિદ્ધ કર્યું હતું. **કંસ**ને આગળથી ખબર આપીને પ્રકટ થયા હતા. **રામચંદ્રજીએ સીતાજી**ના વિયોગમાં અશ્રુપાત તથા કલ્પાંત કર્યા હતાં. પિતાના મરણ માટે તથા **લક્ષ્મણ**ની મૂર્છા માટે પણ બહુ કલ્પાંત કર્યું હતું; પરંતુ **શ્રીકૃષ્ણે** તો આખી જિંદગીમાં આનંદ, આનંદ અને આનંદ જ બતાવ્યો છે. **રામચંદ્રજી** અને **કૃષ્ણ** સમયનો મુદ્દો ઘણો મહત્ત્વનો છે. રામરાજ્યમાં બાપ પહેલાં દિકરો મૂઓ તેમાં રાજાનો જ ગુનો ગણાયો હતો, અને **કૃષ્ણ**ના સમયમાં વૃદ્ધ માતપિતા તથા દાદાને મૂકીને પોતે પ્રથમ

---

* વિષ્ણુ એ ત્રિપુટિમાંના દેવ છતાં પૂર્ણ સમજ વિનાના આગ્રહી કેટલાક વૈષ્ણવો ત્રિપુટિના, વિષ્ણુને સ્વયંભગવાન કહે છે; પરંતુ ત્રિપુટિના શંકર અને વિષ્ણુ ઉપરાંત મૂળ ત્રિગુણથી પર, સદાશિવ અથવા મહાવિષ્ણુ બ્રહ્મ સ્વરૂપે ગમે તે નામ ધારી સ્વયંભગવાન જુદા છે, એ પ્રમાણે કંઈક શાસ્ત્રો અને સાક્ષાત્કાર કરેલા પંડિત સંતોનો મત છે. આ સંબંધનો ખુલાસો શ્રી જીવગોસ્વામીકૃત ષટ્સંદર્ભમાં છે.

સ્વધામ ગયા એટલું જ નહિ, પરંતુ પુત્રો, પ્રપુત્રો બધાને પોતાના છતાં જ વિદાય કરાવ્યા હતા. એટલે શ્રીકૃષ્ણનો સમય હાલના યુગને સર્વથા વ્યવહાર પક્ષથી લાગુ પાડી શકાય છે, અને તેથી ખાસ ઉપયોગી છે. રામચરિત્રમાં એકપત્નીવ્રત, એકબાણ, એક વચન, એક ટેક, બસ બધું એક જ એક દેખાય છે; પરંતુ હિંદુ, મુસલમાન, ખ્રિસ્તિ, બૌદ્ધ, સમાજી, સુધારક અને જડવાદી એ એ બધા પ્રકારના મનુષ્યને તેવું રહસ્યયુક્ત વ્યવહારુ ચરિત્ર તો માત્ર શ્રીકૃષ્ણનું જ છે. આગળના બધા અવતારોમાં જે કંઈ કમીપણું હતું તે જાણે કે, ચૌદ વિદ્યા અને ચોસઠ કળામાં નિપુણતા દર્શાવનાર તથા તમામ પ્રકારની શારીરિક, માનસિક, નૈતિક, રાષ્ટ્રીય ઇત્યાદિ પ્રગતિઓ બતાવનાર, સર્વદેશી બોધ આપનાર, વ્યવહારોપયોગી આદર્શરૂપે ચરિત્ર તો પ્રેમમૂર્તિ શ્રીકૃષ્ણ જ છે. અલ્પબુદ્ધિવાળા આર્યો અથવા દ્વેષીલા પરધર્મીઓ શ્રીકૃષ્ણ ઉપર ગમે તેવા આક્ષેપ મૂકે તેનો તો ઇલાજ જ નથી. પરંતુ દિલગીરી એટલી જ છે કે, કૃષ્ણના ભક્ત આર્યબંધુ સમક્ષ કોઈ અજ્ઞાની ગમે તેવું બોલે, ત્યારે પેલો કૃષ્ણભક્ત, રહસ્ય ન જાણતો હોવાથી કાં તો તેની સામે ન ટકી શકે તેવી દલીલ કરીને ઊલટો મૂર્ખ બનશે; અગર શંકાશીલ કિંવા નબળો હશે તો પરાજય કબૂલ કરી વિરોધીઓમાં દાખલ થઈ તેની સંખ્યામાં વધારો કરશે.

પાશ્ચાત્ય વિદ્વાનોમાંથી કેટલાક અસંસ્કારી વિદ્વાનોએ સંસ્કૃત ભાષાના અધુરા જ્ઞાનથી અગર દ્વેષથી આર્યોને બહુ નુકશાન કર્યું છે, એ સંબંધમાં આગળ કંઇક ઇશારો કરવામાં આવ્યો છે, પણ ઇશ્વરકૃપાથી કૃષ્ણ પરમાત્માની માયાએ પાછાં આર્ય-બંધુઓનાં નેત્રો ઉઘાડયાં છે, અને તેથી તેઓએ શ્રીકૃષ્ણનું સર્વદેશી દૃષ્ટિથી નિરીક્ષણ કરવા માંડયું છે. એક ગૃહસ્થ તેના

મિત્રની બરદાસથી બહુ જ ખુશી થયો, ખાન-પાન આદિ સામગ્રીથી આનંદ સાગરમાં લહેરો લેતો હતો, તેવામાં પેલા મિત્રે ધીમે રહીને કહ્યું કે,–"આપના ગજવામાં પેલા પચીસ રૂપિયા હતા તેનો આ બધો પ્રતાપ છે." આ સાંભળવા સાથે જ 'આહા' શબ્દને ઠેકાણે 'હાય હાય' શબ્દ નીકળ્યો! પારકું જાણીને બે ગ્રાસ વધારે લીધા હતા એ બધું 'હાય'માં તણાઈ ગયું. સત્ય વાત જાણવાથી આ પ્રમાણે આંખ ઉઘડે છે. તેથી હવે પુરાણ ઇત્યાદિમાંથી સાર તથા સંભવનીય બનાવો ઉપરથી શિક્ષણ લેવાની શરૂઆત થઈ છે અને હાલના જમાનાની ઉછરતી પ્રજાના વર્તનની અથવા તો પ્રજાકીય તત્ત્વની સાંકળના અંકોડા બંધાવા માંડયા છે. આવા શાન્તિના સમયમાં સંસ્કારી જીવો કંઈક ચેત્યા છે. તેઓ જોવા માંડયા છે કે, દુનિયાના બધા દેવો, ઇશ્વરો તથા પયગંબરો, તેમ જ વેદની ત્રિપુટીના દેવો અગર તેમના અવતારોએ પૃથક્ પૃથક્ બોધ આપેલો છે તથા જે પ્રત્યક્ષ કરી બતાવ્યું છે, એ બધું એક જ **શ્રીકૃષ્ણ**માં પૂર્ણ છે.

ઉપર કહ્યા મુજબ પ્રાચીન ધર્મ તથા મતવાળા, તેમ જ આધુનિક વિદ્વાનોએ **શ્રીકૃષ્ણ**ને ઇન્સાફ આપવા માંડયો છે, તે જોઇને આનંદ થાય છે. ત્રિગુણાત્મક માયાવી સૃષ્ટિમાં, **વિષ્ણુ** સત્ત્વગુણના અધિષ્ઠાતા છે, **વિષ્ણુ**ના અવતારો બધા અંશાવતારો છે, તે બધા અંશોને પૂર્ણ કરી ખામી હતી .તે પૂરી કરી, પૂર્ણકળાનો અવતાર **શ્રીકૃષ્ણે** લીધેલો છે. વળી અવતારોનાં ચિત્રોમાં વિચિત્ર, ભયાનક, સૌમ્ય એમ અનેક રંગ દેખાય છે; પરંતુ સાધારણ, પામર અને તેમાં પણ બાળ તથા સ્ત્રી વર્ગ પણ પ્રેમથી ભેટીને પ્રભુપદ પામી શકે એવી યોજના ફક્ત કૃષ્ણાવતારમાં જ છે, કે જેમાં ભક્તિથી મોક્ષ ગમે તેવાને પ્રાપ્ય કહેલો છે; માટે જ તે પૂર્ણકલા અવતાર. કૃષ્ણ સ્વરૂપને કર્મકાંડીઓ

ઈન્દ્રાદિકરૂપ દેવ કહે છે, ઉપનિષદો બ્રહ્મ કહે છે, સાંખ્યપુરુષ કહે છે, યોગ પરમાત્મા કહે છે, અને ભક્તો ભગવાન કહે છે. (જૂઓ ભાગવત સ્કંધ ૧૦ અધ્યાય ૯, શ્લોક ૪૫). બંગાળામાં લગભગ ઘેર ઘેર કૃષ્ણનામનું સંકીર્તન થાય છે. ચોતરફ આર્યાવર્તમાં તેમનું નામ લેવાય છે; દરેક ભૌતિક તથા બીજાં શાસ્ત્રની બાબતમાં **શ્રીકૃષ્ણ** શ્રેષ્ઠ છે અને તેથી પ્રત્યેક શાસ્ત્રવાળાને તે આદર્શરૂપે માન્ય છે, છતાં પણ વસ્તુના અજ્ઞાનથી અથવા પાશ્ચાત્ય કુસંગથી આર્યબાળકોને ભ્રમ થાય એ ખેદની વાત છે, એ ખરું; પરંતુ તે પણ કૃષ્ણની માયાને લઇને છે. પાશ્ચાત્યોના **નેપોલિયન** જેવા આદર્શોને અમાનુષી કહીને ભલે મોજ માણે, પરંતુ પોતાના મૃત્યુનો ઉપાય બતાવનાર ભીષ્મપ્રતિજ્ઞાવાળો બાળબ્રહ્મચારી **ભીષ્મ** તથા ધર્માત્મા **યુધિષ્ઠિર** તો આર્યાવર્તમાં જ પાકે! **રાવણ** ઘાયલ થયો હતો અને મૃતઃપ્રાયની સ્થિતિમાં હતો, તે અરસામાં **લક્ષ્મણજીએ રામચંદ્રને** કાંઇક બોધ કરવા વિનંતિ કરી ત્યારે કહ્યું કે–" **રાવણ** પાસે જઇને બોધ લઈ આવો." વડીલ બંધુની આજ્ઞામાં શ્રદ્ધા રાખીને આવા કટ્ટા દુશ્મન પાસે **લક્ષ્મણજી** ગયા, ત્યારે **રાવણે** શાન્તિથી બોધ આપ્યો કે, " આત્મજ્ઞાનના કામમાં આળસ કરવું નહિ." અને દષ્ટાંતમાં પોતાના આળસનાં પરિણામ કહી બતાવ્યાં કે, "સત્તા છતાં પણ આળસમાં ત્રણ વસ્તુઓ કરવાનું મારે બાકી રહી ગયું (૧) સ્વર્ગની નિસરણી કરવાનું, (૨) અગ્નિને ધૂમાડા વગરનો કરવાનું, અને (૩) સમુદ્રનું જળ મીઠું કરવાનું." આવા પ્રસંગો આર્યાવર્ત્તમાં જ હોય! પાશ્ચાત્યોને કલ્પના પણ ન આવે. વળી **રામચંદ્રે રાવણને** રોળ્યો અને પાસે ગયા, ત્યારે **રાવણ** કહે કે,–"ખબરદાર! હજી હું જીવું છું, માટે દૂર રહેજો. તમે જાણો કે તમે જીત્યા છો પણ એ ભૂલ છે. મારા જીવતાં તમે મારી લંકામાં પ્રવેશ કરી શકતા નથી, પણ હું તો તમારી હયાતીમાં અને તમારા દેખતાં

તમારા વૈકુંઠમાં જાઉં છું." શું તત્ત્વજ્ઞાન અને શું વાક્ચાતુર્ય! માત્ર બધામાં **રાવણ** જેટલી અક્કલ હોતી નથી એટલી જ ખામી; બાકી દુષ્ટતા તો **રાવણ**ના જેવી જેટલી જોઇએ તેટલી!

શાસ્ત્રની પ્રત્યેક વાત કોઈ પ્રત્યક્ષ સાબીત કરી શકે તેમ નથી. બ્રહ્માંડની રચના માટે સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્રો વગેરે સંબંધમાં શાસ્ત્રવિશારદો ગમે તે કહે અને તર્કો કરે; પરંતુ કોઈ પ્રત્યક્ષ જોઇ અથવા બતાવી શકે તેમ છે? રાત દિવસ જોઇએ છીએ છતાં કાંઈ ગમ પડે છે? બીજા ગ્રહો સાથે વાતો કરવા માટે લાખોનાં ઇનામો નીકળે છે. શું સાહસ ઉઠાવવામાં આવે છે! પણ કંઇ અર્થ છે? ઇશ્વરની કૃતિ માટે પણ રોજને રોજ જોતાં છતાં મુંઝાઇએ છીએ અને પાછું બધું સાચું માનીએ છીએ, તો પછી **શ્રીકૃષ્ણ** ભગવાનની ખુદની માયા માટે કહેવાનું જ શું? **નેપોલિયન બોનાપાર્ટ** માટે લૉર્ડ **રોઝબરી** જેવો અંગ્રેજ અધિકારી કહે છે કે, તે મનુષ્યકોટિ કરતાં વિશેષ હતો. **નેપોલિયને** બાર વર્ષ પરાક્રમ કર્યાં, તેના કરતાં અનેકગણાં પરાક્રમો અનેક બાબતોમાં સવાસો વર્ષ સુધી **શ્રીકૃષ્ણે** કર્યાં, છતાં આખી જિંદગીમાં એક પણ શબ્દ કંટાળાનો અથવા અયોગ્ય બોલ્યા નથી; તેવા **શ્રીકૃષ્ણ** માટે ભાષા જ કયાંથી લાવીશું? ઉદાર ભાવનાઓની તથા સમજની ખામીને લઇને કેટલાક કહેવાતા વિદ્વાનો તથા ઉછરતા યુવકોને **શ્રીકૃષ્ણ** તરફ ઉદાસીનતા, અપ્રીતિ અગર દ્વેષ થાય એ સમજી શકાય તેમ છે. આવા સંયોગોમાં અને હાલની દેખાતી ધર્મની ગ્લાનિના સમયમાં **શ્રીકૃષ્ણ**ને પસંદ કરવા, તેમનું ચરિત્ર જોવું, અને તે પણ સાથે સાથે નવા સુધારાની દૃષ્ટિથી જોવું, એમ ઠીક લાગવાથી **શ્રીકૃષ્ણ**ને જ પસંદ કર્યાં છે.

પ્રકરણ ૨ જું

અવતારરહસ્ય

આર્યધર્મ સિવાય બીજા કોઈ પણ ધર્મમાં અવતારની હકીકત તો શું પણ કલ્પના સુદ્ધાંત નથી. જ્યાં પુનર્જન્મની જ માન્યતા નથી, ત્યાં અવતારની તો વાત જ કેવી? આ ઈતર પ્રજાઓને પણ ઈશ્વરના સમાગમની જરૂર તો પડી છે, પરંતુ પોતાનો અધિકાર ઓછો ગણવાથી ઇશ્વર અને મનુષ્ય વચ્ચે ફિરસ્તા માર્ફત પયગંબરોને ફરમાન થયાં છે એમ માનેલું છે, પણ આર્યોએ તો, ઈશ્વર સાથે પ્રત્યક્ષ સમાગમમાં આવવાની યોગ્યતાવાળા હોવાથી, ઇશ્વરને પૃથ્વી ઉપર અવતારના રૂપમાં આણ્યા છે. પ્રાણી માત્રના અવતાર આર્યને પ્રત્યક્ષ છે, ત્યાં પછી ઈશ્વરના અવતાર માટે શી બાબત વાંધો હોય? પુનર્જન્મ નહિ માનનાર ગમે તેટલી બુદ્ધિ વાપરે અથવા તર્ક કરે પરંતુ જન્મ સાથે બાળક સ્તનપાન કરે છે, તે કયાં શીખ્યું હશે, તેનો ખુલાસો કોઈ કરી શકશે? મોટી ઉમ્મરનાં મનુષ્યને પણ સ્તન-પાનની ક્રિયામાં શું કરામત છે, તે સમજવું મુશ્કેલ છે તો પછી જન્મેલું બાળક કયાંથી શીખ્યું? પૂર્વજન્મનો અનુભવ એ જ એકમાત્ર ખુલાસો છે. ખેર; આપણે બીજાની શી પંચાત? આપણે આપણું તપાસીએ. બ્રહ્મના ગુણાવતાર વિષ્ણુ, અને તેમના લીલા અવતારો પૈકીના અવતાર શ્રીકૃષ્ણ પરમાત્મા તે વિષ્ણુનો પૂર્ણ કળા અવતાર છે; તેમને કળિયુગની શરૂઆતમાં મૂકીને શાસ્ત્રે જડવાદીના હિત ખાતર કોઇ અપૂર્વ અલૌકિક

અને અગમ્ય બુદ્ધિ વાપરી છે. અને પરિણામે સર્વ કોઇને અનુ-ગ્રહ કરીને આર્ય બંધુઓને અલભ્ય લાભ આપ્યો છે એમ જણાઇ આવે છે. શ્રદ્ધાળુ આર્યબંધુ માટે કૃષ્ણજન્મની કલ્પના અથવા તર્કની જરૂર જ નથી. આર્ય સિવાયની બીજી પ્રજાઓના મગજમાં અવતારના રહસ્યની વાત પ્રવેશ કરી શકે તેમ નથી. અધિકાર વગર કેમ બને ? તે પ્રજાઓને પ્રભુએ ધર્મની ગ્લાનિ વખતે ફિરસ્તા મારફત પયગંબરોને ફરમાન કહાવ્યાં છે; અને અધિકારી આર્યો માટે પ્રભુ જાતે જ પ્રકટ થયા છે; હિંસાથી દૂર હિંદુ જેવી પ્રજા પૃથ્વીમાં દેખાશે નહિ. આવી દયાશીલ શાન્ત પ્રજા માટે પ્રભુ જાતે પ્રકટ થાય તો તેમાં શું અસંભવિત છે ? ભારતભૂમિનું માહાત્મ્ય જુઓ કે સ્વર્ગનું ઐશ્વર્ય ભોગવતા દેવો, ગર્ભવાસનું દુઃખ વેઠીને પણ ભરતખંડમાં જન્મ માગે. આ આ પ્રમાણે અવતારની વાત દીવા જેવી સ્પષ્ટ છે; વળી પાશ્ચાત્ય થિયોસોફીસ્ટો તથા બીજા પંડિત મહાત્માઓ પણ ભરતખંડમાં જન્મ માગે છે, પરંતુ જડવાદી માટે ચાલો જરા તર્ક કરીએ.

કેવળ અસામાન્ય પરાક્રમથી દેવત્વ અગર ઐશ્વર્ય મનાતું હોત તો **સીઝર, સીકંદર, અકબર, નેપોલિયન, ચંદ્રગુપ્ત, અશોક, વિક્રમ, પ્રતાપરાણા, વનરાજ, શિવાજી, બાજીરાવ** વગેરે અનેક થઇ ગયા; **અર્જુન, કર્ણ, ભીમ, ભીષ્મ** જેવા પણ થઇ ગયા; પરંતુ કોઇનાં મંદિર બન્યાં નથી, કારણ કે મંદિર તો ભગવદ્દંશીય દેવ-દેવતાઓને જ મળે છે. પશુ પક્ષીની કોટિના **હનુમાન** અને **ગરૂડ** પૂજાય ! પોઠીઓ પૂજાય ! સ્થાવર પીપળો, તુલસી પૂજાય ! પણ **યુધિષ્ઠિર, વિક્રમ** આદિ નહિ !!

પાશ્ચાત્ય + શારીરિક (physical) તથા માનસિક અથવા નૈતિક (mental or moral) ઉત્ક્રાન્તિ (evolution)ની

+ જો કે આ સિદ્ધાંત પણ અપૂર્ણ દેખાય છે. પ્રાણીમાત્રની સતત ઉત્ક્રાંતિ અથવા વિકાસ જ થતો હોય તો પ્રાચીન પ્રજાઓ કેમ નષ્ટ થઈ ગઈ? પ્રકારાન્તરે ઉત્ક્રાંતિ કહેવામાં આવે તેનો કાંઈ અર્થ નથી.

યોજનાના ધોરણ ઉપર લેતાં પણ **શ્રીકૃષ્ણનો** જીવાત્મા પૂર્ણ ઉત્ક્રાંતિ પામેલો છે, એમ સહજ દેખાશે. 'અવતાર' શબ્દની વ્યુત્પત્તિ કરતાં 'નીચે ઉતરવું' એમ અર્થ થાય છે. એટલે હરકોઈ કારણસર પૃથ્વીપર આવીને અમુક ભાગ ભજવી બતાવવો એમ થાય છે; અને તે, ધર્મની સંસ્થાપના માટે થયેલું છે અને થશે. પોતાની ઈચ્છા પ્રમાણે પ્રભુ ગમે તેમ કરવા સમર્થ છે; પરંતુ જાતે સ્થૂલરૂપ લઈને આચરણ કરી બતાવવાથી લોકોને ઘણો જ લાભ થાય, એ હેતુ અવતારમાં છે. માયાના મોહમાં ફસાઈને વિખુટા પડેલા જીવને પાછો પોતાનો કરવા અવતાર લઈને પરમાત્મા પ્રત્યક્ષ સંબંધ કરી અનુગ્રહ કરે છે. આ પ્રભુની માયા–લીલા–જે કહો તે. જે શક્તિ હજારો લાખો બ્રહ્માંડો બનાવે અને નાશ કરે, તેને **રાવણ કંસ** જેવાનો નાશ કરવાનો આટલો બધો પરિશ્રમ હોય? સૃષ્ટિમાં હમેશના પ્રભુના ચમત્કાર કેટલા બધા છે? પરંતુ માણસ જાતના કલ્યાણ માટે તેમના જેવા થઈ ભેગા રહીને પ્રત્યક્ષ શિખવાડયું છે એ જ તેમની કૃપા! સરળ અને સહજ વાત છે કે **समानशीलव्यसने मैत्री** એ ન્યાયથી ઈશ્વર પોતાનું ઈશ્વરપણું મૂકીને પૃથ્વીપર આવીને પ્રાણીઓમાં ભળવા માટે કોઈ પણ રૂપ ધારણ કરે છે. સમાન ભૂમિકા (plane) ઉપર આવ્યા સિવાય મૈત્રી કેવી રીતે થઈ શકે? આ કાર્ય માટે બે માર્ગ છે. એક તો માણસો ઈશ્વરની ભૂમિમાં જાય. પ્રથમનો માર્ગ કલ્પનાની બહાર જાય છે અને તેથી બીજો માર્ગ સંભવનીય છે.: આ માર્ગ પ્રભુ પ્રેમની ખાતર લે છે. જ્યારે દીવાન પણ અમુક કામ ન કરી શકે ત્યારે રાજાને ખુદને કરવું પડે છે. જેમ મોટા બાદશાહ હોય પણ પોતાના કુંવરના રક્ષણ માટે કામ કરે છે, તેવી રીતે દિકરા કરતાં વધારે પ્રિય ભક્તો માટે પ્રભુ જાતે કરે છે; વળી જ્યારે પ્રભુ આટલાં બધાં બ્રહ્માંડો ચલાવવા શક્તિમાન છે, તો એક અવતાર લઈ કોઈ પણ રૂપ

લેવા શક્તિમાન્ કેમ હોઇ ન શકે ? પ્રભુ મોટો છે પણ ભક્તને માબાપ સમાન છે.

અવતારની સંકલના જોવામાં આપણા શાસ્ત્રની રચના સાથે હાલના વિજ્ઞાનશાસ્ત્રોનો કંઇક મુકાબલો કરીએ તો તેમનો પ્રવેશમાત્ર 'ઇથિર' સુધી દેખાય છે. હાલના વિજ્ઞાનશાસ્ત્રમાં ઘન (solid) પ્રવાહી (liquid) વાયુમય (gaseous) ઉપરાંત થોડા વખતથી 'ઇથિર' (ether)ની શોધ થઇ છે. 'ઇથર'ને મૂળતત્ત્વ તરીકે ગણવામાં આ સ્થૂળશાસ્ત્રીઓએ લગભગ સૂક્ષ્મતત્ત્વમાં પ્રવેશ કર્યો લાગે છે; પરંતુ આર્યશાસ્ત્રમાં 'ઇથર' નો કયાં હિસાબ? સ્થૂળ પંચમહાભૂતમાં જઈ તેથી આગળ બીજાં બે ઇન્દ્રિયને અગમ્ય તત્ત્વો ઉમેરીને પછી સૂક્ષ્મતત્ત્વના પ્રદેશમાં વધતાં વધતાં, સપ્તભૂમિકાઓ સુધી જઈ, ત્યાંથી મહત્તત્ત્વ અને ત્યાંથી પ્રકૃતિ સુધી પહોંચીને, આખર ઠેઠ પરમપુરુષનાં દર્શન આર્ય શાસ્ત્રોમાં થઇ શકે છે. આ 'પુરુષ' તે સ્થૂળ ભાષામાં બોલવા યોગ્ય નથી; તો પણ વાણી સિવાય બીજો માર્ગ નહિ હોવાથી ભાષામાં બોલીએ તો બ્રહ્માનો પ્રથમ અવતાર ગણાયો છે. આ પુરુષ તે સૂક્ષ્મતમ મહત્તત્ત્વ સમજવાનું છે; કેમકે 'હિરણ્યગર્ભ' તથા જીવાત્મા, અને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ સર્વે પેલા આદિ પુરુષનાં વિકૃતરૂપ અગર અંશરૂપ—જે કહેવું હોય તે કહી શકાય તેમ છે. અદ્વૈતતત્ત્વને બિલકુલ બાધ આવતો નથી. સર્વ જડ અરે ચેતન બ્રહ્મનાં નામ રૂપ છે. નામ રૂપ રૂપી માયાની ઉપાધિથી અનેક રૂપ દેખાય છે, છતાં મૂળ એક છે. જડ—ચેતનનો વિભાગ પણ વાસ્તવમાં બરાબર નથી. બધું બ્રહ્મમય ચેતન જ છે. માનસિક સૃષ્ટિ હતી તે વખતને માટે કંઇ કહેવા જેવું નથી; પરંતુ હાલ સૃષ્ટિનો ક્રમ જોઇએ છીએ તે પ્રમાણે પુરુષ પોતે સૂક્ષ્મરૂપ લઇને, સ્ત્રીના ઉદરમાં પ્રવેશ કરીને, પુત્રરૂપે પાછો સ્થૂળમાં પ્રકટ થાય છે; વિજળીના કારખાનામાંથી

નીકળતા વિદ્યુત્-પ્રવાહની માફક સ્થૂળરૂપ ધારણ કરે છે; એટલે કે અનાદિકાળનો 'આદિ પુરુષ' તે જ એક રીતે ચાલ્યો આવે છે. નવો જન્મ અગર મરણ છે જ નહિ. જન્મ મરણ માત્ર દેખાવનાં છે. ચક્રાકારમાં આવજા કરે છે. ખનિજમાંથી પાષાણ, તેમાંથી મૃત્તિકા, તેમાંથી વનસ્પતિ, અન્ન વગેરે, તેમાંથી પ્રાણી અને તેમાંથી મનુષ્ય એવી રીતનો ક્રમ ચાલે છે. તેવી રીતે મનુષ્ય, મરણ પછી મૃત્તિકારૂપ થઈ પુનરાવર્તન કર્યા કરે છે. જળ પણ તે જ નિયમને અનુસરીને જળાશયમાંથી ઊંચે જઇ પાછું વરસાદના રૂપમાં નીચે પડી નદી–નાળાં રૂપ લઇ આખર સાગરમાં જાય છે, તે પાછું ઉપર જવાનો ક્રમ એ જ ધોરણે સમજવાનો. આ પ્રમાણે આખી સૃષ્ટિનું ચક્ર સમજવાનું છે.

હવે વિજ્ઞાનશાસ્ત્રના 'ઇથર'ને પડતો મૂકીએ, તેમ વાયુમય અવસ્થાને રહેવા દઇએ, કેમકે તે દષ્ટિગોચર નથી. તેથી અનુક્રમમાં પ્રવાહી અવસ્થા અગર તત્ત્વ આવે છે. પ્રથમ બધું જળમય હતું એમ શાસ્ત્ર જણાવે છે. શાસ્ત્રની અનેક યોજનામાં *વેદ, બ્રાહ્મણ, સ્મૃતિ, પુરાણ આદિમાં સ્થૂળ દષ્ટિ માટે જળને મૂળતત્ત્વ કહેલું દેખાય છે. ઇતર ધર્મોમાં તેમ જ પ્રાચીન ગ્રીસની ફિલસુફીમાં પણ તેવી કલ્પના છે. પ્રાચીન **થેલ્સ** તથા પછીનો છેવટનો **સિસેરો** જળતત્ત્વને સૃષ્ટિ આદિકારણ કહે છે. **નારાયણ**

---

* **बृहदारण्यकोपनिष** ના ૫ મા અધ્યાયમાં કહ્યું છે કે,– **आपएवेदमग्र आसुः** આ (જગત્‌ની ઉત્પત્તિ) ની પૂર્વે જળ જ હતું. **महियास ऐत्तरेय आरण्यक** (૨–૧–૧.) માં તથા **ऋग्वेद** (૧૦–૧૩૮) માં પણ તેવું જ છે. જૂના બાઈબલ–Old Testament માં પણ તે પ્રમાણે છે. વળી ઋગ્વેદના દશમા મંડળમાં **आपः** દેવરૂપે મૂળ વીર્ય–તેજને ધારણ કર્યું એમ તત્ત્વ છે. તેમ વેદના નારાયણ તેમ જ મનુસ્મૃતિના **नारायण** જળવાચક સાંખ્યની મહદ્દ્યોનિ. તેમના નાભિકમલમાંથી બ્રહ્મા તથા સૃષ્ટિ થઈ.

પણ જળયુક્ત છે. શંકરને પણ જળાધારી. ચૌદ રત્ન કાઢવા માટે પણ જળની જરૂર પડી હતી. આ પ્રમાણે હોવાથી 'જળ' તત્ત્વ મૂળ ગણાયું, અને તેને લઈને જળમાં રહેનારા પ્રાણી મત્સ્યની યોજના પ્રથમ થઈ, અને '**मत्स्यावतार**' પ્રથમ થયો. **मत्स्य**ની વૃદ્ધિની વાત છે એ ઉત્ક્રાન્તિનું રૂપક દેખાય છે. શંખાસુર દૈત્યને મારીને વેદનું રક્ષણ કર્યું એટલે કે શંખમાંથી જે ધ્વનિ નીકળે છે તે જ ૐ અને તે જ વેદ સમજવાના છે. વેદ તે જ જ્ઞાન અને તે જ ઉત્ક્રાન્તિ!

આ મત્સ્યનો જીવ, પછી તેને વ્યષ્ટિ કહો અગર સમષ્ટિ કહો, વિકાસ પામીને કાચબાનું સ્વરૂપ પામ્યો, અને તેથી **र्मावतार**ની યોજના થઈ. કાચબો જળ અને સ્થલ બન્નેમાં રહી શકે છે, માટે જળ ઉપર અથવા જળની સાથે સ્થલની યોજના થઇ. અને તેમાં વિચરનાર પ્રાણી કાચબો–કૂર્મ–થયો. કૂર્મરૂપે સમુદ્રમંથન વખતે આધાર બનીને ચૌદ રત્નોની પ્રાપ્તિના કામે મદદ કરી, અને પાછો વિકાસ પામીને ઉત્ક્રાન્તિનું કારણભૂત થયો. કૂર્મ celestial sphere અને તેની પીઠ તે heavenly vault, અનંત તે infinite, અનંત નાગ તે ecliptic, અને મંદરાચલ પર્વત તે Pole એમ ધ્વનિ દેખાય છે. આ કૂર્મ, જળસ્થલચર amphibious પ્રાણી, ઉત્ક્રાન્તિના ધોરણે પાછું વિકાસ પામ્યું, અને મૂળતત્ત્વ જળનો સંબંધ બિલકુલ છોડી દીધો. એ બધું તે સમયમાં જમીન ઉપરની વસતીની કલ્પના દેખાય છે.

હવે એ જીવે મિશ્ર જળસ્થલ પડતું મૂકી એકલા સ્થળમાં વિચરવા વિચાર કરી, પરિણામ પામીને વરાહરૂપ લીધું. મત્સ્યને હાથ, પગ વગેરે અવયવો અથવા ઇન્દ્રિયો સ્ફુટ રીતે દષ્ટિગોચર નથી. કૂર્મને છે, પરંતુ હંમેશ વ્યક્ત નથી. પ્રસંગે વ્યક્ત અને

પ્રસંગે અવ્યક્ત છે અને વરાહને આ બધા અવયવો સ્પષ્ટ અને વ્યક્ત છે, તેથી મનુષ્ય પ્રાણીને મળતું વધારે હોવાથી, તેમ જ હાથ, પગ અવયવો ક્રમે ક્રમે વધારે સ્પષ્ટ થવાથી, કેવળ જમીન ઉપર વસનાર હોવાથી, તેમ મૃત્તિકા તેનું ખાદ્ય હોવાથી **वराहअवतारनी** સંકલના યુક્ત છે. વરાહરૂપે હિરણ્યાક્ષ–અજ્ઞાન–દૈત્યને મારી પૃથ્વી–જ્ઞાન–નો ઉદ્ધાર કર્યો, તથા ઉત્ક્રાન્તિ વિસ્તારી. આ પ્રમાણે આગળ વધીને જીવ પશુયોનિમાં આવ્યો. મતલબ કે, પ્રથમ જળ હતું તે સૂકાઈને, તેના ઉપર અથવા તેની ગમે તે રીતે પણ પૃથ્વી થઈ; પૃથ્વી ઉપર મૂળ એકલું જંગલ હોતું જોઇએ, અને એટલા માટે વરાહની યોજના યોગ્ય છે, પાશ્ચાત્ય **સ્વીડનબર્ગ**ને, એક હોટેલના ખુણામાં આ લીલા જેવું એક દશ્ય (vision) દેખાયું હતું એમ જણાય છે. વળી હાલમાં એક એવી પણ કલ્પના છે કે, જળ તથા અગ્નિ (ધરતીકંપ)થી, એમ બે પ્રકારથી પ્રલય થાય છે. આવી આફતોમાંથી પાછી પૃથ્વી ઉત્ક્રાન્તિના નિયમથી નીકળીને વસવાલાયક થાય છે. પૃથ્વીની ધરી ઉત્તરધ્રુવ તરફ રહે છે, પરંતુ પ્રસંગે જરા ખસે છે. તે વખત જળ ફરી વળે છે. અને જ્યારે પાછી ધરી ઠેકાણે આવે એટલે પૃથ્વી પણ પાછી ઉપર આવે છે. ભૌતિક શાસ્ત્રના સિદ્ધાન્તના રૂપક પ્રમાણે આ વરાહઅવતારનું પૃથ્વીને જળમાંથી બહાર કાઢવાનું કાર્ય છે એમ સમજવામાં હરકત નથી. ધીમે ધીમે પૃથ્વી વસવાટને લાયક પાછી થઈ એટલે 'વરાહ'નો જીવ વિકાસ પામીને કંઇક મનુષ્યત્વ સ્વીકારવા તૈયાર થયો. મનુષ્યત્વની ભાવના શરૂ થઈ એટલે એ સ્ફૂરણાને પરિણામે અર્ધ પશુ અને અર્ધ મનુષ્યની યોજના થઇ તે ધોરણે વરાહરૂપના જીવાત્માએ આ વિચિત્ર મિશ્રણનું મિશ્રસ્વરૂપ **नृसिंह**નું લીધું. પૃથ્વીમાં જંગલ વિશેષ હોવાથી એકલા મનુષ્ય માટે લાયક ન્હોતી, તેથી આવું મિશ્રરૂપ લઇને ઉત્ક્રાન્તિનો ક્રમ બતાવ્યો છે.

એક ખાસ નોંધ લેવા જેવી બાબત એ છે કે, આ ત્રણે પરિણામ પામેલી યોનિઓનાં પ્રાણી ઘણાં જ ચીવ્વડ હોય છે. આ પ્રચંડ પ્રાચીન પ્રાણીઓ આપણાં પૂર્વજ હતાં એમ હાલની ભૂસ્તરવિદ્યા કહે છે. પ્રાચીન હાડકાનાં નિશાન (fossils) મળી આવે છે એ ઉપરથી આવાં અનેક બોધદાયક તથા રમુજી અનુમાનો નવાં નવાં થયા કરે છે.

આ **નૃસિંહઅવતાર**ના જીવે ઉત્ક્રાન્તિનો પાછો વિકાસ પામી મનુષ્યત્વ સ્વીકાર્યું અને પશુત્વ બિલકુલ ત્યજી દીધું. આ ઉત્ક્રાન્તિ, ક્રમ છોડીને એકદમ કરેલી દેખાય છે; કેમકે મનુષ્યમાં મૂળના વર્ણ બ્રાહ્મણનું રૂપ એ જીવાત્માએ લીધું છે. પાછી ઉત્ક્રાન્તિની બારીકી જુઓ કે, આ મનુષ્યનું રૂપ સૂક્ષ્મમાં સ્વીકાર્યું, અને તે ધોરણે **વામનાવતાર** થયો. **બલિરાજા** બહુ જબરો તથા ધર્મ-પરાયણ હોવાથી એ જીવે ક્ષુદ્ર **વામન**સ્વરૂપ લીધું; કેમકે ભિક્ષા સિવાય બીજો માર્ગ નહોતો. તેથી ક્ષુદ્ર ભિક્ષા માટે ક્ષુદ્ર–તુચ્છ **વામન**સ્વરૂપ લીધું, અને પછી ઉત્ક્રાન્તિના ધોરણે સ્વરૂપ વધારી દીધું. જંગલનો ભાગ ઘણો હોવાથી વસવા લાયક જમીન થોડી હોવાથી, ત્રણ ડગલાંનું રૂપક દેખાય છે. જમીન માગી એટલે કે, જમીન કંઇક વસવાલાયક કરી. બીજી રીતે વ્યાવહારિક પક્ષે જોવું હોય તો હિંદુસ્તાનમાં, શરૂમાં જેવી રીતે આવેલી અંગ્રેજી વ્યાપારી મંડળીના આગેવાન ડાકટર **હેમીલ્ટનને ફીરોકસીર** બાદશાહની, દિલ્હીમાં દવા કરીને બદલામાં બાદશાહ પાસેથી થોડી જગ્યા માગી લીધી. તેમાંથી 'ઇસ્ટ ઇંડિયા કંપની' નામની વ્યાપારી મંડળીની ઉત્ક્રાંતિ થઈ, અને પરિણામે બાદશાહી સ્થપાઇ, તેવા પ્રકારનું **વામનજી**નું પરાક્રમ સમજવાનું છે, **બલિની** બાદશાહી **વિષ્ણુએ વામન**સ્વરૂપથી લીધી, તેવી રીતે **હેમીલ્ટન** દ્વારા **ફિરોકસીર**ની બાદશાહી અંગ્રેજોએ લીધી!!

એક રીતે જોતાં, ઉત્ક્રાન્તિ આ ઠેકાણે પૂર્ણ થાય છે. મનુષ્યત્વ પ્રાપ્ત થયું એટલે પૂર્ણતા થઇ; પરંતુ સૃષ્ટિની ઉત્ક્રાન્તિ ચાલુ રહે છે. ઉત્ક્રાન્તિનો ક્રમ બંધ પડી શકે નહિ. શારીરિક (physical) પૂર્ણ થઈ, હવે નૈતિક(moral)નો વિકાસ થવાનો. આ નિયમને અનુસરીને પૃથ્વીમાં મનુષ્યત્વના વિકાસ માટે સંસારના પ્રપંચની ઉત્ક્રાન્તિદર્શક અવતારોની યોજના છે. બ્રાહ્મણત્વની ભિક્ષાવૃત્તિ તથા કેવળ શાન્તિવૃત્તિની ઉત્ક્રાંતિ થઇને તેમાંથી એ જીવ બ્રાહ્મણક્ષત્રિયનો મિશ્રઅવતાર લેવા ઉપયુક્ત થયો, અને તેના પરિણામે **પશુરામ** અવતાર થયો. **પરશુરામે** ક્ષત્રિયો અલબત્ત દુષ્ટ ક્ષત્રિયોનો–એકવીશ વખત નાશ કર્યો, તે એવો સજ્જડ કર્યો કે તેમાંથી જવલ્લે જ બચ્યા. બચ્યા તે પણ કેટલાક સ્ત્રીનાં વસ્ત્ર પહેરીને, એમ અનેક બચી ગયા. (‘**નારીકવચ**’ નામ ત્યારથી પ્રસિદ્ધ થયું). આ વિનાશમાં સ્થૂળ સાથે સૂક્ષ્મધ્વનિ પણ છે, એટલે કે જ્ઞાનદર્શક ઉત્ક્રાન્તિ છે. પરંતુ સ્થૂળમાં રૂપક લેવું હોય તો **પરશુરામે** જે જંગલનાં હિંસક પ્રાણીઓનો નાશ કરીને, તથા ખાડા ટેકરા સાફ કરીને, પૃથ્વી સારા ગૃહસ્થોને રહેવા લાયક કરી આપી એમ પણ ધ્વનિ નીકળી શકે છે.

ઉત્ક્રાન્તિમાં આગળ વધીને એ જીવાત્માએ, સમયને અનુસરીને શુદ્ધ ક્ષત્રિયનું સ્વરૂપ જરૂરિયાત હોવાથી લીધું, અને **રામાવતાર** થયો. સમાજના રક્ષણ માટે ક્ષત્રિયની જરૂર ધીમે ધીમે જણાઈ, તેથી આ ઉત્ક્રાન્તિ થઈ છે. **રામ**ના સ્વરૂપમાં મનુષ્યત્વના ઉત્તમ ગુણોનો અપૂર્વ આદર્શ બતાવ્યો છે.

ધીમે ધીમે સૃષ્ટિનો પ્રપંચ વધતો ગયો તેમ તેમ એ જીવે વ્યવહારોપયોગી (practical)ક્ષત્રિય તથા વૈશ્યધર્મના મિશ્રણનો **શ્રીકૃષ્ણાવતાર** લીધો. જન્મથી ક્ષત્રિય છતાં સંજોગોને લઇને બચપણામાં વૈશ્યકર્મ સ્વીકાર્યું હતું. આ અવતારમાં, સંસારમાં

રહીને મોક્ષ મેળવવાનો માર્ગ, માણસ માત્ર માટે–પછી ગમે તેવો અધિકારી હોય તો પણ–ખુલ્લો કર્યો છે. આર્યાવર્ત્તના જીવનમાં ત્યારથી મહાન પરિવર્તન થયું છે; માટે બીજા બધા 'અંશાવતાર' અને કૃષ્ણાવતાર તે 'પૂર્ણ કલાવતાર' કહેવાય છે. શ્રીમદ્‌ભાગવતમાં **શ્રીકૃષ્ણને स्वयम् भगवान्** કહ્યા છે; બીજાને અંશ કહ્યા છે. ખરી રીતે જોતાં શુષ્ક કર્મ અને જ્ઞાનમાંથી પ્રેમ ભક્તિની ક્રાન્તિ ત્યારથી જ થઇ છે, અને તેથી પૂર્ણ મનુષ્યત્વની ઉત્ક્રાન્તિ વાસ્તવમાં **શ્રીકૃષ્ણ**માં જ સમાપ્ત થાય છે. ક્ષત્રિય કર્મ કરવામાં–રાજ્યના માલિક કરતાં પણ વધારે સત્તાવાળા છતાં, પ્રજાસત્તાક રાજ્યના જેવી રચના **શ્રીકૃષ્ણે** કરી બતાવી હતી. હાલ ઇંગ્લાંડનો રાજકારભાર ચાલે છે તે જાતનો **શ્રીકૃષ્ણે** ચલાવ્યો હતો. એમ કહીએ તો ચાલે. **ઉગ્રસેન** રાજા અને હાલના ઇંગ્લાંડના રાજાનો મુકાબલો ઘણે દરજ્જે સરખો થશે. **શ્રીકૃષ્ણ**નું સુદર્શનચક્ર તે કૃષ્ણની નીતિ–રાજ્યનીતિનું રૂપક પણ કહી શકાય.

કૃષ્ણાવતાર ઉત્ક્રાન્તિનું પૂર્ણ સ્વરૂપ છે એ ખરું, પરંતુ સૃષ્ટિનો પ્રપંચ વધવા સાથે અને કલિયુગની શરૂઆત સાથે એ જીવે પણ સ્થળ સમયને લઇને ઉત્ક્રાન્તિ કરી બતાવી. અને **બુદ્ધાવતાર** લીધો. આ અવતારમાં બહુ રહસ્ય છે. ક્ષત્રિય વીર્ય મહાભારતના યુદ્ધ પછી લગભગ નાશ પામ્યું અને તેથી ત્રીજા વૈશ્યવર્ણની વૃત્તિ વિકાસ પામી. આ અવતારની યોજના શાન્તિ માટે છે, પરંતુ તેનો 'વિકાસ'–અગર, વાસ્તવમાં 'વિકાર'–પામીને હિંદુસ્થાન બહાર તેની ઉત્ક્રાન્તિ થઈ; કારણ કે મૂળસ્થાન તે પ્રવૃત્તિ માટે યોગ્ય ન્હોતું. આ **બુદ્ધાવતાર**ની અસર આખી પૃથ્વીમાં થઇ છે. દેશરિવાજને અનુસરીને તેનાં સ્વરૂપો જુદાં થયાં, અને ખ્રિસ્તિ ધર્મ જેવી સ્થિતિ થઈ. અહિંસાને બદલે હિંસા પ્રવૃત્તિ પામી. અનેક ફણગા ફુટયા. આ વૈશ્ય અને

શાન્તવૃત્તિના વિકાસમાં સ્વાર્થ અને વ્યાપારની હરીફાઇ વધી. જ્ઞાન પણ પરિણામ પામીને સ્વાર્થમાં બદલાઇ ગયું. પાશ્ચાત્ય ત્રણ મુખ્ય પ્રજાઓમાંથી ઈંગ્લાંડના પંડિતો નીતિશાસ્ત્ર (ethics) ઉપર પડ્યા, ફ્રાન્સના માનસિક શાસ્ત્રમાં પડી ને ગણિત ઉપર પડ્યા, અને જર્મનો (metaphysics) સૂક્ષ્મ તત્ત્વ ઉપર પડ્યા, પરંતુ સ્વાર્થમાં બધા જ નિપુણ !

પોતે જાતે ક્ષત્રિય છતાં વૈશ્યવૃત્તિ **बुद्धावतारे** લીધી હતી તે જ સ્થિતિ આજ બધે દુનિયામાં દેખાય છે, કેમકે હાલનો જમાનો બુદ્ધાવતારનો છે. પૃથ્વીમાં હાલ જ્યાં જશો ત્યાં રાજા અને પ્રજા બન્નેને લક્ષ્મી અને વ્યાપારની વૃદ્ધિ માટે ધમાલ છે. પ્રથમ કોઈ પ્રવાસી, પાદરી, શોધક અથવા વેપારી વિદેશમાં જાય, પ્રાચીન વતનીઓનો "ઉદ્ધાર" શરૂ કરે અને પછી તેમને 'મોક્ષ' અપાવીને, માલિક થઈ પડે ! આ પ્રમાણે આ સુધરેલી ખ્રિસ્તિ પ્રજાઓની ઉત્ક્રાન્તિનો ક્રમ દેખાય છે. ખ્રિસ્તિ ધર્મ એ કેવળ બુદ્ધ ધર્મની નકલ છે. અને તેથી યુરપ, અમેરિકા, જાપાન વગેરે દેશના રાજા–પ્રજા બુદ્ધાવતારની બુદ્ધિના 'વિકાસ' ને પામીને વ્યાપાર તથા લક્ષ્મી માટે કપાઇ મરે છે !!

આ પ્રમાણે ઉત્ક્રાન્તિનો જે નિયમ સ્પષ્ટ દેખાય છે, તે પરમેશ્વરે હાલના ભૌતિકશાસ્ત્ર પ્રમાણે જાણે પ્રત્યક્ષ અવતારો લઈને પ્રત્યક્ષ કરી બતાવ્યું છે. પાશ્ચાત્યોમાં શાસ્ત્ર પ્રમાણેની ઉત્ક્રાન્તિ હવે એક રીતે પૂર્ણ થઇ હોય એમ લાગે છે. એટલે પાછી કુદરતમાં હમેશ થાય છે તેમ એક નાની અંતર્ગત પ્રતિક્રાન્તિ થશે, અને તે માટે હવેના અવતારમાં કલ્કિની યોજના છે. કલ્કિ બ્રાહ્મણ વર્ણનો છે. કુદરતની રચના જૂઓ કે, મનુષ્યરૂપમાં શરૂમાં બ્રાહ્મણ અને અંતમાં પણ બ્રાહ્મણ ! કલ્કિના અવતારમાં સત્ય, ન્યાય અને વિજયની ભાવના છે. આ કલ્કિનો જન્મ '**શંભલપુર**' ગામે થવાનું કહેલું છે.

પાશ્ચાત્યોની ઉત્ક્રાન્તિ પ્રમાણે સૃષ્ટિનો પૂર્ણ વિકાસ થયો એમ ભલે મનાય, પરંતુ આર્યના ઉન્નત વિચારો પ્રમાણે તો હાલની કહેવાતી ઉત્ક્રાન્તિ અધોગતિએ લઈ જનારી, કળિયુગના મહિમાથી ભરેલી, ઘણા જૂના કાળથી ભાખેલી છે. ધર્મની ગ્લાનિ થઇ છે, તેથી પાછા પ્રભુ કલ્કિનો અવતાર લેવાના છે. પાશ્ચાત્ય કલ્પના પ્રમાણે પણ કલ્કિની યોજના યોગ્ય દેખાય છે. કલ્કિ અવતારથી મનુષ્યત્વનો વિકાસ વધશે અને સત્યુગ જેવો પ્રસંગ આવશે એવી યોજના છે. કેટલાકની કલ્પના પ્રમાણે **कल्किअवतार** થઈ ચૂકયો છે. **વામનાવતારથી** મનુષ્યત્વની ભાવના થઈ ત્યારથી દરેક અવતારમાં ઉત્ક્રાન્તિના વિધવિધ રંગ એ જીવાત્માએ બતાવીને છેવટ **કલ્કિઅવતાર**માં ઉત્ક્રાન્તિ, પૂર્ણતા ઉપર પહોંચવાથી, તેનો લય શરૂ થશે એમ કલ્પના છે. કાળચક્ર (cycle)ની ગતિ અનુસાર અંતર્ગતપ્રતિક્રાન્તિ (involution) ના નિયમ પ્રમાણે **કલ્કિઅવતાર**ની યોજના છે. આ ઉત્ક્રાન્તિ તથા પ્રતિક્રાન્તિમાં મૂળ ખરું કારણ ઉપર કહેલું કાળચક્ર છે. દૂધનો વિકાર કાળે કરીને થવાથી દહિં થાય, તેમાંથી છાશ, માખણ, ઘી એવો ક્રમ દેખાય છે; માટે આ બધી ક્રિયાઓમાં ‘ કાળ ’ પ્રધાન છે. અવતારો પણ કાળને અનુલક્ષીને થયા છે.

આ અવતારોની ઉત્ક્રાન્તિમાં એક બીજું સૂક્ષ્મ રહસ્ય પણ રહેલું છે. ઉત્ક્રાન્તિ એટલે કે પ્રાણીમાત્રનો સુખને માટે પ્રયાસ છે. આ સુખ તે ક્ષણિક નહિ પણ નિત્ય સુખ માટે દરેક જીવની ઉત્કટ ઇચ્છા અને પ્રયાસ છે; પરંતુ આત્યંતિક સુખનું સ્થાન તો પરમાત્મા છે. એક રીતે કહીએ તો સતત્ આનંદનું તે સ્વરૂપ છે. વૃક્ષમાંથી બીજ અને બીજમાંથી વૃક્ષ જેવો જીવાત્મા અને પરમાત્માનો સંબંધ દેખાય છે. જીવાત્મા સુખમાંથી આવ્યો છે, તેથી પાછો સુખની સ્થિતિ પ્રાપ્ત કરવા ઉત્ક્રાન્તિનો શ્રમ ઉઠાવે છે. ભૂલો પડી ગયેલો, વિખૂટો થયેલો, રખડતો, ભટકતો જીવ

પોતાના મૂળ સ્વરૂપનું અનુસંધાન કરે છે. આ વિયોગ અને સંયોગ તે જ ઉત્ક્રાન્તિ અને પ્રતિક્રાન્તિનાં રૂપકો છે. દરેકને અનુભવ છે કે, આનંદ કંઈ બહારથી આવતો નથી. જીવાત્મા આનંદથી ભરેલો છે, એ વાત ગમે તેવા કનિષ્ઠ પામરને પણ પ્રસંગોપાત્ સમજાય છે, અને જડવાદીને તેની ઝાંખી થાય છે; પરંતુ તે બિચારાને માત્ર સમજ પડતી નથી. જ્ઞાનીને એ વાત સ્વતઃસિદ્ધ છે. ઈશ્વરે અવતારો લઈને આ પ્રમાણેના આનંદનો અનુભવ કરાવ્યો છે અને તે જ પાશ્ચાત્ય ભૌતિકશાસ્ત્રની દૃષ્ટિએ ઉત્ક્રાન્તિ સમજવાની છે.

અવતારો લઇને પ્રભુએ કેટકેટલાં કાર્ય કર્યાં છે, તેનો ખ્યાલ **વિષ્ણુ** અગર **શિવસહસ્રનામથી** આવી શકશે. દરેક નામના અર્થ સમજવાથી પ્રકાશ સારી પેઠે પડશે. આ બધા અવતારોની કામગીરી ભેગી કરીએ તો પણ એકલા **શ્રીકૃષ્ણની** કામગીરીને પહોંચી શકે તેમ નથી. ઉપર મુજબ બધા અવતારોનું વિવરણ કર્યું. એકલા **કૃષ્ણાવતાર** ઉપરથી જ આજ સુધીની સૃષ્ટિની બધી ઉત્ક્રાન્તિ સમજી શકાય તેમ છે. તેથી વિષયાંતર થવાનું જોખમ ઉઠાવીને પણ **શ્રીકૃષ્ણાવતાર** માટે બે બોલ વિશેષ કહીશું તો અસંબદ્ધ તથા અરુચિકર નહિ થાય. કૃષ્ણચરિત્રમાં જ ખરું જોતાં મનુષ્ય માત્રની જિંદગીમાં ઉત્ક્રાન્તિ તથા અંતર્ગત ક્રાન્તિ બન્ને કેવી રીતે થાય છે તેનો પૂર્ણ પ્રકાશ છે, તેથી એક જ જન્મમાં આ બન્ને બાબતનો અનુભવ શી રીતે થાય છે તે જરા જોઇએ.

શ્રીકૃષ્ણને જેમ બધા મતમતાંતરવાળા ઉપાસકોએ- પ્રસંગને લઇને પોતાના ઇષ્ટ તરિકે જોયા, તે જ ખુબી અને રહસ્ય તેમના આખા ચરિત્રમાં છે. નિરીશ્વરવાદી પરંતુ નીતિમાન જડવાદી જ્ઞાની માટે પ્રશ્ન જ નથી, તેમ જ કેવળ નિરાકાર રૂપને માનનાર બ્રહ્મજ્ઞાનીને માટે પ્રશ્ન નથી; પરંતુ સાકારરૂપે માનનાર દુનિયાના

હરકોઈ ગૃહસ્થને કૃષ્ણ પરમાત્માના જીવનમાંથી જેટલું શિખવાનું છે તેટલું હું ધારતો નથી કે, આખી દુનિયાના ધર્મોમાં કોઈપણ દેવ આચાર્ય અથવા ઇશ્વરના ચરિત્રમાંથી શિખવાનું હોય. આ અવતારમાં આખી સૃષ્ટિના ઇશ્વરી અવતારોનો જાણે અર્ક જ ખેંચી કાઢયો હોય ને! અવતારની યોજનાથી માંડીને ઠેઠ દેહોત્સર્ગ સુધી શ્રીકૃષ્ણે સૃષ્ટિનાં માણસોને, પોતે જાતે કર્મો કરીને ઉત્ક્રાન્તિનાં દૃષ્ટાન્તથી પ્રત્યક્ષ બોધ આપ્યો છે. સંસારનો બોજો અને તેના ક્લેશ સહન કરવાની શકિત આપીને તેની સાથે જ્ઞાનનું ભાન નહિ ભૂલતાં સંસારમાં પૂર્ણ રીતે રહીને, જળકમળની વૃત્તિ રાખવાનું અને સદાકાળ પ્રેમમાં મસ્ત રહી આનંદ ભોગવવાનું શિખવવા, જાણે પોતે દેહ ધારણ કર્યો હોય એમ દેખાડયું છે કૃષ્ણચરિત્ર સમજવા માટે બે શરતોની જરૂર છે. (૧) સાચી જિજ્ઞાસા, અને (૨) તે માટે પરિશ્રમ. જિજ્ઞાસા થવી એ પૂર્વના સંસ્કારોની તથા મનુષ્યના સંજોગોની વાત છે, પણ પરિશ્રમ કરવો પોતાના હાથની જ વાત છે.

દરેક મનુષ્યને દરેક વસ્તુ સરખી પ્રિય હોતી નથી, તેમ એક વસ્તુ એક સ્થિતિમાં બધાને પ્રાપ્ય હોતી નથી. એક જ વ્યાસભગવાને વેદના વિભાગ કર્યાં, ઉપનિષદો જૂદાં પાડયાં, અને અઢાર પુરાણ લખ્યાં; તે જ વેદમાંથી ષડ્દર્શન થયાં. દ્વૈત અદ્વૈત આદિ અનેક સંપ્રદાયો થયા, વળી એ જ વ્યાસભગવાને મનુષ્યની પ્રકૃતિ તથા રુચિના ભેદને લઇને દરેક પુરાણમાં અમુક દેવતાને ઇષ્ટ લઈને માહાત્મ્ય લખ્યું છે. અનેક પ્રાસંગિક શ્રેષ્ઠતા આપી છે. એક જ સ્ત્રીને એક માણસ પત્નીરૂપે જુએ છે, કોઈની માતા છે, કોઇની બેન તો કોઈની દિકરી છે; એકને બીજી રીતે સગી છે, કવિને ઉત્તેજક છે, તત્ત્વજ્ઞાનીને વિવેકનું સાધન છે, એક વિષયાસક્ત પુરુષને આકર્ષણશક્તિ છે, તેના ભક્તને ઈષ્ટરૂપે છે, હિંસક પ્રાણીને ભક્ષ્ય છે, બીજાં પશુપક્ષી વગેરે પ્રાણીઓને

અર્થહીન છે અને સાધુને શત્રુરૂપ છે. સ્વપ્નમાં સ્ત્રીજાતનું સુખ લેવામાં વિવેક સચવાઈ રહે છે. મા, બહેન, સ્ત્રી, દિકરી સૌ સૌની યોગ્યતા પ્રમાણે સ્વપ્નમાં દેખાવ આપે છે, એટલું જ નહિ પણ સ્વર્ગવાસ થયા પછી લાંબી મુદતે સ્વપ્નાં આવે, તેમાં પણ માયાનું આવરણ વિવેકના ભેદ સાથે કેવું બન્યું રહે છે? લીમડો માણસને કડવો ઝેર જેવો લાગે છે અને ઊંટ વગેરેને પકવાન્ન છે! ઘી, માખણ, દૂધ વગેરે તંદુરસ્ત માણસને પુષ્ટિકારક છે અને કમળાના રોગીને વિષરૂપ છે. આવી જ રીતે શ્રીકૃષ્ણ પરમાત્મા દરેક મનુષ્યને અમુક રીતે પ્રિય થઈ શકે એમ બને જ નહિ. તેમના સમયમાં પણ તેવી સ્થિતિ હતી તો પછી આટલે કાળે સ્થિતિ વિચિત્ર થાય તેમાં આશ્ચર્ય શું? માયાનું આવરણ માણસ ઉપર કેટલું બધું છે! જ્ઞાનનું બાધક અજ્ઞાન કેટલું પ્રબળ છે! માણસ સંસારમાં કેવો લાચાર, નિર્બળ પરાધીન, નિરાધાર તથા સાધનરહિત પામર છે! તેની સાથે જ એવો અંત સુધી ખંતથી પુરુષાર્થ કરે તો કેટલાં પરાક્રમ કરી કેટલું વૈભવ પ્રાપ્ત કરી શકે છે, ક્યાં સુધી ચઢી શકે છે, અને પાછો કેવી રીતે સંકેલી શકે છે; એ બધું કૃષ્ણચરિત્રમાં આદર્શરૂપે સ્પષ્ટ દેખાઈ આવે છે. કેવળ અંધશ્રદ્ધા રાખવાનું કહેવું એ યોગ્ય નથી, તેમ શાસ્ત્રની પણ તેવી આજ્ઞા નથી; ઊલટું શાસ્ત્ર તો તેમ કરવાની ના પાડે છે; પણ બુદ્ધિનો ઉપયોગ કરવાની શાસ્ત્રની ખાસ આજ્ઞા છે; તેથી આંખ ઉઘાડીને બરાબર જોઈ, વિચાર કરી, મન સ્થિર કરી, નિર્મળ થઈને છેવટ "માનવા"ને બદલે 'અનુભવવા'નું કાર્ય શરૂ થશે ત્યારે આંખો ઉઘડશે. કૃષ્ણચરિત્રમાં **નેપોલિયન** છે, **વૉશિંગ્ટન** છે, **ગેરિબાલ્ડી** છે, **બ્રાઈટ** છે, **બ્રેડલો** છે, **બર્ક** છે, **ગ્લેડસ્ટન** છે, **એસ્કિવથ** છે, **લોઈડ જ્યોર્જ** છે, **પંચમ જ્યોર્જ** છે, **કૈસર** છે, **સયાજીરાવ ગાયકવાડ** છે, **કાલિદાસ** છે, પ્રખ્યાત એક્ટર સર **હેન્રી**

ઇરવિંગ છે, એલન છે, બાણભટ્ટ છે, કવિ દલપતરામ છે, નર્મદ છે, ઇલિઝાબેથ છે, શિવાજી છે, વનરાજ છે, બાજીરાવ છે. ક્રાઇસ્ટ, મહમદ, ઇસા વગેરે પયગંબરો છે, નરસિંહ મહેતો છે, મીરાંબાઈ છે, કબીર છે, રામદાસ છે, ગૌરાંગ મહાપ્રભુ છે, નાનક છે, માર્ટિન લ્યુથર છે, રામમોહન છે, કેશવચંદ્ર સેન છે, દયાનંદ સ્વામી છે. મહાત્મા તિલક, મહાત્મા ગાંધી, મહાત્મા મદનમોહન માલવિયા છે. કૅન્ટ છે, હક્સલી છે, સ્પેન્સર છે, હેગલ છે, હેકલ છે તથા વેલ્સ (Wells) છે, બૃહસ્પતિ છે, શુક્રાચાર્ય છે, ચાણક્ય છે, પરશુરામ છે, બોથા છે, ડીવેટ છે, માર્શલ હેગ છે, કમાલપાશા છે, ફીલ્ડ માર્શલ ફોશ છે, મેકેન્સન છે, ગાંધર્વ શ્રેષ્ઠ ચિત્રસેન છે, તાનસેન છે, સીનોર કેરૂસો (Sinor Caruso) તથા ઇટલીનો ટેરી (Tery) છે. શંકરાચાર્ય, રામાનુજ, નિંબાર્ક, મધ્વાચાર્ય, વલ્લભાચાર્ય, સહજાનંદ છે, મુક્કાબાજમાં કાર્પેન્ટર તથા ડેમ્પ્સી છે, દ્વંદ્વયુદ્ધમાં હાલનો ગામા તથા રૂશીઆનો હેકનસ્મિથ છે, (નૃત્યકળામાં) રૂશીઆની પાવ્લોવા છે, (દ્યૂતમાં) શકુનિ મામો છે, (રૂપમાં) એલેકઝાન્ડ્રા તથા મેરી પીક્ફોર્ડ છે, (સીનેમા કોમીકમાં) ચાર્લી ચેપ્લીન છે, (નટમાં) મેથેસનલૅંગ છે, (સ્ટેટસમેનમાં) મ્યુસોલીની છે, લેનીન છે, તથા પૃથક્ પૃથક્ દરેક ભૌતિક વિજ્ઞાન શાસ્ત્રના નિષ્ણાત છે, એમ અનેક વ્યક્તિઓનું અપૂર્વ અતકર્ય સંમેલન છે. એટલે કે મનુષ્યત્વની ઉત્ક્રાન્તિની પરિસીમા છે. પોતે જ ગીતા અને ભાગવતમાં પોતાનું વર્ણન આપ્યું છે કે,–'હું દરેકમાં મુખ્ય છું. ટૂંકામાં જ્યાં કંઈ પણ વિશેષ દેખો ત્યાં મને સમજવો;" આમ પોતે સમજાવ્યું છે, અને તેમાંજ વિરોધ અગર વિરોધાભાસ બતાવ્યો છે. આ પરસ્પર વિરોધી ગુણે

તથા વ્યક્તિત્વનું સંમેલન એ જ માયા, અને તેનો માલિક તે **શ્રીકૃષ્ણ!** તેમના વખતમાં પણ વ્યભિચારી, ધૂતારો, ઠગારો, કામણગારો, કપટી, ઈન્દ્રજાળી, જાદુગર ઈત્યાદિ અનેક ખિતાબો પ્રાપ્ત થયા હતા. તેમના સમકાલીનમાંના ખરેખર ઓળખનારમાં **યુધિષ્ઠિર, ભીષ્મપિતામહ, અર્જુન, બળદેવ, વિદુર, ઉદ્ધવ,** અને ખરી ઓળખનારી તો વ્રજની ગોપી. પાછળથી ઓળખનારા **નરસિંહ મહેતો, સૂરદાસ, મીરાંબાઈ** ઇત્યાદિ પ્રસિદ્ધ ભક્તો અપ્રસિદ્ધ યોગી, બ્રહ્મચારીઓ થઇ ગયા છે. ગોપીઓ સિવાય બીજા બધાઓને પણ પ્રસંગે માયાનું આવરણ થયું હતું. ખુદ માતાપિતાને પણ, તેમ અંગીકૃત માતપિતાને પણ આવરણ થયું હતું. સ્મશાનવૈરાગ્ય એ માયાના આવરણનો દરરોજનો અનુભવ કોને નથી ? માયાથી પૂર્ણ કૃષ્ણચરિત્રમાં પણ બાલ્યાવસ્થા એટલે કે કંસને મારતાં સુધીનું ચરિત્ર ભલભલાને ગુંચવાવે તેવું છે. શ્રીકૃષ્ણ પરમાત્માને બાળસ્વરૂપમાં ઘણા ભાવથી ભજનાર, જ્ઞાનની પરવા વિનાના **વલ્લભી** સંપ્રદાયના અનુયાયીઓનો મોટો ભાગ છે, તેમાંથી બાળલીલાના ખરા સ્વરૂપ અને રહસ્યનું તથા તેનો અનુભવ આચાર્યોમાંથી તો પ્રભુકૃપાથી હોય જ, પણ શિષ્યો માંથી જવલ્લે જ કોઈને થયો હશે, એમ એકંદરે પ્રત્યક્ષ વાતાવરણ ઉપરથી કહીએ તો તદ્દન ખોટું અથવા અતિશયોક્તિવાળું નહિ કહેવાય. શ્રીકૃષ્ણલીલામાંથી બાળલીલા ઉપરાંત પ્રેમલીલા સમજનાર **ચૈતન્યપ્રભુ**ના અનુયાયીઓમાંથી પ્રમાણ વિશેષ મળી આવશે, કેમકે આ સંપ્રદાય તેમ **નિંબાર્ક**માં પણ ત્યાગ, વૈરાગ્ય, અહંકારનો અભાવ, અને પ્રેમનો ભાવ પ્રધાન છે. **વ્યાસમુનિએ** એ પ્રેમલીલા ગાઇ, **નરસિંહ મહેતા**એ ગાઈ, **મીરાંબાઇ**એ પણ ગાઈ, **સૂરદાસે** ગાઈ, **નિંબાર્ક, ગૌડેશ્વરે** પ્રચારી, આચાર્ય **શ્રીવલ્લભાચાર્ય** મહારાજે વિસ્તારી અને **પ્રેમાનંદ, દયારામ, સૂરદાસ** આદિ ભક્તો તથા કવિઓએ તમામ વર્ણોમાં પ્રવર્ત્તાવી,

તે લીલાનો ઉપર કહેલી વ્યકિતઓ સિવાય બીજા કેટલાને અનુ-ભવ હશે ? જેવી રીતે કે **શ્રીશંકરાચાર્ય**નો અદ્વૈત આનંદ ભોગ-વવા એમના સિવાય બીજા કેટલા ભાગ્યશાળી થયા હશે ?

આ પ્રમાણે ચોતરફ દૃષ્ટિ કરતાં એકંદર કૃષ્ણચરિત્રમાં મનુષ્યજીવનનો વિકાસ તથા ઉત્ક્રાન્તિ જોનારને શુદ્ધ બુદ્ધિરૂપી ચક્ષુથી જોશે તો દેખાઈ આવશે, અંધ માટે ઈલાજ નથી. ઉત્ક્રાન્તિના ધોરણે દુનિયાનાં સુખની ટોચે પહોંચી દૃષ્ટાન્ત આપી, પાછી માયા સંકેલીને અંતર્ગત ક્રાન્તિ કેવી કરી બતાવી છે ? ત્રિપુટીના **બ્રહ્મા**, **વિષ્ણુ** અને **મહેશ** એટલે કર્ત્તા, ભર્ત્તા અને સંહર્તાપણાનો બધો અનુભવ ટૂંકમાં બતાવી આપ્યો છે. ઉપર મુજબ અવતારનું વિવરણ કરી હવે કૃષ્ણાવતારના ખાસ પ્રયોજનનું વિવરણ કરીએ.

પ્રકરણ ૩ જું

જન્મચરિત્ર

આખા કૃષ્ણચરિત્રમાં જીવશિવનું ઐક્ય બતાવવાનો હેતુ હોવાથી બ્રહ્મજ્ઞાનથી ભરપૂર છે. ફક્ત જન્મના વૃતાન્તનું જ નિરીક્ષણ કરીશું તો પણ અથાગ બોધ અને તત્ત્વજ્ઞાન મળશે.

ચંદ્રમાએ પોતાના ગુરુ **બૃહસ્પતિની સ્ત્રી તારાનું** હરણ કર્યું, તેથી પરિણામે દેવોમાં ઝગડો થયો, તેની ધમાલમાં **શુક્રાચાર્યની** નીતિને અનુસરીને કોઇપણ પક્ષમાં ભળવાથી શત્રુને હાનિ થશે એમ સમજી દૈત્યો **ચંદ્રના** પક્ષમાં ભળ્યા, તેમાં **કાળનેમિ** દૈત્યે આગેવાની લીધી, દૈત્યોએ **કાળનેમિની** સરદારી નીચે દેવોને હરાવીને ઇંદ્રાસન લીધું. અને લોભ તથા મોહને વશ થઇને **વિષ્ણુ** ઉપર ચઢાઇ કરી, તેમાં તે હાર્યા, અને દૈત્ય દાનવોનો નાશ થયો. કેટલાકના અવયવો આખા રહ્યા હતા તેમને **શુક્રાચાર્યે** પાછા સજીવન કર્યા, કેટલાક નાસી છૂટયા હતા. આ બધા તેમ જ અન્ય સમયમાં મરણ પામેલા, રાજ-લોભની વાસનાવાળા બીજા પણ જીવો, દ્વાપરને અંતે અને કલિયુગની શરૂવાતમાં ક્ષત્રિય કુળમાં રાજાઓને ઘેર અવતર્યા. તે **જરાસંધ, ભગદત્ત, શૈલ્ય, શાલ્વ, શિશુપાલ** ઇત્યાદિ નામથી પ્રખ્યાત થયા. આ ટોળામાં **સ્વર્ભાનુ** નામના દૈત્યે **ઉગ્રસેન** નામથી યાદવકુળમાં અવતાર લીધો અને એ મથુરાનો રાજા થયો. તેનો દિકરો **કંસ. જરાસંધ** રાજાના મસ્ત અને અતિ

બળવાન હાથી **કુવલયાપીડને** છુટો થઇને ત્રાસ કરતો દીઠો; તે કોઈથી ન પકડાયો, પણ **કંસે** એને પકડ્યો, તેથી પ્રસન્ન થઈને પોતાની બન્ને દિકરીઓ એણે તેને પરણાવી હતી, અને તે અંગે એ તમામ પ્રદેશનો એને રાજા–સુબો–બનાવ્યો હતો. એટલે કે **ઉગ્રસેનનો** મુલક પાછળથી બહુ વિસ્તાર પામ્યો હતો. **વસુદેવ** તો બહુ થોડા જ પ્રદેશના માલિક હતા.

ઉગ્રસેન દૈત્યનો અવતાર છતાં **પ્રહલાદની** પેઠે ઉંચા ગુણથી યુક્ત હતા. ખાટી આમલીમાંથી મોળો કચુકો થાય છે, અને મોળા કચુકામાંથી ખાટી આમલી થાય છે એ રીતે ! એક વખત **ઉગ્રસેનની** રાણી **પદ્માવતી** વગડામાં આનંદ લેતી હતી ત્યાં **દ્રુમિલ** નામનો દાનવ તેના રૂપથી મોહિત થયો. ધ્યાનસ્થ થઇને તેણે જોયું તો એ **ઉગ્રસેનની** રાણી હોવાનું જણાયું. તરત **ઉગ્રસેનનો** વેશ લઈને એ તેની પાસે ગયો. બીજી સખીઓ ત્યાંથી ખસી ગઈ. અંતમાં રાણીએ શંકાશીલ થઇને **દ્રુમિલને** પૂછતાં એણે પોતાનું નામ તથા જાત કહી. તે ઉપરથી તે બહુ જ કોપાયમાન થઇ અને શાપ આપવા તૈયાર થઈ ત્યારે તે બોલ્યો કે, “ મનુષ્ય યોનિમાં મનુષ્ય કોટિ બહારના દેવ, ગંધર્વ, દાનવ ઇત્યાદિના સમાગમથી ઘણા તેજસ્વી પુરુષો પાક્યા છે, તેમ તને પણ મહા પરાક્રમી પુરુષ પ્રાપ્ત થશે. ” ત્યારે રાણીએ કહ્યું કે,– “ હે, ચાંડાલ ! મેં જો સાચો પ્રભુ સેવ્યો હશે તો તમારું તથા એ વર્ણસંકર પુત્રનું મૃત્યુ એ જ પ્રભુને હાથે થશે. ” **કાળનેમિનો** નાશ એક વખત **વિષ્ણુએ** કર્યો હતો, પછી બીજા દેહ–ગ્રાહના દેહમાં, રામાવતારમાં **હનુમાનજીએ** કર્યો હતો, તો પણ વાસના રહી જવાથી અવતાર કેવો લેવો એ વિચારમાં હતો, એટલામાં આ સંજોગો તથા તક મળી, અને તેથી રાણીની કુખે અવતરી **કંસ** નામથી એ વિખ્યાત થયો. આ વખતે ચક્રવર્તી રાજા **જરાસંધ** હતો. તેનું રાજ્ય **મગધમાં** હતું. રાજ્યધાનીનું પ્રાચીન

નામ **લારીવ્રજ (રાજગીર)**, **પટણા**થી ૪૦ માઇલ હતું એમ મનાય છે. **મથુરાં** શહેરનો અધિકાર **ઉગ્રસેન**ને આપેલો હતો, અને પ્રગણાંનો **વસુદેવને** આપ્યો હતો; પરંતુ ઉપરનો **કુવલયાપીડ**નો પ્રસંગ કહ્યો તેનાથી **ઉગ્રશેન**નું રાજ્ય બહુ વધ્યું.

કુદરતની બલિહારી છે કે, તે જ કંસની બહેન એટલે તેના કાકા **દેવક**ની દિકરી જેને **ઉગ્રસેને** પુત્રી તરિકે ઉછેરી હતી, તે **દેવકી** શત્રુના ઘરમાં ગઈ એટલે કે તેના લગ્ન યાદવકુળના **શૂરસેન**ના પુત્ર **વસુદેવ** સાથે થયાં! **દેવકી** પર **ઉગ્રસેન**નો બહુ ભાવ હતો. અથાગ પ્રેમ બતાવવા ખાતર ખુદ **કંસ**, વરવધૂનો રથ જાતે હાંકતો હતો. આ બન્ને દેવ અને દૈત્યનાં કુટુંબોનો પૃથ્વી ઉપર પાછો આ પ્રમાણે ભેટો થયો! **કાળનેમિ**ના મિત્રો તથા અનુયાયીઓ હાથી, ઘોડો, ગધેડો, બગલો, અજગર, સ્ત્રી, મલ્લ વગેરે અનેક પ્રકારનાં રૂપો લઇને, અથવા ખંડિયા રાજાઓ અવતારો લઇને પ્રકટ થયા, અને તેથી મનુષ્ય તથા પશુ, પક્ષી અને પ્રાણી માત્રમાં ત્રાસ અને જુલમ થવા માંડયો. જ્યાં રાજાઓ જ દૈત્ય હોય અને પશુ પક્ષીઓમાં પણ દૈત્ય હોય ત્યાં પછી દુનિયાની કમબખ્તીનો પાર જ કયાં રહે? જ્યારે કઇ અને ભાર અસહ્ય થયો ત્યારે **પૃથ્વીએ** પિતા **બ્રહ્માને** અરજ કરી, એટલે તે બોલ્યા કે, "અંતરિક્ષમાં દેવ દાનવનું યુદ્ધ હતું તેમ પૃથ્વી ઉપર પણ એવું યુદ્ધ થયા વિના છુટકો નથી; આ માટે કેટલાક દેવોને કયારનાય પૃથ્વી ઉપર વિધવિધરૂપે મોકલ્યા છે, અને આગળની તજવીજ કરું છું." દેવતાઓને પૃથ્વીમાં અવતરવા આજ્ઞા કરતાં વિચાર થયો કે, "**વિષ્ણુ** ભગવાનની સહાય વિના કાર્ય પૂર્ણ થશે નહિ, તેથી તેમને પણ અવતરવા વિનંતિ કરીએ." પછી પોતે દેવ, ઋષિ અને મુનિને ભેગા લઈ **વિષ્ણુ** પાસે ગયા. **ક્ષીરસાગરને** કાંઠે જઇને **વિષ્ણુ**ની સ્તુતિ કરતાં આકાશવાણી

બ્રહ્માએ સાંભળી, અને તેનો મતલબ બધા દેવોને કહ્યો. એટલે કે, વ્યાવહારિક પક્ષે જોતાં અરજ કરી અને ખુલાસો મળ્યો, અંતઃકરણ આકાશરૂપે હોવાથી, તેવી સ્ફૂરણા અથવા વૃત્તિ અંતઃ-કરણ આકાશરૂપે હોવાથી તેવી સ્ફૂરણા અથવા વૃત્તિ અંતઃકરણમાં થઈ, તે આકાશમાંથી પછી ખાસ સલાહકારોની મહાન્ સભા (Privy Council ભરાઈ, ને વાટાઘાટ થઈ; **વિષ્ણુ** પ્રમુખપદે બિરાજ્યા. **પૃથ્વી**ની સુનાવણી થઇ, પૂર્વે અવતારો લઇને + તેમનું રક્ષણ કર્યું હતું તેમ આ વખતે કરવા **પૃથ્વી**એ વિનંતિ કરી. સુનાવણીનો ઉપસંહાર પણ કર્યો. બાકીના બીજા બધા તરફથી **બ્રહ્માએ** વકીલ તરિકે ભાષણ કર્યું અને પોતે કરેલી તજવીજ પણ નિવેદન કરી બોલ્યા કે, "બધા દેવો **પૃથ્વી** ઉપર જઇને એ દુષ્ટો સાથે યુદ્ધ કરવા ખુશી છે." અંતે **વિષ્ણુ** ભગવાને અનુમોદન આપી ઠરાવ કર્યો કે, "ભલે તેમ થાઓ. **ધૃતરાષ્ટ્રને** ઘેર **કલિયુગ** અવતર્યો છે, તેથી **પાંડુને** ઘેર **ધર્મ** અવતર્યા છે, એટલે બે પક્ષો પડશે અને યુદ્ધ થશે, માટે સૌ પોતપોતાની યોગ્યતા તથા જરૂરિયાત પ્રમાણે અંશાવતાર લઈ લ્યો; અને હું પણ **બ્રહ્મા**ના અભિપ્રાયને માન આપીને **પૃથ્વી**પર અવતરીશ." કચેરી બરખાસ્ત થઇ. આવાં દૈવી અને આસુરી સંપત્તિ વચ્ચેનાં યુદ્ધ કઈ પ્રજામાં નથી? **મીલ્ટન**નાં 'પેરેડાઇઝ લોસ્ટ' તથા 'પેરેડાઇઝ રીગેઈન્ડ', **શેક્સપીઅર**નું 'મેકબેથ', **ગીટી**નું ફાઉસ્ટ અને મહાન **ડેન્ટે**નું 'ડીવાઇન કોમેડી' શું બતાવે છે? મહાભારતના યુદ્ધમાં તો આ તત્ત્વ બીલકુલ સ્પષ્ટ છે. અસ્તુ.

બીજા બધા તો પૃથ્વીપર આવી ગયા, પરંતુ ખુદ **વિષ્ણુ** ભગવાન્ હજી સુધી ગયા નથી જાણી, સર્વવ્યાપી **નારદને**

+ દેવી ભાગવતમાં વિષ્ણુ સહિત બધા દેવી પાસે ગયા ત્યાં દેવીએ હુકમ કર્યો એમ કહેલું છે.

નામ **લારીવ્રજ (રાજગીર)**, **પટણા**થી ૪૦ માઇલ હતું એમ મનાય છે. **મથુરાં** શહેરનો અધિકાર **ઉગ્રસેન**ને આપેલો હતો, અને પ્રગણાનો **વસુદેવને** આપ્યો હતો; પરંતુ ઉપરનો **કુવલયાપીડ**નો પ્રસંગ કહ્યો તેનાથી **ઉગ્રશેન**નું રાજ્ય બહુ વધ્યું.

કુદરતની બલિહારી છે કે, તે જ કંસની બહેન એટલે તેના કાકા **દેવક**ની દિકરી જેને **ઉગ્રસેને** પુત્રી તરિકે ઉછેરી હતી, તે **દેવકી** શત્રુના ઘરમાં ગઈ એટલે કે તેના લગ્ન યાદવકુળના **શૂરસેન**ના પુત્ર **વસુદેવ** સાથે થયાં! **દેવકી** પર **ઉગ્રસેન**નો બહુ ભાવ હતો. અથાગ પ્રેમ બતાવવા ખાતર ખુદ **કંસ**, વરવધૂનો રથ જાતે હાંકતો હતો. આ બન્ને દેવ અને દૈત્યનાં કુટુંબોનો પૃથ્વી ઉપર પાછો આ પ્રમાણે મેળો થયો! **કાળનેમિ**ના મિત્રો તથા અનુયાયીઓ હાથી, ઘોડો, ગધેડો, બગલો, અજગર, સ્ત્રી, મલ્લ વગેરે અનેક પ્રકારનાં રૂપો લઇને, અથવા ખંડિયા રાજાઓ અવતારો લઇને પ્રકટ થયા, અને તેથી મનુષ્ય તથા પશુ, પક્ષી અને પ્રાણી માત્રમાં ત્રાસ અને જુલમ થવા માંડયો. જ્યાં રાજાઓ જ દૈત્ય હોય અને પશુ પક્ષીઓમાં પણ દૈત્ય હોય ત્યાં પછી દુનિયાની કમબખ્તીનો પાર જ કયાં રહે? જ્યારે કષ્ટ અને ભાર અસહ્ય થયો ત્યારે **પૃથ્વી**એ પિતા **બ્રહ્મા**ને અરજ કરી, એટલે તે બોલ્યા કે, "અંતરિક્ષમાં દેવ દાનવનું યુદ્ધ હતું તેમ પૃથ્વી ઉપર પણ એવું યુદ્ધ થયા વિના છુટકો નથી; આ માટે કેટલાક દેવોને કયારનાય પૃથ્વી ઉપર વિધવિધરૂપે મોકલ્યા છે, અને આગળની તજવીજ કરું છું." દેવતાઓને પૃથ્વીમાં અવતરવા આજ્ઞા કરતાં વિચાર થયો કે, "**વિષ્ણુ** ભગવાનની સહાય વિના કાર્ય પૂર્ણ થશે નહિ, તેથી તેમને પણ અવતરવા વિનંતિ કરીએ." પછી પોતે દેવ, ઋષિ અને મુનિને ભેગા લઈ **વિષ્ણુ** પાસે ગયા. **ક્ષીરસાગર**ને કાંઠે જઇને **વિષ્ણુ**ની સ્તુતિ કરતાં આકાશવાણી

બ્રહ્માએ સાંભળી, અને તેનો મતલબ બધા દેવોને કહ્યો. એટલે કે, વ્યાવહારિક પક્ષે જોતાં અરજ કરી અને ખુલાસો મળ્યો, અંતઃકરણ આકાશરૂપે હોવાથી, તેવી સ્ફૂરણા અથવા વૃત્તિ અંતઃ-કરણ આકાશરૂપે હોવાથી તેવી સ્ફૂરણા અથવા વૃત્તિ અંતઃકરણમાં થઈ, તે આકાશમાંથી પછી ખાસ સલાહકારોની મહાન્ સભા (Privy Council ભરાઈ, ને વાટાઘાટ થઈ; **વિષ્ણુ** પ્રમુખપદે બિરાજ્યા. **પૃથ્વી**ની સુનાવણી થઇ, પૂર્વે અવતારો લઇને + તેમનું રક્ષણ કર્યું હતું તેમ આ વખતે કરવા **પૃથ્વી**એ વિનંતિ કરી. સુનાવણીનો ઉપસંહાર પણ કર્યો. બાકીના બીજા બધા તરફથી **બ્રહ્મા**એ વકીલ તરિકે ભાષણ કર્યું અને પોતે કરેલી તજવીજ પણ નિવેદન કરી બોલ્યા કે, "બધા દેવો **પૃથ્વી** ઉપર જઇને એ દુષ્ટો સાથે યુદ્ધ કરવા ખુશી છે." અંતે **વિષ્ણુ** ભગવાને અનુમોદન આપી ઠરાવ કર્યો કે, "ભલે તેમ થાઓ. **ધૃતરાષ્ટ્રને** ઘેર **કલિયુગ** અવતર્યો છે, તેથી **પાંડુને** ઘેર **ધર્મ** અવતર્યાં છે, એટલે બે પક્ષો પડશે અને યુદ્ધ થશે, માટે સૌ પોતપોતાની યોગ્યતા તથા જરૂરિયાત પ્રમાણે અંશાવતાર લઈ લ્યો; અને હું પણ **બ્રહ્મા**ના અભિપ્રાયને માન આપીને **પૃથ્વી**પર અવતરીશ." કચેરી બરખાસ્ત થઇ. આવાં દૈવી અને આસુરી સંપત્તિ વચ્ચેનાં યુદ્ધ કઈ પ્રજામાં નથી? **મીલ્ટન**નાં 'પેરેડાઇઝ લોસ્ટ' તથા 'પેરેડાઇઝ રીગેઈન્ડ', **શેક્સપીઅર**નું 'મેકબેથ', **ગીટી**નું ફાઉસ્ટ અને મહાન **ડેન્ટે**નું 'ડીવાઇન કોમેડી' શું બતાવે છે? મહાભારતના યુદ્ધમાં તો આ તત્ત્વ બીલકુલ સ્પષ્ટ છે. અસ્તુ.

બીજા બધા તો પૃથ્વીપર આવી ગયા, પરંતુ ખુદ **વિષ્ણુ** ભગવાન્ હજી સુધી ગયા નથી જાણી, સર્વવ્યાપી **નારદ**ને

+ દેવી ભાગવતમાં વિષ્ણુ સહિત બધા દેવી પાસે ગયા ત્યાં દેવીએ હુકમ કર્યો એમ કહેલું છે.

લઇને **વિષ્ણુ** પાસે **બ્રહ્મા** પાછા ગયા, અને વિનંતિ કરી; ત્યારે તેઓ બોલ્યા કે-" હા, હું બધું જાણું છું, પરંતુ મારે જન્મ ક્યાં લેવો તેમાં તમારી સલાહની જરૂર છે." ત્યારે આગળનો ઇતિહાસ યાદ કરાવી મૂળના **સુતપા** પ્રજાપતિ તે બીજા અવતારમાં પ્રજાપતિ **કશ્યપ**ના આ ત્રીજા અવતાર શૂરવીર **વસુદેવ** હતા, તથા મૂળની **પૃથ્વી** તે **દેવકી** છે. તેમને ત્યાં જન્મ લેવાની-મૂળમાં વરદાન આપેલું તે બદલની-સૂચના આપી. અને **નંદ** જે આપના ભક્ત છે તેને ઘેર ઉછરીને મોટા થજો, એમ પણ સૂચવ્યું. **વિષ્ણુ**એ એ વાત સ્વીકારી, અને વ્યવસ્થા રચવા માંડી, તેમાં દેવો, દેવની સ્ત્રીઓ વગેરેને યાદવો, ગોવાળીઆ, ગોપીઓ અને ગાયોના રૂપથી સાથે લેવાની ગોઠવણ કરી, **દેવકી**માતાની કુખે પોતે જન્મ લેવા નિશ્ચય કર્યો. **નંદરાય** પ્રથમના યુગમાં બ્રાહ્મણના પુત્ર **દ્રોણ** નામના વસુ હતા, અને **યશોદા** તેમનાં સ્ત્રી **ધરા** હતાં. **બ્રહ્માએ** સૃષ્ટિ કરવાનું કહેતાં, તેણે ઊલટી ***ભગવાન**ની ભકિત માગી, ને **બ્રહ્માએ** વરદાન આપ્યું. તેથી શ્રીકૃષ્ણે તેમને ઘેર જન્મ લઇ બ્રહ્માનું વરદાન સાર્થક કર્યું.

શાસ્ત્રમાં શ્રીકૃષ્ણે **નારાયણ***ઋષિનો અવતાર કહેલો જોવામાં આવે છે. શ્રીમદ્‌ભાગવત્ તથા બીજાં પુરાણોમાં એમને **વિષ્ણુ**ના અંશાવતાર કહ્યા છે. પણ ખરું જોતાં શેષશાયી ભગવાન **નારાયણ**, **મહાવિષ્ણુ** અથવા ભૂમા ભગવાન્ અથવા પરમવ્યોમ **નારાયણ**ના અવતાર છે. અન્ય પુરાણમાં કહ્યું છે કે **બ્રહ્મા**ના હૃદયમાંથી ધર્મ થયો, તેની દસ સ્ત્રીઓ તે **દક્ષ**ની પુત્રીઓ તથા ચાર પુત્રો-**હરિ**, **કૃષ્ણ**, **નર**, **નારાયણ**; **હરિ** ને **કૃષ્ણે** યોગાભ્યાસ કર્યો, ને **નર** **નારાયણ** બદરિકાશ્રમમાં તપ કરવા ગયા. **કૃષ્ણ**

---

* ફક્ત હરિવંશમાં આકાશવાણીની વાત દેખાતી નથી.

તત્ત્વનું રહસ્ય તો એ છે કે **શ્રીકૃષ્ણનાં** એ બધાં સ્વરૂપ છે અને બધાનું મૂળ–બ્રહ્મ તે જ **શ્રીકૃષ્ણ.**

ઉપર કહ્યા મુજબ **કંસ** જ્યારે **વસુદેવ દેવકીનો** રથ, બહેન-બનેવીને વિદાય કરતી વખતે ઘણા હર્ષથી જાતે હાંકતો હતો, ત્યાં ×આકાશવાણી થઇ કે,-" હે મૂર્ખ ! આ દેવકીનો આઠમો ગર્ભ પુત્ર તને મારશે." **કંસ** એકદમ ચમકયો, અને **દેવકીને** મારવા એણે તલવાર કાઢી, પણ માયાના આવરણ અને **વસુદેવની** કામગીરીથી અટકયો. કેટલાક આધુનિક તાર્કિક વિદ્વાન કહે છે કે, વંશપરં-પરાની **વસુદેવના** બાપની ગાદી **ઉગ્રસેને** ગળાવી હતી, અને ગરીબ **વસુદેવને** પોતે ઉછેર્યો હતો તેથી **કંસને વસુદેવની** બીક રહેતી હતી. તે બીક **દેવકીના** સંબંધથી મટી; પરંતુ પાછું અંતઃકરણનું પાપ ઉભરાવાથી શંકા આવી, અને એમ લાગ્યું કે દુશ્મનને આ લગ્નથી સંતાન થશે તે જરૂર વેર લેશે, તેથી બહેનને જ મારી નાખું, એમ ધારીને મારવા ઊઠયો; પરંતુ આ તર્કો માત્ર કલ્પનાજન્ય દેખાય છે.

નારદ મુનિ **કંસને** જઈ મળ્યા, અને પાછલી વાત એને તાજી કરી આપી. **કંસ** પાછો શંકામાં પડયો. નિડર અને પરા-ક્રમી છતાં પણ ડહાપણ વાપરીને એના મંત્રીઓની સભા ભરીને ચર્ચા કરી; તેમાં છેવટે **દેવકીનો** વધ કરવાનો ઠરાવ થયો. **વસુદેવે** પુષ્કળ દલીલ કરી છતાં એ ન ફાવ્યા, ત્યારે એમણે બીજી યુકિત કરી અને વચન આપ્યું કે, મારાં જે સંતાન થશે તે હું તમારી આગળ રજૂ કરીશ, પરંતુ હાલ આ આપની બહેનને મારવાનું બંધ રાખો. આ યોજના પસંદ થઈ. બન્નેને કારાગૃહમાં નાંખ્યા. **દેવકીને** પ્રથમ પુત્ર થયો કે તરત તેને **કંસની**

×દેવી ભાગવતમાં કહ્યું છે કે બ્રહ્માની સ્તુતિથી નારાયણે ધોળો વાળ આપ્યો તે બળદેવ, અને શેષનાગે કાળો આપ્યો તે કૃષ્ણ.

પાસે રજૂ કર્યો. **વસુદેવ**નાં યુકિતવાળાં વચનોથી તેને એ છોડી દેતો હતો, ત્યાં પાછું **નારદજી**એ સમજાવ્યું કે,–"યાદવો તથા નંદાદિક સર્વે દેવોના અવતાર અને તમારા પૂર્વના શત્રુ છે, માટે ચેતજો. વળી આઠમો તે કયો એ કેમ સમજાય?" ગોળાકારમાં આઠ લખોટા મૂકીને એમણે પૂછયું કે આમાં આઠમો કયો? **કંસ**ને પાપમાં પ્રેરવાને માટે, બધાંને મારવા વગેરે કહીને એમણે **કંસ**ને ઉશ્કેર્યો. બાળકને **કંસે** માર્યો અને પછી એ યાદવોને કનડવા લાગ્યો. પોતાના મનમાં પણ પૂર્વજન્મના સંસ્કાર સ્ફૂરવા માંડયા, આ પ્રમાણે એક પછી એક છ પુત્રોને કંસે માર્યાં.

સાતમો ગર્ભ **દેવકી**ના ઉદરમાંથી **યોગમાયા** પાસે કઢાવી લઇને **રોહિણી**ના ઉદરમાં મૂકાવ્યાથી **રોહિણી** ગર્ભવતી થયાં. **રોહિણી**ને **વસુદેવે** પ્રથમથી જ વ્રજમાં **નંદ** પાસે મોકલી દીધાં હતાં. આ છ પુત્રોની રચના **વિષ્ણુ**એ એવી રીતે કરી હતી કે, **કાળનેમિ**નો અવતાર **કંસ** હતો તે **કાળનેમિ**ના છ પુત્રોને **દેવકી**ના ગર્ભમાં ઉત્પન્ન કરાવી, **કંસ**ના પોતાને હાથે, એટલે કે દિકરાઓને બાપના હાથે મરાવ્યા !+ આમાં એમણે દૈત્યવૃત્તિના વિકાસની અને માયાના પરિબળની પરિસીમા બતાવી છે. પછી એમણે **યોગમાયા**ને કહ્યું કે "ઉપર કહેલો સાતમો ગર્ભ શેષનો અવતાર છે, તેને છઠ્ઠે મહિને **રોહિણી**ના ગર્ભમાં મૂકી આવજે, તેથી **કંસ**ના ત્રાસથી **દેવકી**નો ગર્ભ પડી ગયો એમ ગપ ચાલી જશે, પછી આઠમા ગર્ભમાં હું આવીશ, તે વખત તું **યશોદા**ના ગર્ભમાં રહેજે, મારો અને તારો અદલોબદલો **વસુદેવ** કરશે,

---

+ કશ્યપે વરૂણની ગાયો લઈ લીધી હતી તે પાછી ન આપી. બ્રહ્માએ કહ્યું પણ એમનું ન માન્યું, તેથી તેમના શાપથી કશ્યપ તે વસુદેવ અને દિતિ અદિતિ તે દેવકી રોહિણી થયાં. વસુદેવ દેવકીએ કારાગ્રહ ભોગવ્યો. પાછું દિતિના શાપથી કંસે છ દીકરાને મારી નાખ્યા. આ છએ પુત્રો પાછા બ્રહ્માના વરદાનથી નક્ષત્રો થયા.

અને તને કંસ પછાડે ત્યારે તારું રૂપ પ્રકાશીને કંસને ચેતવણી આપજે. અદલા બદલા વખતે તમામ સંબંધકર્તા મનુષ્યો તથા જડ ચેતનને તું દિઙ્મૂઢ કરજે.

દેવકીનો સાતમો ગર્ભ આ પ્રમાણે ગળ્યાની વાતમાં કંસને શંકા પડી ચૂકી હતી, અને તેથી વસુદેવના પક્ષના કેટલાક યાદવોને એ વધારે પીડવા માંડ્યો; તેમ વસુદેવ દેવકી ઉપર વધારે સખ્ત જાપ્તો રખાયો, એણે ઉગ્રસેનને પદભ્રષ્ટ કરીને ગાદી પોતે લીધી. કંસનો ત્રાસ થતાં કેટલાક યાદવો નાસી ગયા અને કેટલાક ટકી રહ્યા. આઠમા ગર્ભમાં વિષ્ણુ પધાર્યા, તેથી દેવકીજીનું સ્વરૂપ ઓર થયું. ચોતરફ તેજ મારવા માંડ્યું. કંસ ચેત્યો, પણ એક સ્ત્રીને કેટલા ખાતર મારવી એમાં પરાક્રમની હાની સમજી, વિષ્ણુની માયાથી મોહિત થઈ, ગર્ભને વધવા દીધો. વિષ્ણુ ભગવાને, જન્મ વખતે ચતુર્ભુજ સ્વરૂપે પ્રથમ પ્રકટ થઈને વસુદેવ દેવકીને, પૂર્વ જન્મમાં વરદાન માગ્યા મુજબ, પુત્ર થઈને આવવાનું વચન આપેલું હતું તેનું સવિસ્તર સ્મરણ કરાવ્યું. આ વચન માગવામાં આવ્યું હતું તેમાં પણ રહસ્ય+ છે.

માતપિતાએ ભગવાનની સ્તુતિ કરી, અને મનુષ્યરૂપ ધારણ કરવા વિનંતિ કરી, તથા હવે અમારે શું કરવું તે માટે પણ આજ્ઞા માગી, એટલે અદલાબદલાની જે પ્રસિદ્ધ વાત છે તે બધી તેમણે યુક્તિસર સમજાવી. યશોદાને પણ મોહનિદ્રા થવાથી, એ સુષુપ્તિમાં હતાં. શ્રીકૃષ્ણના રૂદનરૂપી ૐના સ્વરથી એ જાગ્યાં ત્યારે પારણામાં પુત્ર જોયો. તેવી રીતે વસુદેવે પાછા આવીને

+ શુક્રાચાર્યનો વિષ્ણુને શાપ હતો કે તમે મારી માને મારી. માટે તમે ગર્ભવાસનું દુઃખ ભોગવીને અવતાર લેજો. એકંદરમાં તો તેના કારણથી વરદાન મગાવાથી અવતર્યા હતા.

દેવકીની સોડમાં યોગમાયાને મૂકી. બાળકના રડવાનો અવાજ થતાં જ **કંસને** વરદી મળી, તે ઉપરથી તલવાર લઇને જાતે મારવા દોડયો, ત્યારે **દેવકીએ** કહ્યું કે,–"ભાઇ! આ પુત્ર નથી પણ પુત્રી છે; ૭ પુત્રો માર્યા અને આ એક પુત્રી છે તે તને શું કરનાર છે? માટે તેને જીવતી રહેવા દે;" પણ એણે ન માન્યું. તેથી છેવટ સોંપી; તેને પત્થર ઉપર પછાડતાં આકાશમાં એણે **યોગમાયા**રૂપે પ્રકટ થઇને **કંસને** કહ્યું કે,–"હે મૂર્ખ! તારો શત્રુ તો આજે જ બીજે ઠેકાણે જન્મ્યો છે." આ ઉપરથી **કંસે** બહેનની ક્ષમા માગીને, લજવાઇ જઈ બન્નેને છોડી મૂક્યાં અને અરસપરસ તત્ત્વજ્ઞાનના બોધથી શાન્તિ આપી.

ઉપર મુજબ કૃષ્ણજન્મ બદલનો ઇતિહાસ ઉપલબ્ધ છે. 'ઇતિહાસ' શબ્દ ખાસ વાપરવામાં આવે છે. કેમકે હાલ જોઇએ છીએ તો ઇજિપ્ત, ઇરાન, ચીન, રોમ તથા ગ્રીસનો કંઇક પ્રાચીન ઇતિહાસ મળી આવે છે, પણ તે સિવાય કોઈ દેશનો પ્રાચિન ઇતિહાસ ઉપલબ્ધ નથી. વાસ્તવમાં હજાર વર્ષ ઉપરાંતનો ખરો ઇતિહાસ ભાગ્યે જ કોઈ દેશમાં ખરો લખાયો છે. તેમાં પણ પરદેશીઓના ઝનૂનમાં લાખો કરોડો પુસ્તકો બળી ભસ્મ થઇ ગયાં છતાં જે કંઇ બચ્યું છે તે ઉપરથી દેખાય છે કે ગમે તેવા સ્વરૂપમાં પણ પ્રાચીન દેશોમાં પણ ઘણો પ્રાચીન ઇતિહાસ હોવાનું માત્ર ભરતખંડને જ માન મળે છે. હાલ પ્રત્યક્ષ જોઈએ છીએ કે જે તે દેશના લોકો પોતાનો ઇતિહાસ પોતાની મરજી મુજબ લખે છે, અને બીજાઓ પણ તે પ્રમાણે લખે છે. **નેપોલિયનનું** વૃત્તાંત ફ્રેન્ચો લખે છે તે જુઓ અને યુરોપના બીજા દેશોમાં લખાય છે તે જુઓ. **નેપોલિયનનો** ઇતિહાસ લખનાર અમેરિકન **એબટનું** પુસ્તક જુઓ અને બીજાઓનાં જુઓ. હિંદુસ્તાનના મુસલમાન રાજ્ય અમલનો ઇતિહાસ મુસલમાન

લખે છે તે જુઓ, હિંદુ લખે છે તે જુઓ, અને યુરોપિયન લખે છે તે જુઓ. બંગાળાના 'બ્લેક હોલની' બધી બીના બનાવટ છે એમ કહેનાર બંગાળી વિદ્વાન હાલ મોજૂદ છે. મરાઠા, રજપુત વગેરેના ઇતિહાસનું પણ તે જ પ્રમાણે છે. હમણાના જમાનામાં પણ આ સંબંધમાં ખુલ્લી ચર્ચા ચાલે છે.કે ખરા નિષ્પક્ષપાતી ઇતિહાસ લખાવા મુશ્કેલ છે. સ્થળસમયપરત્વે સઘળું થાય છે. હમણાં થઈ ગયેલી યાદવાસ્થલિ જુઓ, બન્ને પક્ષનાં વૃત્તાંતો જુઓ, તેમાં રસ અલંકારના કેવા શણગાર સજાય છે? વળી દરેક લખાણ 'સેન્સર'(પ્રકટ થયા દેવા લાયક છે કે કેમ, તે તપાસી પછી આગળ જવા દેવા પરવાનગી આપવા માટે સરકારથી નિમાએલા નોકર)ના હાથ તળે થઈને જાય છે, ખાનગી કાગળોની પણ તે જ સ્થિતિ ! જ્યારે આધુનિક સુધારાની ટોચે ગયેલા કહેવાતા જમાનાનું આ પ્રમાણે છે, તો પછી ચીન, મિસર, ગ્રીસ, રોમના કરતાં પણ આગળની આ વાત છે તો એ વખતના સંજોગોનું અત્યારે શું કહી શકાય ? તેથી સ્થળ સમય, પાત્ર, રસ, અલંકાર એમ અનેક બાબતો ધ્યાનમાં લઇને સારાસાર બુદ્ધિ વાપરીએ તો કૃષ્ણચરિત્રને પણ ઇતિહાસ કહેવા કોઇ જાતનો બાધ દેખાતો નથી, ઘણી વાર કહી ગયા છીએ તેમ શણગારનો ભાગ જેટલો જેને લાગે તેટલો ભલે છોડી દે. આપણે રોજની ભાષામાં સાધારણ વાતમાં શણગાર કરીએ છીએ તો પછી શ્રીકૃષ્ણને રસાલંકાર વિશારદો શણગાર સજાવે તે સામે શા માટે વાંધો હોય ? આપણો વ્યાવહારિક દષ્ટિનો મુખ્ય હેતુ એ જ છે કે, કૃષ્ણચરિત્ર ઉપરથી સાર શું લેવાનો છે તથા તેમાં રહસ્ય શું છે, તે જોવું. રૂપક, વિકૃતિ વિગેરે બાદ કરતાં પણ ઇતિહાસનો ભાગ પૂર્ણ રહે છે; અને આપણે જરૂર પણ તેની જ છે, કેમકે પ્રસ્તુત પ્રસંગે માનવદષ્ટિથી પૂર્ણ માનવરૂપે પણ તેમને જોવાનું સ્વીકાર્યું છે.

સ્થૂળમાં રાક્ષસ, દૈત્ય વગેરે દુષ્ટોનું નિકંદન કરવાનો હેતુ **શ્રીકૃષ્ણાવતાર**માં દેખાય છે, પરંતુ **ધર્મસંસ્થાપનાર્થાય**માં જરા રહસ્ય છે. તે એ કે, શુષ્ક જ્ઞાન તથા સકામ યજ્ઞયાગાદિથી ધર્મની પાયમાલી જોઇને ભક્તિમિશ્ર જ્ઞાનનો પ્રત્યક્ષ બોધ આપી, લોકોનાં મન કોમળ કરી, અધિકાર પરત્વે દરેકને માર્ગે ચઢાવી, સંસારમાં રહી સંસારના આનંદ સાથે બ્રહ્માનંદનો અનુભવ લઈ બતાવવા માટે એ અવતાર હતો એમ અધિકારી વર્ગને દેખાયા વિના નહિ રહે. શાસ્ત્રોની પ્રવૃત્તિ તે સમયમાં કામ્ય કર્મમાં બહુ હતી, તેથી **શ્રીકૃષ્ણે** નિષ્કામ કર્મનું રહસ્ય તથા બળ શીખવાડીને બોધ આપ્યો. તથા ફળની અપેક્ષા વગરનું કર્તવ્ય કહીને પ્રેમલક્ષણાભક્તિ કરવાનાં તત્ત્વો એમણે શીખવ્યાં જેને લીધે મનુષ્યમાત્રને મુક્તિ સુગમ થઈ પડી, ધર્મની ફરી સંસ્થાપના થઈ અને અવતારનું સાર્થક્ય પણ થયું.

હવે ઉપરના ચરિત્રના ઇતિહાસને વ્યાવહારિક દૃષ્ટિથી જોતાં, **ચંદ્રનું** કૃત્ય સાધારણ પ્રકારનું હતું એમ કહેવા બિલકુલ વાંધો નથી, **ચંદ્ર, બૃહસ્પતિ, તારા** ઇત્યાદિ દેવ કોટિના જીવો સૂક્ષ્મરૂપે હતા એમ કહીએ તો પછી સ્થૂળ દૃષ્ટિથી જોવાનું અથવા તે ઉપર વિચાર કરવાનું રહેતું **નથી.** એને તદ્દન ગપ કહેનારા માટે પણ કંઈ કહેવાનું નથી, આત્મજ્ઞાની માટે કંઇ કહેવાનું હોય જ નહિ, કેમકે તેઓ તો સદા આનંદમાં જ હોય છે, અને તેમને બધું સમાન છે; તેથી સ્થૂળરૂપ માનીને સ્થૂળ દૃષ્ટિથી જોઇશું તો જ તેનું વિવરણ થઇ શકશે. આ પ્રમાણે સ્થૂળ જડવાદી માટે હવે એમ માનીએ કે એ બધા જીવો નામ-રૂપ-વાળા મનુષ્યો હતા. **ચન્દ્રની** આવી નઠારી વાત ખુલ્લી મૂકવામાં શાસ્ત્રના અનેક હેતુ દેખાય છે. પ્રથમ તો એ કે, હાલ જેવો દંભ છે તેવો પૂર્વે નહોતો. દૃષ્ટિનું બંધારણ જેવું

ને તેવું ચાલ્યું આવે છે. પ્રાણી માત્રની પ્રકૃતિ સારા નરસા ઉપર સંસ્કાર પ્રમાણે સહજ જાય છે. આવી કુદરતની ગતિ બતાવવા આગળના ઋષિ મુનિઓ જેવું દેખે, સાંભળે અને માને તેવું જ લખતા હતા, અને તે પણ પ્રામાણિકપણે હિંમતથી લખતા હતા. હાલની પદ્ધતિમાં તો દુર્ગુણો છુપાવી, સારી વાત આગળ મૂકીને દુનિયાને ઠગવા જેવો ધંધો દેખાય છે; તેવું પૂર્વે નહોતું, એમ એકંદર શાસ્ત્રો ઉપરથી સ્પષ્ટ સમજાય છે. "સેન્સર" ના તત્ત્વની હયાતી પ્રાચીનકાળમાં દેખાતી જ નથી. હાલ જેમ ઘણી વખત બને છે તેમ પૂર્વે પણ કવચિત્ બન્યું હોય તેમાં શું આશ્ચર્ય? **ચન્દ્ર** વગેરે દેવતાઓ એટલે કે પ્રતિષ્ઠિત મનુષ્યો, હાલ આપણે અનેક પ્રચલિત દસ્તાવેજી નવલકથાઓમાં જોઇશું તો પાશ્ચાત્ય '**ચન્દ્ર**' જેવા રજવાડા અથવા ઉમરાવોને ત્યાં પ્રસંગો બને છે, અગર તેનાં વર્ણન વાંચીએ છીએ. તેવાં આ રૂપક માનવાને જડવાદીને વાંધો હોઇ શકે નહિ. આ વ્યક્તિઓને ગમે તે માનો પણ આપણા ધોરણે જ તેમને માટે વિચાર કરવો પડશે. બીજી રીતે વિચાર કેમ કરીને થઇ શકે? **ચન્દ્ર** જેવા કોઇ પ્રકાશવાળા એટલે તેજસ્વી બળવાન પુરુષ, **તારા**નું રૂપ દેખીને, ગુરુપત્ની માતા સમાન છતાં, બુદ્ધિ બગડવાથી તેને લઇ ગયો, તેમાં અસંભવિત શું છે? પછી **બૃહસ્પતિ**ની ફર્યાદથી ક્લેશ ઊભો થયો. **ચન્દ્ર** પણ સદ્ધર આસામી હોવાથી પક્ષો બંધાયા, તેમાં દેવના દુશ્મન દૈત્ય પણ ભળ્યા. ગમે તે પક્ષમાં જાય તો પણ દેવનો જ ખોડો નીકળવાનો હોવાથી, તેમને ઠીક લાભ મળ્યો. દૈત્યના બળથી દેવો હાર્યા, પણ **વિષ્ણુ**એ **કાળનેમિ**ને મારીને દૈત્યોનો સંહાર કર્યો, અને **તારા** પાછી અપાવી. આ બધી વાતમાં શું અસંભવિત છે? હવે જો આ બધી બીનાને સરલ જ્ઞાનદૃષ્ટિથી જોવી હોય તો દેવ તથા દૈત્ય તે ગુણ અને દુર્ગુણ,

અજવાળું અને અંધારું, જ્ઞાન અને અજ્ઞાન એ બધા વચ્ચેનો કલહ છે, એવો ધ્વનિ છે. સ્થૂળ ન માનનારને મનાવવા આગ્રહ શા માટે જોઈએ ? આપણે તો હરેક રીતે સાર કાઢી રહસ્ય જોવું છે.

હવે દૈત્યો પૃથ્વીપર અવતર્યા એમાં હિંદુધર્મશાસ્ત્રને તો કંઇ શંકા જ નથી. જૈન, બૌદ્ધ, જરથોસ્તી વગેરેને પણ શંકા નથી. માત્ર ઈસ્લામી અને ખ્રિસ્તિ ધર્મમાં પંચાત છે; પરંતુ તેમાં પણ પ્રાચીન અને પયગંબરોનાં કથનમાં તથા સુફી મઝહબમાં વાંધો નથી. વળી હાલના સ્પિરિચ્યુએલિઝમના જમાનામાં પુનર્જન્મ વિરુદ્ધ સુધરેલી પ્રજાઓથી બોલી શકાય તેમ નથી. થિયોસોફીએ તો સ્પષ્ટ ખુલાસો કરી આપ્યો છે. સૂક્ષ્મ અને જ્ઞાનરૂપમાં લેવું હોય તો જેમ સ્થાવર જંગમ સર્વમાં ચાર વર્ણ શાસ્ત્રો બતાવે છે તેમ મનુષ્યજાતિમાં રાજાઓમાં, પશુ પક્ષી વગેરેમાં તેમ જ ચર અચર સર્વમાં દેવ અને દૈત્ય, એટલે સારા અને નઠારા જોવામાં આવે છે. પૂર્ણ ગુણ અથવા પૂર્ણ દોષ એક ઠેકાણે દેખાતો નથી. પ્રશ્ન માત્ર પ્રમાણનો છે. પૂર્ણપણું તો પુરુષોત્તમમાં છે. હવે જેમ ઉત્તમ કુળમાં પણ દુષ્ટાત્મા પાકે છે તેમ એક જ **કશ્યપ**ની દેવ, દૈત્ય, રાક્ષસ ઇત્યાદિ સંતતિ હતી. **દિતિ** અને **અદિતિ** સગી બહેનો છતાં તથા તેમનો એકજ સ્વામી છતાં એકના દૈત્ય અને બીજાના દેવ થયા ! વળી **પુલસ્ત્ય**ના પૌત્રોમાં બે રાક્ષસગુણસંપન્ન, અને એક રાક્ષસ છતાં દેવગુણસંપન્ન ! ધર્મવીર **અંગ**ને ઘેર દુષ્ટ **વેન** પુત્ર, અને દુષ્ટ **વેન**ને ઘેર વિષ્ણુના અંશાવતાર **પૃથુ** અને **લક્ષ્મી**ના અંશાવતાર **અર્ચિ** ! **હિરણ્યકશિપુ** ને ઘેર **પ્રહ્લાદ** ! આ પ્રમાણે કુદરતના અનેક ખેલથી ભરેલા સંસારમાં હર હંમેશાં અનેક રંગ જોવામાં આવે છે. તેમ દૈત્યના અવતારોમાં **ઉગ્રસેન** સારા પાકયા, એ પણ કુદરત છે. દેવ, ગંધર્વ આદિ

અવતારોમાં પાંડવો વગેરે હતા, પણ ઘણે ભાગે ક્ષત્રિય, રાજાઓમાં તે વખતે દૈત્યો એટલે દુષ્ટ રાજાઓ પાકયા હતા, તેમનો ગર્વ તથા અહંકાર અપૂર્વ હતો; દૈત્યો આવ્યા કે દેવોને આવવું જ પડે; કેમકે નઠારાના મુકાબલામાં જ સારું કહેવાય છે. વળી નઠારા અને સારા વચ્ચે સંપ હોઈ શકે નહિ એ સ્પષ્ટ છે. અમૃત અને વિષ એક જ સ્થાનમાં હોઈ શકે નહિ; એટલે કે જેમ સૂક્ષ્મ સૃષ્ટિમાં દેવ દાનવ લડે છે. તેમ સ્થૂલ સૃષ્ટિમાં પાપ અને પુણ્ય લડે છે. અને આજ સુધી થતું આવ્યું છે, તેમ અંતે પુણ્ય એટલે કે સત્યનો જય થાય છે.

હવે **ઉગ્રસેન** તથા તેની રાણી બન્ને સત્પાત્ર છતાં તેમનો પુત્ર **કંસ** દુષ્ટ કેમ? તેનો ખુલાસો ઉપર કહ્યા મુજબ પ્રભુની માયામાં છે, **દ્રુમિલે** એકદમ વેશપલટો કર્યો એ પણ સમજી શકાય તેમ છે. હાલ પણ એક પ્રખ્યાત અંગ્રેજ દર સેકંડે વેશ પલટી શકે છે. જાદુગરીના તમાશા તથા નાટકો અને સિનેમા જોઈએ છીએ તેમાં શું છે? ડિટેક્ટિવની વાર્તાઓ તેમ જ રાજ્યોના છૂપા જાસૂસોની વાર્તાઓમાં પણ એકદમ રૂપ બદલવાનું કેટલું જોવામાં આવે છે? રાણી આ પ્રમાણે ઠગાય તેમાં શું આશ્ચર્ય? જ્યારે શંકા પડી ત્યારે શાપ આપ્યો અને **દ્રુમિલે** સમાધાન કર્યું તે નહિ માનતાં શાપ કાયમ રાખ્યો. શું પવિત્રતા, શું ધૈર્ય અને સદ્‌ગુણ ઉપર અડગ અચળ ભાવ! "ઓછું પાત્ર ને અદકું ભણ્યો" એ ન્યાયથી મૂળ **કાળનેમિનો** જીવ, અરે પાછો **દ્રુમિલની** માર્ફતે પ્રકટ થયો એટલે કંસની દુષ્ટતામાં શી મણા રહે? **કાળનેમિની** દુષ્ટતા સાથે શૌર્ય અને ધૈર્ય એનામાં આવ્યાં, છતાં કવચિત્ દયા વગેરે સદ્‌ગુણો પ્રકટ થતા હતા તે તેમની માતા તરફના હતા એમ માનીએ.

દેવોની સભામાં **પૃથ્વી** અરજ કરવા ગઈ, એ પણ સહજ વાત છે, હાલના પ્રસંગ માટે મનુષ્યના ચાર વિભાગ કરીએ, (૧) સૂક્ષ્મદષ્ટિથી જોનારા, (૨) જ્ઞાનદષ્ટિથી જોનારા, (૩) સ્થૂળથી જોનારા, અને (૪) દષ્ટિ બંધ કરીને જોનારા. પહેલા બીજા અને ત્રીજા પ્રકાર માટે બધું છે, પણ ચોથા વાળા માટે કંઇ કહેવાનું રહેતું નથી. અસ્તુ. **પૃથ્વી** ફર્યાદે ગઇ એટલે **પૃથ્વી** પણ સૂક્ષ્મદેહથી ગઈ અથવા શ્રદ્ધાળુ સ્થૂળ દષ્ટિવાળાને હિસાબે કહો તો **પૃથ્વી** જાતે ગઇ. જ્યારે જડ ચેતન બધામાં જીવ છે એમ સર જગદીશ **બોઝે** પાશ્ચાત્યોને સાબિત કરી બતાવ્યું છે તો પછી **પૃથ્વીનો** એક સમગ્ર જીવ માનવાને પણ શો વાંધો ? જડવાદી માટે કહીએ કે લોકોએ ફર્યાદ કરી. ટૂંકામાં હરેક પ્રકારે પણ **પૃથ્વી**ની પીડા સૃષ્ટિકર્તાને, અથવા રાજ્યકર્તાને, કે યોગ્ય અધિકારીને કાને ગઇ. ફર્યાદ ઉપરથી જે તજવીજ થઈ છે, એ તો સહજ ગમ્ય છે. જે સત્તાધારીની આગળ ફરિયાદ ગઇ, તેણે પોતાના સલાહકારની સભા ભરીને મોટેરા વિષ્ણુની સહાય માગી અને અંતે બધી વ્યવસ્થા થઇ, તેમાં જડવાદીને કંઈ અસંભવિત જેવું દેખાશે નહિ.

પુનર્જન્મ શું અને કારણદેહ કેવી રીતે જન્મ લે છે તે, સમજનારને તો દીવા જેવું સ્પષ્ટ છે કે જીવાત્મા બરાબર સમજીને અમુક ઠેકાણે જન્મ લે છે. જ્ઞાનવાળાને જન્મ નથી અને મરણે નથી; દેવ નથી દૈત્ય નથી; શત્રુ નથી મિત્ર નથી.

હવે વિષ્ણુ તથા બ્રહ્માની યોજના પ્રમાણે બાજી રચાઈ, અને પૃથ્વી પર યુદ્ધો જન્મ્યાં, એમાં ચારમાંથી કોઇ પ્રકારવાળાને વાંધો હોઇ શકે નહિ, કેમકે બધું સ્થૂળમાં છે.

જ્યાં વિષ્ણુ ત્યાં તેમના સોબતી (પાર્ષદ) સાથે જોઇએ. તેમના દેવ, ગંધર્વ, અપ્સરાઓ, દેવપત્નીઓ ઇત્યાદિ બધાં સાધનો

એ પ્રમાણે ગોઠવાયાં. શ્રુતિઓ ગાયો થઈ. ઋષિઓ વાછરડા થયા, દેવતાઓ ગોપ થયા, આ પ્રમાણે બધાં વહેંચાઇ ગયાં.

હવે આ તરફ માયાનું આવરણ જુઓ કે, આકાશવાણી અગર કેટલાક કહે છે તેમ જોશીઓની ચેતવણી કહો, અથવા કંસના પોતાના પાપી અપરાધી અંતઃકરણનો ગેબી નાદ કહો અથવા હાલનું ventriloquism કહો, પણ શત્રુ છે એમ એ સમજ્યો. એટલું જ નહિ પણ **નારદે** ખબર આપી, છતાં ગર્વમાં એણે કોઇનું માન્યું નહિ; **વસુદેવે** ગમે તેવી યુક્તિથી પણ **દેવકીને** મૃત્યુમાંથી બચાવ્યાં. કંસને કંઇક માયાએ ઘેર્યો, અને કંઇક પોતાની બડાઈમાં માર્યો ગયો. ગર્વિષ્ટ ગાફેલ મનુષ્યની એવી જ દશા હોય છે. કર્નલ **પોફામ** અમદાવાદના દરવાજા પાસે આવ્યો તો પણ **શેલુગર** કહેતો રહ્યો કે 'આવવા દ્યો' (**येउद्या**)! દેવકી વસુદેવનો કારાગૃહવાસ અને તેમના ૭ પુત્રોનો **કંસને હાથે** વિનાશ થયો એ પણ કાળની ગતિ, માયાનો મોહ અને ઇશ્વરની અગમ્ય અતર્ક્ય રચના! સાધારણ સંસારના વ્યવહારમાં તથા વાર્તાઓમાં એવા અનેક પ્રસંગો જોઈએ છીએ કે, કુટુંબના આગેવાનો કપાઈ મરે અને તેમનાં છોકરાં પ્રેમલગ્નોની ગાંઠથી જોડાય અને પછી છેવટે બન્ને પક્ષ ભેગાં મળીને આનંદ કરે! પાશ્ચાત્યોમાં તો એવું ઘણીવાર બને છે!

સાતમા ગર્ભની વાત જરા ખુલાસો માગે તેવી છે. યોગમાયાના જોરથી પાંચ માસનો ગર્ભ **રોહિણીમાં** મૂકાયો, એ કાં તો સૂક્ષ્મ શકિતનો પ્રભાવ માનો, અથવા કાંઈ વૈદ્યકીય પરાક્રમ માનો, અગર હાલની કહેવાતી 'સ્પિરિચ્યુએલીઝમ'ની શકિત માનો, કાં તો છોડ પાંગર્યો માનો, અથવા દેવકીનું બાળક **રોહિણી**-ને પહોંચાડયું એમ તર્ક કરનાર મળે તો તેમ પણ માનો. ગમે તેમ માનો પણ **રોહિણીને** પુત્ર થયો અને તેનું નામ **સંકર્ષણ**

સાર્થક પડ્યું. રોહિણીને વ્રજમાં પ્રથમથી જ નંદ પાસે મોકલી દીધાં હતાં. એ તો સયુક્તિક છે. દેવકીનો ગર્ભ ગળી ગયો, પરંતુ શી રીતે ગળ્યો વગેરે વાત ખૂબ ચર્ચાઈ. પણ કંઈ પત્તો લાગ્યો નહિ, ને 'કોથળામાં પાંચશેરી ફૂટાણી.' એમ પણ ગપ ચાલી કે, રોહિણીજીને છોડ પાંગર્યો. એક જ રાજ્યમાં એક જ કુટુંબમાં અથવા એક જ કચેરીમાં અનેક જાતની સાચી જૂઠી વાતો ચાલે છે તે, સમક્ષ જોયા છતાં પણ નિર્ણય થઈ શકતો નથી એમ હંમેશના અનુભવની વાત છે. એક સ્ત્રીને અથવા એક પુરુષને કેટલાક વ્યભિચારી કહે છે અને કેટલાક પવિત્ર કહે છે. એક જ અમલદારને કેટલાક પ્રમાણિક કહે છે અને કેટલાક લાંચીઆ કહે છે. એક જ સાધુને કેટલાક સ્વાર્થી કહે છે અને કેટલાક વિરક્ત કહે છે. એક જ માણસને કેટલાક શુદ્ધ કહે છે અને કેટલાક દુરાચારી કહે છે. એક જ મનુષ્યને સ્ત્રી સારો કહે તો મા ખરાબ કહે, દિકરો ખરાબ કહે તો દિકરી સારો કહે. આ બધામાં ખરો નિર્ણય શો? એક રાજાને, દિવાનને, અગર ગમે તેવા મોટા અગર નાના નોકરને કેટલાક સારો અને કેટલાક ખોટો કહે, તેનો સમગ્ર નિર્ણય કદિ થયો છે? આ પ્રમાણે ગર્ભસ્રાવની વાત ચાલી, ચર્ચાઇ અને છેવટ હાલ્લ જેમ જોઇએ છીએ તેમ ભૂલાઈ પણ ગઇ! આ ગર્ભ તે જ **સંકર્ષણ, બળરામ**–અથવા ગ્રીસમાં જઇને જેણે **હરક્યુલીસ** નામ મેળવ્યું તે જ છે.

આઠમા ગર્ભની વાત ઘણી અલૌકિક જેવી દેખાય છે પરંતુ નિરીક્ષણ કરતાં જડવાદી માટે એ સાહજિક લાગશે. દેવકીજીના સ્વરૂપથી કંસ ચેત્યો; પરંતુ પ્રભુની માયાથી અભિમાન અને દયાના પ્રવાહમાં તણાયો. પ્રભુની પ્રેમદૃષ્ટિ કોઇ ઠેકાણે અગમ્ય છે? વળી સ્ત્રી હત્યા, તેમાં પણ સગર્ભા બહેનની, તેથી પરાક્રમની હાનિ થવાના એના

ડરથી **દેવકીજી** બચી ગયાં. **વસુદેવ દેવકીને** ચતુર્ભુજ+સ્વરૂપ જોવામાં આવ્યું, તે શ્રદ્ધાળુ આર્ય માટે તો પૂર્ણ સત્ય છે, તેમ ઉપર કહેલી ચાર દૃષ્ટિવાળાને પણ ગમ્ય છે. સૂક્ષ્મવાળાને કાંઈ આશ્ચર્ય નથી. સત્ત્વગુણમય **વિષ્ણુ** તે દેવોના પૂર્ણ સત્ત્વમાં પ્રકટ થાય. **દેવકીજી** તે દેવોના પૂર્ણ સત્ત્વરૂપ છે. તેથી જ પ્રકટયાં, જ્ઞાનવાળાને નિરપેક્ષપણું છે. સ્થૂળવાદી શ્રદ્ધાળુ માટે કહીશું, કે કાં તો એ સ્વરૂપ પ્રત્યક્ષ હતું અથવા અર્ધજાગૃત અવસ્થામાં સ્વપ્ન જેવો આભાસ (day dream) ગમે તેમ ગણો, પૂર્વના સંસ્કાર ગણો કે મનની વાસનાની એકાગ્રતા માનો ગમે તે માનો પરંતુ પ્રભુએ તેમને ખબર પાડી અને "સૂચવ્યું" (suggested) કે હું હવે આવું છું. બન્ને જણ ચેત્યાં. પરંતુ ઈશ્વરને માનુષી લીલાનો વેશ ભજવવો છે, તેથી પાછી માનુષી બુદ્ધિ કરીને માયાનું આવરણ નાખી દીધું. આવો અનુભવ અસામાન્ય નથી.

રૂપકનો ભાવ લેવો હોય તો વેદની દેવી અરણી તે દેવમાતા **અદિતિ** અને તે જ **દેવકી**. દેવોની સ્તુતિમાં પણ તેવો મર્મ છે. **દેવકીજીને** સાત પુત્ર હતા તેમ ઇસુખ્રિસ્તની મા **મરિયમને** પણ સાત પુત્રો હતા ઘણે દરજ્જે ઉપમા મળતી આવે છે. આ સાતની સંખ્યામાં પણ ઘણું રહસ્ય છે.

પોતાનો અદલો બદલો **યશોદાની યોગમાયા** સાથે કરવા પ્રભુએ બુદ્ધિ આપી તે બધા કાર્યમાં સૂક્ષ્મ તથા જ્ઞાનનું રહસ્ય છે, શુદ્ધ સત્ત્વ અંતઃકરણ રૂપ **વસુદેવને** જ્યારે બ્રહ્મસાક્ષાત્કાર થયો, ત્યારે તેનાં માયાનાં આવરણ તૂટે જ; પણ સ્થૂળ અને જડદૃષ્ટિથી જોતું સુગમ છે.

+ આ ચતુર્ભુજ સ્વરૂપનાં ચાર આયુધમાં પણ રહસ્ય છે. શંખ તે જળતત્વ સૂચક, ચક્ર તેજ તત્ત્વ, ગદા તે પ્રાણાત્મક વાયુ સૂચક, અને કમળ તે આકાશ તત્ત્વ સૂચક છે. આ પ્રમાણે તમામ વસ્ત્ર આભૂષણોમાં રહસ્ય છે.

વસુદેવ ગમે તો કોઇ મિત્રની સહાયથી, અગર પહેરાવાળાને ફોડીને, અથવા તેની નજર બાંધીને કાં તો ઘેરણ આવે તેની વસ્તુ હવામાં ફેંકીને અને તેને લીધે પહેરગીરને નિદ્રામાં નાખીને કે હરેક પ્રકારે તે લોકોની ગફલતનો લાભ લઇને, અદલો બદલો કરી આવ્યા, તેમાં શું અસંભવિત? હાલ મોટી મોટી જેલો તોડયાનું કયાં સંભળાતું નથી? તમોગુણ રૂપી બેડીઓ છૂટી ગઈ અને બારણાં ઊઘડી ગયાં એ સત્ત્વગુણમય બ્રહ્મજ્ઞાનના બળને કાં તો જેલના વૉર્ડર ફૂટેલા માનો, અથવા પોતાની પાસે કૂંચીઓ મળવાથી ખુલી ગયેલાં માનો. અદલા બદલાના સંબંધમાં છોકરાં બદલવાની અથવા તેથી પણ વિચિત્ર વાતો રજવાડાંઓમાં થતી વારંવાર સાંભળવામાં આવે છે તો પછી એમાં શું આશ્ચર્ય? હવે શુદ્ધ અંતઃકરણ માયા તરફ જાય છે ત્યારે અનેક વિઘ્નો થવાનાં; તે પ્રમાણે પાછાં વિઘ્નો થાય છે, ને મટે છે. **યમુનાએ** માર્ગ આપ્યાનો ખુલાસો પણ થઈ શકે તેમ છે, કોઈ એકાદ ઠેકાણે પાણી ઉતાર હોવાની **વસુદેવને** ખબર હોય, અથવા તુંબડાં બાંધ્યાં હોય, અથવા પાણી ઉપર ચાલવા જેવાં મોજાં પહેર્યાં હોય, અથવા તેવો પટો–lite belt પહેર્યો હોય, અથવા ત્રાપાનો કાચો પૂલ બાંધ્યો હોય, એ પ્રમાણે જે તર્ક કરવો હોય તે થઇ શકશે. ઇશ્વરની કૃપાથી **મોઝીઝને** સર્પનો રાજ્યદંડ થઇ ગયો અને તેનાથી સમુદ્રના પણ બે ભાગ પડી જઇને માર્ગ પડયો, હઝરત **મુસાને** નીલ નદીએ રસ્તો આપ્યો. **રસુલને** ખુદાએ આપ્યો, અને છેવટે **બાબરને** ગંગાએ આપ્યો; તો પછી **શ્રીકૃષ્ણ** માટે નદીમાં માર્ગ પડે તેમાં શું આશ્ચર્ય? **રામચંદ્રજીને** સમુદ્રે માર્ગ આપ્યો તો સમુદ્રની એક સ્ત્રી તરીકે નદીએ વેગરૂપી રજોગુણ તથા ફીણરૂપી તમોગુણવાળી છતાં સત્ત્વરૂપી બ્રહ્મજ્ઞાન માટે માર્ગ આપવો પડયો. પગના અંગુઠાથી પાણી ચઢતું હતું તે ઉતરવા માંડયું, એ વાતમાં પણ ખૂબી છે.

જડવાદી ભલે કહે કે, પાણી થોડું ચઢતું હતું તે ચરણસ્પર્શ થવાના સમયે ઉતરવા માંડયું. પિતાને તકલીફ ન થાય તે માટે **શ્રીકૃષ્ણે** અંગુઠો લંબાવ્યો એ રૂપકનો એમ ખુલાસો થઈ શકે કે, ટોપલી જરા નીચે ઉતારી હશે અને તેથી અંગુઠો પણ સહજ અડયો હશે. રમકડાના પ્યાલામાં આવા ખેલ થાય તો પછી સાક્ષાત્ સંસારના રમકડામાં થાય એમાં શું આશ્ચર્ય? કુદરતનું બધું રહસ્ય હજી આપણને કયાં સમજાયું છે? હજી કેટલું બધું ગુહ્ય છે!

નંદને ઘેર મધરાતના જઈ આવ્યા તેમાં કંઈ મોટી વાત નથી.* માયારૂપી અજ્ઞાન હતું ત્યાં સુધી **યશોદાને** ખબર ન હતી, પણ કૃષ્ણરૂપી જ્ઞાન મળ્યાથી તરત જાગ્યાં! એ સમયે ગમે તેવા કાળજીવાળાને અને ચાલાકને ઝોકું આવી જાય એ સંભવિત છે. અથવા આગળ કહ્યું તેમ હવામાં ઘેરણ પદાર્થ ફેંકયો હોય તો પણ બનવા જોગ છે. જ્ઞાન દૃષ્ટિમાં **શ્રીકૃષ્ણ** રૂપી બ્રહ્મજ્ઞાન હોય ત્યાં અજ્ઞાનરૂપી બેડીઓ તૂટે ને દ્વાર ખુલે એ તો યોગ્ય છે, તેમ યોગમાયાને લઇ આવીને જ્ઞાન દૂર થવાથી પાછા બેડીઓમાં પડયા તેમાં શું આશ્ચર્ય? પ્રભુનું દર્શન ગયું એટલે માયાની બેડીઓ હોય જ ને? **યોગમાયાના** પડછાયાનો અને આકાશમાં ઊડીને બોલ્યાનો ખુલાસો પણ થઇ શકે તેમ છે. આકાશવાણી તે હૃદયાકાશમાં રાત દિવસના ધ્યાન અથવા ચિન્તવનથી સ્ફૂરણા થઈ એમ માનો. **બ્રહ્માને** ક્ષીરસાગરને કાંઠે આકાશવાણી થઈ હોય તો તે પણ તેવું રૂપક સમજો અથવા નાટકના નેપથ્ય જેવું સમજો. જાદુગરો આપણી નજર આગળ જાત જાતના તમાશાઓ બતાવે છે, તેવો કોઈ

---

* નંદ યશોદાના પુત્ર કૃષ્ણના ઉપાસકો એમ કહે છે કે યશોદાને પુત્ર અને પુત્રી બે પ્રસવ્યાં હતાં. વસુદેવ દેવકીના પુત્ર કૃષ્ણને યશોદા પાસે લઈ ગયા, એટલે તેમનું એક તેજ થઈ ગયું. યશોદાનો પુત્ર તે વ્રજવાસી અને દેવકીનો તે મથુરાં અને દ્વારકાંવાસી.

અજબ તમાશો પણ કેમ રચાયો ન હોય ? આ સાથે હાલ પાશ્ચાત્યોમાં ventriloquism એટલે કે શબ્દ ફેંકવાની વિદ્યા પ્રચલિત છે. તેવું પણ માનવા હરકત નથી. શ્રદ્ધાળુ માટે તો અક્ષરે અક્ષર સાચું છે, પરંતુ તાર્કિક જડવાદી માટે આ બધી કલ્પનાઓને અવકાશ છે.

આ પ્રમાણે અનેક મુશીબતો આવ્યા છતાં પ્રભુ કૃપાથી કામ પાર પડયું. કેટલાક વિદ્વાનો તર્ક કરે છે કે **કંસને** મારવા માટે મોટું કાવતરું રચાયું હતું. તેમાં ઘણા સામીલ હતાં. વાયુપુરાણમાં એ વાત સ્પષ્ટ છે, ને મહાભારતમાં માત્ર એનો ઇશારો છે. આ ધોરણે **યશોદાએ** પોતાની પુત્રીનો બદલો ખુશીથી સ્વીકાર્યો હતો. તેને આશા હતી કે, **કંસ** બાળકી જોઇને નહિ મારે; પણ માર્યા પછી **કંસે** બાળકી છે એમ જાણ્યું. આ તર્ક કંઈ ઠીક દેખાતો નથી. પરંતુ તર્કને સીમાડો ન હોય. શ્રદ્ધાળુ માટે પ્રભુ કૃપાથી કશું અગમ્ય નથી ને સૂક્ષ્મ દષ્ટિવાળાને કશામાં આશ્ચર્ય હોય નહિ. વાયુપુરાણમાં કહ્યું છે કે **યોગમાયા** સટકી ગઈ અને મથુરામાં ગુપ્ત ઉછરી !

યોગમાયાએ કંસને સ્પષ્ટ કહી દીધું અને **નારદે** પણ પ્રથમથી કહ્યું હતું, એ વાત તે જમાનાની હિંમત, સત્ય ઉપરનો પ્રેમ અને માયાના આવરણનું પ્રાબલ્ય બતાવે છે. **કંસ** બિચારો પાછળથી પસ્તાતો હતો કે, મેં એ **યોગમાયા** બાળકીને પકડી રાખી હોત તો મને ચોકકસ બાતમી મળત; પરંતુ તેને કયાં ભાન હતું કે ઇશ્વરની માયા તે કોઇના હાથમાં આવી છે ?

હવે કંસને યોગમાયાએ કહ્યું હોય અથવા ગમે તે કોઇ બીજા બાતમીદારે કહ્યું હોય પરંતુ તે જાણ્યા પછી એક સાચા શૂરવીર તરીકે બહેન બનેવીને માફી માગીને બ્રહ્મજ્ઞાનની વાતોથી એકમેકનું

સમાધાન કર્યું, એમાં કંઇ ખુલાસાની જરૂર નથી. વાસ્તવમાં **આ** સમાધાન માત્ર દંભનું હતું. **કંસનો** હેતુ એ હતો કે, બન્નેને ખુશી કરીને ખરી હકિકત મેળવવી; પરંતુ પરમાત્માની વ્યવસ્થામાં કંઈ ખામી હોય ?

નંદને અનાયાસે પુત્ર મળ્યો અને તે પણ પૂર્ણ પુરુષોત્તમ મળ્યા. પછી તેનાં ભાગ્યનું પૂછવું જ શું ? **નંદને** ત્યાં પણ સ્વરૂપનો ચમત્કાર બતાવ્યો હતો એમ કહેવાય છે. આગળ કહ્યા પ્રમાણે બે સ્વરૂપ એક થઇ ગયાં ! **દેવકીને** પુત્ર મળ્યો અને **યશોદાને** પુત્રના લાડ મળ્યાં. બંનેની અભિલાષાઓ પૂર્ણ થઈ. રાજકુંવર આ પ્રમાણે ગોવાળીઆને ઘેર ઉછર્યા, પયગંબર **મહમંદ** સાહેબ **હલીમાના** ખોળામાં ઉછર્યા હતા, ને પણ ગોવાલણી હતાં **શ્રીકૃષ્ણ** જન્મનો ઉત્સવ **નંદરાયજીએ** કર્યો. જ્ઞાનદષ્ટિથી આ સર્વ કર્મનું નિયંતા તથા તમોમય ગોપ ગોપી ગાય વગેરેનું નિયંતા જ્ઞાન છે.

આ એકંદર જન્મચરિત્ર ઉપરથી મુખ્ય સાર એ લેવાનો છે, કે દુનિયામાં લોકો પોકાર કરે છે, કે "હું જન્મનો દુઃખી છું. મા, બાપ, ભાઇ ભાંડુ, સગાં વહાલાં, મિત્ર કે કોઈ મારું નથી" વગેરે, પરંતુ પરમાત્માનો ખુદનો દાખલો જુઓ, કે તેમને જન્મ પહેલાં પણ કેટલા ઉત્પાત થયા! છ ભાઇ અને એક બહેન માર્યાં ગયાં. તે કોની ખાતર? ફકત પોતાની જ ખાતર. કેટલો સ્વાત્મભોગ ? કેટલું સંકટ ! જન્મ પહેલાં પણ કેટલાં વર્ષથી મા બાપને સતત સંકટ વેઠવાં પડયાં હતાં ! કેદખાનાનું કષ્ટ, તેમાં ખુદ રાજાની સખ્ત નજર, એટલે વિમાસણની પરિસીમા; એ બધું કોની ખાતર ? પોતાની ખુદની. ખાતર યાદવોને કૃષ્ણના જન્મ પહેલાંથી કંસે દુઃખ દેવા મંડયું, તે કોની ખાતર ? પોતાની જ. **અક્રૂર** આદિ સારા યાદવોએ ત્યાં રહી દુઃખ વેઠયું

અને બીજા નાસી છૂટયા, તે કોની ખાતર? પોતાની જ. જન્મ થતાં જ પિતાને કાળી અંધારી રાતે અને તે પણ મધરાતે નદી ઉતરીને ચોકી પહેરાના જોખમમાંથી જવા આવવાનો ભયંકર ભગીરથ પ્રયોગ કરવો પડયો, તે કોની ખાતર? પોતાની જ. મા બાપને પુત્ર જન્મનો હર્ષ પણ બતાવવાની છૂટ નહિ, ઉત્સવની તો વાત જ નહિ. માતાને સુવાવડની પણ નિરાંત નહિ, ચોતરફ ચુપકી અને દગો રમવાં પડયાં, એ બધું કોને ખાતર? પોતાની જ. ટૂંકામાં જે કોઇ માણસ કહે કે, 'હું જન્મથી દુ:ખી છું,' તેના સમાધાન માટે જવાબ એ કે, સૃષ્ટિમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પ્રાણી મનુષ્ય તેથી ઊંચા દેવ, તેમાં પણ શ્રેષ્ઠ વિષ્ણુ ભગવાન, તેમનો પૂર્ણકલાવતાર શ્રીકૃષ્ણ પરમાત્મા, તેમને જ જન્મ થતાં દુ:ખ હતું; એટલુંજ નહિ, જન્મ પૂર્વે ઘણી લાંબી મુદતથી સંકટ હતું; એટલું જ નહિ પણ તેમના નિમિત્તે મા બાપ, ભાઇ ભાંડુ સગાં સંબંધી મિત્ર અને કહો કે આખી દુનિયાને દુ:ખ હતું, કેમકે કંસ અને તેના અનુયાયીઓ વેદ બ્રાહ્મણ આદિ ધર્મમાત્રના શત્રુ હતા. દુનિયાનાં મનુષ્યોનાં દુ:ખનો સરવાળો કેટલો થાય અને એકલા શ્રીકૃષ્ણનાં આ બધાં દુ:ખોનો સરવાળો કેવડો થાય?

અલૌકિકપણું કાંઇ જ ન માનવું હોય અને કેવળ જડવાદી થવું હોય તો પણ ઉપરની બધી વ્યવસ્થાનો ખુલાસો થઈ શકે છે. મગજમાં ઊતરે એટલી હકીકત ભલે લેવી અને બાકી શણગાર વગેરે સમજી ભલે પડતી મૂકાય. દેવ, દાનવ, રાક્ષસ, દૈત્ય, ગંધર્વ ઇત્યાદિને જૂદા જૂદા મુલકની જૂદી જૂદી જાતો માનવી, અપ્સરાઓને રજવાડાની તથા શ્રીમંતોની વારાંગનાઓ માનવી, અવતાર લેવા એટલે કે ઊંચે રહેલી જાતોએ નીચેની જાતો સાથે રોટી બેટી વ્યવહાર કરીને મિશ્ર જાતિ ઉત્પન્ન કરવી. એ પ્રમાણે અનેક તર્ક વિતર્કથી સમાધાન થઇ શકે છે,

પરંતુ બધામાંથી મનસ્વીપણે **અર્થ** ઘટાવીને મુદ્દાની વાત **આવેથી** ખસી જવું હોય તો તે માટે ઇલાજ નથી, **શ્રીકૃષ્ણ** જન્મોત્સવ કરીને પછી **નંદરાયજી** કંસને દૂધ ઘી વગેરેનો કર આપવા **મથુરા** ગયા ત્યારે **વસુદેવજી** તેમને મળ્યા ને **કંસના** પ્રોગ્રામની ખબર હોવાથી તેમણે તેમને ઇશારો કર્યો કે તરત પાછા જાઓ, વ્રજમાં કદાચ વિઘ્નો હશે.

ઉપર પ્રમાણે શ્રદ્ધાહીન માટે કાંઇ કહેવાનું નથી, પણ જિજ્ઞાસુ માટે **શ્રીકૃષ્ણચરિત્ર** મનુષ્ય જાત માટે **અથાગ** બોધદાયક છે. ગીતાની ધર્મસંસ્થાપનાની **અને** દુષ્ટોના સંહારની પ્રતિજ્ઞા સાચી પાડવાની શરૂઆત થઈ પ્રથમ અંકનો પ્રવેશ શરૂ થયો. આટલી બધી વિપત્તિઓ છતાં પણ સંકલ્પ પ્રમાણે ભગવાને નાટયારંભ કર્યો. આ જન્મ ચરિત્રમાંથી લેવાય તેટલો બોધ મળી શકશે. સાગરનું પાણી ખુટવાનું નથી. ન લઈ શકાય તો પ્રારબ્ધ. **सुज्ञेषु किं बहुना ?**

પ્રકરણ ૪ થું

બાળચરિત્ર

સાધારણ બાળકના ચરિત્રમાં કંઈ ખાસ અર્થ હોતો નથી; પરંતુ આ બાળક તો **શ્રીકૃષ્ણ!** સાત્ત્વિક, રાજસી અને તામસી ત્રણે પ્રકૃતિનાં મનુષ્યોને મુગ્ધતા ધાર્ષ્ટ્ય તથા ધૂર્તતા સાથેની ત્રણ પ્રકારની લીલા, જે તે દોષ દૂર કરી હૃદયને વિષે સ્થિર થાય છે, એ આ બાળચરિત્રનું રહસ્ય છે. બાળચરિત્રની ટૂંકમાં હકિકત એવી છે કે, કંસે સંતોષ તો વાળ્યો, પરંતુ ગમે તેવા હિંમતવાન અને જ્ઞાનીને મૃત્યુનો ડર બિલકુલ છોડતો નથી. એ પ્રમાણે કંસ પણ ડરનો માર્યો કમ્મર કસીને મૃત્યુ સામે તૈયાર થયો. વિદ્વાન, યોગી, ભક્ત, જ્ઞાની વગેરે સર્વમાંથી મૃત્યુથી નિડર જવલ્લે જ દેખાય છે! તેની સામે કંઇ ઈલાજ નથી, એમ જાણ્યા છતાં પણ માણસ માયાના મોહમાં ભગીરથ સાહસ કરે છે. આ ન્યાયથી પુરુષાર્થ કરવો જ જોઇએ તે પ્રમાણે કંસે પણ બાથ ભીડી અને મંત્રીઓને ભેગા કરીને સલાહ કરી. એક સાધારણ નિયમ છે કે, 'જેસેકુ તેસે મીલે'. દુષ્ટ માણસને દુષ્ટની ખોટ નથી હોતી. વ્યભિચારીને વ્યભિચારીની ખોટ નથી હોતી. મદ્ય પીનારને તેવાની, જ્ઞાનીને જ્ઞાનીની, મૂર્ખને મૂર્ખની, પંડિતને પંડિતની, સાધુને સાધુની, ક્લેશીને ક્લેશીની અને શઠને શઠની, એમ જેને જે જોઇએ તેની ખોટ નથી રહેતી. પ્રભુ દીનદયાળ છે; જેને જે જોઈએ તે તેને આપે છે. આ મંદ-બુદ્ધિના દૈત્યોએ દેવના દ્વેષમાં કંસનું પણ કુશળ નહિ ઇચ્છતાં

વિષ્ણુ સામી હોડ બાંધી અને ધર્મને ઉચ્છેદ શરૂ કરાવ્યો. હાલના જમાનાની વિધવિધ પ્રકારની—વળી કોઇ કોઇ બહુ જ વિચિત્ર મંડલીઓ (Clubs)—આ બાબતનું પ્રત્યક્ષ ભાન કરાવે છે. માત્ર તે તરફ દૃષ્ટિ નાંખવાની જરૂર છે. આ ન્યાયથી **કંસને** પણ તેવા સલાહકાર મળ્યા અને તેની કચેરીમાં અધર્મ તથા ત્રાસ માટેનાં બીડાં ઝડપાયાં. પ્રથમ ફક્ત એક **દેવકીજી**ના ગર્ભના વિનાશ માટે જેમ તજવીજ કરી હતી તેમ હવે તો વેદ ગાય બ્રાહ્મણ વગેરે ધર્મોનાં તત્ત્વોના નાશ ઉપરાંત અનેક નાનાં બાળકોના નાશ માટે મોટા પાયા ઉપર બાજી રચવાની શરૂઆત થઈ. વીસ દિવસની અંદરનાં બાળકોનો નાશ કરવા વિધવિધરૂપમાં અનેક મારાઓ મોકલ્યા. **યોગમાયાએ** કહ્યું, ત્યાર પછી દસ દિવસે આ નિર્ણય થયો, તેથી અનુમાનથી પહેલાના દસ અને પછીના દસ મળીને વીસ દિવસની અંદરનાં બાળકોનો નાશ મંડાયો. એકંદરે સોળ હજાર બાળકોનો નાશ થયો હતો!!

બિચારા **કંસને** માયાના આવરણથી ખબર ન પડી કે હજારો જીવનો નાશ થયા છતાં **શ્રીકૃષ્ણ** તો અવતર્યા જ! એક કવિતમાં બધાં રૂઠયાં ગણાવીને છેવટ કહ્યું છે કે, "એક **રામ!** તુંહિં રૂઠો ન ચાહિયે." આનો અનુભવ કોને નહિ હોય? હાલ પણ જોઈએ છીએ કે, ગર્ભપાત માટે ઘણીવાર પ્રયત્નો થયા છતાં કવચિત્ તેમાં ફાવટ આવતી નથી અને આખર કાં તો સંતાન થાય છે અથવા તે સ્ત્રીનું મૃત્યુ થાય છે. આ પ્રમાણે ઇશ્વરનું નિર્માણ હતું તે જ થયું. **દેવકી**ના આઠમા ગર્ભથી તેની અપૂર્વ કાન્તિ જોઈને **કંસને** તરત શંકા પડી, અને એ સમજ્યો કે શત્રુ તો આવ્યો. પરંતુ **શ્રીકૃષ્ણ** તો સાક્ષાત્ પ્રેમનો જ અવતાર, એટલે દુશ્મનના હૃદયમાં પણ આંદોલન કરે તેમાં શું આશ્ચર્ય? અને તેથી જ બાળકના જન્મની રાહ જોઇને **દેવકીને** મારવાથી **કંસ**

અટક્યો, એમ માનવું એ ઠીક છે. જન્મ પહેલાં એ માયામાં સપડાયો હતો, તો પછી જન્મ પછી વધારે પ્રેમવશ થઈ માયામાં સપડાય એ સહજ છે. વળી આ દૈત્યમંડળે વિચાર કર્યો કે વિષ્ણુ જાતે હાથ લાગવો મુશ્કેલ છે, તેથી તેના આશ્રિતો–ગાય, બ્રાહ્મણ, વેદ, વિદ્યા, વિદ્વાન, સાધુ, ધર્મ ઇત્યાદિનું મૂળ કાઢવાથી વિષ્ણુનું મૂળ આપોઆપ જશે. એ વિચારથી ધર્મનો ઉચ્છેદ મંડાયો. ખ્રિસ્તિ અગર મુસલમાનનો પ્રસિદ્ધ ત્રાસ પંથ આ દૈત્યો અને રાક્ષસોના ત્રાસ આગળ હિસાબમાં નથી, એમ કહેવા હરકત નથી. ધર્મનો ઉચ્છેદ શરૂ થયો, પરંતુ ઇતિહાસ અને ભૌતિકશાસ્ત્ર શું કહે છે? અધર્મની પ્રવૃત્તિ પછી ધર્મ પાછો બમણો પ્રબળ થાય છે. આ ધર્મના ઉચ્છેદમાં પણ એક ઈશ્વરી નિયમ જોવા જેવો છે. જેઓ સાચા કર્મપરાયણ અથવા દૃઢ નિશ્ચયવાળા ઉપાસક અગર ખરા જ્ઞાની હતા, તેમને આ દૈત્યો તરફથી કંઈ કજા થઈ નહિ, પરંતુ અદૃઢ તથા કર્તવ્યરહિત માણસોનો ઘાણ વળ્યો! **પૂતનાને** હાથે સોળ હજાર બાળકોનો નાશ થયો, તે બધાંય દૈત્ય સંપત્તિનાં હતાં. હંમેશનો અનુભવ પણ તેવું જ કહે છે. વળી એ **કંસને** ક્યાં ખબર હતી કે આખર ધર્મ અને સત્યનો જ જય છે! **હિરણ્યકશિપુ, રાવણ** ઇત્યાદિ દૈત્ય રાક્ષસોએ પ્રભુ સામેના વેરમાં એ જ ધંધો કર્યો હતો. તેમને માટે બીજો ઇલાજ શો હોય? આ સાથે પાછું એ પણ જોવાનું છે કે, કાળને થઇને સબળ નિર્બળ થાય છે, અને નિર્બળ સબળ થાય છે. હાલના પ્રસંગે તો **दैवो दुर्बलघातकः** એ ન્યાય પ્રમાણે થયું. આડું તો ઊંટ જ ધરાય! પ્રત્યક્ષ અનુભવની વાત છે કે, એક બે આગેવાન કુટુંબની લડાઈમાં અગર એક બે માણસની દુષ્ટતાને પરિણામે, નાનાં નાનાં સગાં સંબંધી અથવા આખી ન્યાતનો ઘાણ વળે છે! સરકારી કામમાં જોવાથી જણાશે કે, અમલદારોની લડાઇમાં નાના નોકરો અથવા નિર્દોષ માણસો માર્યા જાય છે. અમુક

માણસ અમુક અમલદારનો કહેવાયો, એ જ એનો મોટો અપરાધ મનાય છે; પછી તે મરનાર તેના મારનારનો હિતચિંતક હોય કે નહિ તેની કોણ તપાસ કરે? તેટલી સબૂરી કયાંથી લાવે? દેવ અને રાક્ષસ કયા મૂલકમાં, કયા કુટુંબમાં, કયા ધંધામાં અને રાજ્યમાં નથી? ખરો ન્યાય પ્રભુને ઘેર છે. બાકી માણસ જાતનો વ્યવહાર ગમે તે સ્વરૂપનો હોય પણ ખોડખામીવાળો અને અપૂર્ણ જ હોય છે.

બાળકોના સંહારનું કામ ચાલ્યું, પરંતુ આખર સત્યનો જય અને દુષ્ટનો નાશ એ ન્યાય છે, તેમ અંતે આનંદ થયો. પણ તે સમયના કાળમાં લીલું સુકું શી રીતે જોવાય? પ્રભુની માયા અતર્ક્ય છે. આવા દૈત્યગુણસંપન્ન કંસ જેવામાં પણ કેટલાક ઉમદા ગુણ હોય છે. અને તે કીર્તિની ભૂખના કારણથી જ હોય છે. હાલ પણ આપણે જોઈએ છીએ કે, દુષ્ટવૃત્તિના ઘણા રાજાઓ, અથવા ધન સત્તાના મદથી અંધ બનેલા દુરાચારીઓ, કીર્તિના લોભથી કેટલીકવાર દુષ્ટ કૃત્યો કરતાં ડરે છે. આ ધોરણે બધાં બાળકોનો સંહાર ખુલ્લી રીતે કરે તો, પોતે બીકણ બાયલો અને હલકો ગણાય; તેથી આ કામ ખુલ્લી રીતે નહિ કરતાં ગુપ્ત રીતે કરવા માણસોને એની આજ્ઞા હતી, અને જાસુસખાતાના ધોરણને લઇને શ્રીકૃષ્ણનો જન્મ નજદિક નેસડામાં થયા છતાં કાંઇ ખુલ્લી રીતે નુકશાન થયું નહિ; વળી "કેડમાં છોકરૂં ને ગામે શોધ્યું" એમ પણ ઘણીવાર બને છે. 'ચોતરફ માણસો છૂટયાં હતાં ત્યાં પછી નજીકમાં હોઇ શકે જ કેમ' એવી સમજણથી એ નિર્ભય અને ગાફલ રહ્યો. વળી શ્રીકૃષ્ણ જેવો કોઇ રાજા રજવાડામાં અથવા કોઈ મહાન્ પુરુષને ઘેર હોય, એક સાધારણ ગોવાળને ત્યાં કયાંથી હોય? આવી સમજથી પણ નેસડો બચી ગયો હોય! હમેશના અનુભવની વાત છે કે, આપણો મિત્ર શત્રુ આપણી નજીક છતાં, દૂર ખોળવા જઇએ

છીએ. અરે, ખુદ પ્રભુ જ તથા ષટશત્રુઓ આપણા શરીરમાં છતાં મનુષ્ય કેટલાં ફાંફાં મારે છે, અને આખો જન્મ એળે કાઢી નાખે છે! આ પ્રમાણે કંસની છાતી ઉપર છતાં તેની અજાણમાં નંદને ઘેર આનંદ થયો. મોટો મહોત્સવ થયો; છતાં "બીજાની આંખમાં તણખલું દેખે પણ પોતાની આંખમાંનો મોભ ન દેખે," એ કહેવતને સાચી પાડવાને ખાતર પોતાના ગામની ભાગોળે જ પોતાનો દુશ્મન ધોળે દહાડે ઉછર્યો તોયે કંસ ચેત્યો નહિ, અથવા માનો કે માણસોમાં ફાટફૂટ હોવાથી જાસૂસખાતું—'સી. આઈ. ડી.' ડીપાર્ટમેન્ટ—જર્મની જેવું અથવા હિંદુસ્તાન જેવું ઉત્તમ નહિ હોવાથી, ગમે તે કારણથી પણ તે મૂઢ બની ગયો એ વાત નક્કી છે.

એક તંદુરસ્ત રૂપાળું રમતિયાળ બાળક ગમે તેવા માણસને આકર્ષણ કરે છે, તો પછી કૃષ્ણ પરમાત્મા જેવા બાળકથી બિચારા ગોવાળીઆ અને ગોવાલણો ઘેલાં થઇ જાય એમાં શું આશ્ચર્ય ? **શ્રીશંકરાચાર્ય**નું બાળચરિત્ર લખનાર **શ્રીમાધવાચાર્ય** પણ તેમની બાળચેષ્ટા **શ્રીકૃષ્ણ**ની સાથે સરખાવી તે લોકોને આનંદ આપનાર હતી એમ કહે છે. **કંસ** મામાની બીકથી કહો અથવા ગમે તે કારણે કહો, પરંતુ **શ્રીકૃષ્ણ**ના જીવાત્માએ, મા બાપ સગાં સંબંધી ન્યાત, જાત, દેશ છોડી, ક્ષત્રિય છતાં એક ગોવાળીઆ બની નેસડામાં રહેવાનું ઉચિત ધાર્યું, એમાં કેટલા અર્થ રહ્યા છે ! ફક્ત આટલી બાબત ઉપર પણ વિદ્વાનો જોઈએ તેટલું લખી શકે.

કોઇ પણ બાળકનું ચરિત્ર ચિકિત્સક દૃષ્ટિથી જોવામાં અને વર્ણવવામાં આવે તો પાર આવે નહિ. કેમકે આ પરમહંસ દશાનાં બાળકનાં ચરિત્ર અનેક થાય છે, તેમાં વળી જો બાળક સંસ્કારી હોય તો પૂછવું જ શું ? **શ્રીકૃષ્ણ** પૂર્ણ પુરુષોત્તમ, એટલે

પછી એમનામાં શી મણા હોય? સાધારણ અનુભવની વાત છે કે, નાનપણમાં જે બાળક મસ્તાન હોય છે તે ઘણે ભાગે આગળ જતાં પરાક્રમી નિવડે છે. શ્રીકૃષ્ણના દરેક ચરિત્રમાં પુષ્કળ બોધ લવાનો છે. રાજપુત્ર છતાં સાદા જીવનનો ઉચ્ચ ચિતાર આપવા માટે આ બધું ચરિત્ર છે, એમ જડવાદી માટે કહીએ તો ચાલે. તેમનાં અટકચાળાં અને બુદ્ધિની અજાયબી પમાડે તેવી કૃતિઓ પણ અખુટ અને અવર્ણનીય છે. આપણે તો સહજ દૃષ્ટિ કરીશું.

જન્મતાં પહેલાં, જન્મ વખતે તથા તુરત તે પછી તેમણે જે લીલા કરી છે, તે આપણે કંઇક જાણી. જન્મ સાથે જ એમણે ડગલે ને પગલે સ્વતંત્રતા બતાવી છે. **યશોદા** જેવાં માતા અને **નંદ** જેવા પિતા જ આવા અલૌકિક બાળકને ઉછેરી શકે, તેના કોડ પૂરા કરી શકે અને દુનિયાને રસમય બોધ પણ આપી શકે.

પ્રત્યેક ચરિત્ર માટે પૃથક્ વિવેચન કરવામાં આવશે; પરંતુ પ્રથમ તે બધાંની એકંદર ખુબી તથા તેના રહસ્યનું ટૂકમાં અવલોકન કરવાનો પ્રયત્ન કરીએ.

સ્વાર્થ એક એવી વસ્તુ છે કે તે સાધવામાં મા, બાપ, ધણી કે છોકરું, કોઇની દરકાર રહેતી નથી. બાળકને ઊંઘવું, ખાવું, પીવું, જાગવું એમાં પણ માતાઓ સ્વતંત્રતા ન આપે, પણ એને પોતાની મરજીને તાબે કરવા પ્રયત્ન કરે! પોતાને કંઇ કામ હોય ત્યારે બાળકને બળાત્કારે સૂવાડે અને મન થાય ત્યારે અથવા સવડ હોય ત્યારે પરાણે જગાડે! ખાવા પીવાનું પણ પોતાની અનુકૂળતા પ્રમાણે આપે. આ બધાં કૃત્યો સામે શ્રીકૃષ્ણે મૂળથી જ વાંધો (protest) ઉઠાવ્યો. માતાને એ બદલનો શરૂઆતથી જ બોધ આપવા માંડયો, પ્રથમ સુધારો ઘરમાંથી જ શરૂ કરવો જોઇએ. Charity begins at home. તેઓ પોતાની મરજી મુજબ માતુશ્રીને પણ વર્તાવતા હતા.

ચાલાકી જુઓ કે **પૂતના** આવી તે વખતે તેણે પોતાની આંખો જાણી જોઇને મીંચી દીધી, કેમકે **પૂતના** જેવી ઉસ્તાદ જાસૂસ–પોલેંડમાં નિહિલિસ્ટ સ્ત્રીઓ પાકતી હતી તેવી—આંખ ઉપરથી ચેતી જાય કે આ કોઇ ભયંકર બાળક છેડવા જેવું નથી. તેથી આંખ મીંચી દીધી. ઉસ્તાદોના ઉસ્તાદનું શું પૂછવું ? હવે **પૂતના**ને સ્તનપાન કરીને મારી નાખી તેમાં પણ કારીગીરી જુઓ કે, મરતી વખતે એને વ્રજની બહાર ફેંકી દીધી, કેમકે એ બલા જો વ્રજમાં પડે તો કચ્ચરઘાણ વાળી નાખે. ગાડાના પ્રસંગમાં પણ જુઓ કે, બધો સામાન તેમાં ભરીને તેની નીચે ઝોળીમાં **શ્રીકૃષ્ણ**ને રાખેલા હતા. આ વખતે તેમને સ્તનપાનની ઇચ્છા થવાથી એ રડ્યા, પણ **યશોદા** માતા તો વ્યવહારમાં ગુંથાયેલાં હતાં, લોકોનું આવે તે લેવામાં, કોઈને આપવામાં એમ વૈભવમાં પડેલાં, તેથી બાળક શું કામ સાંભરે ? આ ગફલતના બદલામાં ગાડાને લાત મારી ઊંચું પાડીને બધું ઢોળી ફોડી નાંખ્યું. એક લાતથી અસુરનો નિકાલ કર્યો, તેમ માતાની પણ આંખ ઉઘાડી દીધી. વળી વિશેષમાં **નંદરાયજી** તરફથી બિચારાંને ઠપકો મળ્યો કે, બાળકને એકલું મૂકીને ખટરાગમાં કેમ પડયાં ?

રીખવાનું શિખ્યા પછી ઠેલણગાડીની પણ જરૂર ન પડી. વાછડાંનાં પૂંછડાં પકડીને ઊભા થવા લાગ્યા. બાળકોને ભેગાં કરે વળી રજા આપે; માંકડાં ભેગાં કરે અને રજા આપે; આમ દરેક રમતમાં અજબ કારીગીરી હતી. હાથ પગના ઇશારાથી વાછડાં માંકડાંને એવાં કેળવ્યાં હતાં કે સરકસવાળા પણ હેરત પામી જાય. **યશોદા** કહેશે કે, માંકડાંને બોલાવ્યાં કે ? ત્યારે કહે કે, મને બોલાવતાં કોણે જોયું ? કોણે સાંભળ્યું ? ગાય વાછડાં એવાં કેળવ્યાં હતાં કે બિલકુલ પોતાના તાબામાં રહે.

મોટાભાઈ **બળરામ**ને પોતાને માટે એક ફૂલ તોડવાનું એમણે કહ્યું, ત્યારે મોટાભાઈ કહે કે, 'તને શું થયું છે? તું જાતે તોડને,' ત્યારે કહે કે, "તમે મોટાભાઇ શાના? તમને મા તથા માસીએ મારી સોંપણ કરી છે કે એ અટકચાળો ને હલેતો છે માટે સંભાળજે, તે તમે મને શું આ પ્રમાણે સંભાળશો? મુરબ્બી થયા છો તો આટલું કામ પણ ન કરો?" પછી જ્યારે **બળદેવજી**એ એ ફૂલ તોડીને પોતાના કાનમાં પહેર્યું ત્યારે કહે કે, "એ તો મારૂં બોટેલું (નિમિત્તનું) છે, તમારો તે પર હક્ક નથી." **બળદેવજી** કહે કે, "મેં મહેનત કરી છે માટે હું જ કાનમાં પહેરીશ." પછી શ્રીકૃષ્ણે ગોવાળીઆને ભેગા કર્યા અને સમજાવ્યું કે જૂઓ મોટાભાઇ અન્યાય કરે છે. મારું બોટેલું તેમનાથી કેમ લેવાય? આજ મારો વારો અને કાલ તમારો. આમ બધાને ચડાવી ઉશ્કેરી **બળદેવજી**ને એકલા પાડી તેમની સાથે 'કિટ્ટા' કર્યા અને બધાને પોતાના પક્ષમાં લીધા. ખાવાનું મળે એ લાલચમાં એ બિચારા શું કરે? ઘેર જઇને એમાંથી એકે ભાઇએ માતુશ્રીને કે બીજા કોઇને એ બદલ વાત કરી નહિ! દુનિયાને શીખવે છે કે, ભાઈઓની લડાઈ માને પણ ન કહેવાય. ત્રીજું માણસ જાણવા પામે જ નહિ. પાછી રાતે ગમ્મત કરી. **બળદેવજી**ને વહેલા સૂવાડી દેવા યુકિત કરી, એ પછી માતાને કહે કે, "કાલે અમારા બધા મિત્રોની ઉજાણી છે તેથી મને કંઇક આપો તો ઠીક, નહિ તો બીજા પાસેથી માગી લઈશ." ત્યારે માતુશ્રી કહે કે, "ના રે, બેટા! એ શું બોલ્યો? તારે શી ખોટ છે? ભગવાને મને દિકરો આપ્યો છે, હવે તો બધું જ તારું છે, જે જોઇએ તે ખુશીથી લઈ જા." પછી કહે કે, "મોટાભાઇનો ભાગ પણ મને આપો. તેમનો ભાગ હું ઉપાડીશ કેમકે તે મોટા છે." **બળદેવજી** સાંભળે છે, પણ મોટા દિલથી બોલતા નથી. સવારમાં વહેલા ઊઠીને બધી

માલમત્તા લઈને ચાલી નીકળ્યા. મિત્રોને સિસોટી વગાડીને ભાગોળે ભેગા કર્યા અને પછી ઢોર ચારવા ગયા. ત્યાં **અઘાસુર** અને **બ્રહ્મા**ની પરીક્ષાના બનાવ બન્યા, તે વખત **શ્રીકૃષ્ણ** એકલા પડી ગયા; કેમકે **બળદેવજી**, માતુશ્રીથી પડદો રાખવા ખાતર ઘેરથી તો નીકળ્યા, પણ મંડળીબહાર થવાથી ઉજાણીમાં ગયા નહિ; અને આડે અવળે ફર્યા. **શ્રીકૃષ્ણે** પસ્તાવો કર્યો કે, મોટા ભાઇ સાથે વઢવાડ કરીને શું કમાયો ? કેવો એકલો પડી ગયો ?

શ્રીકૃષ્ણ ઢોર ચારવા વગડામાં જતા હતા તે વખતે દરરોજ **યશોદા** તેમને કહેતાં કે " નોકર ચાકર ઘણા છે, અમારાથી તમારા વિના રહેવાતું નથી માટે ન જાઓ તો ઠીક, " ત્યારે એ કહે કે " શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે વૈશ્યવૃત્તિનું કામ કરવું જ જોઇએ. ધર્મ કેમ મૂકીએ ? " આ બહારનો છળભરેલો ઉત્તર હતો; કેમકે દિવસની ક્રીડા રાધાકુંડ ઉપર કરવાની તે જ હેતુ ખરો હતો. **યશોદા** કહે કે "છત્રી રાખો પગરખાં પહેરો;" ત્યારે કહે કે "આપણી ગાય વાછડાંને કાંઈ છે ? " એ ઉત્તરમાં પણ કેટલો બોધ સમાયો છે !

વાછડાં અને ગોપબાળકો પોતે જાતે થવાથી મા, બાપ, તથા ગાયોનો ભાવ પોતાનાં કૃષ્ણરૂપી બચ્ચાં ઉપર વધ્યો; તેથી **યશોદા, નંદ, બળદેવજી** વગેરે સર્વને અજાયબી લાગી કે બાળકને બોલાવવા પણ કેમ કોઈ આવતું નથી ? આ પ્રમાણે સંસારનું ભાન બધાને કરાવ્યું. મોટા ભાઇ સાથે પાછી દોસ્તી કરવી હતી, તેથી ઘણે દિવસે માતુશ્રીને કહે કે, " મોટાભાઇ ઢોર ચારવા આવતા નથી અને હું એકલો થાકી જાઉં છું, અને વાઘ વરુની મને બીક લાગે છે. જુઓ ! મારી છાતી કેવી ધડકે છે ? " ત્યારે મોટાભાઈને માતુશ્રીએ બોલાવ્યા. **બળદેવજી**

કહે કે, "મને એ ક્યાં બોલાવે છે?" ત્યારે કહે કે, "મોટાને શી રીતે બોલાવીએ? કંઈ કેડે બેસાડીએ? મોટા ભાઇ તો સાવ જૂઠું બોલે છે" બિચારા **બળદેવજી** કહે કે, "એનાં ચરિત્ર હું તમને શું કહું? મને મેણાં મારે છે કે, માતા અને દિકરો નકામા પડી રહ્યા છો, તે કામ કરતાં શું થાય છે! અરે, ત્યાં સુધી કહે છે કે મા દિકરો કંસથી છાનામાના પડયાં રહ્યાં છો તે કહી દઇશ." **શ્રીકૃષ્ણ** કહે કે, "એ બધું ખોટું છે. ઊલટું મોટા ભાઇ એમ કહે છે કે મારે એનું ખાવુંયે નથી અને ઢોર ચારવા જવુંયે નથી. અમે રાજાના પુત્ર તે શું ઢોર ચારીએ? એ તો તમારાં ગોવાળીઆનાં કામ." પછી ઉજાણીની વાત નીકળી, ત્યારે **બળદેવજી** કહે કે, મારું નામ દઇને મારો ભાગ લઇ ગયો અને મને જરાય આપ્યું નહિ. ત્યારે **લાલજી** કહે કે, "તમે આવ્યા જ નહિ." ને પૂરાવામાં ફૂલની અને બધી હકીકત ગોપ બાળકોને પૂછવાની દરખાસ્ત કરી. એટલે **બળદેવજી** કહે કે, "એને કોઇ નહિ પહોંચે. બધાને વશ કર્યા છે. મારા તરફથી કોઈ નહિ બોલે." આ વિનોદમાં મઝા એ જોવાની છે કે, **રોહિણી** કૃષ્ણનો પક્ષ ખેંચે અને **યશોદા બળદેવજી**નો ખેંચે! છેવટ **યશોદા**એ લાલા પાસે મોટાભાઇની માફી મંગાવી! હાલના જમાનાના આવા પ્રસંગોનું નિરીક્ષણ કરતાં સમજાય છે કે સત્યયુગ શું અને કલિયુગ શું આખર બન્ને ભાઇઓ દોસ્ત થયા. પછી એકાંતમાં **બળદેવજી** **શ્રીકૃષ્ણ**ને કહે કે, "છેવટ તમે હાર્યાં અને કહી દીધું, બંદા કંઇ બોલ્યા છે?" પછી બન્ને ભાઈઓ સાથે ગયા, ત્યાં વાછડાં દેખીને ગાયોને તેમની પાછળ ગોવર્ધન પર્વત ઉપરથી પડતાં મૂકીને દોડતાં, અને ગોપ બાળકને ઠપકો આપવા ગોવાળીઆ જતા હતા તે ઠપકાને બદલે ઊલટા બાળકોને બાઝી પડતા જોયા ત્યારે **બળદેવજી**ને વિચાર આવ્યો કે, આ બાળકો

અને વાછરડામાં કંઈક ભેદ છે. પછી દિવ્ય દૃષ્ટિથી જોયું તો બધું કૃષ્ણરૂપ દેખાયું, એટલે કહે કે,–" ભાઈ! આ શું?" ત્યારે બોલ્યા કે " શું કરું ભાઇ? તમારી સાથે વઢવાડ કરીને હું એકલો પડી ગયો અને તેથી મેં બહુ શોધ્યું છે, મને ક્ષમા કરો." આની અંદર કેટલો બોધ દુનિયાને આપ્યો છે? શું પ્રેમ, મર્યાદા અને નિરભિમાનપણું!

માંકડાં, ગરીબ ગોવાળીઆ, વાછડાં એ બધાંને એમણે ખવરાવી પીવરાવીને પોતાનાં કરી નાંખ્યાં હતાં, એમ આગળ કહેવાઈ ગયું છે. ગોરસમાંથી દહીં માખણ કાઢતાં પકડાય તો કહે કે "કીડીઓ ચઢી તે ઉતારતો હતો." શીકે ન પહોંચાય ત્યારે ગોળીને કાંકરી મારીને ફોડે અને પછી દૂધ દહીંની ધાર પડે, મોઢું ધરીને પીએ અને બીજાને પાય. લાગ આવે તો બીજાને ખભે ચઢી ઉતારીને પણ ખાય અને બધાંને વહેંચે. એકલા કદિ ખાય નહિ. વાછરડાં છોડીને ધવરાવી દે. આ સંબંધ યોગ્ય છે. કેમકે ગાયો તે શ્રુતિ અને વાછરડાં તે ઋષિઓ હતા. ગાયો છોડી મૂકીને તે ઠેકાણે આખલા બાંધે. બિચારી ગોપીઓ ગાયો દોહવા જાય ત્યારે આખલા દેખે! લોકોના ઘરમાં તોફાન મસ્તી કરીને દૂધ, દહીં, માખણ ખાઈ ખવરાવીને નાસી જાય, પાછળ પડનારું માણસ ન પહોંચી શકે તેને માટે ઝીણી ધૂળની પોટલીઓ રાખે, તથા ગોખરુની પોટલીઓ રાખે. ગોખરુ પાછળ વેરતા જાય અને નજીક આવે તો આંખમાં ધૂળ નાખે! કદિ કોઈ ગોપીઓ મળીને પકડી બાંધીને યશોદા પાસે લઈ જઇ ફર્યાદ કરે, ત્યારે તે વખતે પેલી ગોપી કેડમાં લાલજીને ઠેકાણે પોતાનું જ છોકરું દેખે, તેથી બિચારી ભોંઠી પડે! એક વખત ઓરડીમાં પૂરીને ગોપીઓ કહેવા આવી ત્યારે ઘરમાંથી આંખ ચોળતા નીકળ્યા! જે ગોપીએ ચાડી ખાધી

હોય એને રસ્તામાં કહે કે, " આજે તો છોકરું બતાવ્યું, પણ હવે ચાડી ખાઇશ તો તારો યાર બતાવીશ". ગોપીઓ આ પ્રમાણે ફરિયાદો કરે પણ પ્રેમમાં ડુબેલી હતી. આ બધી ચેષ્ટાઓ પ્રેમમાં જ કરતી હતી. છેવટે બિચારીઓ કહે કે, " એવો પાકો છે કે ઘરમાં કંઇ કરતો નથી, પણ બધું તોફાન પારકે ઘેર કરે છે તેથી **યશોદા** કેમ માને ? એના ઘરમાં જ કંઈ કરે તો આંખ ઉઘડે ?" ફક્ત ગોપીની દયા ખાતર **લાલજી**એ છેવટે માતુશ્રીને ખબર પાડી. **યશોદા** દહીં વલોવતાં એ વખત પોતાને ભૂખ લાગવાથી સ્તનપાન માટે રડ્યા અને, વલોણાનો વાંસ રવાઇ પકડીને કજિયો કર્યો તેથી સ્તનપાન કરાવતી વખતે , દૂધ ઉકાળવા મૂકયું હતું તે તપાસવાને દોડયાં. લાલાએ ધાર્યું કે કેવાં સ્વાર્થી છે ? મને ભૂખ્યો મૂકીને પોતાનું સંભાળે છે માટે લોભવૃત્તિ દૂર કરવા ખાતર લોભનું દહીંમાખણ તથા પાત્ર એમ બન્નેનો નાશ કરવો જોઇએ. તેથી પછી ઊઠીને ગોળી પાડી દીધી અને બધું દહીં ઢોળી નાખ્યું, દોસ્તો અને માંકડાને બોલાવીને ખૂબ ખવરાવ્યું. **યશોદા**એ આવીને જોયું, ને પૂછયું કે, ગોળી કેમ ફોડી છે ? ત્યારે કહે કે " ફૂટેલી જ હતી. એની મેળે પડી ગઇ હશે, મેં કયાં ફોડી છે ? મને કોણે જોયો ? મારું નામ જૂઠું શા માટે દો છો ?" **યશોદા** બધું ઠીક કરવામાં રોકાયાં. એટલામાં બીજે ઠેકાણે દૂધ, દહીં, માખણ વગેરે હતું તે દોસ્તો તથા માંકડાંને ખવરાવી દીધું. માતુશ્રીએ જોઇને કહ્યું કે " આ શું ?" એટલે બોલ્યા કે મારે શું ? વળી જુકિત બતાવી, કે પેલી ગોપીઓ મારું નામ જૂઠું લે છે તો આ વખતે એમના દિકરાનું નામ લ્યો ને ! પછી દોરડે બંધાયા અને ત્યાંથી ખસતાં ખસતાં **યમલાર્જુન**નાં ઝાડ પાડયાં ત્યારે **નંદરાય** આવી પહોંચ્યા અને ઉલટો **યશોદા**ને ઠપકો આપ્યો કે " આ શું ? આવું થાય ? એવી તે શી આફત હતી કે આવું કર્યું ? " લાલાને પૂછતાં

કહે કે, "મને ભૂખ લાગી હતી તે ખાવાનું માગ્યું પણ ન આપ્યું અને ઉલટો બાંધ્યો." યશોદા બિચારાં શું બોલે? પોતે મોટા ગુનામાં આવ્યાં; કેમકે પેલાં ઝાડનો બનાવ બહુ ભયંકર હતો, તેથી લાલાના ગુના માટે શું બોલે? બિચારાં ભોંઠાં પડી નીચું ઘાલી હસીને જતાં રહ્યાં.

ધીમે ધીમે દહીં, માખણ, દૂધ ચોરવાનું કાર્ય વધતું ગયું. વિચાર્યું કે ચોરીનું તહોમત તો આમ પણ આવે છે તો પછી બાકી શા માટે રાખવું? એટલે પ્રસિદ્ધપણે દાણલીલા શરૂ કરી. રસ્તો રોકવા માંડયા. એમ અનેક આનંદની લીલાઓ કરીને વ્રજને ઘેલું કરી નાંખ્યું. આવાં અજબ ચરિત્ર કેટલાંક કહી શકાય? તેનો પાર આવે? જો કે પ્રાચીન વ્રજની પ્રજા હાલ નથી, તો પણ વ્રજમાં જઈ વ્રજવાસીનો ભાવ સમજવા પ્રયત્ન કરવામાં આવે તો જરૂર વિશેષ પ્રકાશ મળે એ નિઃસંશય છે.

બાલ્યાવસ્થા પૂર્ણ થઈ. છઠ્ઠું વર્ષ બેઠું અને પૌગંડાવસ્થા શરૂ થઈ, પણ ચરિત્ર તો બાળલીલા જેવાં જ ચાલુ રહ્યાં. માત્ર હવે મોટાં કામ કરવા માંડયાં. વાછડાંને બદલે ગાયો ચારવાનું માથે લીધું. આ નવી જિંદગીની ક્રાન્તિ માટે પણ મોટો ઉત્સવ થયો હતો. વાંદરાંનાં પૂંછડાં પકડીને કૂદવાની, પશુ પક્ષીની નકલો કરવાની વગેરે અનેક રમતો રમવા માંડયા; એ બધાંનું વર્ણન કરવામાં મનુષ્યશક્તિ કયાં સુધી પહોંચે?

હવે પૃથક્ ચરિત્રનું સહજ નિરીક્ષણ કરીએ. વ્રજની લીલા એક ઐતિહાસિક જેવી બાબત છે. શ્રીકૃષ્ણ કેવી રીતે ઉછર્યાં, સ્વીકૃત માતપિતા, સગાં સંબંધી તથા નેસડાના તમામ લોકમાં કેવાં ખાનપાન અને લાડ પામ્યા એ મશહૂર છે. બાળક કેમ ઉછેરવું, એ માટે જો શિક્ષણ આપવું હોય તો શ્રીકૃષ્ણ જેવો બીજો દાખલો ભાગ્યે જ મળશે. સ્ત્રી જાત

હમેશ જરા વધારે તીવ્ર અને ઉગ્ર લાગણીવાળી હોય છે. તેનો સંસાર સંકુચિત હોવાથી કોઇ પણ વસ્તુ ઉપર તેની એકાગ્રતા અને રાગદ્વેષ બહુ જ ઉત્કટ હોય છે. આ ધોરણે શ્રીકૃષ્ણ ઉપર ગોપીઓનો પ્રેમ થયો. ટૂંકામાં એમ કહીએ તો ચાલે કે શ્રીકૃષ્ણને જ રાત દિવસ હૃદયમાં રાખીને તથા તેમના ચરિત્રનાં સ્મરણ કરીને ગોપીઓ ઘરનું બધું કામકાજ કરતી અને સંસાર ચલાવતી હતી. ધર્મનું સ્થાન સ્ત્રીનું હૃદય છે. માયાવી સમર્થ યોગેશ્વર શ્રીકૃષ્ણચંદ્રે આ લોક ઉપર એવી આકર્ષક શક્તિ બતાવી કે ગોપીઓ કૃષ્ણમય થઈ ગઈ. રામચંદ્રને જોઈને વિદેહી જનકને પણ કેવો મોહ થયો હતો? અને વનવાસના માર્ગમાં સ્ત્રી પુરુષ બધાં કેવાં મોહિત થઈ જતાં હતાં? શ્રદ્ધાળુ માટે એટલું જ બસ છે, કે ઇશ્વરની માયાથી આખું જગત મોહિત થઈ પડયું છે તે જ માયાના બળથી હાલ યુરપમાં વિદ્વાન ખ્રિસ્તિ બંધુઓ સગાં સંબંધી છતાં યાદવાસ્થળી મચાવી રહ્યા હતા, અને હજી તણખા ઉરાડયા કરે છે. લડનાર અને મરનારને પૂછશો તો એકમેકને મારનાર માટે અંગત દ્વેષ બિલકુલ જણાશે નહિ! કવચિત ઊલટું પ્રેમ છતાં પણ મારવું પડે છે. જર્મનો ફ્રેન્ચનાં કેટલાં વખાણ કરતા? છતાં ક્રૂર હિંસક પ્રાણી માફક કેવા લડયા? વળી હાલના શાસ્ત્રીય (scientific) રણસંગ્રામમાં તો મારનાર અને મરનાર એક બીજાને જોઈ પણ ન શકે. આવી સ્થિતિ છતાં પણ માયાના આવરણથી કટ્ટા શત્રુ જાણે હોય તેમ પશુવત વઢીને કપાઈ મરે છે. તો પછી તે જ ઈશ્વરની માયા બિચારી અભણ, અજ્ઞાન, ભોળી પણ અવતારી ગોવાલણોને ઉથલાવી નાખે તેમાં શું આશ્ચર્ય? શ્રદ્ધાળુ માટે તો ગોપીઓ દેવાંશી હતી, એટલે કે, ખાસ શ્રીકૃષ્ણની પરિકર જ હતી એટલું બસ છે. જડવાદીના સમાધાન માટે, દેવાંશી ગોલોકની સખીઓ માનવગોપી તરીકે પૃથ્વી ઉપર આવી, એટલે કે એક

ગામની સ્ત્રીઓ બીજે ગામ રમવા ખેલવા ગઈ, એમ માનવું હોય તો પણ ભલે.

ગોપીઓ કોનો અવતાર હતી એનો એક ચોક્કસ નિર્ણય દેખાતો નથી. દેવ અને સુરસ્ત્રીઓ તે જ ગોલોકની સખીઓ, એ સ્પષ્ટ નથી. શ્રીમદ્‌ભાગવતની ટીકામાં એક ઠેકાણે દેવકન્યા પણ કહી છે. હવે શાસ્ત્રમાં જોઈએ છીએ તો પ્રસંગે દેવભૂમિને ભોગભૂમિ કહી છે, કર્મભૂમિ કહી નથી, એ પણ જોવાનું છે. ગોપીઓ અપ્સરાઓ હોવાનું સરલ લાગે છે. ગોપીચંદ ઉપનિષદ્‌માં તેમને શ્રુતિઓ અને વિષ્ણુપત્નીઓ કહી છે. આ યોજના અપ્સરા કરતાં ઠીક છે. ઋષિઓના અવતારની યોજના દેખાય છે તે પણ ઠીક છે. રાસલીલાના પ્રકરણમાં આ સંબંધમાં વિશેષ વિવેચન કરવામાં આવશે.

નંદને ઘેર આનંદ વ્યાપી રહ્યો છે. આખા વ્રજમાં રિદ્ધિસિદ્ધિ સુખ સંપત્તિનો પાર નથી; પરંતુ દુષ્ટાત્માને આરામ ક્યાંથી હોય ? કોઇ મનુષ્યને સુખમાં જોઈ સારા માણસને આનંદ થાય, દુષ્ટાત્માને કાંઈ પણ કારણ વગર અકારણ શત્રુતા ઉત્પન્ન થાય છે. આવા બનાવ દુનિયામાં રોજ અનુભવીએ છીએ. એ સ્થિતિ બારીક દૃષ્ટિથી અવલોકન ન કરે અને કેવળ માયામાં મૂઢ બની રહે તે ન દેખી શકે. રામભક્ત શ્રીતુલસીદાસે આવા દુરાત્માનું વર્ણન શરૂઆતમાં ઉત્તમ કર્યું છે. કંસ તો ઊંચી કોટિનો કહેવાય; કેમકે તેને દ્વેષનું ઘણું સબળ કારણ હતું. એને પોતાની જિંદગીનો જ સવાલ હતો તેથી તેનો દ્વેષ ક્ષમ્ય છે.

હવે કંસનાં સી. આઇ. ડી. ખાતાનાં માણસો ચોતરફ ગુપ્ત રીતે સંહાર કરે છે તેમાં નેસ પણ તદ્દન બચી ગયો નથી. કંસને કદાચ શંકા ન પડે, પરંતુ આખું ખાતું ગાફેલ ન હોય. આ પ્રમાણે આ વ્રજના નેસ ઉપર પણ એક પછી એક આફત

આવવાની શરૂઆત થઈ. તેમાં પણ કૃષ્ણ બળભદ્ર ઉપર ખાસ શક ગયો દેખાય છે. આ બન્ને ભાઇઓની જિંદગીની આફ્તોની શરૂઆત થઈ, તે સાથે શ્રીકૃષ્ણે ઐશ્વર્ય બતાવવા સાથે ભક્તોમાં ભક્તિરસ પોષી, શુષ્ક જ્ઞાન, ઉપાસના કે કર્મ સહૃદય ભક્તિ વગરનાં નકામાં છે એમ બતાવી, દરેક અધિકારીને નિદિધ્યાસન કરવા માટે વિશાળ ક્ષેત્ર આપ્યું. ઐશ્વર્ય વિના પ્રેમ કે ભક્તિ પોષાતાં નથી અને તે વિના વાત્સલ્યનો આદર્શ બતાવી શકાતો નથી, તેમ માયાનું સ્વરૂપ પણ બતાવી શકાતું નથી, તેથી આ બધા પ્રસંગો યોજાયા છે. ચમત્કાર વિના નમસ્કાર હોય ?

પ્રથમ **પૂતના** માસી આવ્યાં. ત્રણ વર્ષની અંદરનાં સોળ હજાર, તેમાં જાત કર્મના સંસ્કારવાળાં બાળકોના પણ એણે પ્રાણ લીધા ! આ પૂતાના તે સગી માસી નહિ, પરંતુ ઉગ્રસેનને યુદ્ધ પ્રસંગે મળેલી બાળકી કંસની બહેન તરીકે તેના ઘરમાં ઉછરી હતી તેથી માસી. પૂતનાના બે ત્રણ અર્થ થાય છે. બાળકને આંચકી આવે છે તે વખત જેમ જેમ દૂધ વધારે ધાવે તેમ તેમ બાળકને આરામ થતો આવે છે, એવી જાતનો રોગ–આંકડી. આવી આંકડી શ્રીકૃષ્ણને આવેલી, તેથી ખૂબ ધાવવાથી મટી એમ માનો તો પણ ઠીક છે. મહાભારતમાં પૂતનાનો અર્થ પક્ષી કર્યો છે. પછી તે પક્ષી શ્રીકૃષ્ણે માર્યું હોય તો પણ આશ્ચર્ય નથી. વાસ્તવમાં રાક્ષસી હોવાથી મલિન વિદ્યાથી તે પક્ષીનું રૂપ કે સુંદરીનું રૂપ કે ગમે તે રૂપ લઈ શકે. પૂતનાનો ઇતિહાસ એવો છે કે, બળિરાજાની તે બહેન હતી, વામનજીને જોઈને એને બાળક ઉપર મોહ થયો, અને તેને બચ્ચા તરિકે સ્તનપાન કરાવવાની ઇચ્છા થઇ; પણ જ્યારે વિરાટ સ્વરૂપ જોયું ત્યારે પાછું તેમને મારી નાંખવાની વૃત્તિ થઇ. ઇશ્વરે તેની બન્ને ઇચ્છાઓ પૂર્ણ કરી, અને મોક્ષ પણ આપ્યો ! પૂતનાનો ત્રીજો અર્થ

પવિત્ર માણુસોને લઇ જનાર એમ પણ થાય છે. **पूतानपि नयति** અથવા **पुरुषानपि उन्नयति** એટલે કે પવિત્ર માણુસને લઈ જનાર. વિષ્ણુપુરાણુમાં શ્રીમદ્દ ભાગવતની માફક બાળકને મારનાર પૂતના કહી છે. હરિવંશમાં **કંસ**ની દાયણુ, પક્ષી રૂપ લઈને ગઈ હતી એમ કહેલું છે. આ **પૂતના** છેવટ ભાગવતમાં રાક્ષસી થઈ, અને ઉપરના બધા અર્થો સાર્થક થયા. રાક્ષસ જેવું કામ કર્યું તેથી રાક્ષસી, અને સાથે **કંસ**ની જાસૂસ હતી એટલું વિશેષ. વેશપલટો કરીને આ દુષ્ટ વિષની પૂતળી **શ્રીકૃષ્ણુને** મારવા ગઈ. શ્રદ્ધાળુ માટે એ અક્ષરે અક્ષર સાચું છે. જ્ઞાનીએ, પૂતના-રૂપી અજ્ઞાન–અવિદ્યાનો ઈશ્વરે નાશ કર્યો, એમ રૂપક સમજવા જેવું છે; અને જડવાદી માટે એક સરસ યુકિત એવી છે, કે **પૂતનાએ** સ્તનની ડીંટડી ઉપર તેજાબ જેવું ઊડી જાય તેવું (evaporate) વિષ લગાવેલું તે ઘણું જ ઉગ્ર હોવું જોઈએ. તે વિષ કદાચ ડીંટડીના છિદ્ર વાટે દૂધના સંસર્ગથી એકદમ પાછું અંદર ગયું, (absorbed) અને ડીંટડી કપડાથી લૂછાઈ જવાથી સાફ થઈ ગઈ હોય અને બાકીની અસર તેજાબની માફક ઊડી જવાથી ધાવનારને કંઈ જ ન થાય અને ધવરાવનારનો નાશ થાય! એક પૂતનાને મારીને ભવિષ્યમાં થતા અનેક બાળવધ **શ્રીકૃષ્ણે** બચાવ્યા!

મરણુ સમયના ભયંકર દેખાવનું વર્ણુન જડવાદ માટે મરણુ વખતની વિકરાળ સ્થિતિ દર્શાવવા અર્થે કાવ્યની ખૂબી માટે રૂપક સમજવું હોય તો પણુ ઠીક છે. **પૂતના**ના જેવી ખૂબસુરતી ધારણુ કરેલી સ્ત્રીથી બધાં મોહિત થયાં અને એટલો એટલો બંદોબસ્ત છતાં બધાની આંખમાં ધૂળ નાખીને અંદર પેસીને બાળકને લઇને ધવરાવવા માંડી, એ પણુ માયાનું આવરણુ! **નંદ** નેસના ઉપરી હતા તેથી નોકર, ચાકર, સિપાઇ, પહેરેગીર બધું હતું; છતાં પણુ ભાવી ભૂલાવે એ ન્યાયથી બનવાનું હતું તે બન્યું

અને **પૂતના** તથા બીજા ઉત્પાતો પણ થયા; પરંતુ દૈવની ઇચ્છાથી પરિણામ સુધર્યું. **નંદને વસુદેવે** મુલાકાતમાં અશુભ બનાવ માટે ઈશારો પણ કર્યો હતો. **નંદે** ઘેર આવીને **પૂતના**ની હકીકત સાંભળી ત્યારે **વસુદેવ**નો તર્ક તેમને ભવિષ્યવાણી જેવો લાગ્યો. **નંદરાયે** ઘેર આવીને બધાને ઠપકો આપ્યો અને વધારે બંદોબસ્ત કર્યો.

પૂતના શત્રુરૂપે આવ્યા છતાં સ્વર્ગે ગઈ અથવા તેને મોક્ષ મળ્યો કહેવાય છે, તેનો અનુભવ આપણે દરરોજ લઈએ છીએ. સાધારણ રીતે કહેવાય છે કે, સારા વૈદ્યના હાથે મોત સારું પરંતુ ઊંટવૈદ્યની સારવાર ભૂંડી. સારા માણસને હાથે મરવું પણ દુર્લભ હોય. મૂર્ખ મિત્ર કરતાં દાનો દુશ્મન સારો ગણાય છે. જેનાં દર્શન પણ દુર્લભ હોય તેનો શારીરિક સંસર્ગ મળે એ કંઈ સાધારણ વાત છે ? એ ન્યાયથી **પૂતના**નું મૃત્યુ પણ ધન્યવાદને પાત્ર થયું. શ્રદ્ધાળુને માટે તો કશો સવાલ નથી. પરંતુ એવી શંકા કદાચ સંભવે, કે યોગી અને જ્ઞાની રાત દિવસ ચિંતન કરતાં છતાં જેનું સ્વપ્નમાં પણ દર્શન પામી શકતા નથી, તેના સ્પર્શ માત્રથી આ પાપી જીવને સદ્‌ગતિ મળે એ કયાંનો ન્યાય ? એનો ખુલાસો એટલો જ છે કે, રાત દિવસનો સતત દ્વેષ પણ એક પ્રકારની અનન્ય ભક્તિ ઉપાસના છે, અને એ મનોબળનો પ્રભાવ હોવાથી તેનો બદલો મોક્ષ છે.

અવિદ્યારૂપી **પૂતનાને** એકદમ મારવામાં **શ્રીકૃષ્ણે** ક્રમમુક્તિને બદલે એકદમ બ્રહ્મજ્ઞાનનું બળ બતાવ્યું. આ પ્રમાણે સૂક્ષ્મ તત્ત્વ-વાળાને, જ્ઞાનદૃષ્ટિવાળાને અને ભક્તિપ્રિય મનુષ્યને પોતપોતાની અનુકૂળતા પ્રમાણે રહસ્ય સમજવામાં વાંધો નથી. સૂક્ષ્મભૂતો અને તત્ત્વો સ્થૂળ રૂપ લે છે અને તેને પરિણામે સુર અસુરનાં અથવા **શ્રીકૃષ્ણ**નાં રાક્ષસો તથા દૈત્યો સાથેનાં યુદ્ધો સમજવાનાં

છે. દુષ્ટ તત્ત્વો સ્થૂળરૂપ લઇને મોક્ષ માટે શ્રીકૃષ્ણ પાસે ભક્તિભાવથી ગયાં હતાં એવો ધ્વનિ અહીં સ્પષ્ટ છે.

બાળલીલામાં બીજાં અનેક વિઘ્નો અને આફતો આવ્યા. ગાડાનો બનાવ પ્રસિદ્ધ છે. દોઢ મહિને શ્રીકૃષ્ણનું પાસું બદલાવવાના કાર્યને મોટો સમારંભ ઠરાવીને (કોઈ કહે છે કે ચોથે મહીને ઘરમાંથી શ્રીકૃષ્ણને નિષ્ક્રમણના સંસ્કાર માટે અભિષેક વગેરેનો સમારંભ હતો) બધા બહાર ઉજાણીએ નીકળ્યાં. સરસામાનનાં ગાડાં ભરીને ભેગાં લીધાં. ત્યાં આ ગાડાનો કિસ્સો બન્યો. જડવાદની દષ્ટિ માટે એમ માની શકાય કે શકટાસુર* નામનો કોઈ જાસૂસ અથવા બદમાસ ગાડામાં ભરાઇ ગયેલો પણ તેને પોતાનું કાર્ય કરવાને લાગ મળ્યો નહિ, અને અકસ્માત અથવા કોઈ ગોવાળીઆએ જાણી જોઇને લાત મારી તેથી, અગર ધમાધમમાં કોઇ ગોવળીઆની અથવા જાસૂસની પોતાની જ લાતથી ગાડું ઊંધું પડી ગયું અને માણસ ત્યાંથી નાસી ગયો, તે જ વખતે શ્રીકૃષ્ણે પગની લાત અનાયાસ મારી, અને બાળકોએ તે દેખી. શકટાસુરને કોઈએ પ્રત્યક્ષ દેખ્યો નહિ, તેથી. આવું કાંઇ સમાધાન થઈ શકવા જેવું છે. જડવાદી કેવળ અકસ્માત કહે તો પણ વાંધો નથી. ગમે તેમ તો પણ પ્રભુએ સર્વને એ આપત્તિથી ઉગાર્યાં. ગાડું ઊંધું વળે અને ઝોળીમાંનું બાળક બચી જાય એમાં કાંઈ આશ્ચર્ય નથી. નાનાં બાળકો વીસ પચીસ ફીટથી પડીને બચે છે અને મોટાં એક ઠેસ વાગતાં મરી જાય છે, એ અનુભવની વાત છે. નિર્દોષ બાળકો તો બોલ્યાં કે શ્રીકૃષ્ણની લાતથી જ ગાડું ઊંધું પડયું; પરંતુ માયાથી ઘેરાએલાં સારાસાર સમજનાર મોટેરાં કેમ માને?

---

* આ બધા અસુરોને દેવી ભાગવતમાં 'રાજાઓ' પણ કહ્યા છે. મોટા જાગીરદારો ઠાકોરો સી. આઈ. ડી. ખાતાના હોય ને તે કાર્યમાં નિપુણ હશે એમ સ્પષ્ટ દેખાય છે.

પ્રસિદ્ધ કવિ વર્ડ્ઝવર્થ તેટલા જ માટે માને છે કે "નિર્દોષ બાલ્યાવસ્થાની દેખીતી અજ્ઞાનાવસ્થામાં ઈશ્વરની વધારે નજીક તે જીવ રહે છે; કારણ કે ઇશ્વર પાસેથી ટૂંકી મુદતથી જ એ છૂટો પડેલો હોય છે."

પૂતનાના વધ પ્રસંગે કહ્યું છે તે પ્રમાણે આ પ્રસંગમાંથી પણ જે તે મનુષ્ય અધિકાર પરત્વે બોધ લે તે વાસ્તવિક છે. અને દરેક પ્રસંગે પણ તે જ ધોરણ ઉત્તમ છે. સંસાર શકટના ગાડાનાં બે પૈડાં અહંતા અને મમતા, તેને ગ્રહણ કરનાર અહંકાર રૂપી રાક્ષસને **શ્રીકૃષ્ણ**રૂપી જ્ઞાને હણ્યો. જ્ઞાનદષ્ટિમાં સૂતેલા ચિત્તને જગાડી, તેને લૌકિકનો ત્યાગ કરાવીને પોતાનામાં જ આસકત કરવાના જ્ઞાનમાર્ગે આવાં સંકટ પણ આવે.

ત્રીજો ઉત્પાત વંટોળીઆનો છે. જડવાદી માટે એમ માની શકાય કે, **યશોદા**ને બાળકનો ભાર લાગ્યો હશે. તે એક સાધારણ સૂચક પ્રસંગ સમજવો. **યશોદા**ને એમ પણ વહેમ પડે કે આવું થયું તેમાં બલાનું કારણ હોય તો નજર બાંધું. આવાં સૂચક કોઈ પણ સૂક્ષ્મ દષ્ટિવાળાને થાય એ સંભવિત છે. **શ્રીકૃષ્ણ** તો તરત ચેત્યા પણ એમણે વિચાર્યું કે માતુશ્રીના ખોળામાં રહીશ તો મારા ભેગાં તે પણ સપડાશે, માટે તેમને બચાવવા ખાતર એમણે ખોળામાં ભાર કર્યો. આવાં સૂચક, તીવ્ર બુદ્ધિ અગર શુદ્ધ હૃદયવાળાને થાય છે. પરંતુ તેમ ન માનવું હોય તો એમ પણ ધારી શકાય કે કંઈ ઓચિંતું કામ સાંભરી આવ્યાથી અથવા પગે ઝણઝણી ચડવાથી, યા ગમે તે કારણથી **શ્રીકૃષ્ણ**ને **યશોદા**એ નીચે મૂકયા, અને નજર લાગ્યાનો વહેમ આવ્યાથી, રાઇ,મરચાં વગેરે નજર બાંધવાની સામગ્રી તૈયાર કરવામાં ગુંથાયા. ઓછામાં પૂરૂં **નંદરાયજી**એ છેવટમાં એમને ઠપકો આપ્યો કે બાળકને નીચે મૂકયું જ કેમ ? નજર બાંધવાની સામગ્રી સાથે બીજા કામમાં

કેમ રોકાઈ ગયાં ? વાસ્તવમાં તો દુનિયાના બોધ માટે આ બધાં ચરિત્રો છે.

જબરા વંટોળીઆમાં બાળક સપડાય એ બનવા જોગ છે; અને પાછુંનીચે પડે તો નિર્વિઘ્ન રહીને બચે, એ પણ સંભવિત છે. બાળકો સંબંધે એ સામાન્ય અનુભવની વાત છે કે ઘણે ઊંચેથી ઘણા કફોડા સંજોગોમાં પડવા છતાં એની કોઈ વાર નસ્કોરી પણ ફૂટતી નથી, જ્યારે મોટી ઉંમરના માણસો એક બગાસું ખાતાં મરી જાય છે. આ ન્યાયથી વંટોળીઆની તક સાધીને કોઇ જાસૂસ આવેલો હશે તે બાળકને લઇ ગયો, અને પોતે પણ વંટોળી-આમાં ભેગો ઊંચે ચડયો; પોતે જાતે મુંઝાઇને નીચે પટકાયો, પણ એને ગળે બાઝેલું બાળક આબાદ બચી ગયું. આમાં શું અસંભવિત છે ? તા. ૧૮–૬–૧૭ નાં વર્તમાનપત્રોમાં હતું કે, રંગુનમાં એક વંટોળીઓ ચડયો તેમાં એક માણસ પચાસ વાર જેટલે ઊંચે ચડીને પટકાયો, અને એનું માથું ચીરાઈ ગયું. આ **તૃણાવર્ત** દૈત્યના મરણની ભયંકરતા બતાવવામાં કાવ્યનો રસ અલંકાર માનીને જડવાદને સંતોષ થતો હોય તો તે સામે કોઈનો વાંધો ન હોય. **નેપોલિયને** તોપના ગોળા ઉપર પોતાનો ઘોડો નાખ્યો તેમાં ઘોડાના ટુકડે ટુકડા થઈ ગયા અને પોતે કંઇ પણ ઇજા થયા વિના નજીકમાં આનંદથી ઊભો રહ્યો. પોતાના લડવૈયાઓને એણે કહ્યું કે “ મારી ઘડી ભરાઈ નથી ત્યાં સુધી તોપના ગોળાથી પણ હું મરવાનો નથી, અને ઘડી ભરાશે ત્યારે તરણું બસ થશે.” આનું જ નામ દૈવ અથવા નસીબ (Fatalism). આટલું બધું જોખમ ખેડીને પણ લોકોને શ્રીકૃષ્ણે બતાવ્યું કે નિર્માણ હોય તે જ થાય છે, માટે મૃત્યુથી કે કોઇ પણ કારણથી નાહક ડરવાનું નથી.

આ **તૃણાવર્ત** દૈત્યનો પ્રસંગ ખાસ શ્રીમદ્‌ભાગવતમાં દેખાય છે. સ્થૂળમાં ખુલાસો ઉપર કરવામાં આવ્યો છે. કોઈ જડવાદી

એમ કલ્પના કરે કે, ગરુડ જેવું કોઇ મોટું પક્ષી શ્રીકૃષ્ણને ઉપાડી ગયું હશે તો તે સામે પણ વાંધો નથી. કલ્પનાને મર્યાદા જ કેવી? જ્ઞાની માટે એમ સમજવાનું કે દુષ્ટ માણસને જ્ઞાન મળ્યું છતાં, જેમ તૃણાવર્તે શ્રીકૃષ્ણને પત્થર સમજીને ફેંકી દેવાનું કર્યું તેમ પાછી માયા તે દુષ્ટને ઘેરી લે છે અને તેથી એ જ્ઞાનને ફેંકી દે છે; પણ જ્ઞાન એમ ફેંકાય ખરૂં?

આ પ્રમાણે **પૂતના**રૂપી અજ્ઞાન, માલ એટલે લૌકિક વિષયોથી લાદેલું ગાડું, અને **તૃણાવર્ત** તે મોહ એમ ત્રણેનો નાશ **શ્રીકૃષ્ણે** કર્યો, અને સમાજને જ્ઞાન તથા ભક્તિ આપ્યાં એવો એમાં જ્ઞાનનો ધ્વનિ છે. **નંદરાય યશોદા**ની પણ અત્યાર સુધી જડવાદીના જેવી જ કંઇક સ્થિતિ હતી. તેઓએ તથા બધાંએ એમ જ માન્યું કે આ બાળક ઇશ્વર કૃપાથી આફતોમાંથી બચે છે. આનું જ નામ માયા! **શ્રીકૃષ્ણ**નાં માતપિતા જ જ્યાં માયાથી ઘેરાય ત્યાં બીજાનો શો હિસાબ?

પ્રેમ અને પરાક્રમ હંમેશ ભેગાં રહે છે. કંઇ પણ ઐશ્વર્ય બતાવ્યા સિવાય પ્રેમ અથવા ભક્તિ સ્ફૂરતાં નથી અને પોષાતાં પણ નથી, એ પ્રત્યક્ષ અનુભવની વાત છે. "ચમત્કાર વગર નમસ્કાર નહિ." એ વાત **શ્રીકૃષ્ણે** હવે પ્રત્યક્ષ કરી બતાવવા વિચાર કર્યો. ભક્તિભાવ ઉત્પન્ન કરવાનો અને ઐશ્વર્ય બતાવવાનો એવા બે હેતુ હોવાથી, એમણે બન્ને કામ એકી વખત કર્યાં. વાત્સલ્ય, ભક્તિ અને ઐશ્વર્યના આદર્શ આપવામાં એમણે માયાનું આવરણ તથા તેની સાથે બ્રહ્મજ્ઞાન પણ બતાવ્યું છે.

દૈવઇચ્છાથી **શ્રીકૃષ્ણ** બચે છે, એવી સમજનો મોહ દૂર કરવા માટે, પોતે એક વખત બગાસું ખાઇને **યશોદા** માને સ્વ-મુખમાં બ્રહ્માંડ અને તેમાં **યશોદા** મા તથા ખુદ પોતાને પણ બતાવ્યાં! આ પ્રમાણે પરચા ઉપરાઉપરી બતાવવાનું કારણ,

એમ સમજવું ઘટે કે માયાને લઇને પોતાની ભક્તિમાં ભંગ ન પડવા દેવા માટે એક પછી એક પ્રસંગો એમણે બતાવ્યા છે. આ તમાશો જોઇને **યશોદા** તદ્દન સ્તબ્ધ બની ગયાં, અને એને ઇશ્વરનો ચમત્કાર માન્યો. બાળકને દાંત આવતા હતા એ બદલનું શાસ્ત્ર એવું છે કે જો માતા પોતાની આંગળીથી દાંતલી તપાસે તો દાંત આવે નહિ, તેથી માતુશ્રી વાટ જોતાં હતાં કે એ પોતાની મેળે મોં ઉઘાડે તો જોવાનું ઠીક પડે; તેથી બગાસાનો લાગ મળવાથી એમણે મુખમાં જોયું. આ ચરિત્રમાં પણ અથાગ રહસ્ય છે. જડવાદી ભલે માને કે **યશોદા**ના મનમાં બ્રહ્માંડનો ખ્યાલ હશે, અને તે સાથે આ બાળક કંઇ ચમત્કારિક તો લાગ્યું જ હતું, તેથી તેમને કંઇ ભ્રમ થયો હશે. **યશોદા**ને બાળકની શક્તિનું આકર્ષણ બહુ થવાથી પોતાના મનની ઘટના પ્રમાણે 'હાઝરાત'ના તમાશાના જેવો એમને કંઈ આભાસ થયો હોય એમ જડવાદીને માનવું હોય તો પણ ઠીક છે. શ્રદ્ધાળુ માટે તો આ પ્રસંગ, તથા માટી ખાવાથી ધમકાવતાં મોં ઉઘડાવતાં અંદર બ્રહ્માંડ દેખાડયું તે પ્રસંગ, **અર્જુન**ને વિરાટ સ્વરૂપ બતાવ્યું તે પ્રસંગ અને **દુર્યોધન** આદિ કૌરવોને ભરસભામાં ભયંકર વિરાટ સ્વરૂપ દેખાડયું, તે બધા પ્રસંગો સત્ય છે. જ્ઞાનીને કંઈ પરવા નથી; અન્ધ શ્રદ્ધાળુ માટે કંઈ કહેવાનું નથી; જડવાદીને બધી રીતની છૂટ છે; કાં તો ગપ માને કાં તો માનસિક ભ્રમ માને, કે પછી અર્ધજાગૃત અવસ્થા ને સ્વપ્ન જેવું માને. **યશોદા** પોતે જ ભ્રમમાં પડતાં કે આ તે મને જ ભૂત વળગ્યું કે મારા લાલાને? પોતાના સિવાય બીજું કોઈ આ ચમત્કાર દેખી શકતું નહિ, એટલુંજ નહિ પણ પોતાને તથા લાલાને પણ એમણે અંદર જોયાં, તેથી ધાર્યું કે મનેજ કંઈ ઝોડ વળગ્યું હશે. વળી કોઇ વખત શંકા પડે કે, રખેને આ બાળક કોઈ મોટો દેવ હોય! હવે જ્યારે એ વખત પણ ખુદ

માતુશ્રીને ભ્રમ થયો હતો પછી આટલી મુદતે આપણને થાય એમાં શું આશ્ચર્ય ? આનું જ નામ માયા ! સ્મશાન વૈરાગ્યની માફક **યશોદા** આ પ્રસંગે માયાના આવરણથી, અથવા દુનિયાંની ધમાલમાં પડવાથી આ પ્રસંગને પાછા ભૂલી ગયાં અને સંસારના રગડામાં રગડાવા માંડયાં. આ પ્રસંગ શ્રીમદ્‌ભાગવતમાં દેખાય છે.

માટી ખાવાના પ્રસંગે "મેં માટી ખાધી નથી" એમ **શ્રીકૃષ્ણ** બોલ્યા તે જુઠું બોલ્યા, એવું કહેવામાં આવે તો તે ખોટું નથી. બાળક તો એવાં જુઠાં બોલે તે ક્ષમ્ય છે. ઊલટું તેમાં આનંદ છે; પરંતુ **શ્રીકૃષ્ણે** તો સાચું જ કહ્યું છે. જે મોંમાં આખું બ્રહ્માંડ છે, ત્યાં માટી ખાવાનું કયાં રહ્યું ? માટી વસ્તુમાં પણ ઘણું રહસ્ય છે. **પૂતના**ના ધાવણથી સોળ હજાર બાળક મરી ગયેલાં તે ધાવણ પોતે પીધું તેમાં તે બધાં બાળક આવી ગયાં અને તેમનો મોક્ષ, તેમણે વ્રજની માટી ખાઇને કર્યો અને વ્રજની રજનું માહાત્મ્ય વધાર્યું. પંચમહાભૂતોમાં પૃથ્વી તત્ત્વ ખાસ સ્થૂળ અને મુખ્ય છે, એનો પણ આમાં ધ્વનિ છે.

ગર્ગાચાર્ય વ્રજમાં ગયા અને ત્યાં એમણે **નંદ યશોદા**ની વિનંતિથી બન્ને બાળકોનો નામકરણ સંસ્કાર કર્યો. તેમાં પણ બહુ યુક્તિ છે. **વસુદેવે** યુક્તિથી **ગર્ગાચાર્ય**ને કહેલું કે તમે અમારા કુળગુરુ છો તેથી બન્ને છોકરાનાં નામ પાડવાના સંસ્કાર વ્રજમાં જઇને કરી આવો. **ગર્ગાચાર્ય નંદ**ને ઘેર ગયા ત્યારે તેઓને સુઝી આવ્યું કે **બળભદ્ર** તો **વસુદેવના** જ પુત્ર છે, અને **ગર્ગાચાર્ય વસુદેવ**ના કુળગોર છે; માટે અનાયાસ આવેલા **ગર્ગાચાર્ય** પાસે **બળભદ્ર**નું નામ પડાવીએ, અને તે સાથે પોતાના (માનેલા) બાળકનું પણ પડાવી લઇએ. **ગર્ગાચાર્ય**ને વિનંતિ કરી, તેથી એમનેય મનમાં સંતોષ થયો કે મારા આગમનનો હેતુ સાર્થક થયો; કેમકે પોતે એ કાર્યનો સંકલ્પ કરીને જ

ગયા હતા; પરંતુ આ વાત પ્રસિદ્ધ થાય તો કંસના જાસુસ જાણે, અને તેથી બાળકો આફતમાં આવે એવો એમને ધાસ્તી હતી. પછીથી વાત વાતમાં એમણે કંસનો ઇશારો કર્યો, ત્યારે **નંદ યશોદા** બોલ્યાં કે "ગુપ્ત સંસ્કાર કરો, અમે ગુપ્ત રાખીશું." **ગર્ગાચાર્યે** વિધિ કર્યો ને તે પછી નામ ગણાવ્યાં. તેમાં એમણે માત્ર સ્પષ્ટ શબ્દોમાં એ ભાઇઓ **વિષ્ણુ** તથા **શેષનાગ**ના અવતાર છે એમ કહ્યું નહિ, પરંતુ તેમના ગુણો એવા પરિપૂર્ણ વર્ણવ્યા, કે જેથી સાંભળનારને તરત ખાત્રી થાય કે બન્ને અવતાર હતા. **શ્રીકૃષ્ણ**નાં નામમાં **વાસુદેવ** પણ ગણાવ્યું, અને એ રીતે યુક્તિથી સત્ય પણ સ્પષ્ટ કહ્યું કે એક વખત **વસુદેવ**ને ત્યાં પણ તેમનો જન્મ હતો. જ્યોતિષશાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર તથા હાલની ફ્રેનોલોજી, ફિઝિયોનૉમિ વગેરે સામુદ્રિક તથા સૂક્ષ્મશાસ્ત્ર માટે આ ભવિષ્યવાણી થવી એમાં કંઈ વિશેષ નથી. એક દૃષ્ટાંત છે, કે એક બાળક છ મહિનાનું હતું ત્યારે એક વૃદ્ધ સ્ત્રીએ એને ખોળામાં લેતાં સાથે કહ્યું હતું કે "આ છોકરો ગાંડો નીકળશે." તે સાચું પડેલું પ્રત્યક્ષ અનુભવેલું છે. **વર્ડઝવર્થ** કહે છે કે " The child is the father of the man. " "પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય." હાલના જમાનામાં પણ જગવિખ્યાત **લોર્ડ જયોર્જ** માટે એક "જીપ્સી"એ તેમનાં બચપણમાં કહેલી ભવિષ્યવાણી ખરી પડી હતી એમ કહેવાય છે.

કંસના જાસુસો બાતમી મળ્યા પ્રમાણે વ્રજમાં આવે છે, પરંતુ દૈવ ઇચ્છાથી એ જાસૂસોનો જ નાશ થાય છે, અને તેનો પાછો પત્તો પણ પડતો નથી, તેથી કદાચ **કંસ** ગાફેલ રહે, એ બનવાજોગ છે; પણ સર્વત્રગામી રોજીંદા વર્તમાનપત્રના જેવા અથવા **રોઇટર**ની એજન્સી જેવા **નારદ** મુનિના કહેવાથી તેણે બધી હકિકત જાણી. વ્રજમાંથી બાતમી બહાર ન જાય એ

પણ સંભવિત છે. ભરવાડના નેસમાં અગર વણઝારાની ગોઠમાં એવો સખ્ત બંદોબસ્ત હોય છે, કે તેમાં કોઇથી ચંચુપ્રવેશ થઇ શકે નહિ. તેમનાં ઢોર વિચક્ષણ હોય છે, સાનમાં સમજી શકે છે, અને હિંમતવાળાં હોય છે. તેમના પાળેલા કૂતરા એવા જબરા નિમકહલાલ અને ચાલાક હોય છે કે એક પક્ષી પણ અંદર પેસી શકે નહિ. અંદર અંદર સંપ એવો હોય છે કે જરા પણ વાત બહાર જાય નહિ. આવા કારણથી નજીક છતાં પણ કંસ મૂઢ રહે એમાં શું આશ્ચર્ય? આફતો આવ્યા છતાં પણ બાળકો આનંદ કરતાં, ગેલ કરતાં, ઉછરવા માંડયાં. જો કે આ બંને બાળકો તો સર્વજ્ઞ હતાં, પરંતુ એવા સમર્થ મહાત્માઓનો પોતાનાં મન ઉપર અપૂર્વ કાબૂ હોય છે; અને તેથી એમના આનંદમાં વિઘ્ન આવતું નથી એમ ઘણી વાર જણાયું છે. લાર્ડ **કલાઇવ** જેવાએ, લડાઈની ધમચકડમાં પણ પત્તાંની રમતમાં વિઘ્ન પાડયું નહોતું. હોમ સેક્રેટરી મી. મોંટેગ્યુએ હિંદુસ્તાનમાં આવીને મૌનવ્રતની પ્રતિજ્ઞા કેવી પાળી હતી તે પ્રસિદ્ધ છે. **નેપોલિયન** પોતાની **જોસફાઇનને** તોપના ગોળા પાસે રહીને પ્રેમ પત્રો મોકલતો હતો. સ્પેનના "ઇન્વિન્સિબલ આરમેડા"ના હુમલા વખતે ઇંગ્લેન્ડનો નૌકાધિપતિ બાઉલ્સ (bowls)ની રમત રમતો હતો. રમત રમાતી હતી તે દરમિયાન કોઇએ બાતમી આપી કે સ્પેનનો કાફલો નજદીક આવ્યો છે. તેના જવાબમાં એ અમલદાર જે શબ્દો બોલ્યો તે ઐતિહાસિક બનાવ છે: "બાઉલ્સની રમત કરવાને અને સ્પેનને મારવાને હજી પુરતો વખત છે." આવી વ્યકિતઓ માટે જયારે આ પ્રમાણે જોવામાં આવે છે તો પછી જેમનો જોટો દુનિયામાં નથી એવાં આ બે બાળક અનેક આફતો વચ્ચે આનંદ કરે એમાં શું આશ્ચર્ય! આ કૃષ્ણ લીલા ત્રણ પ્રકારની છે, (૧) કૌતુક લીલા, (૨) રસાવિષ્ટા અને (૩) કામાવિષ્ટા. શુદ્ધ હૃદયની ગોપીઓને આ કૌતુકોથી

ઘણી અસર થઈ. ગોપીની બાબતમાં તેઓનો ભાવ બન્ને બાળકો ઉપર અને તેમાં ખાસ શ્રીકૃષ્ણ ઉપર ઘણો જ વધ્યો. કાળે કરીને એ પ્રેમનું સ્વરૂપ બદલાયું. પરંતુ ગોપીઓ માટેનું વિવેચન હવેના પ્રકરણમાં કરવામાં આવશે.

હાલ પણ આપણે જોઇએ છીએ કે ગર્ભશ્રીમંતના ઘરમાં અથવા સહવાસમાં પરાયું છોકરું ઉછરે છે, ત્યારે ઘરના બાળક અથવા બાળકી સાથે એની નિર્દોષ દોસ્તી હોય છે, અને પાછળથી એકાએક એ મૈત્રીનું રૂપ બદલાઈને પ્રેમ થઈ છેવટે લગ્નનો પ્રસંગ પણ આવે છે. ગોપીઓ પ્રેમઘેલી અંધ બની ગઈ. રાત દિવસ એ બાળકનું જ એમને ધ્યાન થઈ ગયું. તેમાં એ તદ્રૂપ બની ગઈ. પોતાના પતિઓ સાથે વિહાર કરતાં પણ એ શ્રી કૃષ્ણને જ જોતી. ટૂંકામાં, પ્રત્યેક માણસ અગર વસ્તુને તેઓ કૃષ્ણને જ જોતી. સામાન્ય દૃષ્ટિ માટે એટલું જ બસ છે કે કોઇ સ્ત્રી અગર પુરુષ ઉપર જે મનુષ્ય આસક્ત હોય તેનો ખ્યાલ એ કરી જોય. આવા ઇશ્કમાં ડૂબી ગયેલાની જે દશા થાય તે દશા, સૂફીના આશક જેવી ગોપીની સમજવી. શ્રીકૃષ્ણરૂપનાં ગોરસનાં ચરિત્ર, દાણલીલાનું ચરિત્ર એ સર્વ પ્રેમ વધવાના ઉપાય રૂપે જ થયાં. ગોપીઓ એ પ્રેમમાં અંધ બની . પોતાની અને શ્રી કૃષ્ણની વય વચ્ચેના તફાવતનું પણ એ ભાન ભૂલી ગઈ. તેજસ્વી માટે ઉમ્મર એ કંઈ મહત્ત્વની વાત નથી. **तेजसां हि न वयः समीक्ष्यते (रघुवंश)**. એ બાળકને ગોપીઓ મોટી ઉમ્મરનો લેખવા માંડી. નાનાં છોકરાં પ્રથમ ઘર ઘર રમે છે, અને પછી મોટી ઉમ્મરમાં સાચાં ઘર કરે છે, તેમ ભોળી બાળાઓ ઘર ઘર રમવામાથી મોટા ઘર ઘરના વમળમાં પડી. શ્રીકૃષ્ણના અનેક ચાળાની ફરિયાદો યશોદામાને કરવા જતાં ઉલટો એમનો સ્નેહ વધ્યો. દહીં, દૂધ, માખણ વગેરે ચોરી ખાવાનું, ગોરસ ઢોળવા ફોડવાનું, વાંદરાં (ગોકુળ વૃંદાવનનાં માંકડાં હજી

પ્રખ્યાત છે) વાછરડાં ભેગું રમવાનું, તેમને બધું ખવરાવી દેવાનું ઇત્યાદિ અનેક પ્રકારનું ચરિત્ર સહજગમ્ય છે. ગોપીઓ લાડુ આપીને બાળકને નચાવે, ગાયન કરાવે, કુદાવે, કુસ્તી લડાવે, એમ અનેક રીતે બન્ને વચ્ચે પ્રેમ વધ્યો. અશ્રદ્ધાળુને પણ આમાંની કોઇ બાબતમાં વાંધો લેવા જેવું નથી. યશોદા જ્યારે ધમકાવે ત્યારે શ્રીકૃષ્ણ એવું બહાનું બતાવે કે, " મને ગોપીઓ એમનાં ઘરનાં કામ બતાવે છે, તે ન કરું તેથી આવાં આવાં આળ ચડાવે છે. " એક સાધારણ સંસ્કારી બાળકની ચેષ્ટાઓમાં પણ એવું ઘણું જોવાનું મળે છે, તો પછી શ્રીકૃષ્ણની ચેષ્ટા તો વિસ્મયતાનો અખૂટ ભંડાર છે. આ બધી ક્રીડાનો હેતુ ગોપ, ગોપબાળ અને ગોપીઓ સંસારમાં મગ્ન હોવા છતાં એમને જ્ઞાનની સ્મૃતિ રહેવા પામે, એ હતો. આગળ કહ્યું તેમ સત્ત્વ, રજ અને તમવાળી ક્રીડાઓ એ કરતા. તામસી ક્રીડાથી ગોપીઓને પ્રસંગે નુકશાન થતું હતું. પરંતુ તે એ આનંદથી સહન કરતી.

વાછરડાં છોડી મૂકવામાં, જીવને મુક્ત કરવાની અને જ્ઞાનથી બ્રહ્મમય થવા રૂપી મુક્તિનો પણ ધ્વનિ છે. વાછરડાંને, જે ગોપીઓ ગાયોને ધાવવા ન દે એવાં વાછરડાંને, એ છોડી મૂકતા. દહીં, દૂધ ચોરીને ખાતા, એ કથનમાં પણ જ્ઞાનદૃષ્ટિથી અજ્ઞાનનું હરણ કરવાનો જ્ઞાનનો ધ્વનિ છે. વ્યાવહારિક દૃષ્ટિથી જોતાં પણ જણાશે કે એમની કાર્યદક્ષતા સંપૂર્ણ હતી. દૂધ, દહીં, માખણ વગેરે પોતે ચોરીને ખાઈ જાય, તે વખતે વાછરડાંને મોઢે થોડું ચોપડતા, એટલે કે બિચારાં વાછરડાંને માથે ચોરી આવે અને પોતે આબાદ બચી જાય ! જ્ઞાન આગળ અજ્ઞાનની એ જ દશા સમજવી ! વળી વ્યવહાર પક્ષમાં પણ જ્ઞાનની દૃષ્ટિથી જૂઓ, કે ખાય તો પોતે એકલા નહિ; પરમાર્થ સિવાય વાત જ નહિ !

પોતાના પૂર્વના રામાવતારના દોસ્ત વાનર રૂપી આ અવતારનાં અવાચક માંકડાં; એને ઘણે ભાગે ખવરાવતા; તેથી ગોપ ગોપીઓને જાણે કે બોધ આપતા હોય, કે માણસે એકલાંએ પેટ ભરવું નહિ; એણે દયા, દાન કરવાં, અને અવાચક પ્રાણીનું પણ પોષણ કરવું જોઇએ. વાસણો ફોડવામાં અશુદ્ધ પાત્રોની તથા અપવિત્ર દૈત્યાવિષ્ટ દ્રવ્યની શુદ્ધિનો આશય જોઈ શકાય છે. બાળકોને ખવડાવવામાં પણ પ્રેમ તથા જ્ઞાનનો ધ્વનિ છે. આ પ્રમાણે અનેક લીલામાં શ્રીકૃષ્ણે અનેક રંગ બતાવ્યા છે. દાણલીલાની બધી વાતો એક સાધારણ પ્રસંગને રસ અલંકારથી શણગારીને રસજ્ઞો માટે પ્રીતિકર બનાવેલી હોય એમ માનવામાં કશું અજુગતું ન હોઈ શકે. દાણલીલાનું તોફાન હરિવંશમાં થોડું વર્ણવેલું છે, ભાગવતમાં જરા વિશેષ છે, અને બીજે કંઇ ખાસ જોવામાં આવતું નથી. જ્ઞાનદષ્ટિથી જોતાં, જેનામાં જે દોષ હતો તે દૂર કરવા માટે એ લીલાઓ યોજાઈ હતી. અને એ રીતે આસક્તિવાળી વસ્તુઓનો નાશ કરીને પણ જ્ઞાન અને ભક્તિથી શ્રીકૃષ્ણ સમાજને જાગૃત કરતા હતા, એવી કલ્પના યથાયોગ્ય છે.

મેં માટી ખાધી નથી, એમ કહીને ભગવાને જે વિશ્વદર્શન કરાવ્યું, તેનો ખુલાસો ઉપર આવી ગયો છે. એ પ્રસંગોમાં નાનાં છોકરાંની માટી ખાવાની સામાન્ય ખાસિયત પણ બતાવી છે. અને બીજી દષ્ટિએ પંચમહાભૂતની બનેલી આખી પૃથ્વી, સમગ્ર બ્રહ્માંડ જેની અંદર સમાવેલું છે, તેને ખાવા માટે બીજી જૂદી માટી ક્યાંથી લાવવાપણું હોય ?

યશોદાને પાછું સત્ય સ્થિતિનું ભાન કરાવવા તથા બોધ દેવાની ખાતર ગોળી ફોડયાના ચરિત્ર માટે આગળ કહેવાઈ ગયું છે. આ કાર્યની પહેલાં એક પ્રસગે **યશોદા** ખીજાઇને મારવા

ઉઠયાં, એટલે **શ્રીકૃષ્ણ** નાઠા; તેમાં એવી ચાલાકીથી એમણે મંડળ લીધાં (આડા અવળા જઇ ચકકરમાં પડી ન્હાસે તે) કે **યશોદા**મા તેમને પકડી શકયાં નહિ. નાના બાળકને પકડવું સહેલ નથી એનો અનુભવ કોને નહિ હોય ? આ કાર્યમાં એક રહસ્ય જોવા જેવું છે. વાંસામાં અધર્મનું સ્થાન હોવાથી ભગવાનની પૂંઠ હતી ત્યાં સુધી **યશોદા** માને જ્ઞાન થયું નહિ, પણ **શ્રીકૃષ્ણે** પાછું મોં ફેરવતાં **યશોદા** માએ તે જોયું, કે તુરત તેમને સત્ય જ્ઞાન થયું. પાપ બુદ્ધિ હોય ત્યાં સુધી જ્ઞાનનો સ્પર્શ ન થઇ શકે, તેથી તેમણે હાથમાં લાકડી લીધી હતી, તે પાછું જ્ઞાન થવાથી ફેંકી દઇને પછી પકડીને માતાએ આ દિવ્ય તનયને વહાલ કર્યું. પછીના ગોળી ફોડયાના પ્રસંગે **કૃષ્ણ** નાઠા, તે વખતે એ છેવટના પકડાયા. **યશોદા**એ એને દોરડીથી બાંધવા માંડયા, પણ ચમત્કાર એવો બન્યો કે, એ ગાંઠ બાંધવા જાય ત્યારે બે આંગળ દોરી ખૂટે ! આ બે આંગળ તે રાગ અને દ્વેષ, અથવા દ્વૈતભાવ; અથવા માનો કે પુરુષાર્થ સાથે પ્રભુની કૃપા થાય ત્યારે જ કાર્ય થાય, એ સિદ્ધાંત ! જ્યાં માયાનું જોર હોય ત્યાં જ્ઞાન કયાંથી થાય ? **યશોદાજી** એ દોરીના અનેક સાંધા કર્યા પણ જ્ઞાનની દોરી ખુટી. રાગ દ્વેષ હોય ત્યાં સાંધો અથાત્ ઐકય કેમ થઈ શકે ? તેમાં બે આંગળનું અંતર રહે જ. **યશોદા**ના બે દોષ હતા; એક પુત્રત્વનું જ્ઞાન, અને બીજું લોભને લીધે કરેલો અપરાધ. માતુશ્રીની દયા ખાતર પ્રેમ અને ભકિતની ગાંઠથી દુનિયાને દાખલો આપવા માટે ભગવાન બંધાયા. એકલા હાથ બાંધે તો દાંતથી કદાચ દોરડું તોડી નાંખે, તેથી પેટ ઉપર પણ દામણ–દોરડું–બાંધ્યું. તે કારણથી **શ્રીકૃષ્ણ દામોદર** કહેવાયા, ને ખાંડણીઆ સાથે બંધાયા. **યશોદા** પાછાં સંસારના રગડામાં પડયાં, એટલે આ અસાધારણ બાળકે ખાંડણીઆ સહિત આંગણામાં જઇને બે અવતારી **યમલાર્જુન**નાં ઝાડ

હતાં, તેને ખાંડણીઆના ધક્કાથી પાડી નાખ્યાં, અને પોતે આબાદ બચી ગયા.

અશ્રદ્ધાવાન ભલે એમ માને કે સાધારણ ટૂંકી કાચી જૂની દોરીઓ હશે તે તૂટવાથી ખૂટી પડતી હશે અથવા ટૂંકી દોરીનું રૂપક આપ્યું હશે; પરંતુ વાસ્તવમાં જુઓ, કે પ્રભુ ભક્તિને વશ થઈને બંધાતા નથી ? કેટલા ભક્તોએ ભક્તિથી બાંધીને તેમની પાસે ધાર્યાં કામ કરાવ્યાં છે ? ખાંડણીઆના ધક્કાથી જૂનાં સડી ગયેલાં ઝાડ હોવાથી તે પડી જાય, તો તેમાં શું આશ્ચર્ય ? અથવા કોઇ તર્ક કરે છે કે **યમલાર્જુન**નાં ઝાડ નાનાં છોડવાં જેવાં થાય છે, તે તેમણે ઉખેડી નાંખ્યાં, અથવા તો કાકતાલીય ન્યાયથી તે વખતે જ ઝાડ પડયાં, અને બાળક બચ્યું; એમાંથી ઠીક પડે તે ખુલાસો સ્વીકારી શકાય છે. આ વખત પણ આ ઘટનાને નજરે જોનાર નિર્દોષ બાળકોએ કહ્યું કે ઝાડમાંથી બે દેવ નીસર્યાં (આ બન્ને દેવનો અધઃપાત પણ સ્ત્રી તથા મદિરાથી થતા વિનાશનો બોધ આપે છે) અને તુરત **શ્રીકૃષ્ણ**ને પગે લાગી કંઈક બોલીને જતા રહ્યા. પણ છોકરાંનું કહ્યું માને કોણ ?

જ્ઞાનદષ્ટિથી જોતાં, વલોણાથી માંડીને તે પછીનાં બધાં કાર્યોને ધ્વનિદર્શક રૂપક તરિકે વર્ણવી શકાય, ખરૂં. પણ તેમ કરવાની કંઈ જરૂર નથી. લોભનિવારણાર્થે યોજેલું આ રૂપક છે, એટલું જ બસ છે. અનાદિકાળથી એવો ક્રમ ચાલતો આવ્યો છે કે મંદ તથા દુષ્ટ કૃત્યથી અધઃપાત થાય છે, અને ઉત્તમ સંસર્ગથી પાછી ઉત્ક્રાન્તિ થાય છે. એ સારરૂપી બોધ આ પ્રસંગમાંથી લેવાને ગમે તે કોઇ પાત્ર છે.

આ પ્રમાણે બાળવયે **શ્રીકૃષ્ણ** વ્રજમાં રહ્યા હતા. ત્યાં ઘણા દિવસ ઢોર રહેવાથી વરૂનો ભય વધવા માંડયો. (હરિવં-

શમાં વરૂની વાત લખી છે.) ઘાસની તથા જંગલનાં ઝાડની અને તેથી ચારાની તંગી થઈ. ઉકરડાથી જમીન જામી ગઈ, અને તેથી હવા બગડવાની પણ ધાસ્તી લાગી. આ બધી બાબતો સાથે ઉત્પાતો પણ થતા જોઇને ગોવાળીઆઓએ એકઠા મળી સલાહ કરીને સ્થાન ફેર કરવાનું અને નજીકના વૃન્દાવનમાં જઇ વસવાનું ઠરાવ્યું. **શ્રીકૃષ્ણે** પોતાના ગોકુલને વૃન્દાવન* જવાની પ્રેરણા કરાવી તેમાં પણ **રહસ્ય** છે.+ ત્યાં ગયા પછી તેમણે રાસલીલા વગેરે અનેક લીલા કરી. ભક્તિ તથા જ્ઞાન ફેલાવીને ધર્મની સંસ્થાપના કરી છે. **વૃન્દાવન**માં જવાનું તથા ત્યાં નેસ વસાવ્યાનું અને રમતો ગમતો કર્યાનાં વર્ણનમાં અશ્રદ્ધાવાનને અમાન્ય અથવા અરુચિકર પડે તેવું કાંઈ નથી. **વૃન્દાવન** તે ગોલોકનો જ નમુનો હતો એમ માનો, અથવા તેવું બનાવ્યું એમ માનો. સૂક્ષ્મ ગોલોકને સ્થૂળ રૂપ આપીને સ્થૂલ દૃષ્ટિવાળાને પણ ગોલોકનુ ભાન **શ્રીકૃષ્ણે** કરાવ્યું છે. વૃન્દાવનમાં ગયા પછી **શ્રીકૃષ્ણ** પૌગંડાવસ્થા (છઠ્ઠા વર્ષથી તે નવમા સુધીની) માં આવ્યા, અને એ રીતે જરા મોટા થવાથી, બાળપણની રમતો છોડી દઈને મોટા છોકરાની, પશુનાં પૂછડાં. ઝાલીને દોડવાની, પશુપક્ષીનાં અનુકરણ કરવાની, તેમના વેશ કાઢવાની, બીલાં વગેરેથી દડાની રમતો રમવાની ઇત્યાદિ પ્રકારની અનેક રમતો રમવા માંડયા. ત્યાં પણ **કંસ**ના જાસૂસ દૈત્યો એમની બાતમી મેળવીને આવવા માંડયા. વગડાની રમતમાં વાછરડાંનું રૂપ લઇને–વાછરડાં માત્રના દોષના સમૂહનું રૂપ લઈને–બધાં

---

* વૃંદા તે મધુ દૈત્યની દીકરી. જળંધરની સ્ત્રી વૃંદાનું વિષ્ણુએ પરિગ્રહણ કર્યું હતું તેના નામ ઉપરથી એ સ્થળ વૃંદાવન કહેવાય છે. ભગવાનના સ્પર્શથી એ વન પાવન હતું એમ કેટલાક કહે છે. કેટલાક કહે છે. કે એ વૃંદા તે તો રાધાજીની સખી હતી.

+ સૂક્ષ્મ દૃષ્ટિવાળા વૃંદાવનને અંતઃકરણ કહે છે.

વાછરડાંની દોષમુક્તિ માટે **વત્સાસુર** નામનો એક ખૂની જાસૂસ પેઠો. ચાલાક **શ્રીકૃષ્ણ** તરત ચેત્યા. **બળરામ** જરા મોટા અને વધારે તાકાતવાળા હોવાથી તેમને ઈશારો કરી વાછરડાના વેશમાં આવેલા દૈત્યને તેમને હાથે મારી નંખાવ્યો. વાછરડાનો વેશ લઇને જાસૂસ આવે તેમાં જડવાદીને ભાગ્યે જ શંકા આવે; તેમ જ ચાલાક બળવાન બાળક તેને મારી નાખે એમાં પણ કાંઇ વિશેષ નથી. જ્ઞાનદ્રષ્ટિથી વાછરડાંઓના સમગ્ર આસુર ભાવનું મનુષ્ય રૂપે રૂપક થઇને મોક્ષ પામીને તમામ વાછરડાંના આત્માને તેમણે જ્ઞાન તથા પ્રેમ આપ્યાં, એમ સમજવું સરલ છે. જડ-દ્રષ્ટિ માટે, આ રૂપકો તે પ્રદેશના ઝનૂની લોકોનાં પણ હોય, કેવળ અઘોરી મનુષ્યો જેવી મલિન યોગશક્તિથી તેવાં રૂપ લેનારની એ વાત હોય, અગર કોઈ પ્રત્યક્ષ ઝનુની પ્રાણીનું પણ એ વર્ણન હોય.

હજી સુધી પણ, આ બાળકો દૈવી ઇચ્છાથી જ બચે છે એમ મનાતું હતું; તેથી હવે લોકોની ધીમે ધીમે આંખ ઉઘાડ-વાની ખાતર ભગવાને સ્પષ્ટ પરાક્રમ કરી બતાવવા માંડયું કે જેથી લોકોની શ્રદ્ધા તથા પ્રીતિ વધે. છોકરાંઓએ વ્રજમાં જઇને મોટેરાંઓને એ વિશેની વાત કરતાં બધાં ખૂબ ખુશ થયાં.

બકાસુરની હકીકત પણ ઉપરના **વત્સાસુર** જેવી લગભગ છે. એ **શ્રીકૃષ્ણ**ને ગળી ગયો, એને ભલે અલંકાર કહીએ. કદાચ તે વખતનાં પ્રાણી ઘણાં મોટાં થતાં હોય, એ પણ સંભવિત છે, ને હાલનું ભૌતિક શાસ્ત્ર એ વાત માન્ય કરે છે. જમીનમાંથી નીકળતાં પ્રાચીન હાડકાં (fossils) વગેરે ઉપરથી એવો નિર્ણય નીકળે છે. **બકાસુર**ની ચાંચ પકડીને **શ્રીકૃષ્ણે** તેને ફાડી નાંખ્યો હોય એમાં કાંઈ અસંભવિત નથી. કોઇ પણ બળવાન્ બાળક ગમે તેવા મોટા બગલાને મારી શકે

તેમાં શું અસંભવિત ? જ્ઞાનદષ્ટિ માટે, લોભ અને અમૃતરૂપી ચાંચની બે ફાડોવાળો દંભરૂપી બગલો આનંદ અને સત્યરૂપી **શ્રીકૃષ્ણને** ગળી ગયો, પરંતુ ઇશ્વરની કૃપાથી, તે જ આનંદથી એ ત્રણે નાશ પામ્યા, અને બ્રહ્માનંદ અખંડ રહ્યો, એમ ધ્વનિ છે. આ ખુલ્લા પરાક્રમથી વ્રજના લોકોની પ્રીતિ તથા શ્રદ્ધા વધ્યાં, અને આ બાળકો મનુષ્યકોટિ બહારના છે એમ **ગર્ગાચાર્યે** કહેલું બધું ખરું પડે છે એમ એમણે ધાર્યું, અને પરિણામે **શ્રીકૃષ્ણમાં** તેમની પ્રીતિ ઘણી જ વધી. **બકાસુર, અઘાસુર, ધેનુકાસુર** વગેરે બધા અસુરો નાના રાજાઓ હતા, અને તે રૂપ બદલવાની શક્તિવાળા અગર મોટા વિદ્યાની શક્તિવાળા હોવા જોઇએ.

પૂતનાના નાના ભાઈ **અઘાસુર**ને **પૂતના**ના મૃત્યુના કારણની ખબર પડવાથી વ્રજમાં પોતાના શત્રુને ખોળીને તેનો નાશ કરવા માટે એ અજગર રૂપે ગયો. જેને એમ માનવું યોગ્ય લાગે તે ભલે એમને માને કે એ અજગરનો વેશ લઈને અગર યોગ શક્તિથી અજગરનું રૂપ લઈને ગયો, અથવા તો સાચો અજગર જ ગયો; અજગરના કદ વિષે કદાચ સહેજ અતિશયોક્તિ જેવું લાગે, પણ તેમાં એવું ખાસ અસંભવિતપણું નથી. ગોવાળીઆ તથા **શ્રીકૃષ્ણે અઘાસુર**ના મોંમાં પેશીને એક પ્રકારનું સંધ્યાનું અઘમર્ષણ કર્યું હતું, એમ પણ એમાં ધ્વનિ છે. એ સિવાય **અઘાસુર** સાથેના **શ્રીકૃષ્ણ**ના સંગ્રામમાં **શ્રીકૃષ્ણે** જે ચાલાકી બતાવીને તેને માર્યો છે તેમાં પણ ખાસ અસંભવિત જેવું તત્ત્વ દેખાતું નથી. આ ત્રણે પ્રસંગો શ્રીમદ્‌ભાગવતમાં છે. સૂક્ષ્મ અને જ્ઞાનતત્ત્વ આ પ્રસંગમાં પણ ઉપર દર્શાવ્યા મુજબ તારવી શકાય.

પરાક્રમોથી હવે **શ્રીકૃષ્ણ**ની વિખ્યાતિ બહુ વધી ગઇ, ને ઠેઠ ઇન્દ્રલોક અને બ્રહ્મલોક સુધી પણ પહોંચી. **શ્રીકૃષ્ણ વિષ્ણુ**નો

અવતાર છે કે કેમ, એની ખાત્રી કરવાનું, માયાના ઉપરી છતાં, **બ્રહ્માને** મન થયું. **શ્રીકૃષ્ણ** ઉપર માયાનો અમલ ચલાવવા જતાં **શ્રીકૃષ્ણની** માયાથી પોતે મોહ પામ્યા, અને કસોટી કરવાને બદલે એમની પોતાની કસોટી થઈ ગઈ, ને પોતે માયામાં ફસાયા. વાછરડાં તથા ગોપ બાળકોને **બ્રહ્મા** લઇ ગયા, ત્યારે એક વર્ષ પર્યંત **શ્રીકૃષ્ણે** પોતે તેઓનું સ્વરૂપ લઇને વ્રજનો વ્યવહાર ચલાવ્યે રાખ્યો, એ વાત અશ્રદ્ધાળુના મન ઉપર ઠસાવવી ઘણી મુશ્કેલ છે. આ માટે અનેક યુક્તિઓ સૂચવી શકાય છે; પરંતુ તેવી વૃત્તિવાળા પોતે જ પોતાની રુચિ અનુસાર ખુલાસો ગોઠવી લે તો ઠીક. બાકી જેને યોગ્ય લાગે તે ભલે એમ માને કે કોઈ બળવાન માણસ એ બધું લઇ ગયો; અને **શ્રીકૃષ્ણે** ગમે તેમ કરીને પણ એ બધાંને તેવાં ને તેવાં પાછાં મેળવ્યાં, અથવા પેલા માણસ સાથે લડાઈ કરી અથવા છળ કરી તેની પાસેથી છોડાવી લાવ્યા, અને દરમિયાન ગમે ત્યાંથી ગમે તે રીતે ચલાવ્યું. શ્રદ્ધાળુ માટે તો એવો સવાલ જ નથી. વ્યવહારબુદ્ધિથી જોતાં જણાય છે કે તે દિવસે વારો પોતાનો હોવાથી વાછરડાં ખોળવા પોતે જ નીકળ્યા હતા. રમતમાં પણ એ કદિ નીતિ ચૂક્યા નથી. **શ્રીકૃષ્ણ** પોતે જ વાછરડાં અને ગોપ બાળક રૂપ થવાથી તેમના ઉપર ગોવાળ તથા ગાયોનો પ્રેમ **શ્રીકૃષ્ણ** જેટલો જ થયો, અને તે ઉપરથી **શ્રીકૃષ્ણ** પોતે જાણે કે ભૂલાઈ ગયા હોય તેવો તમાશો થયો. એ આ યોજનામાં પણ વ્યવહારકુશળતા છે. અને **બળરામ** મામલો પામી જાય, એ પણ સહજ છે કૃષ્ણ જેવા યોગેશ્વર હાલની હિપ્નોટિઝમ કરતાં પણ ઊંચી વિદ્યાથી બધાને મોહિત કરે તેમાં શું આશ્ચર્ય ? વળી અઘમર્ષણ પછી તે જ દિવસે તરત માયાનું દર્શન થવામાં, અને પાછું **શ્રીકૃષ્ણની** કૃપાથી એ માયામાંથી છૂટવામાં થતો જ્ઞાનનો ધ્વનિ એ પ્રસંગમાં સ્પષ્ટ છે. **બ્રહ્માએ**, ખાત્રી થવાથી બાળક તથા વાછરડાં પાછાં આપ્યાં,

અને **શ્રીકૃષ્ણે** પોતાનું યોગબળ બતાવીને બધાંને ચતુર્ભુજ સ્વરૂપમાં બતાવ્યાં, એમાં કંઇ અસંભવિત નથી. બધાંને જ એમણે કૃષ્ણમય બતાવ્યાં, વૃક્ષનાં પાંદડે પાંદડે બ્રહ્માંડ બતાવ્યાં. એટલે **બ્રહ્મા** ચમક્યા, અને પશ્ચાત્તાપ કરવા મંડ્યા, એટલે માયા સંકેલીને એમણે પોતે હાથમાં કોળીઓ લીધેલો હતો તે સ્વરૂપ ધારણ કરીને **બ્રહ્માનું** સમાધાન કર્યું. 'હિપ્નોટિઝમ' 'હાજરાત' વગેરે તમાશા હાલ પણ થતા દેખાય છે, ત્યાં પછી **શ્રીકૃષ્ણનો** તમાશો અજબ હોય તેમાં શું આશ્ચર્ય ? તેમાં તાત્પર્ય એ છે કે, **બ્રહ્મા** જેવાને મોહ થાય તો આપણા જેવા પામરનો શો હિસાબ ? આ પ્રસંગ પણ શ્રીમદ્‌ભાગવતમાં છે.

સૂક્ષ્મતત્ત્વ પરત્વે એવું ઘટાવી શકાય કે અભિમાનનો ભંગ થઇને ઇશ્વર કૃપા હોય તો જ જ્ઞાન થવાથી અભિમાનરહિત થઈ મોક્ષ માર્ગ ઉપર જવાય છે, એવો આ ઘટનાનો મર્મ છે.

ધેનુકાસુરનો વધ કરીને તાડનાં વનનાં ફળ કોઇને ખાવા મળતાં નહોતાં તેની છૂટ કરી આપી, એ તો સરલ વાત છે. જબરો ખર (ગધેડો) એટલે કે ખર જેવો રખવાળ હોય અથવા તો તેટલા જંગલનો જાતે નિમાયેલો રક્ષક કોઈ ખરેખર ખર હોય; એ જેમ મરજી પડે તેમ માનો. ગંજીના કૂતરા માફક પોતે ફળ ખાય નહિ અને બીજાને ખાવા દે નહિ. એવાને ખર સિવાય બીજી કોની ઉપમા આપી શકાય ? આ જબરા ખરને આ બે પરાક્રમી બાળકો મારે, અને તેના આખા કુળનો સંહાર કરે, એવું માનવામાં કોઇને પણ શા માટે જરાયે વાંધો હોય ? જ્ઞાનના ધ્વનિ માટે, શરીર રૂપી વનમાં વસતા ગધેડા જેવા મનને મારીને, જ્ઞાનીએ તાડનાં ફળરૂપી બ્રહ્મજ્ઞાનનો સ્વાદ લીધો, એટલે કે સૂક્ષ્મ તત્ત્વોએ સ્થૂળરૂપે પ્રગટ થઇને બોધ આપ્યો છે, એવો અર્થ ફલિત થઇ શકે. એક પછી એક તાડનાં વૃક્ષ પાડવામાં જ્ઞાનના

અલૌકિક સામર્થ્યના વેગનો ધ્વનિ છે. વળી વ્યવહારકુશળતા જુઓ કે આ અસુર, **બલિ**ના વંશનો હોવાથી, અને **બલિ**ના વંશજને નહિ મારવાનું પોતાનું વચન હોવાથી, મોટા ભાઇ પાસે તેને મરાવ્યો, અને બીજા મદદગારોને પોતે માર્યા!

કાલીયનાગની વાત મહાભારતમાં નથી, બાકી બધામાં છે. **કાલીયનાગ**ના ઝેરથી **યમુના**નું પાણી ઝેરવાળું હોવા છતાં તૃષાના માર્યા ગોપ બાળકોએ તે પીધું, ને તેથી મૃત્યુ પામ્યા. તેમને **શ્રીકૃષ્ણે** અમૃતની દૃષ્ટિથી સજીવ કર્યા. તેમાં જ્ઞાનનો ધ્વનિ છે. માનો કે એમણે કોઈ ઔષધિથી ઝેર ઉતાર્યું. સૂક્ષ્મ માનનારને મંત્ર વિધિનો ઉપયોગ માન્ય હોય. હવે **કાલીયનાગ**ને તે વખતની સાગર જેવી યમુનામાં નાખ્યો એ વાત તદ્દન સરળ દેખાય છે. જળચર સર્પનાં રાક્ષસી પ્રમાણ હાલમાં પણ પ્રસિદ્ધ છે. આવા એક મોટા સર્પને ચક્કરમાં લઇ, યુક્તિસર, સમયસૂચકતા વાપરીને, અશસ્ત્ર છતાં પણ ઘણી સહેલાઈથી, જાણે નાચતા હોય તેમ, મસ્તક ઉપર ચરણના પ્રહાર કરી, થકવી નાખી, ચાલાકી અને બળથી **શ્રીકૃષ્ણે** વશ કર્યો, અને છેવટે ત્યાંથી કાઢી મૂકયો, એમાં શું આશ્ચર્ય ? આ નૃત્યમાં પણ જ્ઞાનનો ધ્વનિ સ્પષ્ટ છે. અહંકાર ત્યજીને સર્પે આર્જવ કર્યો, કે તરત ભગવાનની ચરણરજ તો શું પણ સાક્ષાત ચરણ એને પ્રાપ્ત થયાં, એટલે કે મુક્તિ પ્રાપ્ત થઇ. એકદમ બ્રહ્મજ્ઞાન થયું. **કાલિયનાગ** હતો ત્યાં પાણી ઝેરવાળું હોવા છતાં પણ ગોપબાળકો ઢોર ચારવા તે તરફ ગયા, તેમાં પણ **શ્રીકૃષ્ણનો** સંકેત છે. ઢોર ચારવા માટે દરરોજ જૂદાં જૂદાં નવીન સ્થળો **શ્રીકૃષ્ણ** પસંદ કરતા હતા; તેમાં અનેક હેતુઓ છે. ગર્ભિત એક એવો હેતુ પણ ખરો, કે વ્રજ તરફની તમામ ભૂમિ પાવન કરવી; બાકી પ્રત્યક્ષ લાભના હેતુ તો જોઇએ તેટલા છે. **કાલિય**ની સ્તુતિમાં સ્વભાવનું પ્રાબલ્ય

બહુ સારી રીતે બતાવ્યું છે. જડ અને ચેતન બન્ને દૃષ્ટિવાળાને જોઈએ તેટલો તેમાં ખોરાક છે. તરવામાં કુશળ એવા **શ્રીકૃષ્ણ** જેવા વીર બાળકે ચાલાકીથી નાગને ભગાડી મૂકયો, એ તદ્દન સરલ લાગે છે. નાગ સાથેના દ્વંદ્વયુદ્ધમાં **શ્રીકૃષ્ણે** જે યુક્તિ અને ચાલાકી વાપરી છે, તે યથાર્થ લાગે છે. તેમાં અલૌકિક જેવું કંઈ નથી. કુંડાળામાં ફરવાથી સર્પ, હાથી, પાડો, આખલો, હડકાયું કૂતરું આદિ કેટલાંક જનાવર ગુંચવાઈ જાય છે અથવા થાકી જાય છે; એ અનુભવની વાત છે. વળી સર્પની ફણા ઉપર. પ્રહાર કરવાથી તે એકદમ નરમ પડે છે, એ પણ અનુભવસિદ્ધ છે. **કાલિન્દી, યમુના,** તે બ્રહ્મસંહિતાની પ્રકૃતિથી અતીત ચિન્મય **કાલિન્દીની** જેને **ગૌતમીયતંત્રમાં,** હૃદયગાં, સાત્ત્વિક સુષુમ્ણા નાડી કહી છે; અને પુરાણાદિમાં વૃન્દાવનની સ્થૂળ **કાલિન્દી** કહી છે. આ પ્રમાણે એના ત્રણ ભાવ છે. **યમુના** તે **યમની** બહેન અને તેથી દેવકુળનો **કાલિય** તામસ વૃત્તિવાળો **શેષનાગનો** સગો, તેથી તેને એણે સ્થાન આપ્યું; એમાં જ્ઞાનનો પણ ધ્વનિ છે. અન્ય દૃષ્ટિએ જોતાં પણ આ પ્રસંગ બહુ સરળ છે. આ નાગનું પરાક્રમ **શ્રીકૃષ્ણે** આખા વ્રજની તથા માતપિતાની સમક્ષ બતાવ્યું, અને નાગપત્નીઓની પાસે સ્તુતિ કરાવવામાં વાક્ચાતુર્ય, નીતિ, ન્યાય, ભક્તિ, જ્ઞાન વગેરેનો ઉત્તમ કોટિનો બોધ અપાવ્યો છે. અધ્યાત્મ દૃષ્ટિવાળા માટે પણ આ ઘટનાના ઘણા પ્રકારથી ખુલાસા થાય તેમ છે; કાલનું રૂપક તે **કાલિય** હોય એમ પણ માનવાને હરકત નથી. અથવા **કાલિય** 'ઇન્દ્રિય' વાચક હોવાથી તેનાં વિષ એટલે વિષયો એટલે કે ઇન્દ્રિય અને વિષમય વિષયના સંસર્ગથી જ્ઞાનનું એટલે કે ગોપબાળકોનું મૃત્યુ થયું સમજવું. એટલે કે માયાના આવરણથી હિત અહિત એ ન સમજ્યા, પણ પાછું ઇશ્વરની કૃપાથી જ્ઞાન સજીવ થયું. **યમુનારૂપી** મનમાં કૃષ્ણરૂપી આત્માએ અંદર

ઠેઠ તળિયે જઈને શરીરના ખિટ્રરપુનાં મસ્તકનું દમન કરી, નદીરૂપી મનને નિર્મળ કરી **કાલીય**ના મસ્તકનું **શ્રીકૃષ્ણે** મર્દન કર્યું, તેમાં શમ અને દમ બંને આવી જાય. વેદરૂપી ગરુડના બેસવાથી ઊંચી કોટિના જ્ઞાની અથવા ભક્તિરૂપી કદંબના એક વૃક્ષને વિષની અસર થઈ નહોતી તેથી તે ઉપર ચડીને **શ્રીકૃષ્ણ** કૂદયા, તેનું રૂપક પણ આ ધોરણે સહજગમ્ય છે. વેદરૂપી ગરૂડના સંસર્ગથી એક વૃત્તિ ઉર્ધ્વગામી હતી, તેમાં **શ્રીકૃષ્ણ**રૂપી જ્ઞાન પ્રાપ્ત થયું, એવો પણ ત્યાં મેળ પડશે. ગુનેગાર છતાં પણ ભગવાનના શરીરના સંસર્ગથી **કાલિય** એ ધરારૂપી કેદખાનામાંથી છૂટીને મુકત થયો, એ પ્રભુની કૃપા. નાગને મર્દન કરવામાં **શ્રીકૃષ્ણ**ને પડેલો કલેશ, શ્રમ તથા સંકટ એ બધું જ્ઞાનનાં વિઘ્નોનાં રૂપક સમજી શકાય. રૂપક મૂકવામાં પછી ધીમે ધીમે વધારો થતો ગયો, એ પણ પ્રત્યક્ષ છે; કેમકે સંપર્કનું રૂપક ભય અથવા ભય નિવારણને આપ્યું, એ વખત એક ફણાની કલ્પના હતી; પછી વિષ્ણુપુરાણમાં ત્રણ થઈ (ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાલ) હરિવંશે પાંચ (ઇન્દ્રિયો–**કાલીય**) કરી; અને **વ્યાસ**મુનિએ શ્રીમદ્‌ભાગવતમાં એક હજાર કરી !

નાગના વિસ્તાર તથા ભયંકરતાના હાલ પણ અનેક દાખલા જોઈએ છીએ, સાંભળીએ છીએ અને વાંચીએ છીએ. આફ્રિકામાં નાઈલ નદીનું મૂળ ખોળતાં, જંગલમાં મી. **સ્ટેન્લી** તથા **લિવિંગ્સ્ટન**ની પાર્ટી ગયેલી તે વખત લગભગ ૫૦–૬૦ ફીટ લાંબા નાગને ચાળીસ માણસોની એક સામટી ગોળીઓ (Volley) લાગી, તે વખતે જરા મોં ફેરવીને એણે ફુંફાડો માર્યો, તેમાંથી જે રજકણ ઊડયાં, તે રજકણ જેની ચામડીને અડયાં, તે તત્કાળ ત્યાં જ મૃત્યુ પામ્યો, અને બાકીના બધા નાઠા, એવું વર્ણન સહુ કોઈના વાંચવામાં આવ્યું હશે.

હવે **કાલીયનાગને** પાતાળમાં સહકુટુંબ **શ્રીકૃષ્ણે** મોકલી હદપાર કર્યો, તેમાં સર્પ માનો, અગર તેવા નાગ જાતના ભયાનક જંગલી લોક માનો. પાતાળ એટલે પાદ+તળ **અર્થાત** દક્ષિણ, એટલે કે **અમેરિકા**; એ પ્રમાણે ભલે **કાલીયનાગનો** અમેરિકા સાથે સંબંધ ઠરાવો અને ત્યાં એક મોટું સંસ્થાન (colony) વસાવ્યું એમ માનો.

તે રાત્રિએ બધાં ત્યાં રહ્યાં. રાતમાં અજ્ઞાન અર્થાત આત્મ દોષ રૂપી દાવાનળ લાગ્યો, તેથી બધાં ભયભીત થઈ ગયાં. જ્ઞાન રૂપી **શ્રીકૃષ્ણે** તે દાવાનળ પીને નાગના ઝેરી સંબંધથી થએલો દોષ અગ્નિપાનથી દૂર કરીને બધાંને બચાવ્યાં, તેથી બધાંયે મળીને **શ્રીકૃષ્ણને** વ્રજના ઉપરી અને ચમત્કારિક દેવ જેવા ઠરાવ્યા. અથવા કહો કે **કંસના** જાસૂસે ત્યાં અગ્નિ સળગાવ્યો, તેમાંથી કોઇ ગુપ્ત માર્ગે (**શ્રીકૃષ્ણ** બધી જગાના ભોમિયા હતા, તેથી) બધાને લઈ જઈને એમણે બચાવ્યાં, અથવા અકસ્માત અનાયાસ અગ્નિ બુઝાઈ ગયો અથવા પવનના ફેરફારથી બીજી દિશામાં ગયો. આ પ્રસંગ શ્રીમદ્‌ભાગવતમાં છે. આ પ્રસંગ પણ જ્ઞાન-દૃષ્ટિને ગમ્ય છે. **કાલીયનો** સંબંધી, દોષનો અભિમાની દૈત્ય, મૃત્યુરૂપ અગ્નિ, ગોવાળીઆને બાળવા માંડયો, અને તે કૃષ્ણ-રૂપી જ્ઞાનને શરણાગત થયા એટલે મુક્ત થયા.

ત્યાર પછી **કંસનો** જાસૂસ **પ્રલંબ** નામનો દૈત્ય ગોપબાળનો વેશ લઇને ભેગો રમવા માંડયો, “ મિયાંજીની ઘોડી ”વાળી રમત જેવી રમત ચાલી. જે પક્ષ હારે તે ઘોડું થાય અને જે જીતે તે તેના ઉપર સવાર થાય. **બળભદ્રનો** વારો સવાર થવાનો આવ્યો, એટલે **પ્રલંબ** તેને ઉપાડીને મુકરર કરેલી મર્યાદાથી આગ્રે લઇ ગયો. **બળભદ્ર** ચેત્યા કે તરત મુક્કીના પ્રહારથી એને મારી નાંખ્યો. તેમાં **શ્રીકૃષ્ણનો** ખાસ જાત બંબંધ નથી; તેમ તેમાં કાંઈ આશ્ચર્ય

જેવું પણ નથી. **શ્રીકૃષ્ણ** તો ઊલટા મોટાભાઈને કહે કેઃ– લલચાઈને મર્યાદા બહાર તમે શા માટે ગયા? મર્યાદા તોડવાનું પરિણામ બતાવ્યું. **પ્રલંબ** એટલે ઘણો જ લાંબો અસુર, તે ઇન્દ્રિયો મન આદિનો નહિ, પરંતુ અંતઃકરણનો સમજવો. આ અંતઃકરણના દોષને જીતવો સહજ નથી. ઋષિ મુનિઓ પણ વારંવાર આ દોષથી ભ્રષ્ટ થયા છે. ગોપબાળો રમતાં હતાં તેમાં **શ્રીકૃષ્ણ** ભળવાથી પોતાનામાં એકાગ્રતા કરાવી, પ્રપંચની વિસ્મૃતિ કરાવીને પછી અંતઃકરણના મહાન દોષ રૂપી દૈત્ય, ભક્તિનો તથા ઠેઠ મુક્તિનો પણ મહાન વિરોધી હોવાથી, તેનો નાશ કર્યો. પાછી ખૂબી જુઓ કે એનો પોતે નાશ નહિ કરતાં મોટા ભાઈ પાસે નાશ કરાવ્યો તે નીતિપૂર્ણ છે, કેમકે સ્થૂળ દૃષ્ટિમાં તે અસુર તે વખતે પોતાના પક્ષમાં હતો, અને તેથી એક પ્રકારે તે પોતાનો ભિલ્લુ ગણાય, તેથી સામા પક્ષવાળા **બળભદ્ર** પાસે એને મરાવીને જડ તથા સૂક્ષ્મ બન્ને દૃષ્ટિવાળાને ઉત્તમ બોધ આપ્યો છે. આવી દરેક ઝીણી બાબતમાં પણ **શ્રીકૃષ્ણ** નીતિ ચૂકયા નથી. તેમના કોઈ પણ કાર્યમાં ખામી ખોડ નીકળી શકે તેમ નથી. તેથી જ એ પૂર્ણપુરુષોત્તમ લેખાયા છે.

પ્રલંબાસુરવાળા સમયની રમતો ગ્રીષ્મઋતુમાં થતી હતી. વૃન્દાવનનાં જંગલમાં હાલ પણ ઉનાળો રમણીય લાગે છે, તો પછી એ વખત ગ્રીષ્મઋતુ વસંત જેવી લાગે તેમાં શું આશ્ચર્ય? અને તેમાં પણ વળી **શ્રીકૃષ્ણ** અને **બળભદ્ર** જેવા આત્માઓ માટે શું ન બની શકે? આમાં પણ જ્ઞાનનો ધ્વનિ છે. જ્ઞાન થયું કે તાપ–સંતાપ નાશ પામે, અને તેથી જ ગ્રીષ્મને વસંત જેવી વર્ણવી છે. ત્યાર પછીની વર્ષા અને શરદ ઋતુનાં વર્ણનમાં તો જ્ઞાનનો ધ્વનિ તો શું પરંતુ સ્પષ્ટ જ્ઞાનનો જ ઉલ્લેખ છે. વર્ષામાં સત્ત્વગુણનો ઉદ્‌ભવ છે અને શરદમાં દોષોનું નિવારણ થઈ, પ્રેમ અને ભકિત પોષાય છે

દરેક દૈત્ય અથવા વેશ પલટીને આવેલો ખૂની જાસૂસ, મરતી વખતે પોતાનું અસલ સ્વરૂપ પ્રકટ કરતો હતો, એનો ખુલાસો સામાન્ય સમજ માટે એટલો જ, કે મુવા પછી ઉપરથી વેશનું આવરણ (disguise or mask) નીકળી જાય, તેથી ખરો માણસ આપોઆપ ઓળખાઈ આવે.

પ્રલંબાસુરના પરાક્રમ પછી પાછો બીજો દાવાનળ સળગ્યો, તે વખત પણ પ્રથમની માફક **શ્રીકૃષ્ણે** બધાને બચાવ્યા. પાર્થિવ દૃષ્ટિ માટે તેનો તે જ ખુલાસો સમજવો. પ્રથમનો દાવાનળ રાતનો હતો અને આ દિવસનો હોવાથી તેને વિષે આંખ મીંચવાની યુક્તિ વાપરી છે. આ પ્રસંગે યોગબળનો વિશેષ પ્રભાવ બતાવ્યો છે. અથવા બહારવટીઆઓ આ પ્રમાણે આંખે પાટા બંધાવે છે તથા યુદ્ધ આદિ પ્રસંગોમાં પણ તેવું કરવામાં આવે છે, તેવી કોઈ યુકિતનું પણ તેમાં આરોપણ હોઈ શકે છે.

ચીરહરણલીલામાં નાનાં બાળકને અડપલું, અને પાછું અડપલા સાથે ગંભીર જ્ઞાન રહેલું છે. ગોપી અને **શ્રીકૃષ્ણ** વચ્ચે થયેલો સંવાદ જોઇશું તો તેમાં પૂર્ણ પ્રકાશ દેખાય છે, તેથી વિશેષ કહેવાની કંઇ જરૂર રહેલી નથી. આ પ્રસંગ તથા વેણુનાદના પ્રસંગ વિશે હવે પછીના રાસલીલાના પ્રકરણમાં વિવેચન કરવામાં આવશે.

બ્રાહ્મણો પાસે યજ્ઞસામગ્રીનું અન્ન મંગાવતાં, તેઓએ તે ન આપ્યું અને તેઓની સ્ત્રીઓએ જાતે લઈ જઇને આપ્યું, તે વખતે આ સ્ત્રીઓ અને **શ્રીકૃષ્ણ** વચ્ચે થયેલું સંભાષણ પણ ઉપરના ચીરહરણના પ્રસંગ જેવું છે. આ બદલની હકીકત પણ રાસલીલાના પ્રકરણમાં જોવામાં આવશે,

જે રીતે **બ્રહ્મા**નો ગર્વ ઉતારીને **શ્રીકૃષ્ણે** પોતાનું પરાક્રમ દર્શાવ્યાનું આગળ કહેવામાં આવ્યું છે, તેમ હવે ઈન્દ્રનો ગર્વ

ઉતારવાનું શ્રીકૃષ્ણે મન ઉપર લીધું. કોઇ શંકા કરશે કે દૈત્ય દાનવનો ગર્વ ઉતારવો એ તો ઠીક, પરંતુ ઈન્દ્ર તથા બ્રહ્માને પણ ગર્વ હોય અને તે શ્રીકૃષ્ણ ઉતારે એ કંઈ ઠીક કહેવાય? પરંતુ આ કાર્યમાં રાજનીતિનો ઉચ્ચ પ્રકારનો બોધ છે. દેવભૂમિ પણ સત્કર્મો કર્યાંના ફળ રૂપે વૈભવ માટે પ્રાપ્ત થાય છે, એ ભૂલવાનું નથી. જેમ સારા માણસો પણ વૈભવમાં અંધ બનીને અહંકાર પાત્ર થાય છે, તેમ દેવ ('દેવ' શબ્દ, વેદમાં 'ઇન્દ્રિય' ના અર્થમાં પણ વપરાયેલો છે, તે અર્થમાં લેવાથી પણ સરલતા થશે) પણ અહંકારને પાત્ર છે, તેથી તેમના ઉપર કૃપા કરીને તેમની મતિ ઠેકાણે લાવવા માટે પ્રભુ સહજ શાસન કરે છે, અને તેમની આંખ ઉઘાડીને પાછા તેમને સ્વરૂપ ઉપર લાવે છે. પોતાનાં છોકરાંને તથા તાબાનાં માણસોને પણ તે જ ન્યાય લાગુ પડે છે.

ઇન્દ્ર વરસાદના ઉપરી દેવ ગણાય છે, તેથી તે દેવ માટે યજ્ઞ યાગાદિ, રૂઢિ અનુસાર, લોકો કરતા હતા; તે પ્રમાણે વ્રજમાં ઈન્દ્રયજ્ઞનો સમારંભ થયો. આ વખતે શ્રીકૃષ્ણે પ્રશ્ન ઉઠાવી ચર્ચા કરી; તેમાં જૈન મતનાં તત્ત્વને અનુસરીને કેવળ કર્મને જ એમણે પ્રધાનપદ આપ્યું: એટલે કે જે પાર્થિવવાદીને કૃષ્ણચરિત્ર ગમ્ય બનાવવાનો આ પુસ્તકનો પ્રયાસ છે, તેના જ મતને, એટલે કે જ્ઞાનનીતિયુક્ત જડમતને એમણે ઉત્તેજન આપ્યું, અને આજીવિકાનું સાધન એ જ દેવ, એમ ઠરાવીને, ઇશ્વરની પણ જાણે દરકાર વગરનો કેવળ કર્મમાર્ગ પ્રધાન ઠરાવ્યો. જૈનમત સાથે આમાં મુદ્દાનો તફાવત એટલો જ છે કે જૈન કર્મમાર્ગમાં કર્મથી વિરામ પામવાનું છે અને આ શ્રીકૃષ્ણના કર્મમાર્ગમાં પ્રવૃત્તિ છે. ગોવર્ધન પર્વત સહિત વન તથા ગાયો આપણું પ્રત્યક્ષ જીવન છે, તેથી ગાયો, ગોવર્ધન પર્વત અને બ્રાહ્મણોનું પૂજન કરીને એ ત્રણેને તૃપ્ત કરો, એમ બોધ કરીને એમણે "એક પંથ દો

કાજ " જેવું કર્યું. આ સંવાદમાં ઘણો બોધ છે. બ્રાહ્મણોને ભેગા લેવાનું કારણ એ કે નવો ધર્મ પ્રવર્ત્તાવવા માટે બ્રાહ્મણ સિવાય છૂટકો નહિ. એટલા માટે આ પ્રસંગે પણ તેમને ભેગા લીધા. કૃષ્ણનું યુક્તિસર બોલવું બધાને પસંદ પડયું. ગોવર્ધન પર્વતનું દિવ્ય સ્વરૂપ ધારીને આહુતિઓ એ પોતે આરોગવા મંડ્યા અને ગોવાળીઆઓને વરદાન આપવા લાગ્યા; આહૂતિઓ પણ પોતે કૃષ્ણરૂપે આપવા માંડી, અને ગોવર્ધન રૂપે આરોગી ! ઉત્સવ પૂરો થયો. ગોવર્ધનની પ્રદક્ષિણા વ્રજવાસીઓએ કરી અને આનંદ વરતાઈ રહ્યો: તરત ઇન્દ્રને ઈર્ષ્યા આવી અને ક્રોધ થયો. આ ઇર્ષ્યા પ્રથમ નજીકના સંબંધીઓમાં ઉત્પન્ન થાય છે, એવો સંસારમાં આપણને સામાન્ય અનુભવ છે. પોતાની સત્તાના મદમાં મૂઢ બની જઇને ઇન્દ્રે પ્રલયના વાયુ છોડ્યા, તથા ગાજવીજ સાથે વરસાદ વરસાવ્યો. બધાં ગભરાયાં, ત્યારે શ્રીકૃષ્ણે પર્વતને ઉપાડીને તેના અંદરના ખાડામાં બધાંને સુખે રહેવાનું કહ્યું. સાત દિવસ સુધી ટચલી આંગળી ઉપર પર્વતને તોળી રાખ્યો. બિચારા ભોળા ગોવાળીઆઓએ પોતાની લાકડીના ટેકા પણ આપ્યા. સ્થૂલવાદી ભલે આને રૂપક માનીને કહે કે સાત દિવસ સુધી સતત કામ કરીને રક્ષણ માટે ઉપાયો લીધા. **નેપોલિયન** તેર દિવસ સુધી રાત અને દિવસ ઘોડે બેસી રહ્યો હતો, તો **શ્રીકૃષ્ણ** સાત દિવસ સુધી સતત કામ ન કરી શકે ? આ પ્રમાણે પર્વતને તોળી રાખીને બધાંનું રક્ષણ કર્યું અને ઈન્દ્રને શુદ્ધિમાં આણ્યો. **વૈષ્ણવોમાં** ત્યારથી **ઈન્દ્રને** બદલે **ગિરિરાજનો** ઉત્સવ શરૂ થયો છે. **ઈન્દ્ર** પણ **બ્રહ્માની** માફક પગે પડ્યો અને ક્ષમા માગી. **શ્રીકૃષ્ણે** તેને બોધ આપ્યો અને પાછું યથાસ્થિત થઈ ગયું. **કામધેનુએ શ્રીકૃષ્ણ** ઉપર દૂધથી અભિષેક કર્યો. ઈન્દ્રે પાસે રહીને કરાવ્યો. એ જ ઈન્દ્રની મદદથી આગળ જતાં **શ્રીકૃષ્ણને** ઇન્દ્રના ઈન્દ્રની, રાજેન્દ્રની પદવી મળી ! કેટલું દીર્ઘદર્શીપણું

અને રાજ્યનીતિ ! **કામધેનુને** હાથે વિધિ થવાથી **ગોવિંદ** નામ પણ ત્યારથી પડયું. પાર્થિવ દષ્ટિવાળાને આમાં ફક્ત બે ઠેકાણે શક પડશે. એક તો પર્વતે બળિદાન ખાધાં તે અને બીજું ટચલી આંગળી પર ગોવર્ધન ઝીલ્યો તે. એ ભલે માને કે ડુંગર ઉપર બળિદાન નાખવામાં આવતું તે ત્યાંથી લઈ જવાની અગર કોઇએ ખાઈ જવાની યુક્તિ ગોઠવી રાખી હશે. એમ કહેવાય છે કે **બહુચરાજી** માતાનાં નૈવેદ્ય નિમિત્ત ઘણાં વર્ષ ઉપર કોઇ દેવીભક્ત પૂજારીએ મદ્ય ધરવા માંડયું હતું. એણે રચના એવી કરી હતી કે જે મૂર્તિના મુખમાં નાખવામાં આવે તે બહાર અમુક ઠેકાણે ભેગું થાય, તે પેલો દેવીભક્ત અન્ય ભક્તો સાથે મળીને ભાગ વહેંચીને આનંદ કરે. આ ચોરી એક જમીદારે પકડીને મદ્ય બંધ કર્યું હતું. હાલ પણ કુકડાં મરઘાં પ્રભુ જાણે ક્યાં અદશ્ય થાય છે ! આવા ઢોંગ–ધતિંગ પણ દુનિયામાં ચાલ્યા કરવાનાં. ઘણા દેવ દેવીઓને આવા ભોગ ધરાવવામાં આવે છે. ટચલી આંગળી ઉપર ડુંગર ઝીલ્યો એનો અર્થ જેને રુચે તે ભલે એવો કરે કે, યાંત્રિક અથવા વિદ્યુત જેવા બીજા બળથી એકાદ ખડક ખસેડીને–હાલ પણ આવાં એન્જિનિયરિંગનાં પરાક્રમો પ્રસંગોપાત જોવામાં આવે છે તેમ–અંદરથી મોટી ગુફા બનાવી હશે, અથવા કુદરતી ગુફા હશે તેનો આશ્રય લીધો હશે. ગોવર્ધન પર્વતનો હાલ જે ભાગ જોવામાં આવે છે તે વૃન્દાવનથી વીસેક માઇલ દૂર છે. ધરતીકંપના અગર બીજા કોઈ કારણથી સ્થળફેર થઈ ગયો હોય એમ પણ વિદ્વાનો તર્ક કરે છે. હાલ તે ઠેકાણે એમ મનાય છે કે દરરોજ એ પર્વત રાઈના દાણા જેટલો પણ જમીનમાં બેસતો જાય છે. વૃદ્ધ લોકો પણ તેમ કહે છે. મહાભારતમાં **શિશુપાળને** મોઢેથી આ પ્રસંગે તેને રાફડા જેવો કહીને તેનો સહજ ઇશારો કરાવ્યો છે. ચેતનને માનનાર અથવા સૂક્ષ્મદેહને માનનારને કંઈ પંચાત નથી. દરેક

વસ્તુનો સ્થૂળની સાથે જડેલો સૂક્ષ્મદેહ છે. સૂક્ષ્મકોટિવાળા તે જોઈ શકે છે.

શ્રીકૃષ્ણનું ધૈર્ય, નવીન સાહસનો તેમનો શોખ, એમની સહનશક્તિ, ખંત ઇત્યાદિ અનેક બોધ લેવા જેવા ગુણો આ આ પ્રસંગે બતાવ્યા છે.

આ પરાક્રમથી ગોવાળીઆઓને શંકા પડી, અને તેથી એમણે **શ્રીકૃષ્ણને** પૂછ્યું કે તમે દેવ, ગંધર્વ, યક્ષ કે કોણ છો? ત્યારે **શ્રીકૃષ્ણ** બોલ્યા કેઃ હું તો તમારો સંબંધી છું. બીજો નથી. (હરિવંશ તથા વિષ્ણુપુરાણમાં આ હકીકત છે.) આમ કેવળ માનવપણું બતાવીને માયાનું આવરણ નાખ્યું. જ્ઞાનનો ધ્વનિ એમાં **બ્રહ્મા**ના પ્રસંગ જેવો છે.

ગોપ ગોપીઓ સાથે આગળ કહ્યા મુજબ આનંદ કરતાં કરતાં પણ **શ્રીકૃષ્ણ** લેશ માત્ર સુરત રહ્યા નથી. વચ્ચે વચ્ચે ઐશ્વર્યના પરચા આપીને વળી પાછું માયાનું આવરણ એ કરતા હતા. દુષ્ટાત્માને પણ કવચિત ક્ષણભર પણ સદ્‌ગુણનું ભાન આવે છે, તો પછી સંસારના રગડામાં રચ્યાપચ્યા રહેનાર પામરોને કવચિત દિવ્યજ્ઞાનનો આભાસ થાય એમાં કંઇ વિશેષ નથી. **નંદરાય** જેવા સંસ્કારીને આવો આભાસ થાય એ તો તદ્દન યોગ્ય જ છે. પણ પાછું તરત માયાનું આવરણ જેમ બધાંને ઘેરી વળે છે, તેમ **નંદરાયજી**ને પણ થતું. એક વખત અરુણોદય પહેલાં **નંદરાય** યમુનામાં સ્નાન કરવા ગયા. *એકાદશી કરીને

---

* "એકાદશી" શબ્દમાંજ કેટલું રહસ્ય છે! મન સહિત અગીયાર ઈન્દ્રિયો નિરાહાર રહેવાથી અજીર્ણ અન્ન જીર્ણ થાય, અને ઈન્દ્રિયોના શોષણને લીધે મળનું પણ શોષણ થવાથી મળશુદ્ધિ થાય. આ સાથે વળી દેવ દર્શન વગેરેથી આંતરિક અને બાહ્યશુદ્ધિ થાય, સત્સમાગમ થાય; અને તેથી જ્ઞાન થાય તેમજ છેવટ મોક્ષ પણ તેમાંથી થાય, એવી પરંપરા છે.

બીજે દિવસે સૂર્યોદય પછી તેરસ થવાની હોવાથી સૂર્યોદય પહેલાં સંધ્યા સ્નાન બધું પરવારીને પારણાં કરવાનાં હોવાથી એ વહેલા નદી પર ગયા. કવખતનું સ્નાન કરવાથી યમુનામાં **વરુણદેવનો** અનુચર **નંદરાયની** કસુરને લીધે એમને શિક્ષા કરવા માટે પકડી ગયો. જળચર પ્રાણીઓ તથા જળના દેવતાનો આરામનો વખત છતાં તેમાં વિઘ્ન કરનારને સજા થાય, એ વાસ્તવિક છે. તે વખતે બીજા ગોવાળીઆ પણ હતા, પરંતુ કોઈ મદદે ગયા નહિ; એમણે બૂમાબૂમ કરી મૂકી, પણ જળમાં કોઇ પડ્યા નહિ ! પોતાના જીવ જેવી પ્રીતિ પ્રાણીમાત્રની બીજી કોઇ પણ વસ્તુ ઉપર હોતી નથી. શ્રુતિ કહે છે કે સ્ત્રી–બચ્ચાં બધાં પ્રિય છે, તે આત્માની ખાતર જ છે. પ્રત્યક્ષ અનુભવની વાત છે, કે દિકરો કૂવામાં પડ્યો હોય તો મા, બાપ, સ્ત્રી, દીકરા, ભાઈ, સગાં વહાલાં બધાં કૂવા ઉપર ઊભાં રહીને બૂમો પાડશે અને છાતીઓ કૂટશે; પણ કોઇ અંદર પડશે નહિ. તેવું આ પ્રસંગે પણ થયું. ફક્ત જ્યારે **શ્રીકૃષ્ણ** પાસે બૂમ ગઈ ત્યારે તેઓ એકદમ જળમાં કૂદી પડયા, અને **વરુણદેવ** પાસે ગયા. ત્યાં પિતા સમક્ષ **વરુણદેવનો** સત્કાર લીધો અને પિતાને છોડાવી લાવ્યા. વ્યવહારપક્ષે બધાં સગાં સંબંધી મિત્ર જૂઠાં સમજવાં, સાચો સગો **શ્રીકૃષ્ણ** જ છે. આ સંબંધમાં જડવાદી ભલે એટલું માને કે, મધરાતે અસુરી વેળા અંધારામાં એકલા નદીમાં નહાવામાં કેટલું જોખમ છે તે સમજાવવા માટે આ રૂપક છે. ધારો કે **નંદરાય** તણાઇ ગયા, અથવા **વરુણના** અનુચર કોઇ મગર, માછલી અથવા કાચબે પગ પકડી ખેંચ્યા, તેમને કુશળ તરનાર **શ્રીકૃષ્ણ** છોડાવી લાવ્યા; બાકીનું રસાલંકાર માનો અથવા **નંદરાયજીનો** માનસિક અનુભવ માનો. આ કથા પણ શ્રીમદ્‌ભાગતમાં છે. **નંદરાયને** વરુણની સાહ્યબી બતાવીને પોતાના ધામનું ભાન કરાવ્યું, કેમકે **નંદરાયજી** તો છાયાને વસ્તુ સમજીને વરુણનું ધામ તે વૈકુંઠ સમજ્યા. બધા ગોપને કહ્યું કે, મને લાલાએ

વૈકુંઠ બતાવ્યું. એટલે ગોવાળોના આર્જવથી, પ્રસંગોપાત્ પાછળથી વૈકુંઠ બતાવીને બધાંને પ્રત્યક્ષ જ્ઞાન અને ભક્તિ આપીને બ્રહ્મનો અનુભવ કરાવ્યો. જેટલો વખત વૈકુંઠ તે લોકોએ જોયું, તેટલો સમય બધાં બ્રહ્મમય જેવાં થઇ ગયાં હતાં ! આને જાદુનો ખેલ અથવા રમત–ગમત, જેમ માનવું હોય તેમ માની શકાય.

સુદર્શન નામનો વિદ્યાધર અજગરની ગતિને પામ્યો હતો તે **નંદરાયને** ગળવા લાગ્યો. ગોવાળીઆઓએ એને ખૂબ માર્યો છતાં અજગર મૂકે નહિ, ત્યારે છેવટે **શ્રીકૃષ્ણ** પાસે ફરિયાદ જવાથી તેમણે ચરણસ્પર્શ કર્યો કે તુરત વિદ્યાધરનું સ્વરૂપ ધારણ કરી એણે પોતાના શાપની વાત કરી. અજગરજન્મથી પોતાનો ઉદ્ધાર થયો માની પ્રણામ કરીને એ રસ્તે પડી ગયો. કોઇ મૂર્ખ માણસને બોધ કર્યો હશે એમ પણ જેને યોગ્ય લાગે તે આમાંથી ઘટાવી શકે છે.

કોઇ એક પ્રસંગે **કુબેરનો** યક્ષ **શંખચૂડ** વનમાં વિહાર કરતી ગોપીઓને ઉપાડી લઇ જતો હતો તેને **શ્રીકૃષ્ણે** માર્યો. એમાં કંઇ વિશેષ ખુલાસા જેવું નથી.

કંસના જાસૂસો આળસુ નહોતા. **વ્યોમાસુર** નામનો દૈત્ય ગોવાળીઆના વેશમાં બાળકો ‘ દડાચોર ’ ની રમત રમતા હતા તેમાં ભેગો ભળી ગયો અને ગોપ બાળકોને ઉપાડી ઉપાડીને એણે એક ગુફામાં લઇ જઇને પૂર્યાં. અજ્ઞાન દશામાં માયાના આવરણની ગુફાના અંધારામાં માણસ પુરાય છે ને પ્રભુની કૃપાથી જ્ઞાનદષ્ટિથી મુક્ત થાય છે. આ **વ્યોમાસુર** દૈત્યનો **શ્રીકૃષ્ણે** વધ કર્યો તેમાં પણ ખાસ કાંઇ ખુલાસાની જરૂર જેવું નથી. બાળકોને **શ્રીકૃષ્ણે** પૂછયું કે તમે કોઇ કેમ બોલ્યા નહિ, ત્યારે જવાબ મળ્યો, કે ઘેટાંની રમત હોવાથી ફક્ત “ મેં મેં ” સિવાય કંઇ પણ બોલવાની મનાઇ હતી, તેથી અમે ન બોલ્યા !

તેવી જ રીતે **અરિષ્ટાસુર** નામનો જાસૂસ આખલાના રૂપે વસતિને સંતાપ આપતો, ગાય વાછડાં વાળતો, અને લોકોને ત્રાસ

આપતો હતો, તેને પણ **શ્રીકૃષ્ણે** સ્વધામ પહોંચાડયો, એમાં પણ કોઇને કંઇ વાંધો લેવા જેવું દેખાતું નથી. આ વાત પણ શ્રીમદ્‌-ભાગવતમાં છે.

કંસે છેવટ થાકીને ઘણા જ વિશ્વાસુ પરાક્રમી અને બળવાન **કેશી** દૈત્યને ઘોડાના રૂપમાં મોકલ્યો, તેને પણ શ્રીકૃષ્ણે માર્યો. આ કાર્યમાં પણ કોઇ ખાસ ખુલાસો કરવા જેવું નથી.

આ ચારે પ્રસંગમાં, દોષથી થતા અભિમાન–અજ્ઞાનનો જ્ઞાનથી નાશ કરીને મોક્ષ પ્રાપ્તિ કરાવ્યાનો ધ્વનિ છે.

જ્યારે **કેશી** દૈત્ય મરાયાની વાત **કંસે** જાણી ત્યારે **કંસ** એકદમ ચમક્યો. હવેથી આજ સુધીની નીતિ બદલીને ખુલ્લા મેદાનમાં બન્ને ભાઇઓને લાવીને મલ્લો પાસે એમને મરાવી નાખવાનો સંકલ્પ કરીને એણે ધનુર્યાગ ઠરાવ્યો, અને બંને ભાઇ-ઓને તેડવા માટે **અક્રૂરને** મોકલ્યા.

ઉપર મુજબ બાળલીલામાં કર્મ, ઉપાસના, જ્ઞાન અને ખાસ કરીને સખ્ય અને વાત્સલ્ય પ્રેમના આદર્શ સાથે સંસાર વ્યવહારના પ્રસંગો ઉત્તમ રીતે બતાવીને **શ્રીકૃષ્ણે** આનંદ તથા બોધ આપ્યો છે. આ બધાં કાર્યોમાં પણ **ધર્મસંસ્થાપના**ની પ્રતિજ્ઞા સાચી કરી બતાવી છે. અદ્વૈતના અવતાર શ્રી **શંકરાચાર્યે** પણ શ્રીકૃષ્ણના ઈશ્વર-પણાની સાબિતી કરી છે, અને લીલાનું રહસ્ય સમજાવ્યું છે. સખ્ય તથા વાત્સલ્યભાવ વ્રજવાસી સિવાય ભાગ્યે જ કોઇ સમજતું હશે.

" રાસલીલા " પણ બાળચરિત્રનો એક ભાગ છે, તો પણ એ વિષય જરા ગૂઢ હોવાથી તેને માટે આખું પ્રકરણ સ્વતંત્ર રાખવું પડયું છે.

ઉપરનાં છેવટનાં ચાર પરાક્રમો રાસલીલા પછીનાં છે; પરંતુ રાસલીલા માટે સ્વતંત્ર પ્રકરણ રાખવાથી એક જ ઠેકાણે સઘળાં સાથે મૂકવાં ઠીક લાગ્યાથી આ પ્રકરણમાં મૂક્યાં છે.

પ્રકરણ ૫ મું.

રાસલીલા.

પૂર્વરંગ

'રસશાસ્ત્રમાં', **नटैर्गृहीतकंठीनामन्योन्यात्तकरश्रियाम् । नर्तकीनां भवेद्रासो मंडलीभूयनर्तनम् ॥** કહેલું છે. એટલે કે નટ તથા નર્તકી, મંડલાકારમાં, નટ—નર્તકીના કંઠમાં હાથ નાંખે, અને નર્તકી પરસ્પરના હાથ પકડીને ભેગાં નાચે તે 'રાસ'. **શ્રીધરસ્વામી** કહે છે કે **रासोनाम बहुनर्तकीयुक्तो नृत्यविशेषः ।** એટલે કે ઘણી નર્તકીઓ સાથેના નાચ તે 'રાસ'. શ્લોકની ટીકામાં જ કહે છે કે **तस्माद्रासक्रीडाविडंबनं कामजयाख्यापनायेतितत्त्वम् ।** અર્થાત્ કામદેવના વિજય માટે જ શ્રીષ્ણે રાસલીલાનું અનુકરણ કર્યું છે. આનો અર્થ એ કે સાચો રાસ તો દિવ્ય જ છે; પરંતુ આ રાસમાં જે પ્રાકૃતપણું બતાવ્યું છે, તે મૂળ રાસની નકલ (ચેષ્ટા, અનુકરણ) બતાવી, અને તેથી જ પામરને પ્રાકૃત રાસનું બાહ્યસ્વરૂપ દેખાય છે.

रासं એટલે **रसानां समूहः** ને તેથી તે રસમાત્રની કૃતિને **रास** એમ ઉપર કહેવાઈ ગયું. રાસ, કેવળ રસપૂર્ણ છે. ગોલોકમાં નિત્ય થાય છે. **गो** એટલે ઇંદ્રિયોનો લોક, એટલે કે ઇંદ્રિયોમાત્રના દેવ **गोविंद** હોવાથી શરીરમાં પણ નિત્ય રાસ છે. વૃંદાવનમાં જે પ્રકટ રાસ થયો તે માત્ર **શ્રીકૃષ્ણાવતાર**ના પ્રસંગે થયો હતો, અને પાછો યોગ્ય મુદતે થશે, ત્યાં સુધી બીજાં

બ્રહ્માંડોમાં પ્રત્યક્ષ થવાનો. **રાસ**ના અધિપતિ **શ્રીકૃષ્ણ**, અને તેનાં અધિષ્ઠાત્રી દેવી **રાધાજી**—એટલે કે પુરુષ પ્રકૃતિનો રાસ છે. રૂપ રસ આદિમાં એનું સ્થાન બ્રહ્મધનીભૂત, તે **શ્રીકૃષ્ણ**, અને તેમની વેણુ તે તેમની આકર્ષણ શકિત. આ શકિતથી બ્રહ્મ જીવને પોતા તરફ આકર્ષણ કરે છે, તે **રાસ**.

એક સાધારણ વ્યકિતનું ચરિત્ર ઘણીવાર સમજાતું નથી. વારંવાર સાંભળીએ છીએ કે અમુક રાજા, દીવાન, ગૃહસ્થ, શેઠ, શાહુકાર, સંન્યાસી, સાધુને કોઇએ ન ઓળખ્યો! ઘણાં કુટુંબોમાં પણ કહેવાય છે કે મારાં માતપિતાને મેં ન ઓળખ્યાં! સંસારના પામરો માટે જ્યારે આ સ્થિતિ છે તો પછી રાસના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું ચરિત્ર સમજવાનો દાવો કરવો એ કેટલું સાહસ છે? પાંચ હજાર વર્ષ થઇ ગયાં પરંતુ શ્રીકૃષ્ણનું ચરિત્ર પૂર્ણ રીતે કોઇ સમજ્યું છે? જાતજાતની ભાવનાઓ, તર્કો, વિતર્કો, કુતર્કો કલ્પનાઓ ખુલાસા વગેરે કરવામાં આવે છે, પરંતુ કોઇ પાર પામ્યું નથી. એનો કોઈ પણ ભાગ સમજવાનો દાવેઃ કરવો એ મનુષ્ય શકિતની બહાર છે. બ્રહ્મનું વર્ણન કરતાં વેદ પણ વિરમે છે, અને **નેતિ નેતિ** પુકારે છે, ત્યાં પછી કોઈ પણ વિદ્યા શું કરી શકવાની હતી? કર્મી, યોગી, જ્ઞાની, ભકત અનેક રીતે અનુભવ કરી ગયા, પરંતુ સર્વમાન્ય કોઇનું થયું નથી. દેશ દેશમાં પ્રભુની જાતજાતની ભાવનાઓ છતાં અંતે એક જ છે એ જ સર્વનો સાર છે, અને એ જ બધાનું રહસ્ય છે. ધર્મનાં પ્રથમ ત્રણ અંગ કર્મ, જ્ઞાન અને ભકિતઃ તેમાંથી કર્મ અને જ્ઞાન પુરુષાર્થથી પ્રાપ્ય છે; પરંતુ ભકિત એ તો ભકિત દેવીની કૃપાથી જ પ્રાપ્ય છે. તેમાં પણ વળી પ્રેમભકિતમાં તો પુરુષાર્થનું સ્વપ્ન પણ નહિ! એને માટે તો માત્ર પ્રભુની વા પ્રભુના ભકતની કૃપા જોઇએ!

ધર્મનું જે કાંઈ પણ રહસ્ય વેદમાં છે તે પુરાણોમાં સ્પષ્ટ કર્યું છે. સાંપ્રદાયિક ગ્રંથોમાં પોતાના પક્ષનું સમર્થન અને અન્ય

પક્ષોનો પરાજય કરીને તેમનો તિરસ્કાર દેખાય છે તેવું ઇશ્વર પ્રેરિત વેદ તથા ઋષિરચિત ગ્રંથોમાં હોતું નથી, આ ધોરણે બ્રહ્મસૂત્ર, ગીતા, પુરાણો, મહાભારત, રામાયણ આદિ આર્ય ગ્રંથોમાં સર્વ-સામાન્ય વસ્તુ છે. જેને જે જોઇએ તે લઈ લે એવી વ્યવસ્થા છે એક જ નિરાકાર બ્રહ્મનાં પાંચ સ્વરૂપ તે પંચમહાભૂતોનાં તત્ત્વરૂપે યથારુચિ પાંચ પ્રકારની પ્રકૃત્તિવાળા મનુષ્ય, એવું સ્વીકારીને પછી તેને ઇષ્ટ કહીને ઉપાસે છે. એ પાંચ નિરાળા દેવ નથી; પરંતુ એક વસ્તુનાં ભિન્ન રૂપો છે, અને તે સગુણ બ્રહ્મ તરીકે ઉપાસક માટે ઉપાસ્ય છે. એકને પ્રમુખપદ આપવાથી બીજાને હાનિ થતી નથી; જુદી જુદી સભાઓમાં પ્રમુખ વખતો વખત જુદા નિમાય તેથી કોઇ પ્રમુખની પદવી કમી થાય છે? માટે બ્રહ્મરૂપે બધાં જ એક તત્ત્વની મૂર્તિઓ છે, અને એને વેદાન્તના અદ્વૈત તત્ત્વનાં દર્શન કરાવે છે; વેદમાં પણ ઘણી વખત પુરાણ તથા ઇતિહાસનો ભાગ આવે છે; તેવી રીતે પુરાણમાં પણ વેદની સમાધિ જેવી ભાષા આવે છે, અને તે પામરોને સમજવા માટે પ્રાકૃત લૌકિક ભાષામાં ખુલાસા છે; તેમ જ રસઅલંકાર સાથેનાં દૃષ્ટાંતો પણ છે. આ કારણથી એક જ બાબત પુરાણોમાં જૂદાં જૂદાં રૂપે હોવાનો ભાસ થાય છે વાસ્તવમાં ભેદ નથી; પરંતુ ઉપર કહ્યા મુજબ હોવાથી ભેદ દેખાય છે, અનેક યુગની સૃષ્ટિની એ હકીકત હોવાથી તેમાં ભેદ જેવું દેખાય છે. ત્રિગુણ પ્રકૃતિને લઇને વેદ પુરાણ વગેરે શાસ્ત્રો બન્યાં, છે, એટલે તેમાંથી યથારુચિ ગ્રાહક ગ્રહણ કરી લે છે; તે ધોરણે પ્રેમમાર્ગવાળાને જ આ રસ–રાસની રુચિ થઇ શકે.

ઇશ્વર ઘટ ઘટ વ્યાપી છે, જડ ચેતન સર્વમાં છે. ચેતનમાં અંશ કલારૂપે છે. જીવનની જેટલી ઉન્નત સ્થિતિ, તે પ્રમાણમાં તેમાં કલા હોય છે. ઉદ્‌ભિજ્જમાં એક કલા, તો મનુષ્યની ઊંચી કોટિમાં પાંચ કલા સુધી હોય છે. વિભૂતિવાળો જીવ આઠ કલા સુધી પહોંચી શકે, અવતારો નવ કળાથી શરૂ કરે તે

પંદર કળા સુધી અંશાવતાર ગણાય, અને સોળ કળા પૂર્ણ તો સાક્ષાત ભગવાન છે; અથાર્ત સોળે કળા પૂર્ણ શ્રીકૃષ્ણનો અવતાર છે. એટલે કે તેમાં કોઇ પ્રકારની ન્યૂનતા નથી. સત્, ચિત્ તથા આનંદનો ભાવ, કર્મ, ઉપાસના અને જ્ઞાનથી પૂર્ણ અવતાર તે જ સોળ કળા પૂર્ણ છે. આખા ચરિત્રમાં તેમ રાસલીલામાં જો કે કર્મ ઉપાસના અને જ્ઞાન ત્રણે છે, પરંતુ તે બધાનો સમન્વય પ્રેમયુકત ભકિતમાં કરેલો છે. એ લીલા તે કામલીલા નહિ પણ ભકિતલીલા છે. વેણુનાદ માટે શ્રીમદ્‌ભાગવતમાં લખ્યું છે કે **जगौ कलं वामदृशां मनोहरम्** તે 'કલ' તે કામબીજનું **क्लीं** સમજવાનું છે. 'રસ'રૂપ ભગવાને, કામબીજથી સંસારમાં અનેક પ્રકારના રસ રેડ્યા છે. આ મંત્રમાં રસમાત્રની પરિસમાપ્તિ થાય છે અને કામ• માત્રનો લય તેમાં છે, અને તેથી જ ગોપીઓની કામવાસના છુટીને વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો, અને એકદમ પ્રભુ-કૃષ્ણ-મય થવાની તેમને કામના થઈ હતી. આવી અવસ્થામાં, ગમે તે પ્રવૃત્તિમાં છતાં પણ તે પ્રવૃતિને છોડી દઈને એ નાઠી-ગુપચુપ નાઠી. મુમુક્ષુને તીવ્ર વૈરાગ્ય થયા પછી એ કશાની રાહ જુએ છે? અથવા કોઈથી રોકાય છે? **यदहः विरजेत्तदहः प्रव्रजेत्।** ભગવાન પાસે પહોંચ્યા પછી પણ એમની કેવી કસોટી થાય છે! સ્ત્રી સ્વભાવ હંમેશ વામ હોય છે, જે પુરુષ તિરસ્કાર કરે તેની સામું પણ ન જુએ. પુરુષને આધીન કરવાનો સ્ત્રીનો સ્વભાવ છે; પરંતુ જીતેંદ્રિય શ્રીકૃષ્ણથી એ ઉલટ દબાઇ ગઈ. એમની કામવાસના જ જતી રહી! શ્રીકૃષ્ણે સ્પષ્ટ શબ્દોમાં એમનો તિરસ્કાર કરીને, પાછાં જવા કહ્યું; કસોટી કાઢી; પરંતુ જ્યાં ખરું બ્રહ્મજ્ઞાન થયું હોય તેને કશો બાધ ન હોય. બ્રાહ્મણ પત્નીનું સમાધાન થયું; કેમકે તે પરિપકવ ન હતી; અને ગોપીઓ તો ખાસ અવતાર લઈને આવી હતી, તે કેમ પાછી પડે? પ્રત્યુત્તરમાં કેવળ વેદાન્તનું જ્ઞાન ગોપીઓએ બતાવ્યું છે. શ્રીકૃષ્ણને પણ એ પૂર્ણપુરુષોત્તમ જ જાણતી હતી.

આખર રાસની શરૂઆત કરી, અને ગોપીઓનો પ્રાકૃત ભાવ બતાવવા, એમનો ગર્વ ઉતારવા પોતે અંતર્ધાન થયા, તે વખત તેમનું કલ્પાંત થયું છે તેમાં પણ, **શ્રીકૃષ્ણ** પોતે જ છે એમ સમજીને તેમની લીલાઓ એ કરવા માંડી ત્યારે ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એ ત્રણે એકરૂપ થઇ ગયાં, એટલે કે ધ્યાતા ભકતને, ધ્યેય ભગવાનરૂપ પામી તત્ત્વથી ભાવ પ્રાપ્ત થયો. આમ પ્રભુમયરૂપ થયું, તે જ સમાધિ અને તે દશામાં જ ભગવાનનું દર્શન! આ પ્રમાણે સમાધદશામાં **શ્રીકૃષ્ણનાં** એમણે ચરણચિહ્ન જોયાં, એટલે પાછી એમની પ્રાર્થના કરવા માંડી. સ્તુતિ કરતાં કરતાં નિરાકાર તથા સાકાર બ્રહ્મની એકતા થઇ એટલે કે જ્ઞાનમય ભકિત થઈ. સર્વમાં એ **શ્રીકૃષ્ણ** દેખવા માંડી. આ પ્રમાણે પૂર્ણ દશા થઇ એટલે ભગવાન પ્રકટ થયા, સાક્ષાત્કાર થયો, અને એક કૃષ્ણને ઠેકાણે હજારો કૃષ્ણ થયા! મતલબ કે જ્યાં જુએ ત્યાં કૃષ્ણ જ કૃષ્ણ! **सर्वं खलु इदं ब्रह्म**નો અનુભવ થયો. હજારો રમણીઓ વચ્ચે રહીને નિર્લેપ યોગેશ્વર **શ્રીકૃષ્ણ** સર્વવ્યાપી ભકતોના મનોરથ પૂર્ણ કરવા માટે અનેક થયા! એમને કેટલાં રૂપો લવાં પડયાં! ગોપીઓના ઘરોમાં તેમનાં સ્વરૂપ લઇને એ રહ્યા. જેવી જેની ભાવના તે પ્રમાણે પ્રભુ દેખાય છે. કાચની શીશીમાં જેવો રંગ નાંખો તે રંગ કાચનો દેખાય છે. કંસના અખાડામાં તે બાબત સ્પષ્ટ બતાવી છે. વાસ્તવમાં ગોપગોપી પોતે જ પ્રભુ હતાં, ત્યાં પછી સ્ત્રી પુરુષનો ભેદ જ કેવો? અને વળી કામવાસના જ કેવી? કૃષ્ણ તે પુરુષ અને **રાધા** તે પ્રકૃતિ—એકનો રંગ શ્યામ અને બીજાનો ગૌર. બધા રંગોનો લય કૃષ્ણ રંગમાં થાય છે. પ્રકૃતિના બધા રંગો પુરુષમાં સમાયેલા છે. પુરુષમાં પ્રકૃતિ ગુપ્ત રહે છે, અને પ્રકૃતિ પોતે ગૌરવર્ણ છે કે જેના ઉપર ગમે તેવો રંગ ચઢી શકે. આ ગૌરકૃષ્ણવર્ણનું ઐકય તે જ પુરુષપ્રકૃતિનો રાસ છે. યોગીને પણ અંતમાં પૂર્ણ પ્રકૃતિનું સ્વરૂપ જોવામાં

આવે છે તે પ્રકૃતિનું ગૌર સ્વરૂપ છે. એટલે કે શ્રીકૃષ્ણમાં અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂત ત્રણે ભાવ પૂર્ણ હોવાથી, શરીર, શકિત અને જ્ઞાનથી પૂર્ણ છે. રાસમાં શરીરનું સૌન્દર્ય પૂર્ણ છે. શકિત સંબધમાં તો એમણે આખી જિંદગી અનેક કાર્યો કરી બતાવ્યાં છે અને જ્ઞાનમાં ગીતાની પરાકાષ્ટા છે. આથી જ તેઓ પૂર્ણ બ્રહ્મ છે. પારસમણિ માફક ગોપીઓની પ્રાકૃત જાર બુદ્ધિ કહેવામાં આવે તો, તે પરબ્રહ્મમાં હોવાથી પ્રેમ ભકિત થઈને ઐકય પામી. અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂત ભાવનો ખુલાસો આમ સાધારણ થઈ ગયો, પરંતુ વધારે ખુલાસો કરવામાં આવે તો આધિભૌતિક રાસલીલા તો પ્રત્યક્ષ છે. હવે આધિદૈવિક દષ્ટિ માટે દેવીભાગવતમાં દેખાશે કે ત્યાં સ્થૂળ લીલાનું નામનિશાન નથી, તથા શ્રીકૃષ્ણ, પરમાત્માનું રૂપ નહિ, પણ ખુદ પોતે જ પરમાત્મા છે, અને રાધા તે મહામાયા છે, એવું બતાવેલું છે. મહાપ્રલય પછી શ્રીકૃષ્ણનો, રાધાની સહાયથી પ્રકૃતિપુરુષનો સંબધ થાય છે, તેને જ દૈવી રાસલીલા કહી છે. આ દૈવી રસથી જ સંસારના તમામ રસોની ઉત્પત્તિ છે. જેટલો શૃંગાર રસ અને પ્રેમ છે તે બધું તેમાંથી જ થયું છે. આ સંબંધથી એક અંડ થાય છે, ને તેમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ કહેલી છે.

હવે આધ્યાત્મિક રાસલીલા તો યોગીઓના હૃદયમાં નિત્ય થાય છે. મસ્તકમાં સહસ્રદળવાળું કમળ છે, તે જ વૃંદાવન છે. પિંડ બ્રહ્માંડ, લયયોગના સિદ્ધાંત અન્વયે એક જ છે. પરમાત્મા પણ તે કમલમાં છે અને મૂળાધાર ચક્ર પ્રકૃતિનું સ્થાન છે. કુંડલિની જાગ્રત થવા માટે અધોમુખી કમલ હતું તે ઊર્ધ્વમુખી થઈ જાય છે અને પરમાત્મામાં જઈ મળે છે. આ પ્રમાણે પ્રકૃતિનો પુરુષમાં લય થવો, એ આધ્યાત્મિક રાસલીલા છે, કુંડલિની તે રાધા, તેની અષ્ટ સખીઓ તે અંતઃકરણની સખીઓ દયા, ક્ષમા, હ્રી, શ્રી, ધૃતિ, ક્ષાન્તિ, સ્મૃતિ, અસૂયા; બંસી તે ૐ નાદ

છે; તે યોગી જ સાંભળે છે. સુષુમ્ણામાં ગુંથાયેલાં ષટ્ચક્ર ભેદીને કુંડિલિનીને ઉપર જવામાં બહુ કષ્ટ અને અડચણો નડે છે, તે બધાં **રાધા** તથા ગોપીઓ સહન કરે છે, અને અંતે પરમાત્માને પામે છે. તે વખતે યોગીને બ્રહ્મજ્ઞાન થાય છે તે જ પરમ આનંદ. ગોપીઓએ સ્થૂળ રાસમાં **શ્રીકૃષ્ણને** ચોતરફ સર્વત્ર જોઇને મેળવ્યા હતા. 'ગુપ્' રક્ષણ કરવું. પરમાત્મા **શ્રીકૃષ્ણ** તે 'ગોપ્' રક્ષણ કર્તા અને તેમની શક્તિ, તે 'ગોપીઓ'. રાધા સાથે કૃષ્ણ ગુપ્ત થઈ ગયા તેનો અર્થ એ કે પરમાત્મા સર્વદા પરા પ્રકૃતિની સાથે રહે છે, અને તેનાથી પણ છૂટયા એટલે કે નિર્ગુણ નિરાકાર બ્રહ્મ સ્વરૂપ થયા. માયા ઈશ્વરને આધીન નથી એનો પણ **રાધાજીના** ત્યાગમાં ધ્વનિ છે. આ આધ્યાત્મિક રાસ પણ દેવી ભાગવતમાં વર્ણવ્યો છે. **વિષ્ણુ** અને **શિવ** ભેગા મળ્યાથી પરમાનંદ થયો ત્યારે **શિવજીએ** તાંડવ નૃત્ય કર્યું, ને તેથી **વિષ્ણુ** દ્રવીભૂત થઈ ગયા. ગોપીઓના વિરહનો ભાવ આ પ્રમાણે વર્ણવેલો છે.

ઉપર બતાવ્યા પ્રમાણે પ્રભુની લીલા સમજવા માટે સાધનમાં કહો તો પુરાણ છે, પુરાણોમાં પણ છેવટનું અને શિરોમણિ શ્રીમદ્ ભાગવત છે. ભાગવતનાં અંગોમાં દશમસ્કંધ તે હૃદય છે, અને હૃદયમાં રાસપંચાધ્યાયી તેના પાંચ પ્રાણ છે, તેનું રહસ્ય કેમ સમજાય? **અર્જુન** અને **બળભદ્ર** જેવા પણ ન સમજી શકયા; તેઓ છેતરાયા; સગાં માબાપ પણ છેતરાયાં; ત્યાં પછી એ લીલાનાં જાદુ તે બીજો કોણ સમજે? 'લીલા'માં પણ વળી રાસલીલા કે જે પ્રકૃતિ રૂપે સ્ત્રી સિવાય પુરુષને જોવાનો અધિકાર નહિ; ફકત **મહાદેવ** ગોપેશ્વર થઈને જોઈ શકયા, બીજા કોઇનો પત્તો નહિ; દેવ, ગંધર્વ આદિ ફકત શ્રવણ કરી શકે પરંતુ દશ્ય નહિ; એમાં કેટલો મર્મ છે?

રાસના બ્રહ્માનંદનો પ્રસંગ, જે કેવળ આનંદનું સ્વરૂપ છે તેવા માંગલિક પ્રસંગમાં શરૂઆતમાં જ જરા શોક થાય છે, એ પણ વ્યવહારદષ્ટિથી ઠીક છે. વિઘ્ન વિના કાર્યના સાફલ્યનો આનંદ જ

નથી. કેવળ જડવાદીને આ આનંદ ગમ્ય નથી. તેવા માટે આખા પુસ્તકનો શ્રમ છતાં આ મુખ્ય વિષયમાં તેમનો અધિકાર નથી, એમ કહેવું પડે છે. ચેતનવાદીને માટે પણ શરૂમાં જ કહેવું જોઇએ કે રાસ સમજવો હોય તો પ્રથમ મનુષ્યભાવના દૂર કરવી ઘટે. **શ્રીકૃષ્ણ-રાધા**-ગોપીઓનાં શુક્રશોણિતઅસ્થિવાળાં પ્રાકૃત માનુષિક શરીર હતાં એ ભૂલી જાઓ. ચિન્મય અપ્રાકૃત દેહથી એ રાસ રમાયો છે, એ વાત મગજમાં પેસી શકતી હોય, તો જ રાસના વિષયમાં પ્રવેશ કરવો જોઈએ. પોતે પણ સ્થૂળ દેહ નથી, પરંતુ પોતા માટે એક બીજા અપ્રાકૃત દિવ્ય ચિન્મય દેહની ભાવના કરવામાં આવે, અને આ સગુણ પ્રાકૃત દેહની ભાવના બિલકુલ મટી જાય, તો જ એ સમજવાના પ્રયત્નનો અર્થ છે; બાકી તો ભ્રમ અને અનર્થ થવાનો જ સંભવ રહે. વજ્રની પેટીમાં સુકોમળ પુષ્પ છે; વિકટ અને ભયંકર માર્ગેથી ધારેલા સ્થાન ઉપર જવાનું છે; અગ્નિના આવરણમાં માખણનો પિંડો છે; અનેક કિલ્લા, ખાઇ તથા બીજાં વિઘ્નો પસાર કર્યાં પછી અંદર જવાનું છે; હિંમત હોય તો જ એ પરાક્રમની અભિલાષા કરવાની છે.

વાસ્તવમાં તો રાસલીલાના વર્ણન માટે કોઇ અનુરૂપ ભાષા જ નથી. એ કાર્ય માટે વૈખરી વાણી નકામી છે, નિરાકાર બ્રહ્મનું સ્વરૂપ બતાવવામાં જેમ વેદ હારે છે તેમ સગુણ સ્વરૂપ પણ મન વાણીની બહાર છે: સમજવું એટલે અનુભવ કરવો; તેના સાંસા હોય ત્યાં પછી ભાષાના અસ્તિત્વની ક્યાં વાત કરવી? ખરી વાત તો રમનાર **શ્રીકૃષ્ણ** અને **રાધા** જાણે; પરંતુ આપણે તેને સમજવા કાંઇક પણ માથાકૂટ કર્યા વગર છુટકો નથી. રાસલીલાનો વિષય એવો ગૂઢ છે અને તેમાં એટલું બધું રહસ્ય છે કે હરકોઈ મનુષ્ય તે સાંભળવાને અધિકારી નથી. વેદના મંત્રો ભલે પરધર્મીઓ બોલે અને તેની ચેષ્ટા પણ કરે, પરંતુ ખરો વેદનો મંત્ર તો અધિકારી વિધિપુરઃસર બોલે તે જ.

તે જ મંત્ર ફળદાયી છે. અપાત્રના હાથમાં સદ્દવસ્તુ જાય તો પરિણામ ઘણું ખરાબ આવે એ સ્પષ્ટ છે. શાકનો વેચનારો હીરાની કીંમત શું સમજે? જેને કેવળ કામની ભાવના છે તેણે તો રાસનું નામ જ ન લેવું જોઈએ. પ્રભુના ઐશ્વર્ય બહારની પ્રત્યક્ષ સંબંધ માટેની એ તત્ત્વજ્ઞાનની ઊંચામાં ઊંચી કોટિ છે. શંકરનું અદ્વૈત સમજવાનો એટલે અનુભવવાનો દાવો કરવાનું જેવું સાહસ છે, તેવું આ પ્રત્યક્ષ અદ્વૈત ભાવના જેવો રાસ સમજવાનું સાહસ છે. નવધા ભક્તિની બહારની આ ભાવના છે. ભક્તિની–પ્રેમની એ પરાકાષ્ટા છે. પ્રભુ સાથેના પ્રત્યક્ષ પ્રેમની એ વાત છે. પ્રભુમાં તન્મય–લીન થઈને કરેલી ભક્તિ કેવી હોય તેની માત્ર તેમાં ઝાંખી બતાવી છે. ચિન્મય દેહ બનાવીને પછી કામને ઠેકાણે પ્રેમની ભાવના થઈ શકે, તો જ રાસનો અર્થ છે. રાસની ગોપીને મા, બાપ, પતિ, પુત્ર, પુત્રી, ભાઈ, બેન કોઈની પરવા ન હતી. કર્મી, યોગી, જ્ઞાની, જપતપવાળો કે ભક્ત, કોઈ પણ ગોપીની ભાવનાને પહોંચી શકે નહિ. ખાન, પાન, મોજ, શોખ, બધું જ શ્રીકૃષ્ણ પ્રીત્યર્થે હતું. જુઓ કે રાસ માટે ખુદ લક્ષ્મીજી પણ અધિકારી નહિ! ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે મારામાં મનુષ્યભાવના કરે તે મૂઢ સમજવો; તેવી જ રીતે ગોપીઓને સાધારણ મનુષ્ય કોટિની ગણવાની વ્યાસ દાદાએ ના પાડી છે, એટલે પુરુષ પ્રકૃતિની અમાનુષ લીલામાં પ્રાકૃત મનુષ્યભાવ કેમ ઘટે? 'કામ'ની તો વાસના તેમાં પણ કેવી રીતે હોઈ શકે? ભાષામાં પ્રાકૃત શબ્દો, જેવા કે 'કામ', 'અનંગ', 'જાર' 'પરકીયા' આદિ આવે છે, તે બધા દિવ્ય પ્રેમવાચક હોવાથી કેવળ તત્ત્વજ્ઞાનદર્શક છે, પ્રાકૃત કામ માટે એ છે જ નહિ. ઈશ્વરી દિવ્ય લીલા, પ્રાકૃત ભાષામાં તો પ્રાકૃત એટલે કે પામરની રુચિ હરેક પ્રકારે થાય તે માટે છે, એમ રહસ્ય છે. બાકી જો દિવ્ય લીલામાં પ્રાકૃત ભાવ રાખવામાં આવે, તો અનર્થનો પાર જ ન રહે; અને અનધિકારી પાસે વસ્તુ જવાથી આવા અનર્થ થયા પણ છે.

ઇશ્વરી, દૈવી શૃંગારલીલા પ્રાકૃત જનોને પ્રાકૃત ભાષામાં બતાવવા માટે ત્રણ માર્ગ છે; ને તે માટે સાધનમાં, રસમાં રસરાજ શૃંગાર રસ છે. બીજો રસ દૈવી લીલા બતાવવા માટે ઉપયોગી નથી. હવે પ્રાકૃત ભાષામાં 'કામ' ઉપર કહ્યા પ્રમાણે, ત્રણ પ્રકારે હોય છે. સ્વકીયા સાથે, પરકીયા સાથે અને વેશ્યા સાથે. સ્વકીયાનો અનુભવ રાણીઓથી બતાવ્યો, પરકીયાનો ગોપીઓ સાથે બતાવ્યો અને વેશ્યાનો શૂર્પણખાની વાસનાવાળી કુબ્જાના અવતારમાં પૂર્ણ કરી બતાવ્યો. કુબ્જાનો પ્રેમ નહિ પણ કામ હતો. સ્વકીયાનો આનંદ પ્રાકૃત કામના વિષયમાં, પરકીયાના આનંદ કરતાં કમી જણાય છે. માટે જ સ્વકીયા છતાં પરકીયાનો ભાવ કરીને માલતીમાધવ નાટકમાં છે તેમ તથા ગોલ્ડસ્મિથના 'She stoops to conquer' નામના પુસ્તકમાં જે ભાવ બતાવ્યો છે તેવો ભાવ રોચક થવા માટે ગોપીદ્વારા બતાવ્યો છે; કેમકે વાસ્તવમાં ગોપી પરકીયા છે જ નહિ. રાધા તો શ્રીકૃષ્ણની આહ્લાદિની શકિત એટલે કે મહામાયા છે, ને તેમની છાયા-કાય-વ્યૂહો-ગોપીઓ છે. સૂર્ય અને તેનું તેજ જેમ અલગ નથી, તેમ શ્રીકૃષ્ણ અને રાધા અલગ નથી. શ્રીકૃષ્ણમાં જે આનંદની સ્ફૂર્તિ છે તે જ આહ્લાદિની શકિત. આનંદ અને ભકિતનો અનુભવ કૃષ્ણને રાધા મારફત જ થાય છે. શ્રીકૃષ્ણ અને રાધા અલગ નથી; બન્ને સતત, સાથે રહે છે; પરંતુ દુનિયાને સ્વરૂપ, સમજાવવાના પ્રસંગે અલગ રૂપ લે છે. ગોપીઓ કૃષ્ણ રૂપ થઇને જ રાત દિવસ રહેતી અને મોઢેથી પણ એ જ બોલતી હતી. રાધા કહે કે 'હું કૃષ્ણ છું,' અને કૃષ્ણ કહે કે 'હું રાધા છું.' અનેક ક્રીડાઓમાં બન્નેએ એ પ્રમાણે સ્વરૂપ પણ કર્યા હતાં. રાણીઓના આનંદમાં ઐશ્વર્યની, પ્રભુત્વની ભાવના મુખ્ય હતી, તેમ તેમનું મન પુત્ર, પુત્રી, સગાં, કુટુંબી વગેરેમાં કંઇક વહેચાયેલું ખરું. ઋષિ-પત્નીઓ પણ ગોપી જેટલી વિરકત ન હતી. તેઓએ પણ રાસ વખતે

ગોપીનું અંશરૂપ લીધું હતું, એટલે કે નિઃસ્વાર્થ અર્થાત ઊંચામાં ઊંચો પ્રેમ ગોપીનો હતો. કુબ્જાનો પ્રેમ કામકોટિનો, રાણીઓનો પ્રેમ કોટિનો અને ગોપીઓનો અંતિમ કોટિનો હતો.

પ્રભુની અને ખાસ કરીને શ્રીકૃષ્ણની ભક્તિનો ક્રમ, ગૌડેશ્વર સંપ્રદાયની યોજના મુજબ—આવી યોજના કોઈ સંપ્રદાયમાં દેખાતી નથી—એવો છે કે પ્રથમ શ્રૌતસ્માર્ત વિધિથી ઉપાસના કર્મ કરવાં, તેમાંથી પછી શ્રીકૃષ્ણ ઉપર 'રતિ' થવા પામશે, કેમકે તે કર્મ તથા ઉપાસકો સાથે શ્રવણ કીર્તન આદિ કરવાથી રતિ થાય છે; 'રતિ' વધવાથી 'પ્રેમ' થશે, પ્રેમ વધીને 'સ્નેહ' થશે, સ્નેહથી વધીને 'પ્રણય' થશે, તેથી આગળ 'રાગ' ને તેનાથી આગળ 'અનુરાગ'. મોટામાં મોટા ભક્તનો અધિકાર અનુરાગ સુધી છે. સાધારણ વૈષ્ણવને તો 'રતિ' માંથી પ્રેમ પ્રાપ્ત કરી પ્રભુના ઐશ્વર્યની ઝાંખી કરીને વૈકુંઠ પ્રાપ્ત કરવા સુધીની ગતિ છે, પરંતુ તેથી આગળનો 'ગોલોક' કે જે ફક્ત રાસ માટે અલગ પડયો છે, ત્યાં ગોપીનો 'ભાવ' અને રાધાનો મહાભાવ દેખાય છે. રાણીઓ મહાભાવની ઉન્મુખ હતી. ગોપીનો ભાવ અને રાધાનો મહાભાવ કોઈપણ પ્રાણીને પ્રાપ્ય નથી. શી રીતે હોય! સ્વયં પ્રભુ રૂપ સગુણબ્રહ્મ શ્રીકૃષ્ણની પોતાની શક્તિ જ રાધા છે, તે બીજાને કેમ કરીને પ્રાપ્ય હોય? રાધાકૃષ્ણની સતતની લીલા તે જ રાસ છે.

હવે રાસના 'રસ'ની ઉત્પત્તિનું મૂળ શોધતાં, ગૌડેશ્વર સંપ્રદાયના શાસ્ત્રમાંથી ખુલાસો એમ નીકળે છે કે સનકાદિક ચાર ભક્ત મહાત્મા-વિષ્ણુ ભગવાનના અંશાવતારો-વૈકુંઠમાં ભગવાનનાં દર્શન માટે કોઈ પ્રસંગે ગયા, ત્યાં તેઓ તેમના ચરણ કમળમાં મસ્તક મૂકતાં સુગંધીમય દ્રવ્ય સંયુક્ત તુલસીદળની સુગંધ નાસિકા દ્વારા તેમના શરીરમાં જવાથી એમને ક્ષોભ થયો, ને તે નિર્ગુણભાવના જઈ સગુણ ભાવના થઈ; અષ્ટ સાત્વિક ભાવ

પ્રકટ થયા; અને તેમાંથી શાંત, દાસ્ય, સખ્ય, વાત્સલ્ય અને ઉજ્જ્વલ અથવા મધુર રસ પ્રકટ થયા. આ મુકત મહાત્મા, આ પ્રમાણે યુગે યુગે ધર્મ પ્રવર્તાવે છે; પોતે સતત ઉજ્જ્વલ ભાવમાં રહીને ચારે યુગમાં ચાર ભાવનો પ્રકાશ કરે છે. આ ઉજ્જ્વલ રસના સ્વાદનો વ્યાસદાદાને પણ પૂર્ણ અનુભવ નથી, શુકદેવજીએ પૂર્ણ સ્વાદ ચાખ્યો છે, શંકરે ચાખ્યો છે. સનકાદિ મુનિ, નારદમુનિ, નિંબાર્કના આચાર્ય, ગૌડેશ્વરઆચાર્ય તથા તેમના અનુગત તથા અનુયાયીઓ રાધાજીના સખીમંડળમાં દાખલ થઇને આ સ્વાદ લઈ શકે છે. એ પ્રમાણે વ્યવસ્થા માનેલી છે.

દેવ, ગંધર્વ વગેરે રાસ જોવા આવ્યા, પરંતુ પુરુષરૂપે લીલા જોવાની યોગમાયાની મનાઇ હોવાથી, દેવ સ્થાવરરૂપે રાસ જોવા આવ્યા અને ઋષિમુનિ ભ્રમરરૂપે જોવા આવ્યા. પુરુષરૂપે મનુષ્ય ફકત અવાજ સાંભળે, પરંતુ આગળ કહ્યા મુજબ કાંઇ દેખે નહિ! માત્ર શંકરે ગોપેશ્વરરૂપે એ જોયો, કેમકે શંકર અને શ્રીકૃષ્ણમાં તત્ત્વથી અભેદ છે. આ પુરુષ રૂપની મનાઈનું રહસ્ય એ છે કે વેદાન્તને અનુસરીને પુરુષ અગર બ્રહ્મ માત્ર એક જ છે, બાકી બધું પ્રકૃતિનાં રૂપ છે. આ પ્રમાણે પુરુષ તે શ્રીકૃષ્ણ, બાકી બધી સૃષ્ટિ તે રાધારાણી પ્રકૃતિનાં રૂપ છે. વળી પ્રાકૃત કામને દિવ્ય શૃંગારથી દાબી દેવાનો એમાં હેતુ છે. શ્રીકૃષ્ણ પિતા અને રાધાજી માતા! માતપિતાની લીલા જોવાથી પ્રાકૃત ભાવ થવા પામે જ નહિ! બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ મોટા, તેથી તેમને, વડીલોને, આ લીલામાં પ્રવેશ કેમ હોઈ શકે? વળી પુરુષત્વનું અભિમાન ટળી સ્ત્રી રૂપની ભાવના કરવાથી કામવિકારનું સ્વપ્ન પણ રહે નહિ! જો કાંઇ વિકાર થાય તે શ્રીકૃષ્ણ પુરુષમાં સમાયાથી પ્રેમમાં પલટાઈ જાય. હોમીયોપથીની દવા માફક, પ્રેમથી કામને કાઢવાનો છે. આગળ કહ્યું તેમ કૃષ્ણ અને રાધા એક જ રૂપ છે; એક બીજાથી એ છુટાં

પડતાં જ નથી. માત્ર લીલા બતાવવા માટે અલગપણાની ક્રીડા બતાવે છે. તેમના વિયોગમાં ઊંચી પ્રેમની ભાવના છે. કોઇપણ વસ્તુના સંયોગ કરતાં વિયોગમાં જ વધારે ઉત્સાહ અને આનંદ રહે છે. વિરહક્રીડા એ જ ભકિત અને એ જ રસ, એ જ બ્રહ્માનંદ છે. અભેદપણું પામવા અગર શંકરનું કૈવલ્યપણું પામવા અગર બ્રહ્મમય થવાની એ ભાવના છે. પ્રાકૃત કામને ઠેકાણે દિવ્ય પ્રેમ દાખલ કરીને અદ્વૈતભાવના કરવાનું એ સૂત્ર છે. બ્રહ્મના ઐક્યમાં કેટલાક અદ્વૈતીઓ કેવળ લય માને છે; બ્રહ્મમાં સ્ત્રીત્વ અગર પુરુષત્ત્વ નથી, તેમ તેના અંશ અગર તેના સ્વરૂપ જીવમાં પણ નથી. ગુણમય પ્રાકૃત દેહની ભાવના કાઢી નાંખીને અપ્રાકૃત ચિન્મય દેહ બનાવીને પછી રાસની ભાવના કરવાની છે. એટલે કે એ ઊંચી કોટિનો રાજયોગ છે, ઊંચામાં ઊંચી સવિકલ્પ સમાધિ છે. કર્મ ઉપાસનાની દષ્ટિથી જોવામાં આવે તો પણ એ માનસિક હોવાથી ઊંચામાં ઊંચી કોટિનાં છે. શૃંગાર સિવાય બીજા રસ આ વિષય માટે પાત્ર નહિ હોવાથી જ પ્રભુએ પણ તે રસ સ્વીકાર્યો છે. જેવી રીતે જડવાદીનો આ વિષય નહિ હોવા છતાં અને તેમ કરવા જતાં શાસ્ત્ર ઉપર છરી મુકવા જેવું થતું હોવા છતાં પણ અહીં તેનું નિરૂપણ કરવાનું બીડું ઝડપ્યું છે, તેમ **વ્યાસ** દાદાને આ તત્ત્વ પામરને પણ રોચક કરવા માટે પ્રાકૃત ભાષા સ્વીકારવી પડી છે. પણ તે ભાષાના શબ્દોમાં જે રહસ્ય છે, તે તો અધિકાર પરત્વે સમજાય.

રાસ પંચાધ્યાયીના પ્રથમના ૭ શ્લોકમાં **योगमायासमाश्रितः** લખ્યું છે. હાલની રાંક હિપ્નોટિઝમ, સ્પિરિચ્યુઅલિઝમ આદિની શકિત મેળવીને પામર મનુષ્યો પણ અનેક તમાશા કરે છે. તો પછી પ્રભુની યોગ શકિતને શું અગમ્ય છે? જે હજારો, લાખો બ્રહ્માંડો બનાવે અને તેનો નાશ પણ કરે, તેને આ એક તુચ્છ વસ્તુનો શો હિસાબ?

શ્રીકૃષ્ણનું વય ચીરહરણ વખતે સાત વર્ષનું **હતું, અને** રાસ વખતે આઠમું ચાલતું હતું. સાધારણ રીતે પાંચ વર્ષ સુધી શિશુ, આઠ સુધી પૌગંડ, પંદર સુધી કિશોર અને પછી યુવાન એમ વ્યવસ્થા છે; પરંતુ **શ્રીકૃષ્ણને** તો થોડી મુદતમાં બધું આટોપવું હતું, તેથી આ યોગેશ્વરે ત્રણ વર્ષમાં શિશુ અવસ્થા પૂર્ણ કરી, છની અંદર પૌગંડાવસ્થા પૂર્ણ કરી અને બારની અંદર કિશોરાવસ્થા પૂર્ણ કરી, યોગમાયાની મઝા જુઓ કે રાસ વખતે **યશોદા** મા ઘરમાં પૌગંડ બાળક સૂતેલું જુએ, ગોપ બાળકો સખ્ય ભાવથી પૌગંડ બાળક સાથે ખેલે, અને ગોપીઓ કિશોર શ્રીકૃષ્ણ સાથે રાસ ખેલે! વળી એક રાતની છ મહિના જેટલી લાંબી રાત થઇ ગઇ! આ બધી યોગમાયાનો કાંઇ ખુલાસો છે? એક સાધારણ જાદુનો ખેલ સમજાતો નથી ત્યાં પછી આ મહાન જાદુના ખેલને સમજવા પ્રયત્ન કરવો એ કેવળ સાહસ છે. જે એક જ વખત ત્રણ સ્થિતિઓ બતાવી શકે તેને શું કહેવું? જો ગોપીઓ પૌગંડ અવસ્થાનું બાળક દેખે, તો પછી ક્રીડા થઇ શકે જ કેમ? ગોપીની દૃષ્ટિમાં તો એ સતત્ કિશોર જ હતા. અસંખ્ય ગોપીઓ અને તેની સાથે એક **શ્રીકૃષ્ણ**, એ સાંખ્યના અનેક પુરુષો અને પ્રકૃતિ, અથવા વેદાન્તનો એક પુરુષ અને અસંખ્ય પ્રકૃતિ?

ગોપીઓમાં વળી બે પ્રકાર હતા; એક સિદ્ધ અને બીજી સાધક. વળી ત્રણ ગુણના વિભાગથી સ્વભાવમાં પણ ત્રણ પ્રકાર હતા. સિદ્ધ ગોપીઓ તે ગોલોકમાંથી આવેલી સખીઓ ગોપી રૂપે હતી. કાત્યાયની વ્રત કરીને સોળ હજાર ને એકસો ગોપીઓએ શ્રીકૃષ્ણને વર તરીકે માગ્યા હતા, તે જ સિદ્ધ ગોપીઓ તથા અનેક જન્મની વાસનાને અંગે અંતમાં ઋષિ કન્યાઓ, શ્રુતિઓ તથા દેવકન્યાઓ, આ શ્રીકૃષ્ણના મુદતબંધી સ્થૂળ રાસ માટે ગોપીનો જન્મ લઇને આવી હતી, તે બધી સાધક હતી.

યજ્ઞવાળી ઋષિપત્નીઓ પણ સાધક હતી. સિદ્ધ ગોપીઓના પણ પ્રાકૃત વિવાહ થએલા હતા, પરંતુ તેઓ તો **શ્રીકૃષ્ણને** અનાદિ કાળથી વરેલી હતી. સાધક ગોપીઓમાં કેટલીકને સંતતિ પણ હતી. કેટલાક કહે છે કે તેમની સંતતિ નહિ પરંતુ આડોશી-પાડોશીનાં બાળક હતાં. **વ્યાસમુનિએ** 'શિશુ' શબ્દ વાપર્યો છે, 'પુત્ર અગર પુત્રી' શબ્દ નથી વાપર્યો, તેથી ધાત્રી તરીકે બાળકોને સ્તનપાન કરાવવાની ભાવના કોઇ કહે છે. હાલ પણ વ્રજમાં તેવો રીવાજ છે. એ સિદ્ધ ગોપીઓના પ્રાકૃત સ્વામીઓ તો તેમના તરફ દૃષ્ટિ પણ કરી શકતા નહિ, ત્યાં પછી શરીર સ્પર્શની વાત જ શી ? જેવી રીતે **રાધાજી**ના વિવાહિત પતિ **અભિમન્યુ–આયન**ની સ્થિતિ હતી તેવી જ તે બધાની હતી. પૂર્વ જન્મમાં **અભિમન્યુએ** સખત તપ કરીને લક્ષ્મીને પોતાની સ્ત્રી થવાનો વર વિષ્ણુ પાસે માગ્યો, તે આખર આપ્યો તો ખરો, પણ તે સાથે કહ્યું કે "તું અધિકારી નથી તેથી તું નપુંસક થઇશ." તે પ્રમાણે લગ્ન વખતે નપુંસક થવાથી હસ્ત-મેળાપમાં પણ એ પ્રત્યક્ષ સ્પર્શ કરી શક્યો નહિ; રાધાજીની સામે પણ એ કદી જોઇ શકતો નહિ. હવે સાધક ગોપીઓમાંથી ત્રિગુણાત્મકપણાથી રાસમાં જવાને લાયક ન હતી, તેમને તેમના ભાઇ, પિતા, પતિ વગેરેએ રોકી, એટલે **યોગમાયા,** તે ત્રિગુણાત્મક દેહના કષાય વિરહાગ્નિથી બળી જવાથી, તે દેહ ત્યાં છોડાવી દઇને અપ્રાકૃત ચિન્મય દેહથી એમને રાસમાં લઇ ગઇ અને આ ચિન્મય દેહની ગતિ ઉતાવળી હોવાથી સિદ્ધ ગોપીની પણ પહેલાં એ પ્રભુ પાસે જઇ પહોંચી. કોઈ ગોપીનું પ્રાકૃત ભાષામાં મરણ કહીએ તેવું મરણ થયું જ નથી. આવા માંગલિક પ્રસંગમાં મરવાનો રડવા કુટવાનો કકળાટ હોય ? કેવળ આનંદ આનંદ અને આનંદ જ હવામાં થઈ રહ્યો હતો. 'સુબોધિની' ટીકા અનુસાર ગોપીઓના ચાર ભેદ કહ્યા છે; સગી, સગી નહિ તેવી,

મિત્રતાવાળી અને સામાન્ય ઓળખાણુવાળી. આ ભેદથી કાંઈ વધારે બોધ થતો નથી. વળી યોગમાયાના પ્રભાવથી કામદેવને મોહિત કરી નાખવા માટે તમામ ગોપીઓ એક સરખું વય, સૌંદર્ય, લાવણ્ય, કૌશલ્ય, વસ્ત્ર, આભૂષણુ, ગાનતાન, નૃત્યવાદ્ય વગેરે વિદ્યામાં અપૂર્વ નિપૂણુતાવાળી બની ગઈ. એમ એક એક ગોપી **લક્ષ્મી, સાવિત્રી** કે **ઉમા** કરતાં પણુ વિશેષ હતી. હજારો કલ્પના કે તર્ક કરવામાં આવે તો પણુ તેનો ખ્યાલ આવી શકે નહિ અવળ સવળ વસ્ત્ર–આભૂષણુ પહેરીને, કોઈ છુટા વાળે, કોઇ હાથમાં ગ્રાસ લઇને, કોઈ બાળકને હિંચકો નાંખતાં, દૂધ દોહતાં, દૂધ ઉકાળતાં, દહીં વલોવતાં એમ અનેક કાર્યમાં પ્રવૃત્ત છતાં, મુરલીનો સ્વર સાંભળીને બેભાન થઇને પ્રભુ તરફ ગઇ, ત્યાં **યોગમાયાએ** તેમની બધી ખામીઓ દુરસ્ત કરીને તેમનામાં પૂર્ણતા કરી. ખુદ પ્રભુ પણુ તે કામે લાગ્યા! આ બધામાં કેટલું રહસ્ય છે? પ્રાકૃત ભાષા અથવા ભાવનાને તેમાં લેશમાત્ર પણુ સ્થાન નથી. **યોગમાયા**ની ઇચ્છાથી મોટા ચોક, અંદર મહેલો, વન ઉપવન, કુંજો, બાગ, સર્વ શૃંગાર, હીરા, માણેક, મોતી ખાનપાનની સામગ્રી, સુવા બેસવાનાં વગેરે ઉત્તમ સાધનો બની ગયાં! બધી સૃષ્ટિના વૈભવ ભેગા થાય તો પણુ **યોગમાયા**ની શકિતને કેવી રીતે પહોંચે?

વળી **યોગમાયા**ની શકિત જુઓ કે મુરલીનો સ્વર થાય છે તે બીજા કોઇને નજીકમાં પણુ સંભળાય નહિ, પણુ ઘણે દૂર માઇલો ઉપર જેને બોલાવવામાં આવે તે જ સાંભળી શકે. જો ગમે તે સાંભળે એમ હોય તો પછી ગરબડ થઇ જાય. ખુદ **યશોદા, નંદ** તથા બીજાં મોટેરાં કોઇ ન સાંભળે! જે મુરલીના સ્વરથી ગાયો અને વાછડાં પણુ પોતાનું નામ સમજીને દોડી આવતાં, ત્યાં પછી નિજરૂપ ગોપીઓ તેને સમજે એમાં શું આશ્ચર્ય? ખુદ યોગમાયા પણુ રાસ જોઇને ગુંચવાયાં અને **શ્રી**

કૃષ્ણને પૂછ્યું કે, "તમારો તો નિત્ય રાસ ગોલોકમાં છે, ને વળી આ શું?" **શ્રીકૃષ્ણે** માત્ર સ્મિત હાસ્ય કર્યું. એક જ રસ્તે થઇને બધી ગોપીઓ ચાલી આવે છે, પરંતુ કોઇ કોઇને પૂછતું નથી કે કયાં જાય છે. ઇર્ષ્યા અગર દ્વૈષની તો ત્યાં વાત જ શી? પ્રાકૃત કામમાં સપત્નીભાવ છે. **રૂકિમણી** અને **સત્યભામા**માં સપત્ની ભાવ, **લક્ષ્મીજી** અને **તુલસીજી**માં તથા **ગંગા** અને **પાર્વતી**માં પણ તેમ, પરંતુ ગોપીઓનો તો દિવ્ય પ્રેમ હતો. બધી ગોપીઓ **રાધાજીને** ક્રીડામાં અરસપરસ સહાયક! કોઇ પણ ગોપીને દેહનું અભિમાન જ ન હતું. સર્વમાં **શ્રીકૃષ્ણ** હતા. તેમની દૃષ્ટિમાં ચોવીસે કલાક **શ્રીકૃષ્ણ** સિવાય કોઇ ન મળે! આભૂષણ, વસ્ત્ર, ખાનપાન, બધું **શ્રીકૃષ્ણ**મય હતું. આનું જ નામ ભકિત, પ્રેમમય ભકિત ને તેની ગોપી સિવાય બીજા કોઇને ખબર નથી. મુરલીના સ્વર સાથે બેભાન પરવશ થઇને એ દોડી; કેમકે સ્થૂલ ઘરમાં પણ તેમનું હૃદય **શ્રીકૃષ્ણ**માં જ હતું. ઇન્દ્રિયમાત્રના દેવ કૃષ્ણમય હોવાથી તેમને બીજું ભાન જ ન મળે! પ્રાકૃત કામ ભાવમાં પણ ભાન રહેતું નથી, કોઇ નિયમ હોતો નથી, તો દિવ્ય પ્રેમમાં કયાંથી હોય? પ્રેમ ત્યાં નિયમ નહિ અને નિયમ ત્યાં પ્રેમ નહિ! ગોપીઓનો સ્વાર્થ જ ન હતોઃ પોતાના સુખની ખબર કે પરવા તેમને ન હતી; જ્યારે પ્રાકૃત સ્ત્રી-પુરુષના કામમાં સ્વાર્થ એટલે કે પોતાના સુખની ભાવના હોય છે, ત્યારે આ રાસની ગોપીઓને પોતાના સુખની ખબર જ ન હતી! ગોપીઓ તો શું પણ ખુદ **રાધાજીએ** પણ કદી પોતાના સ્પર્શસુખ માટે કલ્પના પણ કરી નથી. જે કાંઇ સુખ હોય તે **શ્રીકૃષ્ણ** માટે જ હતું.

રાસની ગોપીઓનો પ્રેમ શું વસ્તુ હતી તે માત્ર **વ્યાસ** ભગવાને તો લખ્યું, પણ તેનો અનુભવ કરનાર તો **શુકદેવજી**, **નારદમુનિ** તથા ભક્તમાળના ભકતોમાંથી **સૂરદાસ**, **નરસિંહ**

મહેતા, **મીરાંબાઈ** વગેરે હતાં, **નિંબાર્ક**ના આચાર્યશ્રી પણ સમજ્યા, પરંતુ ખરું સમજનાર તો **પરીક્ષિત**ના પ્રશ્નથી શૃંગારરસ વર્ણવતાં **શુકમુનિ** અટકયા, ત્યાંથી બંગાળાના **ચૈતન્યપ્રભુ** શ્રીકૃષ્ણના અવતારમાં પ્રકટ થઇને આગળ અનુસંધાન કરનાર હતા. તેઓશ્રીની આજ્ઞાથી મહાન પ્રતાપી સમર્થ છ ગોસ્વામીઓએ શૃંગારમય પ્રેમનો પ્રકાશ કર્યો, ખાસ **વૃંદાવન**માં તેઓને મોકલીને વ્રજનો પ્રકાશ કરાવ્યો, પ્રાચીન સ્થાન તેઓએ પાછાં પ્રકટ કર્યાં; વ્રજભાવ ઉદ્દીપ્ત કર્યો અને ઉજ્જ્વલ અથવા મધુર ભાવમાં એમણે અપૂર્વ વિહાર કર્યો; ને તેમ કરવામાં રાસનું રહસ્ય પૂર્ણ સમજાવ્યું. જેમ **રામાનુજ** તથા **મધ્વ** સંપ્રદાયમાં **વિષ્ણુ** ભગવાન ઉપાસ્ય છે, **મધ્વ** તથા **નિંબાર્ક**ની એક શાખામાં દ્વારકાધીશ ઉપાસ્ય છે, **વલ્લભી**માં **ગોકુલ**ના કૃષ્ણ ઉપાસ્ય છે. તેમ **ગૌડેશ્વર** સંપ્રદાયમાં વ્રજના કિશોર કૃષ્ણ ને તે **યશોદાનંદન**, કિશોરી **રાધાસહ** યુગલરૂપે ઉપાસ્ય છે. જ્યારે બીજા વૈષ્ણવ સંપ્રદાયમાં મુખ્ય દાસ્યભાવે છે ત્યારે આ સંપ્રદાયમાં સખ્ય, વાત્સલ્ય અને મધુર ભાવ છે, તેમાં પણ મધુર જ મુખ્ય. શાંત રસ દાસ્યમાં સમાય છે. એ બંને સખ્યમાં, એ ત્રણે વાત્સલ્યમાં, અને એ ચારે મધુરમાં છે. વલ્લભી સંપ્રદાયમાં મુખ્ય વાત્સલ્ય છે, પરંતુ આ **ગૌડેશ્વર** સંપ્રદાય જેવી ઉજ્જ્વલ રાસની ભાવના તેમાં સ્પષ્ટ દેખાતી નથી. ઇશ્વરનું ઐશ્વર્ય શ્રીકૃષ્ણમાં જાણવા છતાં તેમાં સખ્ય ભાવ કરવો એ દરેક વ્રજવાસીના જન્મથી જ તેનામાં છે અને મધુર ભાવ કરવો એ **ગોડીઆ** વૈષ્ણવમાં છે. આ મધુર અથવા ઉજ્જ્વલ ભાવ, સ્વાદ તથા રંગમાં શ્રેષ્ઠ છે. ઉજ્જ્વલ ઉપર કોઈ પણ રંગ ચઢે તેમ, બધા રસનો અંત મધુરતામાં છે. કામના દૃષ્ટાંત માટે **કુબ્જા**નું દૃષ્ટાંત તૈયાર છે અને પ્રેમ માટે ગોપીઓનું છે. પ્રભુના દરબારમાં ન્યાત, જાત, ઊંચ નીચ, સ્ત્રી પુરુષ એમ ભેદ છે જ નહિ. આગળ કહ્યું, તેમ **શંકર**ની અદ્વૈતની અગમ્ય કોટિનો આ મધુર ભાવ પ્રત્યક્ષ અનુભવ છે.

વળી એક બીજી ખૂબી એ છે કે યાદવ કુળના વંશનો દાવો કરનારા રજપુત વગેરે હજી છે, તેમ તે બધાનો અંત કેવી રીતે આવ્યો એ પણ ઐતિહાસિક વાત છે. પરંતુ આ ગોપીની જાતનું કયાંયે નામ ન મળે! દેવકી વસુદેવનો અંત સમજાવ્યો, પણ આ ગોપની જાતનો પત્તો નથી. પ્રભુ જાણે, બધાં એકદમ કયાં અદશ્ય થઇ ગયાં! એક ઠેકાણે કહ્યું છે કે બધાં અંતર્ધાન થઇ ગયાં! પ્રભુ સાથેના અદ્વૈત તત્ત્વની ઝાંખી કરાવી પ્રેમ ભક્તિની કોટિ સમજાવીને અંતર્ધાન થઇ ગયાં! હાલ જે આહીરની જાત છે તે ગોપ નહિ; તેઓ પોતાને વૈશ્ય કહે છે, પરંતુ શૂદ્ર જેવું તેમનું જીવન દેખાય છે. છતાં પણ વૈશ્ય જેવી ગોપની જાત હજી મોજૂદ દેખાય છે ખરી. એ ગોપીઓ દ્વારકાથી સાત ગાઉ ઉપર ગોપી તળાવ છે ત્યાં સમાઈ ગઇ હતી, એમ પણ કહેવાય છે.

પ્રસ્તાવનામાં કહેલું છે કે **શ્રીકૃષ્ણ** સોળે કળાપૂર્ણ અવતાર હોવાથી કોઈ પણ વિદ્યા, કળા અને હુન્નરમાં પૂર્ણ હતા. **શ્રીકૃષ્ણ** એટલે પૂર્ણતા–perfection–જ સમજવી. એટલે પછી દરેક કાર્યમાં પૂર્ણતા હોય તેમાં શું આશ્ચર્ય? આગળ કહી ગયા છીએ કે **યોગમાયાનો** જ બધો પ્રભાવ હોય ત્યાં શી ખામી રહે? ચંદ્ર પણ તે સમયે પૂર્ણ કળાથી પ્રકાશ્યો. પોતાના વંશના **શ્રીકૃષ્ણ** હોવાથી અનુરાગનાં અરૂણ જેવાં લાલ કિરણો ફેંકીને રસને એણે પોષણ આપ્યું. આ સમારંભ **न भूतो न भविष्यति** જેવો છે. પાછો કૃષ્ણ અવતાર થશે તે વખત અનેક જન્મની ભાવનાઓ કરીને જે જીવ ગોપીનો દેહ પામશે, તે જ તે રાસમાં દાખલ થશે. અને જો સિદ્ધ થશે, તો પછી ગોલોકના નિત્ય રાસમાં રહી દરેક બ્રહ્માંડના પ્રકટ રાસમાં જઇ શકશે. જેવો જેનો અધિકાર, એ પ્રમાણે વ્યવસ્થા કલ્પેલી છે.

રાસના પ્રસંગમાં **શ્રીકૃષ્ણને** ~~મન્મથમન્મથ.~~ કહેલા છે. **કામ-દેવના** પણ **કામદેવ—કામદેવને** પણ મોહિત કરનાર—મથી નાખનાર કહેલા છે. તે સમયના સ્વરૂપનું નામ **મદનમોહન** પડ્યું. હજી પણ એ તે સ્વરૂપમાં પૂજાય છે.

એક વૈષ્ણવી તત્ત્વની વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે પ્રસંગે પ્રભુ અવતાર લઇને પૃથ્વી ઉપર આવે છે તે વખતનું તેમનું સ્વરૂપ કાંઈ નષ્ટ થતું નથી. બધા અવતારો તેમના મંડળ સાથે વૈકુંઠમાં નિત્ય વાસ કરીને રહેલા છે. માત્ર પ્રસંગે પ્રકટ થાય છે. આ ધોરણે સિદ્ધ ગોપીઓ જેમ ગોલોકનાં સ્વરૂપ હતાં, તેમ પાછાં સોળ હજાર રાણીઓના દેહમાં પણ તેમણે પ્રવેશ કર્યો હતો. યજ્ઞનું અન્ન આપનાર બ્રાહ્મણ પત્નીઓ પણ એ રાણીઓમાં અંશે ગઈ હતી. ગોપી થવાનો એમને અધિકાર ન હતો, એમ પણ કોઈ કહે છે. આઠ મુખ્ય સખીઓ તે આઠ પટરાણીઓ અને **સત્યભામાજી** તે **રાધાજી. રૂક્મિણી લક્ષ્મીજીનું** રૂપ છે છતાં **ચંદ્રાવલીનું** સ્વરૂપ પણ છે. **રૂક્મિણી** દક્ષિણા અને **સત્ય-ભામાજી** વામા, તે **ચંદ્રાવલી** અને **રાધાનાં** સ્વરૂપો! રાસમાં રાગ, રાગિણી, તાલ, લય, નૃત્ય વગેરે અનેક પ્રકારો બતાવ્યા છે. કેટલાક પ્રકાર તો ઘણા જ વિકટ છે. રાધાજીએ એક નૃત્ય કર્યું તેમાં પગની ફણા સિવાય શરીરનો કોઈ પણ ભાગ હાલે નહિં! ગાયનનો તો એ મહાસાગર! 'સંગીતસાર' પ્રમાણે સોળ હજાર ને સો સિદ્ધ ગોપીઓ હતી, તેટલા રાગ તે વખતે થયા હતા, ખરી રીતે દરેક ગોપીનો રાગ જુદો હતો.

રાસની ઉત્પત્તિ અને રાસની કાંઈક ઝાંખી ઉપર કરવામાં આવી. હવે એ રાસનો હેતુ શો તથા તેની ઉત્પત્તિ કેવી રીતે થઇ તેનું કાંઇક નિરીક્ષણ કરીએ.

રાસના અનેક હેતુઓ છે. ગોલોકથી આવેલી સખીરૂપે ગોપી-ઓએ **કાત્યાયની** વ્રત કર્યું હતું, તેનું ફળ આપવાની ભગવાનની

ફરજ હતી; બૃહદ્‌વામનપુરાણ તથા પદ્મપુરાણ અન્વયે રામાવતારમાં **દંડકારણ્ય**ના ઋષિઓની ભાવના સફળ કરવાની હતી; શ્રુતિઓની પણ તેવી અભિલાષા પૂર્ણ કરવાની હતી; પુરાણની પણ હતી; દેવની કન્યાઓની પણ અભિલાષા પૂર્ણ કરવાની હતી ! યજ્ઞવાળી ઋષિપત્નીઓની માગણી માત્ર રાસ વખતે જ સ્વીકારવાની હોવાથી ગોપીના અંશ રૂપમાં તે સ્વીકારી હતી, એ પ્રમાણે કહેવાય છે. આગળ કહ્યું તેમ ઉજ્જવલ અથવા મધુરરસ પામરને રુચિકર હોવાથી, પ્રત્યક્ષ શૃંગારલીલા બતાવીને પ્રાકૃત કામને ઠેકાણે દિવ્ય પ્રેમની ભાવના ભગવાને કરાવી છે. ખરો મુદ્દો તો લોકની રુચિ થાય તેવી રીતે રુચિકર શ્રેષ્ઠ મધુર માર્ગ બતાવ્યો છે, એ છે. આ પ્રમાણે અનેક હેતુઓ છે, પણ તેમાં એક ખાસ મહત્ત્વ તો એ છે કે રામાવતાર મર્યાદા પુરુષોત્તમનો હોવાથી **સીતા**નું સુખ **રામચંદ્ર** જોઇએ તેટલું લઈ શકયા નહિ. બીચારાં **સીતા**એ દુ:ખ જ વધારે દેખ્યું. આ સ્થિતિને લીધે બ્રહ્મા, ઇન્દ્ર, કામદેવને બહુ ગર્વ થયો અને એ બોલ્યા કે અમારા જેવું સુખ રામચંદ્રે ન દીઠું. વળી **કામદેવે** તો મોંઢે જ મહેણું માર્યું કે "મેં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ બધાને વશ કર્યા, તમે પણ જુઓ કે **સીતા** માટે કેટલો સંતાપ **વેઠયો**?" **રામચંદ્રે** સંકલ્પ કર્યો ને **કામદેવને** કહ્યું કે, "હવેના અવતારમાં તમને બધાને ખબર પાડીશ અને તમારી (**કામદેવ**ની) ખાસ ખબર લઇશ." આ પ્રમાણે કૃષ્ણાવતારમાં બધાના ગર્વ ઉતાર્યા. સાધારણ ભાષા પ્રાકૃત જેવી દેખાય છે, પરંતુ તેમાં જ રહસ્ય છે.

રાસપંચાધ્યાયી એટલે રાસના પાંચ અધ્યાય, શ્રીમદ્‌ભાગવતના દશમસ્કંધમાં છે, એ બદલ આગળ કહેવાઇ ગયું છે. આ પાંચની સંખ્યામાં ઘણું રહસ્ય છે. **કામદેવ**નાં પાંચ બાણ તેને હણવા પાંચ અધ્યાયરૂપી શસ્ત્ર, અથવા પાંચ આવરણ દૂર કરવા માટે પાંચ સાધન, અથવા પંચમહાભૂતનો દેહ, તેને દૂર કરવા માટેના

પાંચ પ્રાણ, અથવા રૂદ્રનાં પાંચ મુખ, અથવા પાંચ ઇંદ્રિયોને જીતવા માટેના પાંચ પ્રાણ, અથવા શરીરમાં પ્રાણોમાં મુખ્ય પાંચ પ્રાણ છે તેવા પાંચ મુખ્ય અધ્યાય, અથવા પાંચ અધ્યાય તે પંચનો ઠરાવ કે "બસ બધા રાધાકૃષ્ણની ભક્તિ કરો ને બીજું બધું છોડી દો." 'પંચ ત્યાં પરમેશ્વર' ન્યાયથી પાંચ અધ્યાય; આ પ્રમાણે અનેક યોજનાઓ ગણાવી શકાય તેમ છે. આગળ કહ્યું છે તેમ આખા ભાગવતનો રસ અથવા પ્રાણ આ રાસ પંચાધ્યાયી છે, આ રાસ તે મહારાસ છે. ગોલોકનો નિત્ય રાસ સતત ચાલુ છે અને મહારાસ તો અનુક્રમે આવવાનો. ફરીને કૃષ્ણાવતાર થશે તે વખત મહારાસ થશે.

આ રાસ પણ ત્રણ પ્રકારનો છે. કાયિક, વાચિક અને માનસિક. પહેલા અધ્યાયમાં માનસિક, બીજા ત્રીજામાં કાયિક, અને ચોથા પાંચમામાં વાચિક છે. પહેલા અધ્યાયમાં જીવની પરીક્ષા, વેણુ વગાડીને કરી, એટલે કે લોકના ભયનું સૂચન કર્યું. બીજામાં અંતર્ધાન થઈને બ્રહ્મની વિસ્મૃતિ, તેથી થતો કલેશ, તેથી થતી અંતમાં સમાધિ બતાવી; ત્રીજામાં યમુના તીર ઉપર પ્રભુની પ્રાર્થના બતાવી, ચોથામાં પ્રભુનાં દર્શન, પાંચમામાં બ્રહ્મના પ્રત્યક્ષ વિગ્રહમય સ્વરૂપનું આલિંગન કરીને ચિરશાંતિ બતાવી.

રાસનું સહજસ્વરૂપ આપણે આલેખ્યું. હવે એ રાસના રસને શૃંગાર આપવામાં શ્રીકૃષ્ણની કેટલી કાર્યદક્ષતા છે એ જોવાનું છે. શૃંગાર રસની પરાકાષ્ટા બતાવીને તે રસ પૂર્ણ વ્યકત કરવાનો હોવાથી શરૂઆતમાં જ પોતે વિપરીત ભાવ બતાવ્યો છે. નાયક નાયિકામાંથી સાધારણપણે હંમેશ સ્ત્રી વામા અને પુરુષ દક્ષિણ હોય છે. સ્ત્રી દક્ષિણા અને પુરુષ વામ એ અસંભવિત જેવું છે. ગોપીઓ મુરલિના સ્વરથી આવી ત્યારે

તેમના પ્રત્યે બેપરવાઇ બતાવીને ગોપીઓને પાછી પોતાને ઘેર જવા શ્રીકૃષ્ણે બોધ કર્યો, પતિવ્રતપણાનો, નીતિનો, એમ સારી રીતે બોધ કર્યો. આ પેતરો ફક્ત રાસનો રસ વધારવા માટે રતિનો વેગ વધારીને તેને ઉત્તેજન આપવા માટે હતો. ઉપદેશના બાહ્ય સ્વરૂપના અંતર્ગત આ પ્રમાણે ભાવ છે. નાયિકાએ શરૂમાં ઉદાસીનતા તથા કોપયુક્ત સ્વરથી બોલવું જોઇએ; તેનાથી વિપરીત ભાવ કરીને પોતે જ આ પ્રમાણે નાયક છતાં વિપરીત ભાવ બતાવી વામ થયા ! આ પ્રમાણે આ ઉપદેશના બાહ્ય સ્વરૂપમાં અંતર્ગત રહસ્ય છે. બાહ્યમાં ઉપર કહ્યા મુજબ બોધ છે અને અંતર્ગત બીજો અર્થ ક્રીડાવર્ધક છે. પ્રત્યક્ષમાં ઘેર જવાનું કહેવું અને ઇંગિતમાં રાસ રમવાનું કહેવું છે. આ ધોરણે, અંતર્ધાન થયા તેમાં પણ તેવું રહસ્ય છે. પ્રત્યક્ષમાં ગોપીઓને ગર્વ થયો તે ગર્વ ઉતારવાનો છે. પરંતુ એ તો પામરની દૃષ્ટિ માટે છે. આવી સંસ્કારી પ્રેમની પુતળીઓને તે ગર્વ હોય ? પોતાના સુખની જ્યાં ભાવના જ નથી, સુખ તે કેવળ પ્રભુને જ માટે માનેલું છે, ત્યાં ગર્વ હોય ? આ અંતર્ધાનનો ગર્ભિત હેતુ માત્ર વિરહનો પ્રેમ વધારવા માટે છે. આત્મા વિના જેવી દેહની સ્થિતિ, તેવી સ્થિતિ પ્રભુ વિના ભક્તની બતાવી છે. વળી બીજો પણ હેતુ છે. રાસની મુખ્ય અધિષ્ઠાત્રી દેવી **રાધાજી** છે. દરેક ગોપી સાથે કૃષ્ણ થવાથી **રાધાજી**નું ખાસ માન કયાં રહ્યું ? તેથી એકલાં **રાધાજી** સાથે રમવા માટે બીજી ગોપીઓથી અંતર્ધાન થયા. **હવે રાધાજી** સાથે રમતાં પાછા અંતર્ધાન થયા. તેમાં પણ તેવો જ મર્મ છે. **રાધાજી**ને તો ગર્વ હોય જ કયાંથી ? એ તો ખુદ શ્રીકૃષ્ણની શક્તિ છે. પરંતુ વિપ્રલંભ અલંકાર સમજાવવા વિરહ કર્યો અને **રાધાજી**ના મધુર વિરહવિલાપની દુનિયાને સમજણ આપવા માટે પોતે અંતર્ધાન થયા. **રાધાજી** સાથે રમતાં ગોપીઓ દેખે ને કદાચ કોઇને ઈર્ષા આવે-જો કે

આ પ્રેમમાં ઈર્ષાને સ્થાન નથી અને ઈર્ષા દેખાય તો પણ રસ પુષ્ટિ માટે છે, તો પણ એ પ્રેમનો રસ બગડે એ પણ હેતુ હતો. રાસમાં હરેક પ્રકારે કોઈ પણ જાતની ખામી આવવા દીધી ન હતી.

આ ધોરણે સ્ત્રીને 'અધમ' કહી છે. 'જાર' 'કામ' વગેરે શબ્દો આવે ત્યાં પ્રાકૃત 'કામ'ના બાહ્ય સ્વરૂપની અંદર ઉત્તમ પ્રેમ, ભક્તિનો ભાવ છે. 'કામયુક્ત' પામરો માટે એ પ્રાકૃત ભાષા બતાવી છે. ગોપીઓ તો અપ્રાકૃત હતી, એટલે તેમને માટે એ ભાષા હોય જ કયાંથી?

વાસ્તવમાં ગોપીઓને શ્રીકૃષ્ણનો અંગ સંગ કરવાની કે પ્રાકૃત સુખ ભોગવવાની ભાવના જ નહોતી. તેવી ભાવના તે જ કામ. ગોપીઓને તો શ્રીકૃષ્ણના સુખ માટે જ જે કંઈ કહેવા બોલવાનું હોય તે હતું. એ અંગસ્પર્શની ઈચ્છા રાખે, તો પણ તે પોતાના સુખ માટે નહિ, એમની બધી પ્રવૃત્તિ શ્રીકૃષ્ણના જ સુખ માટે હતી. તેમાં પણ વળી રાધાજીની તો વાત જ શી કરવી? આટલી આટલી ક્રીડા થઇ, અને ગોપીઓ તથા રાધાજીના મુખમાં પ્રાકૃત ભાષા મુકાઈ છતાં તેમાં અંગસ્પર્શ વગેરે માગણીનો ભાવ પ્રકટપણે દેખાડયો નથી. પરંતુ વસ્તુ-તત્ત્વમાં ખુદ રાધાજીએ પણ કદી તેવી ઈચ્છા સુદ્ધાંત કરી નથી, તો પછી તેની માગણીની વાતને સ્થાન જ કયાંથી હોય? માત્ર શ્રીકૃષ્ણને જે ઈચ્છા થાય, તે માટે જ બધી પ્રવૃત્ત કરવી. એ પ્રમાણેની એમની ભાવના હતી. સામાન્ય રીતે મગજમાં આ વાતની ઘડ બેસવી જ કઠણ છે. કેમકે પ્રાકૃત ભાવ સહેજે મટી શકતો નથી. માટે તેમ થયા સિવાય મન શુદ્ધ પણ કેવી રીતે થાય?

રાસને અંતે શ્રીકૃષ્ણ ઘેર જઈને ગુપચુપ શયનગૃહમાં સુઈ ગયા. સવારમાં વહેલા ઊઠયા નહિ; જશોદા માતાએ જગાડયા ત્યારે

એ બોલ્યા કે " મને ઉજાગરો છે, ને મચ્છર કરડવાથી ઉંઘ આવતી નથી. " (હાલ પણ મથુરાં અને વૃંદાવન મચ્છર માટે મશહુર છે), ત્યારે માતાજી બોલ્યાં કે ' રાસમાં હજારો ગોપીઓ સાથે રમતાં તને મચ્છર ન કરડયા ? ' ઘરમાં માતાના ખોળામાં બાળકરૂપે રમે અને રાસમાં કિશોર થઇને ગોપી સાથે રમે ? આ લીલાને શું કહેવું ?

શ્રીકૃષ્ણ આ ગોપીનો પ્રેમ જિંદગીપર્યંત ભૂલ્યા નથી. એ ફરી વ્રજમાં ન ગયા એ ખરું, પરંતુ એમણે અરસપરસનો વિરહસંતાપ સતત ભોગવ્યો છે. પ્રભુ અને ભકત વચ્ચેનો તેવો જ સંબંધ છે. વ્રજ છોડયા પછી કંસને મારીને તરત જ ઉદ્ધવજીને ત્યાં મોકલ્યા, તેમાં એમના બે હેતુ હતા; એક ઉદ્ધવના પ્રેમનો ગર્વ ઉતારવાનો હેતુ; એ ગર્ભિત હતો; બીજો હેતુ સખ્ય, વાત્સલ્ય અને મધુર ભાવ શું છે, તેનું ભાન કરાવવાનો હતો. ગોપબાળ નંદ, યશોદા તથા ગોપીઓના આ ત્રણે ભાવ દેખીને ઉદ્ધવજી તો દિઙ્મૂઢ બની ગયા અને ગોપીઓને માટે પોતે ' વ્યભિચાર ' શબ્દ વાપર્યો, તેને બદલે તેમની ચરણરજ લેવા માટે વ્રજનાં વૃક્ષલતા થવા માટે એમને પ્રાર્થના કરી; એમનો ગર્વ ગળી ગયો અને પ્રેમનું ખરું સ્વરૂપ જોઇને પ્રેમમાં એ ડૂબી ગયા. ત્યાર પછી શ્રીકૃષ્ણે બળભદ્રને પણ દીલાસો આપવા મોકલ્યા. તે પણ ગોપીના પ્રેમથી દિઙ્મૂઢ બની ગયા. રાણીઓનું સુખ એમને અપાર હતું, બધી જ શ્રીકૃષ્ણને પ્રાણ કરતાં અધિક ગણીને પ્રેમ કરતી. પરંતુ ગોપીનો નિઃસ્વાર્થ શુદ્ધ પ્રેમ કૃષ્ણ કદી ભૂલ્યા નથી. પ્રસંગે એમને વિરહ વેદના થતી અને તે વખતે રાણીઓને સ્પષ્ટ કહેતા કે ગોપીનો પ્રેમ અપૂર્વ હતો. બંનેની અરસપરસ તેવી સ્થિતિ હતી. જીવ જો આ પ્રમાણે પોતાનું સ્વરૂપ સમજે તો પરમેશ્વર સાથે આવો આનંદ કરી શકે ! પ્રેમલક્ષણા ભકિતના અવતારો ગોપીઓ હતી, તેથી

દુનિયાને એ વસ્તુનું ભાન કરાવવા બંનેએ આખી જિંદગી વિરહ દુઃખ ભોગવીને પ્રેમનો લ્હાવો લઇને ભક્તિનો રસાસ્વાદ કરાવ્યો છે.

રાસની એવી અજબ રચના છે, અને લીલાનું એવું રહસ્ય છે કે તે બધાને ગમ્ય નથી. પ્રભુ ત્રણ કારણથી વિગ્રહ સ્વરૂપ લઈને લીલા કરે છે, એક તો પોતે સ્વતંત્ર છે તેથી. તેમને તેવી ઇચ્છા થાય છે તેથી 'આત્મારામ છતાં રમ્યા એમ એમને માટે કહેવાય છે. બીજું, ભક્તો એ લીલાના ભોગી છે, તેમના અનુગ્રહ માટે; ને ત્રીજું, પામરોને પણ આકર્ષણ કરવા માટે (રાસ પંચાધ્યાયીના છેવટના અધ્યાયના ૩૬મા શ્લોકમાં ખુલાસો છે). લીલા અને ખાસ કરીને રાસલીલાની મજા એવી છે કે શ્રીકૃષ્ણ પાસે રિદ્ધિસિદ્ધિઓ હાજર રહે છે પરંતુ જરૂર પડે જ તેઓ તેમની સાથે પરભાર્યું કામ કરે છે. રાસલીલામાં બધી વ્યવસ્થા યોગમાયાએ કરી છે. પોતે અસંખ્ય સ્વરૂપ લીધાં તે બદલનું એમને પોતાને ભાન નહોતું તેમ ગોપીઓને પણ નહોતું! એવું ભાન રહે તો પછી રાસ કેવો ને લીલા કેવી? દરેક ગોપી પોતાના એક જ કૃષ્ણ માને છે તેમ શ્રીકૃષ્ણ પોતે પણ એક જ છે એમ માને! ઐશ્વર્યપૂર્ણ છતાં પોતે એ હકીકતને તદ્દન ભૂલીને જ લીલા કરી છે, એટલે કે જીવ સાથે શિવે પૂર્ણ સંબંધ કર્યો છે. કેવો તદ્દન નિઃસ્વાર્થ નિર્દોષ સંબંધ! વ્રજમાં એમણે કદી શસ્ત્ર ધર્યું નથી. મથુરામાં જઇને કંસના અખાડામાં જતાં કુવલયાપીડને મારવા તેનો જ દાંત લીધો, ને તે શસ્ત્ર સાથે અખાડામાં ગયા. મથુરામાં ક્ષાત્ર અભિમાન તથા ઐશ્વર્ય, દ્વારકામાં રાજવૈભવનું ઐશ્વર્ય, વૈકુંઠમાં પણ ઐશ્વર્ય, ગોલોકમાં સ્થૂળમાં નહિ પણ લીલારૂપે માન નાટક થાય તેમાંયે ઐશ્વર્યનું ભાન ખરું; પરંતુ વ્રજ જેવો કેવળ પ્રેમભાવ કોઈ ઠેકાણે નહિ!

પ્રાકૃત શૃંગારની ભાષામાં રાસલીલા ગવાયેલી હોવાથી મોટા વિદ્વાનો તેમાં ગૂંચવાય છે, તો પછી સામાન્ય માનવીઓને એના વિશે ગેરસમજ થાય એ સહજ છે. એમાં મોટો આક્ષેપ 'પરકીયા' પરત્વેનો છે, પરંતુ જો એટલું સમજવામાં આવે કે ગોપીઓ પરકીયા ન હતી, પરંતુ સ્વકીયા હતી છતાં માત્ર ગોલોક કરતાં પણ અધિક પ્રેમ અને રસના આસ્વાદ માટે આ પ્રસંગમાં પરકીયાનો 'ભાવ' બતાવ્યો છે, તો એ આક્ષેપમાં તથ્ય ન રહે. જેવી રીતે એક ગૃહસ્થ પોતાની સ્ત્રી સાથેના વિનોદમાં અનેક રીતે પોશાક વગેરેના ફેરફારના ભાવ કરીને આનંદ લઈ શકે છે તેવી આ લીલા પણ છે. આ પ્રવૃત્તિમાં પ્રાકૃત કામનું સ્વપ્ન પણ હોય, તો પછી ધર્મનો નાશ જ થાય. **શ્રીકૃષ્ણ** તથા ગોપીઓ બને સ્વકીયાપણું ભૂલીને પરકીયાનો આનંદ લે છે એ **યોગમાયાની** જ વ્યવસ્થા છે. તેમાં દિવ્ય આનંદ જ માત્ર છે. જીવશિવનો એ પ્રેમસંબંધ બતાવે છે. ગોપીઓ શી વસ્તુ છે તે આગળ કહેવાઇ ગયું છે ને વળી કહેવામાં આવશે. ગોપીઓમાં નિત્યસિદ્ધા અને સાધકસિદ્ધા એમ બે પ્રકાર હતા. નિત્યસિદ્ધા તે નિત્ય પરિકર છે, અને સાધકસિદ્ધા પૈકી પણ ઘણી, બઢતી(પ્રોમોશન) લઇને પરિકરમાં દાખલ થઈ. આ બધી ગોપીઓ **શ્રીકૃષ્ણની** શક્તિરૂપ **રાધાજીનાં** અંગો છે; એટલે કે વાસ્તવમાં **શ્રીકૃષ્ણની** સ્ત્રીઓ છે, ને તે પણ જાણે કે એ ખુદ પોતે જ છે, પરંતુ લીલાનો આસ્વાદ પોતાને લેવો છે, તેમ ભકતને પણ આપવો છે અને તે પામરોને શૃંગારના નિમિત્તથી આકર્ષવા છે; તેથી પોતાની સ્વકીય સ્ત્રીને પરકીયાનું રૂપ આપીને પ્રેમ તથા લીલાનો રંગ વધાર્યો છે. ગોલોક કરતાં **વૃંદાવન** લીલામાં આ તત્ત્વ વિશેષ હોવાથી, તે વધારે ઊંચી કોટિની અને શ્રેષ્ઠ છે. આ હેતુ સાધવા માટે **ગર્ગાચાર્યે નંદ યશોદાને** કહી મૂકયું હતું કે આ બાળકનો વિવાહ ન કરશો,

કરશો તો પરિણામ ઠીક નહિ આવે. **શ્રીકૃષ્ણને** તો કન્યાની ખોટ જ ન હતી. કોઈ પુરાણમાં ગોપીઓનાં **શ્રીકૃષ્ણ** સાથે ગાંધર્વ લગ્ન થયાં હતાં એમ પણ કહે છે. વળી **રાધાજીને** દેખીને યશોદાજી હંમેશ કહે કે મારા લાલને આ કન્યા જોઈએ; પરંતુ **ગર્ગાચાર્ય**ના ભવિષ્યથી એ ડરતાં હતાં. હવે **યોગમાયાએ** એવી યોજના કરી કે તમામ ગોપીઓ—નાની મોટીના—વિવાહ કરાવી દીધા. તેમાં ખૂબી એવી કરી કે તમામ ગોપીઓને ખબર નથી કે અમારાં લગ્ન થયાં છે. માયાવી કન્યાઓ બનાવી એમનાં લગ્ન કરાવ્યાં. જ્યારે સાસરેથી તેડાં આવ્યાં, ત્યારે ગોપીઓ ગભરાઈ. તે કહે કે "અમે તો **શ્રીકૃષ્ણનાં** છીએ. અમારે બીજો પતિ કોણ?" આથી આપઘાત કરવા એ **યમુનાજી** પાસે ગઈ. ત્યાં પછી **યોગમાયાએ** કહ્યું કે "એ તો લીલા છે. તમો તો **શ્રીકૃષ્ણની** જ છો, તમે સાસરે જશો, પણ તમારા ધણી તમારી સાથે વ્યવહાર નહિ કરે, તમને અલગ વસવાટ મળશે." આ સિદ્ધગોપીની વાત. હવે સાધક હતી તેમની કાંઈક સંસારમાં વાસના હોવાથી તેમનો વ્યવહાર થયો છે. ઘણા પંડિતો ક્લિષ્ટ અર્થ કરીને સાબીત કરે છે કે શ્રીમદ્‌ભાગવતમાં 'બાળક' કહ્યાં છે તે પોતાનાં નહિ પણ નણંદ વગેરેનાં; પણ એ ઠીક નથી. કેટલાંકને બાળક હતાં, પરંતુ રાસ વખતે તેમના ઉત્કટ આવેશથી સિદ્ધ દશા પ્રાપ્ત કરીને એમણે સંસારને છોડયો; એટલે કે સંસાર દેખવામાં ખરો, પણ બધું **શ્રીકૃષ્ણાર્પણ** હતું. સિદ્ધગોપીની સામું તો તેમના પતિઓ પણ જોઈ શકયા નથી. **રાધાજીનો** પતિ **અભિમન્યુ**—આયન—નપુંસક હતો. તેણે શરમથી **રાધાજી** તરફ દૃષ્ટિ પણ કરી નથી; માત્ર સાધક ગોપીઓનો સંસાર હતો. સંસાર છતાં પણ પ્રભુ તરફ જીવ કેવું લક્ષ રાખી શકે છે એ બતાવવા માટે આ પરકીયાભાવ રાસમાં આપેલો છે. સ્વકીયા હોત તો પછી પતિને મૂકીને વરવાનો ભાવ એમાં શી રીતે

બતાવી શકાત ? મતલબ કે પરકીયાપણું રાસમાં છે જ નહિ; કેવળ પ્રભુ તરફ જીવે કેવો અવિચ્છિન્ન અને સતત પ્રેમ રાખવો જોઇએ તે બતાવવા માટે રાસની યોજના છે.

જ્યારે ખાનગી ગૃહસ્થો નાટક કરે છે જેને અંગ્રેજીમાં Amateur કહે છે ત્યારે એકલાં ઘરનાં કુટુંબનાં માણસોથી એ કાર્ય બની શકતું નથી. એમાં વિરોધ આવે અને પરકીય કુટુમ્બને પણ તેમાં ભેળવવાં જ પડે; તે ધોરણોની લીલા–નાટક–ભજવવા માટે યોગમાયાએ બધું જ પરકીય કર્યું હતું; અને આ પરકીયા ભાવથી જ વૃંદાવનલીલા શ્રેષ્ઠ કહેવાયેલી છે. જન્મ સ્થાન, પરકીયા ભાવ માટે, બદલીને મથુરાં રાખ્યું. માબાપ પણ તે ભાવ માટે બદલ્યાં, જાત બદલી, ધંધો બદલ્યો, આચરણ બદલ્યું, આપ્ત, સંબંધી અને મિત્ર બદલ્યા. બળદેવજી સગા ભાઈ છતાં જાણે પારકા હોય તેવા કરીને તેમને ય બદલ્યા. આ પ્રમાણે પરકીયતા જ શ્રેષ્ઠ છે, કેમકે તેથી જ લીલા ઉત્તમ થઇ શકે અને તેમાં કોઈ જાતનો સંકોચ ન રહે. પોતે સ્વયં પણ અનેક થઇને પરકીય થઇ ગયા. ભક્તોના ભાવ પ્રમાણે થવું જ જોઇએ. એ તો ચોતરફ કૃષ્ણ જ દેખે ! ને તેથી જ પોતાના પ્રિય પરિકરને આત્મસ્વરૂપ આપીને પોતે પણ પારકા થઇને ખેલ કર્યાં જીવ માયામાં હોય ત્યાં સુધી બદ્ધ છે અને સિદ્ધ દશામાં પ્રભુનો પ્રત્યક્ષ અંશ છે, એટલે પારકાપણું બીલકુલ નહિ હોવા છતાં કેવળ લીલા–આનંદ–માટે આ રીતે પરકીયતાનો આશ્રય લીધો છે. પારકાં કરી, વેણુથી બોલાવીને પછી સ્વકીય કર્યાં. ઇશ્વરની માયાની ઘટના જ એવી છે કે માયામાં ભૂલાવી, તેમનું સ્વરૂપ ભૂલાવી ને પછી આકર્ષણ કરીને એ પોતાની પાસે લઇ લ છે. આનું જ નામ લીલા–રાસ. જીવ સાથેનો પ્રભુનો અચિંત્ય આનંદ તે જ રાસ. માયામાં પ્રભુ સ્વરૂપ ભૂલાવે છે ને પછી તેમના

અનુગ્રહ માટે પોતે નીચે આવી અવતાર લઇને સ્વકીય છતાં પરકીયનો ભાવ કરીને અંતે તેઓ એને સ્વકીય કરે છે. આ જ તેની ક્રીડા અને લીલા !

જેવી રીતે શરૂઆતમાં જ આ પ્રસંગમાં કામદેવને જીતવાનો ઉદ્દેશ હતો એમ બતાવ્યું છે તેમ અંતમાં પણ તે જ સંકલ્પ બતાવ્યો છે. છેવટના શ્લોકમાં પંચાધ્યાયી સાંભળવાનું ફળ કહ્યું છે તેમાં 'કામરૂપી હૃદ્રોગમાંથી રક્ષણ થાય છે, અને ભગવાનમાં ભક્તિ થાય છે' એમ કહેલું છે. માત્ર 'શ્રદ્ધા'થી તથા 'ધૈર્ય'થી સાંભળવાનું કહ્યું છે, કારણ કે બહારનું આવરણ બીજું જ હોય છે. જ્ઞાની મોક્ષ માગે, યોગી સાક્ષાત્કાર માગે, પરંતુ ભક્ત તો સદાનો નિત્ય આનંદ જ માગે !

અસંખ્ય ગોપીઓ અને અસંખ્ય કૃષ્ણ, એ તે શું પ્રેમી ભક્તોનાં સૂક્ષ્મ શરીરો દેહ ત્યાગ પછી, રાસના કૃષ્ણ-ગોપી રૂપે આ રાસના રસને પીવા આવ્યા હોય અને પછી અનંતનો સતત રાસ ખેલતાં હોય ! અથવા શું નજીકના પ્રદેશમાં ચંદ્ર અને તારાઓનો ફેરફુદડીનો music of the spheres કહે છે તે રાસ હશે ? અથવા શું પાશ્ચાત્ય 'ઇથર' પરમાણુઓને વળગીને, પરમાણુઓને નચાવી તે સાથે પોતે અનંત કાળથી નાચ્યા જ કરે છે ને નાચશે ?

આ ધોરણે, કલ્પનાનો પાર નથી.

આ પ્રમાણે રાસનો સહજ પૂર્વરંગ છે. રાસ માટે એટલી ટીકાઓ થઇ છે, એટલા ખુલાસા થયા છે, એટલાં પુસ્તકો છે કે તેને માટે એક અક્ષર પણ કહેવાનો બાકી રહ્યો નથી; પરંતુ આપણો તો ભૌતિકવાદીને આ અતિ રહસ્યયુક્ત વાત સમજાવવાનો પરિશ્રમ છે. શાસ્ત્રની સ્પષ્ટ આજ્ઞા છે કે અનધિકારીને કાંઈ ન કહેવું. પરંતુ જમાનાને માન આપીને સ્મૃતિઓ પણ ભિન્ન ભિન્ન કહે છે તો પછી આપણે થોડી છુટ લઇએ તો શું ?

જડવાદને રાસની વાત કરવી એ મીયાં મહાદેવનો મેળ કરાવવા જેવું છે, પરંતુ હાલના સ્વરાજ્યના વાવટા નીચે અથાગ ઉત્સાહમાં એ બન્ને ભેગા રહી શકે છે, તો સ્વધર્મના વાવટા નીચે આ બે તત્ત્વોને ભેગાં કરવાનો પ્રયત્ન કરીએ તો તેમાં કશું અયુક્તિક નથી. જેનામાં કાંઈ રસ નથી તેવાને રસ આપવા એ કેટલું સાહસ છે! પ્રેમનું જ્યાં નામ જ ન મળે અને કેવળ કામ હોય, ત્યાં પ્રેમની ભાવના કેમ કરાવવી? પાર્થિવ કામવાસનાથી પૂર્ણ હોય તેવા મનુષ્યને પ્રેમની ઝાંખી કેમ કરાવી શકાય? છતાં ચેતનવાદીના ચિન્મય રાસને જડવાદીની ભૂમિ ઉપર કાંઇક સમય માટે લઈ ગયા વિના છુટકો જ નથી, માટે તેમને પણ છોડી દઈશું નહિ.

રાસલીલા

હવે રાસનું કાંઈ વિશેષ વિસ્તારથી નિરીક્ષણ કરીએ.

ભગવાનની લીલા ત્રણ પ્રકારની છે.

(૧) નિર્ગુણ એટલે કે અપ્રાકૃત ગુણે, નિત્ય ચિન્મય અપ્રાકૃત ધામે, થતી 'નિત્ય લીલા.'

(૨) પ્રત્યેક જીવના હૃદય–અંતરમાં થતી 'આધ્યાત્મિક લીલા.'

(૩) અપ્રાકૃત છતાં પ્રાકૃત માફક પ્રતીત થતી પાર્થિવ લીલા.

મથુરાં વૃંદાવન તથા દ્વારકાંમાં લીલા કરી, તેમાં પણ વૃંદાવનની લીલા મુખ્ય, ને તેમાં પણ રાસ મુખ્ય છે, કેમકે તે નિત્ય છે.

સનાતન ગોસ્વામી કહે છે કે **रासः परमरसकदम्बमय इति योगिकार्थः।** એટલે કે રાસનો 'યોગિક' અર્થ પરમ રસમયી લીલા. **વિશ્વનાથ ચક્રવર્તી** કહે છે કે **नृत्यं गीत[illegible]-[illegible] रसानां समूहो रासस्तन्मयी क्रीडा।**

વાસ્તવમાં તત્ત્વ અને રસાસ્વાદન સાથે ન હોય. પ્રથમ તત્ત્વનો નિશ્ચય કરવો, તે પછી લીલા રસનો. શ્રીકૃષ્ણલીલા એ તત્ત્વનો વિષય

નથી પરંતુ ભાવિકનો આસ્વાદનીય વિષય છે, ભોજનનો પદાર્થ હોય તે વખત કોણે રસોઇ કરી, અનાજ પાણી ક્યાંનું વગેરે વાતોથી સ્વાદ ન આવે. એ બધું પ્રથમ જાણવું એ ઠીક, પરંતુ ભોજન વખતે તો સ્વાદ જ લેવાનું ઠીક લાગે. દરદીને મટવાથી કામ: વૈદ કોણ, દવા શી વગેરેની શી પંચાત? આ ધોરણે જ **વ્યાસ** ભગવાને શ્રીમદ્ ભાગવતના નવ સ્કંધોમાં ભગવત્તત્ત્વ, જીવતત્ત્વ, અવતારતત્ત્વ વગેરે જ્ઞાનના વિષય કહીને છેવટ 'ભાવ' રૂપી ઔષધરૂપ લીલાનો સ્વાદ ચખાડયો છે,**रस**નું તદ્ધિત **रास** થયો. **रस** સંબંધી તે **रास**, અથવા **रस** માત્રનો સમૂહ તે **रास**. **रस्यते आस्वाद्यते असौ रसः ।** એટલે કે જેનો આસ્વાદ થઇ શકે તે **रस**.

અલંકાર શાસ્ત્રમાં નવ રસ છે. દરેક રસમાં સ્થાયી ભાવ છે, જેમકે કરૂણ રસનો સ્થાયી ભાવ શોકમાં છે. આ પ્રમાણે શૃંગારનો સ્થાયી ભાવ રતિ'માં છે. રસ માત્રનો હેતુ આનંદ છે. જેમાં જેને આનંદ મળે તે રસ તેને પ્રિય લાગે. કીટપશુ બધાંનો હેતુ પણ આનંદ હોય છે. શ્રુતિ પ્રમાણે જીવની ઉત્પત્તિ અને લય આનંદમાંથી છે; એટલે કે જીવનો આસ્વાદ્ય પદાર્થ આનંદ; આસ્વાદ્ય વસ્તુ તે જ **रस**. આ **रस**માં જ જગત્ રાચી રહ્યું છે. તેમાં રહસ્ય એટલુંજ છે કે પાર્થિવ રસ અનિત્ય, તથા અંતે દુઃખદાયી છે અને સાચા દિવ્ય **रस**નો 'આભાસ', તે સાચો આનંદ 'બ્રહ્માનંદ'. પરમાત્માની લીલા તે જ રાસલીલા. શુદ્ધ જીવોના આનંદ માટે **શ્રીકૃષ્ણે** વ્રજમાં એ રાસ પ્રગટ કર્યો.

હવે રાસ મંડલાકાર બનાવ્યો છે તેમાં પણ રહસ્ય છે; એમાં અનંતતાનો ધ્વનિ છે. કુંડાળાનો આદિ કે અંત નથી. પૃથ્વી, આકાશ બધું અનંતતાદર્શક ગોળ હોય છે. સૂર્ય, ચંદ્ર, તારા, નક્ષત્ર બધું ગોળ દેખાય છે. ગમે તેવી આકૃતિવાળી ચીજ દૂર ગઇ કે ગોળ સ્વરૂપ બને છે. આ ધોરણે મંડલાકાર રાસલીલા પણ અનંતતાદર્શક છે. ગોપીઓની અસંખ્યતામાં અનંતતા છે. 'પંચદશી'માં **इयमात्मा परानंदः परप्रेमा परस्त्वतः ।** એટલે કે આત્મા જ પ્રેમસ્વરૂપ અને

આનંદમય હોવાથી તેને પ્રેમની અપેક્ષા રહે છે. જીવનો પ્રેમ તે પરમાત્માનો આનંદ, પરમાત્માને તે જ પ્રમાણે નિજ આનંદ પોતાની હ્લાદિની શક્તિ જ પ્રેમરૂપ છે. આ પ્રમાણે **રાધા** અને **કૃષ્ણ**, શક્તિ અને શક્તિમાન માફક એક પણ ખરાં; અને લીલા માટે જૂદાં પણ ખરાં! ગોપીઓ તો **રાધાનું** જ સ્વરૂપ છે, તેની કાયવ્યૂહો છે. આ શકિતશકિતમાનનો પ્રેમનો આનંદ તે જ રાસ. જેટલા ભકત જીવો, તેટલા જ ભગવાન થવા જોઈએ. ભકતની ભાવના પ્રમાણે ભગવાને કરવું જ પડે, ને તેથી જ અસંખ્ય કૃષ્ણ થયા! ચોતરફ ભકત જ્યાં જૂએ ત્યાં એને **શ્રીકૃષ્ણ** દેખાય! **શ્રીશંકરાચાર્યે** 'પ્રબોધસુધાકર' માં ગોપીઓનો ભાવ તથા **શ્રીકૃષ્ણની** શકિત તે જ પ્રમાણ સમજાવી છે.

રાસમાં જે ભ્રમરગીત કહ્યું છે તેમાં રહસ્ય છે. પ્રણવ મંત્રથી મનુષ્ય જ્યારે એકાંતમાં ભગવાનના ધ્યાનમાં મગ્ન થાય, ત્યારે જીવાત્માને પરમાત્માનું આલિંગન થવાથી નાભિમાંથી તેને જે ધ્વનિ થાય છે તે જ આધ્યાત્મિક **રાસ**; એટલે કે **રાસ**ની ઉત્પત્તિ પ્રણવધ્વનિમાં અને તેનો લય ભ્રમરધ્વનિમાં છે. ધ્યાની યોગીઓનો આ પ્રત્યક્ષ અનુભવ છે.

'વાસ્તવમાં **રાસલીલા** એ બાળચરિત્રનો ભાગ જ છે. જડવાદ માટે બાળકની ચેષ્ટાઓ અર્થ વગરની હોય છે તો પછી આ મોટી ધામધૂમ, વાદવિવાદ, રહસ્ય માટે શોધખોળની પ્રવૃત્તિ શા માટે જોઇએ? પરંતુ આ બાળચેષ્ટાઓ તો **શ્રીકૃષ્ણની**, એટલે કે બ્રહ્મજ્ઞાનીની છે અને તે વળી પાછું સ્થૂળવાદીને સમજાવવાનો અહીં આશય હોવાથી, તે આશય સાચવવા ખાતર અનિર્વચનીય, અવર્ણનીય બ્રહ્મજ્ઞાનને વાણીગોચર કરવા માટે આપણે પણ વાગ્વિલાસ અને વાક્લીલા કરીશું.'

રાસલીલા શબ્દમાં જ કેટલી મીઠાશ છે? એ શબ્દમાં જ તેનો સઘળો અર્થ છે, **રસ**ની **લીલા** કહી પછી તેમાં શી મણા હોય? **લીલા** શબ્દમાં જ સર્વ કંઈ સમાય છે. **લીલા**ની મૂળ

વસ્તુ એટલે કે **બ્રહ્મને** ઓળખ્યા, એટલે પછી **લીલાની માયા** અદૃશ્ય થઇને જેમ છાયા ઉપરથી વસ્તુ મળે, તેમ તેમાંથી પુરુષ પુરુષનું દર્શન કરી શકશે.

રાસલીલાનું વિશેષ વિવેચન કરવાની ખાસ જરૂર એટલા માટે છે, કે એ વિશે ગેરસમજ થઇ છે એટલી હિંદુધર્મમાં અને ખાસ **શ્રીકૃષ્ણ** ચરિત્રમાં બીજે કોઇ પ્રસંગે થઇ નથી. શરૂઆતમ બારમા શ્લોકમાં ખુદ **પરીક્ષિતને** જ શંકા થઇ હતી, પરંતુ એનું શુદ્ધ મન હોવાથી એણે સમાધાન તરત સ્વીકાર્યું. પણ દિલગીરી એટલી જ છે કે આધુનિક શંકાવાળાનાં પ્રથમ તો મન શુદ્ધ નથી હોતાં, એટલે કે એમની જીજ્ઞાસા શુદ્ધ નથી. સાચું દિલ હોય તો ખરી સમજ થવા માટે કાંઇક પ્રથમની તૈયારી જોઇયે, તે વગર સમજવાની માગણી અયોગ્ય હોય. પ્રીવીયસ અને ઇન્ટર કર્યા વગર એકદમ બી. એ. ના ક્લાસમાં કેવી રીતે બેસી શકાય ? અને કદી બેઠા, તો તેથી શું વળે ? માટે તન, મન અને ધનમાંથી, માત્ર મનને કંઇક ખેડીને લાયક કરવામાં આવે અને બીજી તૈયારી ન હોય તો અધિકાર વગરના જેમ ફરાસ, સીપાઇ, ન્યાયાધીશની ગેરહાજરીમાં તેમની ખુરશી ઉપર બેસે, તેવું આ અનધિકારી જીજ્ઞાસા પરત્વે કહી શકાય છે.

હવે રાસલીલાનો પ્રથમ હેતુ તપાસીએ. હેતુ વગર કોઇ પણ પ્રાણી કાંઈ કાર્ય કરતું નથી. તેમાં પણ વિદ્વાન તો ન જ કરે, તો પછી પ્રભુ મનાએલા **શ્રીકૃષ્ણ** તો કરે જ કેમ ? રાસનો મુખ્ય હેતુ એ છે કે પ્રાણી માત્ર આ સંસારના રગડામાં રગડાય છે, તથા ત્રિવિધ તાપમાં બફાય છે તેના રક્ષણાર્થે એની યોજના છે. ષટ્શત્રુમાંથી પ્રથમનો જ કામ, તેનો તાપ અસહ્ય છે. તેનો અધિષ્ઠાતા દેવ તે **કામદેવ**. તે **કામદેવના** પરાજય માટે રાસ છે. ઠેઠ **બ્રહ્મા, વિષ્ણુ, મહેશ;** ઋષિ, મુનિ, દેવ, દાનવ, ગંધર્વ, રાજા, રંક એમ બધા કામને જ વશ થાય છે. **કામદેવે** આમ

દિગ્વિજય કર્યો તેથી એને જરા અહંકાર થઇ ગયો. હવે પ્રભુનો સંકલ્પ છે કે જેને અહંકાર થયો તેનો ગર્વ તે કૃપા કરીને ઉતારે છે. તેથી શ્રીકૃષ્ણે સંકલ્પ કર્યો કે, આ કામદેવનો મદ મારે હવે ઉતારવો. સાધારણ નિયમ એવો છે કે કાંઇ કાર્ય કરવું હોય તો તેને માટે સામગ્રી પણ તેવી જ જોઇએ. તોપ સામે તોપ, બંદૂક સામે બંદૂક અને તલવાર સામે તલવાર જોઇએ. આ હેતુથી **કામદેવ** જેવી સામગ્રી રચીને શરદ્‌પુનમની રાતથીજ એમણે કાર્યની શરૂઆત કરી. **કામદેવને** જીતવા પોતે જ **કામદેવ** રૂપ થયા. **વ્યાસમુનિ શ્રીકૃષ્ણને** **मन्मथमन्मथः** કહે છે. એમાં કેટલો મર્મ છે? **કામદેવનો** પણ **કામદેવ! મન્મથને મથી નાખનાર** એટલે કે તેને પણ કામથી મોહિત કરનાર, **કામને** જ '**કામ**' ઉત્પન્ન કરનાર, **કામના** પણ **કામ**, અને તે જ **શ્રીકૃષ્ણ !**

વળી બીજો ભાવાર્થ એ છે કે ચોરને પકડવા ચોર જ કામ લાગે–set a thief to catch a thief. ગુનો પકડનાર ડિટેક્ટીવ જાત જાતના વેશ લે છે, અને ચોરોની સાથે પણ રહે છે. કેદી પકડનાર પોતે પણ એક રીતે કેદી થાય છે. આ પ્રમાણે ગોપીઓની વિષયવાસના પ્રાકૃત સ્વરૂપે દેખાડી તેની અંદર શામીલ થઇ, તેનો અનુભવ કરાવીને પછી એ બધું છોડાવીને તેમને અદ્વૈતપણું સમજાવ્યું.

આ પ્રમાણે પોતે કામરૂપ થઇ, તેને અંગે સર્વ સામગ્રી કરી. ગોપીઓને ઘેર જવા બોધ કર્યો, પણ તેઓ બોલી કે "ત્રિવિધતાપથી બળીને અમે ભસ્મ થયાં છીએ, માટે હવે બ્રહ્મના સુખનાં અભિલાષી છીએ" ત્યારે તેમનો સ્વીકાર કરીને એ રાસ ખેલવા માંડયા. એમાં ખુબી એ છે કે પ્રાકૃત રાસલીલાથી કામ વધવો જોઇએ તેને બદલે જુઓ કે આ, દિવ્ય રાસલીલામાં ગોપીઓનો કામ શાંત પડવા માંડયો. **શ્રીકૃષ્ણ કામદેવને** પછી જાણે કહેતા હોય કે " આવી જા, તારું સામર્થ્ય બતાવ, જો, મારા ઉપર

અગર મારા ભક્તજન ગોપીઓ ઉપર તારી કંઈ અસર છે ? અસરનો આભાસ પણ છે ? ”

વળી બીજું રહસ્ય એ છે કે વિષયવાસનામાં દુઃખ છે તે તેમાં બતાવ્યું છે; સ્ત્રીઓનો એટલે કે પામર સ્ત્રીઓનો ચંચળ સ્વભાવ પણ બતાવ્યો છે; કોઈ પણ વસ્તુનું ખરું રૂપ જોયા સિવાય તેમાંથી આસક્તિ છૂટતી નથી, એ પણ બતાવ્યું છે; વિષય વાસનાના દોષ જોવાથી જ વાસના છૂટે છે, એ નીતિ બતાવવાને વિષયવાસનાના પણ એમણે બતાવ્યા છે; અને તેમની વચ્ચે રહીને પણ અલિપ્ત કેવું રહેવાય છે, એ બતાવ્યું છે. જેને જે જોઈએ તે આ રાસમાં છે. ૭ ૭ મહિના સુધી રાત દિવસ હજારો અપ્સરાઓ જેવી સુંદરીઓ ભેગા રમ્યા, છતાં શ્રીકૃષ્ણને તેની કાંઇ અસર છે ? જળકમળ જેવું વર્તન એમણે પ્રત્યક્ષ કરી બતાવ્યું છે.

આ બધી કલ્પના નથી, શ્રીમદ્‌ભાગવતની રાસ પંચાધ્યાયી એ વિશે બહુ જ સ્પષ્ટ છે. શરૂમાં અને અંતમાં કામદેવને જીતવાનો જ સંકલ્પ તેમાં દર્શાવેલો છે. તેના શબ્દે શબ્દે બ્રહ્મજ્ઞાન છે; દરેક શ્લોકમાં ભક્તિ અને જ્ઞાન બંનેના અર્થ સ્પષ્ટ છે. તેમાંથી રુચિ પ્રમાણે જીજ્ઞાસુ ગ્રહણ કરી શકે છે. **શ્રીધરસ્વામી**ની ટીકા ઉપરાંત **ગૌડેશ્વર** ગોસ્વામી વગેરેની ટીકાઓમાં તો વળી બીજાયે ઘણા ખુલાસા છે. મનુષ્યના મુખ્ય શત્રુ બે કામ અને ક્રોધ. તેમાં પણ જો પ્રથમનો કીલ્લો જીતાયો, તો પછી બાકીના પાંચે કીલ્લા સપાટાબંધ તુટવાના, ને કામના આખા * કુટુંબનો નાશ થવાનો. તેથી જ શ્રીકૃષ્ણે કામને પકડીને હરાવ્યો. સ્થૂળવાદીના સમાધાન માટે ખુલાસાનો આ પ્રયાસ ખરો, પણ તે એવો જીજ્ઞાસુ વિદ્વાન હોવો જોઈએ; કેવળ શઠ માટે કશું કહેવાનું નથી. રાસપંચાધ્યાયી શુકદેવે સંભળાવ્યા પછી છેવટ **પરીક્ષિત** રાજાએ તેમને પ્રશ્ન

---

* બાકીના પાંચ ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ 'કામ'નું જ કુટુંબ સમજવું.

કર્યો છે, તેવા એના પ્રશ્ન અને તેવી એની શંકાઓ જોઇએ. મતલબ કે માનપુરઃસર તથા વિવેકથી એ પૃચ્છા થવી જોઇએ. **પરીક્ષિતે** પ્રશ્ન કર્યો તેમાં કાંઈ પોતાને શંકા ન હતી, પરંતુ બીજા શ્રોતાઓમાંથી કોઇને શંકા ન રહે તે માટે ખુલાસો માગ્યો. **શુકદેવજીએ** ટૂંકામાં જ આટોપ્યું કે આટલાં આટલાં પરાક્રમ **શ્રીકૃષ્ણે** કર્યાં તેમાં આ પ્રસંગમાં શા માટે શંકા? દરેકના ખુલાસા છે, પરંતુ તે માટેનો અધિકાર ન હોય તો પછી બહેતર છે કે મોટાનું વચન પાળવું, તેમના વર્તન સામું જોવું નહિ; એમ કહેવાય છે કે **બ્રહ્માએ** દૃષ્ટિ બગાડી; પણ તરત આત્મઘાત કર્યો; **વશિષ્ટ બ્રહ્મા**ની મૂછ હોવા છતાં તેમને વેશ્યાપુત્ર થવું પડયું હતું; **દુર્વાસાએ** કૃત્યાનો તમાશો કરાવ્યો; **યુધિષ્ઠિર** જુગાર રમ્યા ને કુટુંબને પાયમાલ કર્યું, **નળરાજા** પણ ખરાબખસ્ત થયા, એ બધામાં મર્મ શો છે? દુનિયાને બતાવવાનો, કે નઠારાં કામની શિક્ષા ગમે તેને થાય છે, બાકી શું તેઓ અજ્ઞાની હતા? છતાં માયા કોઈને છોડતી નથી, એ જ એ બધાનો સાર છે. વળી એમ પણ કહ્યું છે કે દરેક ગોપી પોતાના ઘરમાં જ દેખાતી હતી; એ વિશે શું કહી શકાશે? **શ્રીકૃષ્ણ** તો કામધેનુ તથા કલ્પવૃક્ષ છે. તેમને કંઇ લાગતું જ નથી; એ તો જેની તેની ઇચ્છા પૂર્ણ કરે છે; પણ તે કાંઇ **શ્રીકૃષ્ણ**માં ભરી મૂકી નથી. તે પોતે ‘ અકામ ’ છે. આ અદ્ભૂત અલંકાર તથા શૃંગારરસનો પ્રવાહ તરત જ **શુકદેવજીએ** બંધ કર્યો. એ પ્રવાહ પાછો **ગૌરાંગ** પ્રભુ બંગાળમાં પ્રકટયા ને એમણે આગળ ચલાવ્યો, એમ પણ મનાય છે.

પાશ્ચાત્ય અનુકરણમાં કમનસીબે ઘણે ભાગે વાનર ચેષ્ટા અગર પોપટના “ સીતારામ ” જેવું જ હોય છે. ‘નીતિ’ ને પરમેશ્વર તરીકે પૂજનાર અસંસ્કારી આર્યો, પોતાની દૃષ્ટિમર્યાદામાં સમાય તેવા નીતિના કાયદા પરમેશ્વરને પણ લાગુ કરવાનું સાહસ કરીને પછી મિથ્યા પ્રલાપ કરે છે. પરંતુ તેઓ એક મુદ્દો ભૂલે

છે, કે મનુષ્યોના નીતિ સંબંધના બાંધેલા નિયમ સર્વમાન્ય હોતા નથી, તેમ સર્વને એક સહ લાગુ પણ હોતા નથી. બીજા દેશની વાત પડતી મૂકીને આર્યાવર્તનું જ નિરીક્ષણ કરતાં દેખાશે કે શ્રુતિકાળ, સ્મૃતિકાળ તથા પુરાણકાળ અને આધુનિક કાળ, એ બધા કાળોમાં વિવાહનાં બંધન તથા શૈથિલ્ય જુઓ; દેવ, ઋષિ વગેરેનાં દષ્ટાંત જુઓ; શ્રીરામચંદ્રજી જેવાનાં જુઓ; શ્રીકૃષ્ણનાં જુઓ, તેમ બુદ્ધનાં જુઓ, આર્યનો 'નિયોગ' અને પાશ્ચાત્યોના wooing અગર courting માં શો ભેદ છે? મલયાલમના નાયરની રીત જુઓ, પુનર્વિવાહ તથા નાતરાંવાળાની રીત જુઓ; મુસલમાન, પારસી, અંગ્રેજ, હિંદુ વગેરેની રીત જુઓ; પરપુરુષનું મોં પણ દેખવા ન પામે તેવી ઓઝલ સ્ત્રીઓ જુઓ અને 'બૉલ' અગર 'ડેન્સ' માં અર્ધનગ્ન ખુલ્લી ચેષ્ટાવાળી ઉંચા કુળની સ્ત્રીઓ જુઓ; તે સાથે અમેરિકામાં કરારવાળાં લગ્ન જુઓ; જાપાનના વિચાર જુઓ, હિંદુસ્તાનમાં જ જુદી જુદી ન્યાતો જુઓ; મલબારના નંબુદ્રી બ્રાહ્મણ જુઓ; ગત મહાન વિગ્રહો પછીનાં ફ્રાન્સ, ઇંગ્લાંડ, જર્મની વગેરેના વિચાર જુઓ; ચાર્વાક મતના આધુનિક ચાર્વાકો અર્થાત બોલ્શેવિકોની રીતિ જુઓ. આર્યશાસ્ત્રમાં તો આઠ જાતના વિવાહ તથા આઠ પ્રકારના પુત્ર * કહેલા છે, તે જુઓ. આ પ્રમાણે આ સમસ્ત બાબત ધ્યાનમાં લેતાં જણાઈ આવશે કે આ બધા વિધવિધ આચાર વિચારવાળા લોકો સુશિક્ષિત વિદ્વાન અને ઉંચા કુળના છે છતાં તેમનામાં કેટલો બધો ભેદ છે. તો પછી ક્યા દેશના, ક્યા વર્ગના કે કઇ જાતિના કાયદાને માન આપીને પરમેશ્વરે વર્તવું? પરમેશ્વરને પણ શું પામર જેવો પરતંત્ર બનાવવો છે? વળી અમુક પ્રાણી, અમુક વસ્તુ અગર અમુક ભાવના અગર વિચાર ઉપર 'નીતિ' એવો

* ટીપ—સ્થળ સમયને લઇને પાછળથી સ્મૃતિકારોએ એક જ પ્રકારનું લગ્ન અને બે પ્રકારના પુત્ર કરાવ્યા છે.

સિક્કો પણ પરમેશ્વરે કર્યો નથી. સ્થળ સમયને લઇને માણસોએ જ એવું ઠરાવ્યું છે. વિલાયતમાં વ્યભિચાર માટે નુકશાની અપાય, અને હિંદુ મુસલમાન માટે એ ફોજદારી ગુના ગણાય; તો પછી ક્યા વિચારના માણસની કલ્પના પ્રમાણે પરમેશ્વરે વર્તવું ? પ્રાણીઓનાં, ને તેમાં ખાસ માણસ જાતનાં દુઃખ કમી કરવા માટે કેટલા પ્રયાસ થાય છે અને આત્મભોગ સુદ્ધાંત અપાય છે? પરંતુ તેનું પરિણામ શું આવે છે ? કારખાનાં કાઢવા સાથે કેટલી અનીતિ, કેટલું જુઠ, દગો, લૂંટ, ચોરી. ધાડ, તથા કેટલું સંકટ અને કેટલાં ખુનની વૃદ્ધિ થઇ છે! કેટલી આત્મહત્યા, કેટલી અમર્યાદા વધી છે! દુનિયામાંથી દુઃખ કોઇ કાઢી શક્યું નથી. મુંબઇ જેવાં શહેરોમાં સેંકડે નેવું ટકા માનવી એક યા બીજા પ્રકારે બિમાર દેખાશે, અને એંશી ટકા તો હરેક પ્રકારનો પોકાર કરતા દેખાશે. જાનમાલ સહિસલામત છે એમ કહેવા છતાં ધોળે દહાડે લૂંટ અને ખૂન થાય છે. પેરીસ, લંડન અને ચિકાગો જેવામાં વળી તવંગરને વધારે ભય રહે છે. ચિકાગોમાં દરરોજ નિદાન એક ખૂન તો ખરૂં જ. આપઘાત પણ અનેક થાય છે. ખુનખરાબી, મારફાડ, દગાફીસાદોનો દુનિયામાં પાર નથી. સૃષ્ટિ સાથે જ સુખદુઃખના, સારા નરસાનાં દ્વંદ્વ લાગુ છે; તે 'નિહિલીસ્ટ' તથા 'બોલ્શેવિક' થાઓ તો પણ કાયમ રહેવાના. એ લોકોને પણ આખર કુદરતનો કાયદો સ્વીકારવો પડયો છે. મતલબ કે આપણી સ્થૂળ દષ્ટિ અને પામર બુદ્ધિથી પરમેશ્વરને આપણા મત પ્રમાણેની નીતિના નિયમનમાં રહેવાની ફરજ પાડવાના સાહસમાં પડવું ઉચિત તથા સંભવિત નથી. ગીતામાં શ્રીકૃષ્ણે જ કહ્યું છે કે "મને મનુષ્ય જાણે છે તે જ મૂઢ છે." સાધારણ પામરો કરતાં મહાશયોનાં ચરિત્ર જ પ્રસંગોપાત પામર દષ્ટિવાળાને દેખીતાં વિરોધી તથા ભિન્ન ભાસે છે, ત્યાં પછી પરમેશ્વરની શી વાત ? પામરોની પ્રવૃત્તિ પોતાના સ્વાર્થ માટે જ હોય છે, અને મહાશયોની હરકોઈ પ્રવૃત્તિ અગર કૃતિમાં વ્યાસંગ અભિનિવેશ

નહિ હોવાથી તે સ્વાર્થ માટે નહિ પણ પરમાર્થ માટે હોય છે. તેમાં વળી પરમેશ્વર તો પરમાર્થરૂપ જ છે, એટલે તેમનાં કાર્ય માનુષિક દૃષ્ટિથી કેમ દેખાય, માનુષિક બુદ્ધિથી કેમ સમજાય ? **નેપોલિયન** જેવાની બુદ્ધિ તે વખતના સમર્થ પુરુષો કળી શકતા ન હતા, અને તેની કૃતિ પાછળથી જ સમજાતી હતી, તો પછી પ્રભુ તેનાથી કેટલો દૂર હોય ? જડબુદ્ધિ દૂર કરી, પ્રથમ કર્મ ઉપાસનાથી બાહ્ય તથા આંતરિક શુદ્ધિ કરીને પછી શ્રીકૃષ્ણનાં દર્શન કરવાની ચેષ્ટા થાય, તો કાંઇક રસ્તે પડી શકાય ખરું. જો તેમાં જરા અશ્રદ્ધા અગર અશ્લિલ વિચાર આવે, તો પાછી મનની શુદ્ધિ કરવી ઘટે. બ્રહ્માને સૃષ્ટિરચના વખતે નારાયણે **तपस्तप** કહ્યું હતું અને યક્ષ રૂપે પ્રભુએ ઇંદ્રિને કહ્યું હતું તે જ સર્વને લાગુ છે. તપ કર્યાં સિવાય અને શુદ્ધ થયા સિવાય શ્રીકૃષ્ણના ચરિત્રમાં પ્રવેશ કરવાથી કાંઇ ફળ મળી શકે નહિ. રાસક્રીડાને સ્થૂળ, સૂક્ષ્મ, લાક્ષણિક અર્થ કે જ્ઞાનદૃષ્ટિ કોઇપણ રૂપે વિચારતાં પણ એની અપૂર્વતા સત્યતાની પ્રતીતિ થયા વગર નહિ રહે.

પાશ્ચાત્ય વિદ્વાનો આ રાસને મિસરના વતનીઓનો અગ્નિનૃત્ય અગર 'પિહ્રિક' નાચ (fire dance, pyrrhic dance) કહે છે.

શ્રીમદ્ભાગવતના દશમ સ્કંધના પાંચ અધ્યાય રાસલીલાના છે. આ પંચાધ્યાયીના પ્રત્યેક શ્લોકનો પ્રત્યેક શબ્દ મનન કરવા લાયક છે. વ્યભિચારને લગતા જે પ્રશ્નો હાલ તેના સંબંધમાં થાય છે, તે તે જ વખતે પરીક્ષિત રાજાએ શરૂમાં તેમ છેવટમાં કર્યાં હતા, અને તેના ખુલાસા પણ **શુકદેવજીએ** કર્યાં છે; એક પણ ખુલાસો **વ્યાસ** ભગવાને બાકી રાખ્યો નથી. તો પણ જમાનાને માન આપીને જે બાકી જેવું લાગતું હશે તે પૂરું કરવાનો પ્રયત્ન કરીશું.

વાસ્તવમાં રાસલીલાના સમગ્ર રહસ્યનો સમાવેશ અદ્વૈતવાદના ત્રણ શબ્દ " જીવશિવનું ઐક્ય " એમાં થઈ જાય છે. આથી

કરીને આખા બ્રહ્મજ્ઞાનનું તાત્પર્ય અથવા બ્રહ્મરૂપ **શ્રીકૃષ્ણના** ચરિત્રનો સાર આ રાસલીલામાં જ આવે છે, ને તેથી રાસલીલા જ આખા ચરિત્રમાં પ્રધાન છે. રાસલીલાનું રહસ્ય આ પ્રમાણે છે, બાકી કવિઓની કલ્પના અને વિનોદને કોણ પહોંચે તેમ છે? આ રાસલીલાના સંબંધમાં ગુજરાતમાં **વલ્લભ** સંપ્રદાય સિવાયના બીજા કોઈ ભાગ્યે જ વિચાર કરે છે. વિચાર કરનારામાંથી પણ ભાગ્યે જ કોઈ ખરું રહસ્ય સમજે છે. આ વર્ગ સિવાયનો વર્ગ આ રાસલીલા તરફ દૃષ્ટિ પણ કરતો નથી; અને કદાચ દૃષ્ટિ કરે તો પણ તેમાંથી ઘણા ઉદાસીનતા રાખતા દેખાય છે: અને કેટલાક તો શ્રદ્ધા તથા સત્યના શોધની દૃષ્ટિને બદલે ગેરસમજ અગર કમસમજને લીધે તિરસ્કારની પણ દૃષ્ટિ કરે છે. ખુદ આર્યાવર્તમાં, ને તેમાં પણ સનાતન ધર્મને માનનાર, ને તેમાં પાછા ખુદ વૈષ્ણવોમાં જ આ સ્થિતિ છે ત્યાં પછી બીજાઓ માટે તો કહેવાનુ જ શું હોય? કાંઈક **વલ્લભ, નિંબાર્ક** અને ખાસ કરીને **ગૌડેશ્વર** સંપ્રદાયના વૈષ્ણવો આ વિષયનું ખરું રહસ્ય સમજ્યા દેખાય છે. બીજાઓને આ ઠેકાણે કહેવાની જરૂર છે કે સનાતનીઓમાં જે વિદ્વાન અને સંસ્કારી છે તે સ્માર્ત અગર વૈષ્ણવ હશે તો પણ રાસલીલાનું તત્ત્વ સમજી શકે છે. બાકી ડૉક્ટર **ભાંડારકર** અગર રાવબહાદુર વૈદ્ય જેવી સ્થિતિના વિદ્વાનો અનેક કલ્પનાઓ કરે તેમાંથી કશું નીપજે તેમ નથી. મહાભારતના કૃષ્ણ અને **વૃંદાવનના** કૃષ્ણ ભિન્ન સમયના હતા, અગર રાસલીલા ઇ. ચરિત્રો પાછળથી કવિઓએ કર્યાં છે વગેરે કલ્પનાઓ કુતર્ક જ કહેવા યોગ્ય છે.

આ પ્રમાણે સંજોગો હોવાથી રાસલીલાને મળ્યો છે તેટલો ગેરઇન્સાફ ભાગ્યે જ બીજા કોઇપણ કૃષ્ણચરિત્રને મળ્યો હશે. તેમાં વળી ખણખોદ કરનારાઓની વૃત્તિ નિંદ્ય તથા અપૂર્ણ શબ્દોને પકડવા ને માનવાની અને બાકીનું નહિ માનવાની હોય છે. આનું કારણ તપાસતાં, પ્રકૃતિવશાત્ તથા ઊંડા ઊતરવાની ખામી

જ દેખાય છે. સાધારણ બુદ્ધિથી વિચાર કરવો જોઇએ કે અસદ્‌વસ્તુના પાયા ઉપર રચેલી ઇમારત ટકે જ નહિ, તેમ અનીતિના પાયા ઉપર કોઇ પણ ધર્મભાવના ચાર દિવસ પણ ટકે નહિ; છતાં આ રાસલીલા ને પાંચ હજાર વર્ષથી આર્યો માનતા આવ્યા છે, તેમની સંખ્યા ગણતાં નજર પહોંચતી નથી: તે બધા જ એક સામટા મૂર્ખ છે, ને એ બધાં મૂર્ખનાં ટોળાં છે, જ્યારે એમ માનવું ભાગ્યે જ ન્યાયયુક્ત હોય. જે વિદેશી પંડીતો આ ટીકાઓના અગ્રેસર છે, તેમાંના હવે તો ઘણા ખરા આર્યોની બુદ્ધિથી અંજાઇ ગયા છે, તેમ છતાં રાસલીલાનું સ્થૂળ સ્વરૂપ પણ હવે તપાસીએ.

સ્થૂળમાં રાસ સમજવો હોય તો તે માટે એક વાક્ય બસ છે. સંસારના રગડાના રાસને અંતે થયેલી શાન્તિ તથા વિશ્રાંતિ બતાવવા માટે એક ઉત્તમ સુનંદું નાટક કોઇએ બનાવ્યું, અને એ ભજવાયું એમ તેના ખુલાસારૂપે કહીશું તો હરકત નથી. કેવળ જડવાદી માટે આ સમાધાન છે, બાકી સનાતનીને તો તેમાં ઘણું જોવાનું તથા સમજવાનું છે. તે શરૂમાં જ કહ્યું છે, ને વળી તે ક્રમેક્રમે હજી પણ હાથ ઉપર લઇશું. સૂક્ષ્મ તત્ત્વ તથા ભક્તિ અગર ધર્મ ઉપર જેને લેશમાત્ર પણ શ્રદ્ધા છે તેને માટે રાસલીલા મનનનું એક વિશાળ ક્ષેત્ર છે. સંસાર મંડળમાં વૃત્તિઓ સાથે જીવ કેવો રાસ રમે છે તેનું કાંઇક ભાન રાસલીલા કરાવે છે. આખું બ્રહ્મજ્ઞાન એક રીતે તેમાં પ્રત્યક્ષ છે, પણ તે માત્ર એ નજરે એ રીતે જોનારને જ દેખાય; જોવા માટે જીજ્ઞાસુએ સાધનસંપન્ન થવું જોઇએ, એટલે કે તેમાં મન લગાવી દૃષ્ટિના દોષ દૂર કરવા જોઇએ. બી. એ., એમ. એ. વગેરે ઉપાધિઓ મેળવવા માટે જે પરિશ્રમ અને ખંતની જરૂર પડે છે, તેથી પણ વિશેષ અભ્યાસ તથા શ્રમ આ ગહન વસ્તુના જ્ઞાન અર્થે ઉઠાવવાં જોઇએ. ઉત્તમ ચીજનું મોંઘું મૂલ હોય છે. હીરાને હીરો વિંધી શકે છે. આત્માનું શોધન આત્માથી જ થઇ શકે છે એમાં તે આત્માનું જ બલિદાન આપવાનું છે. ગીતામાં અંતિમ જ્ઞાન માર્ગનો જે ક્રમ બતાવ્યો છે.

તે ક્રમને ઉલ્લંઘીને **यदहः विरजेत् तदहः प्रव्रजेत्** એ શાસ્ત્રાનુસાર ગોપીઓના મસ્ત પ્રેમમાર્ગની ખુબી જુઓ. યજ્ઞ, યોગ, ઉપાસના, જ્ઞાન એમાંનું કોઇ પણ સાધન નહિ હોવા છતાં તેમને તત્કાળ સાક્ષાત્કાર કેવો થાય છે? પ્રેમભક્તિમાં જ્ઞાનભક્તિ આવી જાય છે માત્ર સંસ્કાર વગરનાની દષ્ટિએ એ દેખાતું નથી. આ પ્રેમનો ખ્યાલ વિરક્ત માણસોથી જ થઇ શકે તેમ છે. ગોપીઓના પ્રેમના ઉન્માદમાં નરક–સ્વર્ગનો ભાવ, ગુરુ–શિષ્ય ભાવ, ગ્રંથ શિક્ષણ, પાંડિત્ય, કર્મ, ઉપાસનાજ્ઞાન એ બધું સમાઇ જાય છે, અગર અદશ્ય થઇ જાય છે, કર્તવ્યની ઉંચામાં ઉંચી કોટિ એમાં પ્રત્યક્ષ કરી બતાવી છે. **શુકમુનિ** જેવા જન્મબાળ બ્રહ્મચારી, મોક્ષ માટે આતુર થઇ બેઠેલા **પરીક્ષિત** પાસે એ પ્રેમનું ગાન કરે પછી તેમાં કાંઇ વિશેષ કહેવાપણું શું હોઇ શકે ?

હવે રાસના સ્વરૂપ વિશે વિચાર કરીએ. બાહ્ય વૈરાગ્ય અને અથાગ આંતરિક દિવ્ય પ્રેમના પૂર્ણ નમૂના જોવા હોય, તો વ્રજમાં વસતા નિંબાર્ક તથા ગૌડેશ્વર સંપ્રદાયના સાધુઓને જોવાથી તેનો કાંઇક ખ્યાલ આવી શકશે.

આગલા પ્રકરણમાં કહ્યા મુજબ ગોપીઓનો સ્નેહ વધતો ગયો. ક્રમેક્રમે એ એટલો બધો વધ્યો કે તેનું મૂળ સ્વરૂપ બદલાઇ ગયું. કવિરાજ અને ભક્તરાજની પ્રેરણા અગર ઇચ્છાનુસાર, દરેક ગોપીને કામવાસના(દિવ્યશૃંગારવાસના) થઇ, અને તેમાં પણ જે વેણુનાદથી ગાય, વાછડા પણ તેનો આશય સમજીને દોડી આવતાં, તે વેણુનાદથી તો તેમને ઉન્માદ અવસ્થા થઈ ગઇ. વાંજિત્રના સ્વરના નાદથી હારીને પાછાં ફરેલાં લશ્કરો પણ મસ્ત થઇને પાછાં આવેશમાં આવ્યાનું ઇતિહાસ કહે છે. ગમે તેવું તોફાની અગર પીડાતું બાળક ગાનતાનથી શાન્ત પડીને ઊંઘી પણ જાય છે. વેદમાં પણ સ્વરજ પ્રધાન છે, સ્વરની શક્તિ અગાધ છે. ખ્રિસ્તિના Song of Solomon, કે પછી **લયલા—મજનું, યુસુફ-ઝુલેખાં,**

શીરીં-ફેરહાદ જેવા સુફીના ઈશ્કમિજાજને શ્રી કૃષ્ણે એવા ચમત્કારિક વેણુનાદથી પ્રેમ "ઈશ્કઇલાહી" માં બદલીને ગોપીઓને બ્રહ્મજ્ઞાન આપ્યું છે. ખ્રિસ્તી શાસ્ત્રમાં તો ઈશ્વરને પ્રેમરૂપે જ કહેલા છે. મહાત્મા છટ્ટા **જૉન** કહે છે કે ઈશ્વર પ્રેમસ્વરૂપ છે, અને જે પ્રેમમાં રહે છે તે પરમાત્મામાં રહે છે, અને પરમાત્મા તે [પ્રેમી]માં રહે છે. "God is love, and he that dwelleth in love, dwelleth in God, and God in him." યુરોપ એશિયાના સંતો પણ પ્રેમમાં પ્રભુ સાથે એકાકારથી મળતા હોવાના બહુ દાખલા ઉપલબ્ધ છે. મીસીસ **અંડરહિલ** કામભાવનામાં પ્રેમભાવના જુએ છે. **સેંઈટ બરનાર્ડ** તથા **સેંઈટ ટેરીસા** પણ તેવો અનુભવ બતાવે છે. **સેંઈટ બરનાર્ડ** કહે છે કે "When I love God with my will, I transfer myself into Him, for such is the power of virtue of love that it maketh thee to be like unto that thou loveth."

હવે રાસને કંઈક ઐતિહાસિક દૃષ્ટિથી જોઈએ.

મહાભારતમાં ગોપીનું નામ પણ દેખાતું નથી, પરંતુ આ બદલનો ખુલાસો પણ થઈ શકે તેમ છે; કેમકે મહાભારત કંઈ કૃષ્ણચરિત્રદર્શક ગ્રંથ નથી. વિશેષે કરીને મહાભારતમાં **શ્રીકૃષ્ણનો** સંબંધ દ્વારકાં ગયા પછીનો હોવાથી તેમાં એ વસ્તુ ક્યાંથી હોઈ શકે? **શિશુપાળના** મુખમાંથી **શ્રીકૃષ્ણ** માટે અનેક ગાળો નીકળી, અને મ્હેણાં પણ મરાયાં, તેમાં ગોપી બદલનો ઇશારો સુદ્ધાંત નથી. પાછળથી જે ગેરસમજ થઈ છે, તે **શિશુપાળના** જાણવામાં હોત તો વ્યભિચારની ગાળ દીધા વિના એ રહ્યો હોત નહિ; પરંતુ બાળચેષ્ટાઓને પુખ્ત માણસો મહત્ત્વ આપે જ નહિ. દુષ્ટ માણસો પણ બચપણની ચેષ્ટા ગણત્રીમાં લેતા નથી. નાનપણમાં છોકરાં ચોરી કરે, અંગર બાઇ

જાય, માગી ખાય, ધૂળમાં રમે, જાતજાતની હઠ કરે, તો તેવાં કૃત્યોનાં કોઈ મ્હેણાં મારે નહિ. મહાભારતમાં માત્ર **દ્રૌપદીએ** વસ્ત્રહરણ વખતે **શ્રીકૃષ્ણની** સ્તુતિ કરી છે તેમાં **"ગોપીના પ્રિય"** એ પ્રમાણે શબ્દો છે, તે સહાજિક જ દેખાય છે. ઉપર કહ્યું તેમ મહાભારત કંઈ કૃષ્ણચરિત્ર માટેનો ગ્રંથ નથી, એટલે ગોપી પ્રકરણ તેમાં ન હોય તો આશ્ચર્ય નથી. તેના તે જ **વ્યાસ**મુનિના શ્રીમદ્ભાગવતમાં ગોપીઓ અપૂર્વ સ્થાન ભોગવે છે. મહાભારતથી પણ પ્રાચીન બ્રહ્મપુરાણ છે, તેમાં રાસક્રીડા છે, અને તે પુરાણ મહાભારતને માન્ય છે. **હરિવં-શ**માં **'રાસ'** ને **'હલ્લીશ'** કહેલો છે. એક પુરુષ ઘણી સ્ત્રીઓ સાથે કુંડાળામાં રમે તે **'હલ્લીશ'**. વાસ્તવમાં **'હલ્લીશ'**નો વિસ્તાર તે **'રાસ'**. તેમાં તાલબંધ તથા ગતિભેદના ઘણા પ્રકારો હોય છે. વિષ્ણુપુરાણમાં રાસ ક્રીડા છે અને તેમાં ગોપીભાવ પવિત્ર છે. શ્રીમદ્-ભાગવત્માં તેનો વિસ્તાર વધ્યો; બ્રહ્મવૈવર્તપુરાણમાં રસના ઝરા છૂટયા; **નરસિંહ મ્હેતા, મીરાંબાઈ, સૂરદાસ, પ્રેમાનંદ, દયારામ** આદિ કવિ તથા ભકતોએ અને બંગાળના **ચૈતન્ય** મહાપ્રભુએ તેની રેલમછેલ કરી; અને કેટલાક ઇશ્કી આચાર્યોએ તો છેવટ કમાલ કરી! રાસલીલાના હાલના ભજવાતા તમાશા જોનારને જ ખ્યાલ આવી શકે કે આ વસ્તુનો સીમાડો કયાં સુધી ગયો છે! માત્ર **ગૌડેશ્વર** સંપ્રદાયમાં એનું ખરું તત્ત્વ સમજાયું દેખાય છે.

આ અજબ રાસના અજબ ઇતિહાસનું મૂળ જોતાં શ્રદ્ધાળુ માટે એટલું બસ છે કે, પૃથ્વીની એટલે પૃથ્વીના લોકોની અરજથી સત્તાધીશ પ્રભુએ અવતાર લેવાનું સ્વીકાર્યું, અર્થાત પરાક્રમ વગેરે ઐશ્વર્ય બતાવવા માટે સાધન તરીકે તેમણે દેવોને ભેગા લીધા. શ્રુતિઓ તથા ઋષિઓને ગાય તથા વાછરડાં રૂપે લીધાં. **મોર પીછાંથી રળિયામણું** હોય, તેમ દેવોને લીધા તે સાથે બધી સામગ્રી લીધી. એટલે કે પોતાના ગોલોકના સોબતીઓને

પણ લેવા જોઇએ તે પ્રમાણે લીધા. શા માટે ? પૃથ્વીમાં **'રસ'** આપવા માટે. આ સોબતીઓ તે જ ગોપ અને ગોપીઓ. અદ્વૈતજ્ઞાનને પ્રત્યક્ષ બતાવવા **'રસ'** ને પૃથ્વીમાં રેડીને **'રાસ'** રૂપમાં બતાવ્યો, અને ત્યારથી જ ભકિત રસમય થઇ. વેદ શું કહે છે ? **रसो वै सः** પ્રભુ રસરૂપ જ છે; ત્યાં પછી પ્રત્યક્ષ પ્રભુ શ્રીકૃષ્ણના રસમાં શી મણા હોય ? પોતાની મિલ્કત તરીકે બધું એ લાવ્યા, પછી રમત ગમત કરવામાં સ્થળફેર માત્ર કર્યું.

હરણ કરનાર 'હરિ', લોહચુંબક થઇને એ બધાંને આકર્ષે એમાં શું આશ્ચર્ય ? પ્રભુનો પ્રેમ જ આખી સૃષ્ટિને ખેંચે છે. ગુરુત્વાકર્ષણ (Gravitation) તે જ પ્રભુનો પ્રેમ. પાશ્ચાત્ય ખગોળશાસ્ત્રીઓને જે આદ્યશક્તિ જડતી નથી, તે જ આ પ્રભુનો પ્રેમ છે. આ રાસ અગર પ્રેમ કવિઓનાં પ્રેમવર્ણનોમાં અનેક રીતે દેખાય છે. સૂર્ય તથા તેનાં કિરણોનો અગર સૂર્ય તથા તેને ફરતા ગ્રહોનો રાસ, ચંદ્ર અને તારા તથા નક્ષત્રોનો રાસ, ચંદ્ર તથા સમુદ્રના તરંગોનો રાસ, ઇથર અને પરમાણુઓ અથવા હાલના ઇલેક્ટ્રન (electron)નો રાસ, સરિતા અને સાગરનો રાસ, જળ અને માછલીનો રાસ, લોહચુંબક અને લોઢાનો રાસ, દીપક અને પતંગિયાનો રાસ, મદારી અને માંકડાંનો રાસ, જાદુગર અને પૂતળીનો રાસ, વિષયી અને વિષયોનો રાસ, કામી અને કામનો રાસ, અરૂણ અને ઉષાનો રાસ, ગુણી અને ગુણનો રાસ, પ્રાણ અને પ્રકૃતિનો રાસ, વિષયો અને વૃત્તિઓનો રાસ, ઇન્દ્રિયો અને તન્માત્રાઓનો રાસ, બુદ્ધિ અને મનનો રાસ, મન અને ઇન્દ્રિયોનો રાસ, વર્ષ અને માસોનો રાસ, દિવસ અને પ્રહરનો રાસ, કલાક અને મિનિટ, તેમ જ મિનિટ અને સેકન્ડનો રાસ, આકાશ અને દિશાઓનો રાસ, રૂદ્ર અને તાંડવનો રાસ, અગ્નિ અને દાહકશકિતનો રાસ, અગ્નિ

અને જળનો રાસ, આ પ્રમાણે અનેક રાસ આ સૃષ્ટિમાં રમાય છે; તેવો શ્રીકૃષ્ણ-ગોપીનો રાસ છે. પ્રાકૃત ભાષામાં જોઇએ તો કયાં શ્રીકૃષ્ણ જેવા સત્તાધીશ અને કયાં અલ્પ ગોપીઓ ? એમ શંકા થાય તો તેનો ખુલાસો સરળ છે. પૂતના વગેરે રાક્ષસોને શ્રીકૃષ્ણ ગમે તેવા સ્વરૂપમાં દેખાય, યોગીઓને ગમે તેવા સ્વરૂપમાં દેખાય, બ્રહ્મા, ઇન્દ્ર આદિ દેવોને ગમે તેવા સ્વરૂપમાં દેખાય, પરંતુ ગોપી જેવા પોતાના એકાંતિક અનન્ય ભકતોને તો પોતાનું સ્વરૂપ, સાથે ખેલનાર એક સાધારણ બે હાથવાળા કિશોર તરીકે તેમણે બતાવ્યું છે. મોટા બાદશાહ અગર હરકોઇ સત્તાધીશ અગર યોદ્ધો પણ ઘેર આવીને સ્ત્રી તથા બાળકોને મળે, ત્યારે એકદમ પોતાનું એ વિશિષ્ટ રૂપ બદલી નાંખે છે, અને એક સાધારણ મનુષ્યનું સ્વરૂપ સ્વીકારીને કુટુંબમાં ગેલ કરે છે, વાઘ વાઘણ, સિંહ સિંહણથી વનનાં તથા બીજાં પ્રાણીમાત્ર બીએ અને ત્રાસે, પરંતુ તેનાં સ્ત્રી બચ્ચાંને તેમાંનું કંઈ છે ? ગોપીઓ પણ શ્રીકૃષ્ણ સાથે નિડર હતી. દુનિયાને અપૂર્વ તમાશો બતાવવા માટે આ ભોળાં ગોપ ભેગો ભગવાને વાસ કર્યો હતો, કે તેથી પ્રેમસાગરમાં બધાં સાથે ખેલીને નિર્દોષ લીલા કરી કરી શકાય.

ઉપર ' **રાસ** ' નો ખુલાસો કર્યો. હવે ' **લીલા** ' નો ખુલાસો એમ છે કે, વાણીથી, ગતિથી અને ચેષ્ટાથી પતિનું અનુકરણ કરવું તે-**प्रियानुकरणं लीला वाग्भिर्गत्या च चेष्टया** । આ પ્રમાણે રાસલીલાનો ક્રમ, ઉપર સમજાવ્યો તેમ સૃષ્ટિમાં ચાલે છે.

ગોપીઓ કોણ હતી તે બદલ પ્રથમ કહેવાઈ ગયું છે. 'ગોપી' શબ્દ સાથે ' **રાધા** ' શબ્દનો ખાસ સંબંધ છે, માટે તેનો પણ ખુલાસો ભેગો જ કરીશું. કેમકે રાધા તે ગોપીઓની

શિરોમણિ છે. હવે જે વસ્તુ પ્રત્યક્ષ નથી તેને માટે બુદ્ધિના ઉપયોગ સિવાય બીજો ઇલાજ નથી. પુરાણો અને તેને અનુસરીને કવિ અને ભકતો ખુલાસા કરે છે, કે ગોલોકની સખીની **ગોતાપની** ઉપનિષદ્ પ્રમાણે શ્રુતિઓના, અગર **વિષ્ણુપુરાણ** અન્વયે વિષ્ણુપત્નીઓના અવતારની, અગર **બૃહદ્‌વામન** પુરાણ અન્વયે ઋષિના અવતારની, તથા દેવકન્યાઓની તેમાં યોજનાઓ છે. શ્રીકૃષ્ણ રૂપી આત્માની એ બધી ઇન્દ્રિયો જ છે. તેમ જ શ્રુતિઓ તેમ કોઈ ઠેકાણે સ્મૃતિ પુરાણ વગેરે અને ગાંધર્વ કન્યાઓની સાકાર સાથે પ્રત્યક્ષ સંબંધ માટેની વાસના ખાતર કરેલી યોજના છે. તે સાથે **શ્રીધર** સ્વામીની ટીકામાં કહ્યું છે તેમ સ્વર્ગની અપ્સરાઓના અવતારની પણ તેમાં યોજના છે. શ્રીમદ્‌ભાગવતના પ્રથમ સ્કંધના અ. ૪ શ્લો. ૫ ની ટીકામાં **શ્રીધર** સ્વામીએ દેવીનો અર્થ **अप्सरा** કરેલો છે. શ્રીમદ્‌ભાગવતમાં મોઘમ લખ્યું છે કે, દેવ તથા તેમની સ્ત્રીઓએ અવતાર લીધા હતા, અને નંદાદિ ગોવાળીઆ તથા તેમની સ્ત્રીઓને દેવતારૂપ કહ્યા છે, તેમ તે સ્ત્રીઓને દેવકન્યા પણ કહેલી છે. શ્રીકૃષ્ણના વિભિન્નાંશી દેવોની સ્ત્રીઓ તે શ્રીકૃષ્ણની પ્રાણમયી સખી રૂપે નિત્યપ્રિયા થઇને સ્વર્ગમાં આનંદ આપ્યો તે જ વ્રજની ગોપીઓ શ્રીકૃષ્ણ સાથે થઇને આવી. **ब्रह्मसंहिता** પ્રમાણે નિત્યસિદ્ધા ગોલોકવાળી હતી. હવે દેવભૂમિની બે કલ્પના છે. એક વર્ગ સતતનો માનસિક આનંદ ભોગવે છે, અને બીજા વર્ગમાં કર્મભૂમિ જેવી વ્યવસ્થા જોવામાં આવે છે એટલે કે સ્ત્રી, પુત્ર, પુત્રી, એમ બધો વ્યવહાર દેખાય છે. ગમે તેમ હોય; પરંતુ આ ગોપગોપીનો વર્ગ પામર મનુષ્યનો ન હતો એ તો નિર્વિવાદ છે. **ગૌડેશ્વર** સંપ્રદાયના પંડિતોના કહ્યા પ્રમાણે વિષ્ણુનાં અનેક સ્વરૂપ તથા અવતારોની **લક્ષ્મી** આદિ દેવીઓ ગોપી થઈ હતી; બાકી શું દેવોની સ્ત્રી સાથે શ્રીકૃષ્ણ વ્યવહાર કરે ? વળી

અયોધ્યાની સ્ત્રીઓએ રામચંદ્રને દેખીને તેમનો પ્રત્યક્ષ શરીર સંબંધ માગ્યો હતો, તે પણ ગોપીઓ જ. દંડકારણ્યના બાળ ગોપાળના ઉપાસક મુનિઓએ રામચંદ્રને સીતાજીની સાથે દેખીને પ્રત્યક્ષ શરીર સંબંધ માગ્યો હતો તેમને વરદાન આપ્યું હતું એમ બૃહદ્ વામન પુરાણમાં છે. વાસ્તવમાં વ્રજ તે ગોલોકનું જ વ્રજ, કિંવા તેનો નમુનો હોવાથી ગોલોકની આગળ કહેલી સોળ હજાર એકસો સિદ્ધા સખીઓ નિત્ય પરિકરમાં છે; બાકીની ગોપીઓ સાધક સિદ્ધા સખીઓ હતી. કૃષ્ણાવતારના કૃષ્ણ તથા ગોલોકનાં રાધા એ બંને ગોલોકનાં રાધાકૃષ્ણની છાયા છે એમ પણ પુરાણ કહે છે. સાધારણ બુદ્ધિથી વિચાર કરવા જેવું છે કે કેવળ ગોવાળ હોય અને પૂર્વના સંસ્કાર ઊંચા ન હોય તો જ્ઞાન, યોગ, ગાન, નૃત્ય, શૃંગાર, નાટ્ય, વાદ્ય આદિ કળામાં મહાન પંડિતો તથા નિપુણજનો પણ ગોથાં ખાય એવી કળામાં ગોપીઓ પૂર્ણ શી રીતે હોઈ શકે ? દેવ, ગંધર્વ, નર્તકી, અપ્સરા એમ બધા સ્તબ્ધ બની જાય એ કૌશલ્ય શું સાદી આહિરણીમાં હોવાનો સંભવ ખરો ? વાસ્તવમાં તો ઉપર કહ્યા મુજબ ગોપીઓમાં બે પ્રકાર છે, નિત્યસિદ્ધા અને સાધકસિદ્ધા. નિત્યસિદ્ધા તે ગોલોકવાસી શ્રીકૃષ્ણનો નિત્ય પરિકર, અને સાધકસિદ્ધામાં બાકીની બધી સમાય છે, જેવી કે શ્રુતિ, ઋષિ, દેવકન્યા, લક્ષ્મી આદિ વિષ્ણુપત્નીઓ છે,

હવે ગોપીઓની પટરાણી રાધા માટે બે બોલ કહીએ, કેમકે 'રાધા' વિનાનું શ્રીકૃષ્ણચરિત્ર નિર્જીવ છે, તેમાં પણ દાણલીલા, રાસલીલા વગેરેમાં તો રાધાનું જ સામ્રાજ્ય છે. આ પ્રમાણે હોવા છતાં આશ્ચર્ય છે કે, રાધાનું વર્ણન અથવા તેનું નામ કેટલાક ગ્રંથોમાં તો ઠીક પણ શ્રીમદ્ ભાગવતમાંયે નથી. દશમ સ્કંધના અ. ૩ ના શ્લો. ૨૭–૨૮ માં **अनयाराधित:**

માં ગુપ્તપણે **રાધા** છે એમ કોઈ વિદ્વાન તર્ક કરે છે, પરંતુ વાસ્તવમાં 'ગોપી' શબ્દમાં જ '**રાધા**' નો સમાવેશ થઈ જાય છે. **શુકદેવજી** ભાવાવેશમાં નામ લઇ શક્યા નથી, એમ પણ પંડિતો કહે છે. હરિવંશ તથા બ્રહ્મપુરાણ અને વિષ્ણુપુરાણમાં **રાધા** દેખાતાં નથી તો પછી મહાભારતમાં તો હોય જ ક્યાંથી? પરંતુ દરેક ગ્રંથનાં ભિન્ન લક્ષ્યબિંદુ હોય છે. ગમે તેમ હોય પરંતુ વૈષ્ણવ આચાર્યોની ઈમારતનો પાયો **રાધા** જ છે. **રાધા** વગરનું કંઇ જ નથી. **રાધા** પ્રથમ અને પછી કૃષ્ણ બોલાય છે. તેમ ભક્તશિરોમણી **નરસિંહમહેતા, મીરાંબાઇ, શ્રીગૌરાંગપ્રભુ, જ્ઞાનેશ્વર, નામદેવ, એકનાથ, તુકારામ** આદિ ભક્તો **રાધા** સહિત **શ્રીકૃષ્ણને** ભજે છે. '**રાધા**' શબ્દમાં તમામ જ્ઞાનનો સમાવેશ થાય છે. વાસ્તવમાં તો **રાધા** તે **શ્રીકૃષ્ણના** પ્રેમના ઉભરાનું મૂર્તિમંત સ્વરૂપ જ છે. કેમકે આખર અવસ્થામાં પણ **રાધા** પણ હાજર છે. એ તેમની પ્રત્યક્ષ શક્તિ, મહામાયા પ્રકૃતિ, **અર્થાત્** પોતાનું સ્વરૂપ જ છે. એટલે એ છૂટાં પડે જ કેમ? દ્વારકામાં હાલ પણ પટ્ટરાણીમાં **રાધાજીનું** સ્થાન છે. **લક્ષ્મી** તે **રૂકમિણિ**, અને ભક્તિ અગર પોતાની આહ્લાદિની શક્તિ તે **રાધાજી**; તેથી જ તે ઠેઠ સુધી રહ્યાં છે. **કબીરસાહેબ** **રાધાને** આત્માની 'ધારા' કહે છે. **શ્રીધરસ્વામીની** ટીકા પ્રથમની તથા સર્વમાન્ય છે, ને તેમાં તેનું રહસ્ય સારી રીતે સમજાવ્યું છે. વાસ્તવમાં **રાધાકૃષ્ણ** એક સ્વરૂપ છે. શક્તિમાનથી શક્તિ જૂદી પડે કેવી રીતે? પરંતુ લીલાના આસ્વાદન માટે એ જૂદાં થયાં છે. આ લીલા તે લોકવત્ તેમ લોકોત્તર **અર્થમાં** સમજવાની છે. બ્રહ્મસૂત્રના **અધ્યાય** ૨ ના પાઠ ૧ ના સૂત્ર ૩૩ માં **लोकवत्तु लीला कैवल्यम्** એમ કહેલું છે. આ લીલા માટે શ્રીકૃષ્ણ સાથે હરેક પ્રકારે **રાધાનો** સંબંધ રાખવા માટે **દુર્વાસાની** આશિષ માગી હતી કે તેના હાથની રસોઈ જમે તે સુખી થાય. આથી **જશોદાજી** રોજ **રાધાજીને** રસોઈ

માટે બોલાવતાં હતાં. તેમજ **પૌર્ણમાસી યોગમાયાએ** રાધાજીની સાસુ **જટિલાને** કહ્યું હતું કે રાધાજી સૂર્યપૂજન કરશે તો તમારા દીકરાનું કલ્યાણ થશે. આ નિમિત્તથી દરરોજ દિવસમાં પણ ચાર પાંચ તેમનો મિલાપ રાધાકુંડ ઉપર થઇ શકતો હતો. વળી વિશેષમાં તેને કહેવામાં આવ્યું હતું કે **યશોદા** કહે તો તેનું કહેવું માન્ય રાખજે. **જટિલાને યોગમાયા** ઉપર પૂર્ણ વિશ્વાસ હોવાથી એ તેનું બરાબર માનતી હતી.

સામવેદમાં '**રાધા**' નું ધ્યાન કરવાનો સ્પષ્ટ ઉલ્લેખ છે; પછી પંડિતો તેનો ખુલાસો ગમે તે કરે તેની ના નથી. **તાપની** ઉપનિષદ્માં રાધાજીનું નામ **ગાંધર્વા** છે. દેવીભાગવતમાં **રાધા** છે. ગોલોકની અધિષ્ઠાત્રી **રાધાએ** વ્રજમાં જન્મ લીધો હતો, કિંવા સ્થૂળવાદી ભલે કહે એ ત્યાં ગયાં હતાં. ભવિષ્યપુરાણ તથા પદ્મપુરાણમાં તથા નારદપંચરાત્રમાં **રાધા** છે. એ સિવાય નિર્વાણતંત્ર, બૃહદ્ગૌતમીયતંત્ર ઇત્યાદિ તંત્ર ગ્રંથોમાં અને બીજાં ઉપપુરાણોમાં **રાધાનું** વર્ણન છે. આ ગ્રંથોમાંથી બ્રહ્મવૈવર્તપુરાણ **રાધાને** અપૂર્વ માન તથા સ્થાન અર્પે છે. આખું પુરાણ જૂનું છે યા તો કંઇક નવું અને કંઇક જૂનું છે, એ ચર્ચાનો આ પ્રસંગ નથી, પરંતુ દેવીભાગવતમાં સૃષ્ટિની ઉત્પત્તિ કરનાર શકિત જેમ કહેલી છે તેમ એ પુરાણની રચનાનુસાર તો **બ્રહ્મા, વિષ્ણુ** અને **મહેશ** એ બધાને સ્રજનાર **શ્રીકૃષ્ણ**જ છે; વૈકુંઠલોક પણ ગોલોકની નીચે કહેલો છે. આ ગોલોકના વર્ણનને મળતું જ **વૃન્દાવનનું** વર્ણન છે. એને લગભગ પર્યાયવાચક શબ્દો કહીએ તો પણ ચાલે. તેવી રીતે **રાધા** પણ બન્ને સ્થાનની અધિષ્ઠાત્રી છે. **વૃષભાનુની** પુત્રી અને **અભિમન્યુ–આયનની** સ્ત્રી તે જ **રાધા.** વળી એમ પણ નીકળે છે કે, **શ્રીકૃષ્ણ** ધાવણા બાળક છતાં **રાધાજી** તેમને ઉપાડીને લઈ ગયા. ત્યાં પૂર્વસંસ્કારના

બળથી **શ્રીકૃષ્ણ** યોગશકિતથી પોતાનું સ્વરૂપ મોટું કરી **રાધા** સાથે રમ્યા, અને બ્રહ્માએ આવી તેમનાં લગ્ન કરાવ્યાં. આ બધી યોજનાઓનો ખ્યાલ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે તો પણ ઘણું છે.

બંગાળામાં **શ્રીગૌરાંગ** મહાપ્રભુ પ્રકટ થયા ત્યારથી ત્યાં યુગલ ઉપાસનામાં **શ્રીરાધા** મુખ્ય છે. **રાધા** મારફત જ **શ્રીકૃષ્ણ** પામવાના છે. **કૃષ્ણ** તત્ત્વ અને **રાધા** તત્ત્વમાં તેમના ગોસ્વામીઓ તથા તેમના અનુયાયીઓ વગેરેએ અપૂર્વ વિહાર કર્યો છે. અષ્ટકાલી **રાધાકૃષ્ણ**ની લીલા સમજવાનો પ્રયત્ન કરે તેને અગાધ મહાસાગર જેટલું ક્ષેત્ર મળશે.

'રા' નો અર્થ 'દાન' અને 'ધા' નો 'યુક્તિ' થાય છે. વળી 'ધા' એટલે દોડવું. **હરિ**ની પહેલાં **રાધા** ગોલોકમાં દોડી ગયાં તેથી **'રાધા'** એમ પણ યુક્તિ છે. **राध्** એટલે પૂજન કરવું અને તેથી **'રાધા'** એટલે પૂજવા લાયક દેવી એમ પણ અર્થ થાય છે. રાસ રમાયો તે ગોલોકનો સતતનો રાસ આ પ્રસંગે વ્રજમાં રમાયો, અને પાછો હજારો વર્ષે દ્વારકામાં **નરસિંહમહેતા** સમક્ષ રમાયો! **નરસિંહમહેતા**ના સુરતસંગ્રામમાં ગૂઢ ધ્વનિ પુષ્કળ છે. માત્ર તે ઉપર મનન કરવાની જરૂર છે. **રાધાકૃષ્ણ** કાંઇ રાસ વખતે ભેગાં થયાં નથી. અનાદિ કાળથી જ એ સાથે છે. પ્રભુ અને તેની શકિત કેમ જૂદાં પડી શકે? માત્ર લીલા માટે પૃથક્પણું બતાવ્યું છે. રસોઇ પણ એ **રાધાજી**ના હાથની જમતા હતા. આ બધી યોજના અતકર્ય છે.

આ પ્રમાણે **રાધા** તે દેવી છે; સાંખ્યની પ્રકૃતિ તે શૈવની શકિત થઇ, અને વૈષ્ણવની **લક્ષ્મી** અથવા **રાધા** થઇ. નિષ્કામ ભકતો માટે નિર્ગુણ બ્રહ્મ તે કૃષ્ણ: પરંતુ સકામ ભકત માટે સગુણ બ્રહ્મ તે **રાધા** યુકત **શ્રીકૃષ્ણ**. સત્ અને ચિત્ તે બ્રહ્મ **શ્રીકૃષ્ણ**. અને આનંદ તે **મહામાયા–રાધા**. બંને મળીને 'સચ્ચિદાનંદ' થાય. ઉપાસના માટે પ્રકૃતિ તે જ **રાધા** છે. એકલા કૃષ્ણ તે કૃષ્ણ જ, પરંતુ ઉપાસક

માટે ખરા કૃષ્ણ તો **શ્રીકૃષ્ણ** એટલે કે પ્રકૃતિ, લક્ષ્મી, મહામાયા, અથવા **રાધાયુક્ત** શ્રીકૃષ્ણ અને તે જ પૂજવા યોગ્ય છે. જેમ રાધા-કૃષ્ણ પૂર્ણ શબ્દ છે તેમ **સીતારામ, પાર્વતીપરમેશ્વર,[ઉમા-મહેષ] લક્ષ્મીનારાયણ અર્ધનારીનટેશ્વર** ઈત્યાદિ પ્રકૃતિપુરૂષ જડચેતનનાં દ્વંદ્વો ઇશ્વરના નામથી બંધાયાં છે. હાલના સુધારાના જમાનામાં પણ ભાષણોમાં 'બાનુઓ અને ગૃહસ્થો' (Ladies and Gentlemen] એમ બોલાય છે. પોતપોતાની રૂચિ પ્રમાણે આ દ્વંદ્વને ઉપાસકો પૂજે છે. ને તે બધાંજ પ્રકૃતિ પુરુષનાં જ સ્વરૂપો છે. પુરુષને સ્ત્રીની અને સ્ત્રીને પુરુષની અપેક્ષા રહે છે. પુરુષને પુરુષની અને સ્ત્રીને સ્ત્રીની અપેક્ષા હોતી નથી. બેમાંથી કોઇથી એકલું રહી શકાય જ નહિ. ખ્રિસ્તિની માતા **મેરી** (Mother Mary) પણ એ જ કોટિમાં આવી શકે. **ક્રાઇસ્ટની** આ કુમારિકા માતા જગદંબા તરીકે પૂજાય છે. એની પાછળ ભાવના એ છે. કે પરમેશ્વરને મળવાનું એટલે કે પિતાને મળવાનું તે માતા માર્ફત મળવાનું છે. જેમ કોઇ અધિકારી અથવા રાજા પાસે જવા માટે તેમના હજૂરિયાની અપેક્ષા રહે છે તેમ પુરુષનાં દર્શન માટે પ્રકૃતિની અપેક્ષા છે. પ્રકૃતિ તે માતા અને પુરુષ તે પિતા. ગમે તેવા અધમ પુત્રને પણ માતા તરછોડશે નહિ, એટલુંજ નહિ પણ ગમે તેમ કરીને પિતા સાથે તેનો પ્રેમ કરાવશે. સાંખ્ય જેમ પ્રકૃતિ મારફત પુરુષનાં દર્શન કરવા માગે છે, ખ્રિસ્તિઓ **ક્રાઇસ્ટ** માર્ફત **પરમેશ્વર** પ્રાપ્ત કરે છે, તેમ શ્રીકૃષ્ણ પામવાનું સાધન પણ ભકતો **રાધાને** માને છે, અને તેથી જ તે આદ્યશકિત કહેવાય છે. પ્રકૃતિ સિવાય પુરુષની ઉપાસના થઇ શકે નહિ, તેવું **રાધા** વગરના શ્રીકૃષ્ણનું સમજવું. રાધા તે શ્રીકૃષ્ણની હલાદિની શકિત. શ્રીકૃષ્ણ સત્ અને ચિત્તનો અનુભવ લઇ શકે છે, પરંતુ પોતે આનંદરૂપ હોવાથી તેના અનુભવ માટે શકિતને રાધા બનાવીને સ્વાદ લે છે. ગોપીઓ રાધાજીનાં કાયવ્યૂહ એટલે કે તેમનાં અંગો જ છે; અર્થાત્ તેમનામાં પરકીયા નહિં પણ સ્વકીયા ભાવજ છે.

રાધા ગોપીઓમાં પટરાણી માનો અગર ગમે તેમ માનો પરંતુ દ્વારકાધીશની સેવામાં બીજી પટરાણીઓના વારા-ઉવારા છે જ્યારે રાધાજીની સેવા તો પ્રભુ નિત્ય સ્વીકારે છે. એ ભકિતનું સ્વરૂપ અગર કહીએ કે એમની પોતાની જ હ્લાદિની શકિત હોવાથી અંત સુધી એ અસ્તિત્વ ભોગવે છે. ન્હાનપણમાં **રાધાજીના** હાથની સખડી (દાળ ભાત વગેરે રાંધેલું અન્ન) શ્રીકૃષ્ણ જમ્યા હતા, પરંતુ હવે મોટા થયા પછી દ્વારકામાં **રાધાજી** તથા **જાંબુવતીજીના** હાથની સખડી એ જાણેકે જમતા નથી! લોકોને આખરમાં વર્ણાશ્રમનો દાખલો આપવા ખાતરજ એમ ન થતું હોય!

સનાતન ધર્મના ઉત્સાહમાં આપણે સ્થૂળવાદને સંતોષવાનો કરેલો મૂળ સંકલ્પ ભૂલવાનો નથી. એમને માટે તો **રાધા**, ગોપી વગેરે સબંધમાં આવી કોઈ પણ કલ્પના કરવાની જરૂર નથી. અનાયાસે અથવા મુદ્દામ એક ગામમાં બીજા ગામનાં માણસો ભળ્યાં, અથવા સંકેતથી ભેગાં થયાં એમ માનવાને પણ એમને માટે હરકત નથી. ગોલોક, વ્રજ, વૃન્દાવન એ બધાં જુદાં જુદાં ગામનાં માણસો ભેગાં થઇને રમ્યાં તથા આનંદ કર્યો, એમ ખુશીથી માની શકાય છે. કદાચ હાલના આહિર-શુદ્ર જેવા (જો કે હાલ ગોપ વર્ગ વૈશ્ય જેવો છે ને તેમાં નાતરાં થતાં નથી) લોકમાં હાલ નાતરાં થાય છે, તોપણ તે કાળનાં વૈશ્ય ગોપની જાતમાં કદાચ નાતરાં નહિ થતાં હોય? અથવા તો આગળના વખતમાં-હાલ પણ થાય છે તેમ-એક મોટા ગૃહસ્થ અગર રજવાડો ધણી સ્ત્રીઓ, પાર્શ્વદાઓ, દાસીઓ તથા રખાતો રાખતો હોય, અને ત્યાં બનવા પામે એવું કંઈક આ પ્રસંગે હોય, તો પણ તેમાં શું અસંભવિત છે? વળી ગોપ વર્ગમાં નંદ એક રાજા જેવા હતા, એટલે તેમના દીકરાને પામવા ગોપીઓ આકાંક્ષા રાખે એમાં શું આશ્ચર્ય? આ આહિરની

જાત હાલ પણ ઘણી જ ભોળી અને સાદી છે. હાલની સુધરેલી પ્રજાઓમાંથી જાપાન અમેરિકામાં કામચલાઉ લગ્ન–Temporary marriages ના વિચાર કેવા ચાલે છે? યુરોપનાં "લડાઈનાં બાળક" (War Children) જેવા શબ્દોથી પણ કોઈ ભાગ્યે જ અજાણ હશે. ફ્રેન્ચોમાં વળી અજબ વિચાર ચાલે છે, અને છેવટ બોલ્શેવિકોના વિચાર તો કમાલ છે. આ બધામાં ખરૂં ખોટું અગર સારું માઠું કેટલું, તેનો નિર્ણય કોણ અને ક્યારે કરશે? અર્થાત્, કોઈ પણ તર્કને અશક્ય કહેવો, એ જ અશક્ય વસ્તુ છે.

ઉપર મુજબ રાસલીલાના ઐતિહાસિક સ્વરૂપનું સહજ અવલોકન કર્યું. હવે તેના પ્રત્યક્ષ સ્વરૂપનું કંઈક અવલોકન કરીએ. રાસનું ઉત્તેજક વાદ્ય મુરલિ છે. સ્વરના નાદના પ્રાબલ્ય વિશે આગળ કંઇક ઈશારો કર્યો છે. એ નાદ મુરલિનો હતો. આ શ્રીકૃષ્ણની મુરલિનો મોહ ગોપ, ગોપી, બાળ, વૃદ્ધ, પશુ, પક્ષી, નદી, નાળાં, પર્વત, ઝાડ, પાન એમ જડચેતન બધાંને લાગ્યો. જગદીશ બોઝની શોધથી પાશ્ચાત્યો ચકિત થઈ જાય છે, પણ સનાતની આર્યને તો એ સહજ ગમ્ય છે. પરંતુ પાશ્ચાત્યોને જ પ્રમાણ માનનાર આર્ય સુધારકો માટે મિ. બોઝની શોધ તથા પરિણામ ઘણાં ઉપયોગી છે. આ નરે સ્થાવર પદાર્થમાં પણ જીવ હોવાનું સાબીત કરી આપ્યું છે. એટલું જ નહિ પણ જંગમ માફક સ્થાવરને લાગણીઓ, દર્દો, દર્દોની ઔષધિઓ તથા મૃત્યુ સુદ્ધાંત હોય છે એમ સાબીત કરી આપ્યું છે. હજી પણ અખતરા ચાલુ છે. ફ્રાન્સમાં એક બાનુ સ્વરના બળથી વસ્તુઓને ગતિ આપે છે; એટલું જ નહિ પણ સ્વરથી તેની મરજી પ્રમાણે જડવસ્તુઓ ગોઠવાઈ જાય છે. અમેરિકામાં સ્વરના બળથી કાંઠા ઉપર રહીને આગબોટને શબ્દથી ગતિ આપવાનો અખતરો ફત્તેહમંદ થયો કહેવાય છે.

હવે જંગમમાંથી પશુ પક્ષીની સૃષ્ટિ ઉપર ગાયન કેવી અસર કરે છે તેનો અખતરો કેવી રીતે હોઈ શકે? વાઘ, સિંહ, રીંછ, વગેરેની બોડમાં જઇને કોણ વીણા વગાડે અને કોણ સાંભળવા જાય? પરંતુ પાશ્ચાત્યો આ ક્ષેત્રમાં પણ પાછા પડયા નથી. લંડનના 'રીજંટપાર્કમાં' થોડા વર્ષ ઉપર અખતરા કરવામાં આવ્યા હતા. હિંસક પ્રાણીઓમાંથી 'ઉરાંગઉટાંગ' જાતનો વાંદરો ગાયનથી ઘણો જ વશ થયો હતો; ગરૂડે પણ બહુ આનંદ બતાવ્યો; 'હીપોપોટેમસ'ને અસર થઇ ખરી; વાઘે બગાસાં ખાધાં તથા લહેર દર્શાવી; અમેરિકાનાં વરૂ જેવાં 'કોયોટ' પ્રાણીએ તો બહુ જ આનંદ બતાવ્યો, તથા એક મધરીએ તો મ્હોં ફાડીને હસવા જેવો આનંદ દર્શાવ્યો હતો. સર્પ તથા હરણનાં દૃષ્ટાંતો મશહૂર છે. ગમે તેવા ઝનૂની માણસ અગર તોફાની બાળક ગાનતાનથી શાન્ત પડી જાય છે. એમ કહેવાઈ ગયું છે. આ સંબંધમાં પ્રાચીન પાશ્ચાત્ય ઇતિહાસ અગર દંતકથાઓ પણ જાણવા જોગ છે. ગ્રીકોના **એપોલો** દેવના સંગીતમાંથી '**ટ્રોય**' શહેરની ઉત્પત્તિ થયાનું કહેવાય છે. ઇટાલીના કિનારા ઉપરની 'સાયરનો' (Sirens) ના સંગીતની જાળમાં, જાણ્યા છતાં પણ, લોકો ફસીને પ્રાણ અર્પણ કરતા હતા. ગ્રીસના દેવ **કાલીઓમ**ના પુત્ર **ઓર્ફેસ**નાં ગાયનથી ઝરાઓ થોભતા હતા તથા હિંસક અને ઇતર જનાવરો પણ સાંભળવા ઊભાં રહેતાં હતાં.

આર્યોમાં તો સ્થાવર જંગમ એમ વસ્તુમાત્રમાં **બ્રહ્મ** સર્વ વ્યાપી હોવાથી તેના ઉપર સ્વરની અસર થાય છે એમ મનાયેલું છે. હવે મુરલિનું વાદ્ય શ્રીકૃષ્ણે શરૂ કર્યું હોય અથવા તેનો તે અપૂર્વ બજવૈયો હોય; પણ તેમના મુરલિના સ્વરથી વ્રજ ગાંડું ઘેલું થઈ જવું હતું એ નિર્વિવાદ છે. જડ ચેતન સર્વને મુરલિના સ્વરની અસર થઈ એમ કહેવાનો અર્થ શું? એમાં કેટલું રહસ્ય

છે ? જ્ઞાનનો ધ્વનિ એમાં સ્પષ્ટ છે. વનમાં, રેતીમાં, નદીમાં, પર્વત ઉપર એમ ચારે તરફ શ્રીકૃષ્ણ સાથે ગોપીઓ નાચતી, ગાતી અને બજાવતી; એમ અનેક પ્રકારે આનંદ કરતી હતી. આ ગીત તે જ 'જીવનનું ગીત' એટલે કે બ્રહ્મનાદ, શબ્દબ્રહ્મ, વેદ, ૐ તે જ વેણુનાદ, અને તેનાથી જ સ્થાવર જંગમને હર્ષનો ઉન્માદ થઈ જતો હતો. એ સ્વરમાં સામવેદનું ગાયન હોવાથી ઋષિ મુનીઓ પણ હર્ષઘેલા થઈ જતા હતા. શ્રીકૃષ્ણને કલ્પવૃક્ષ કહેલા છે. કલ્પવૃક્ષની અંદર સર્વ ભરી મૂક્યું નથી; છતાં જેમ એ ઇચ્છા પૂર્ણ કરે છે, તેમ શ્રીકૃષ્ણનું પણ છે.

આ પ્રમાણે ગોપીજન ભક્તોની ભાવના પૂર્ણ થવા માટે શ્રીકૃષ્ણે તેમને આપેલું વચન પાળવાની ખાતર શરદ્પૂર્ણિમાની રાત પસંદ કરી. વળી કામદેવનો પરાજય કરવો હતો, એટલે તેનાથી પણ અધિક સામર્થ્ય બતાવવું જોઇએ, અને તે માટે સામગ્રી પણ અપૂર્વ જોઇએ, તેથી પ્રથમ સ્થળ તથા સમય પસંદ કર્યાં અને પછી વેણુના સામવેદના મંત્રોના સ્વરથી ભક્તોને સંકેતથી બોલાવ્યા. ઇચ્છિત જનને બોલાવવાનું આ વેદના સ્વરોમાં બળ છે. જે સ્વર ગાય વાછડાં પણ ઓળખી શકતાં તે પછી ગોપીઓ સમજે તેમાં આશ્ચર્ય શું ? સ્વર સાંભળવા સાથે જ એ સર્વને પ્રવૃત્તિની વિસ્મૃતિ થઈ, અને બ્રહ્મમયતાનું સ્મરણ રહ્યું, અને તેથી પ્રભુના ચરણમાં ગોપીઓ ચાલી ગઇ.

સાધારણ સારી વાંસળી વાગતી સાંભળવાથી કેટલો આનંદ થાય છે ? તો પછી આ બ્રહ્મનાદના વેણુના સ્વરના આનંદનું પૂછવુંજ શું ? શ્રીકૃષ્ણ ગાનતાન, વાદ્ય, નૃત્ય વગેરે સર્વ કલાઓમાં અપૂર્વ કુશળ હતા. વનમાં શ્રીકૃષ્ણ વેણુ વગાડે, અને તે સ્વર ગોપીઓને વ્રજમાં સંભળાય, એમાં કેટલું રહસ્ય

છે! એક વખત સાધારણ સ્વર સાંભળવાથી રાત દિવસ તેનું રટણ અને ધ્યાન જાય છે તથા એકાગ્રતા થઇ જ્ઞાનબાધક વિષયો પ્રત્યવાયરૂપે આવે તેનો નિરોધ થઈ જાય છે, એ ઘણાના પ્રત્યક્ષ અનુભવની વાત છે, તો પછી રસિક શ્રીકૃષ્ણના સ્વર સાંભળનાર રસિક ગોપીઓ તેમાં તન્મય થઈ જાય, એમાં શું આશ્ચર્ય ? હારીને પાછાં ફરેલાં અને ફરતાં લશ્કરો પણ સંગીતના બળથી ઉત્તેજિત થઈ પાછાં લડવા તૈયાર થઈ ગયાં છે, અને ફત્તેહ મેળવી છે. સ્વરની તથા ગીતની જાદુઈ અસરના દાખલા દુનિયામાં દરરોજ જોઇએ છીએ, હજારો મનુષ્યો તે નાદમાં પાયમાલ થયેલા તથા થતા જોઇએ છીએ, ત્યાં પછી શ્રીકૃષ્ણની બ્રહ્મનાદ (શબ્દ બ્રહ્મ વેદ, તેમાં વળી સામવેદના મંત્રો Music of the soul) કાઢનારી મુરલિ, અને બજાવનાર ખુદ બ્રહ્મ શ્રીકૃષ્ણ ! વળી તેને સાંભળનાર ગોપી રૂપી મુક્ત જીવ; એટલે પછી પરિણામે બ્રહ્મજ્ઞાન સિવાય બીજું શું હોઈ શકે ? વેણુમાં સાત છિદ્ર હોય છે. તેમાંથી એક છિદ્રથી વગાડે ને છ છિદ્રથી ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન તથા વૈરાગ્યના પાઠ શિખવે ! વળી વેણુ તે વેદનો શ્વાસ! વેદની ઋચાઓથી ભગવાન જીવને કહે છે કે "બધું છોડીને મારી પાસે આવ." આ વેણુ વગાડવાની શી ખુબી! યશોદા તેમાં મા શબ્દ સાંભળે, તથા પશુ પોતાનું નામ સાંભળે, અને ગોપીઓને તો નામ દઇ દઈને બોલાવે ! એનું નામ **कलगीत** એટલે અસ્પષ્ટ ગીત. ઉપર કહ્યું તેમ આ સ્વર સાંભળતાં જ ગોપીઓને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું, અને તેનું એ વર્ણન પણ કરવા મંડી પડી. મયૂર જેવાં પક્ષી નૃત્ય કરવા મંડી પડે અને ભક્તિભાવ બતાવે અને બીજાં જ્ઞાન ભાવથી જોયા કરે, એમાં કેટલું રહસ્ય છે! વિષય માત્રમાંથી વૃત્તિઓ ઊઠી ગઇ અને પોત પોતાની ભાવના પ્રમાણે તેમને કામવિકાર થયો, પણ તેમનું મન શ્રીકૃષ્ણમાં હોવાથી તેમની

પાસે જતાં જ એ તન્મય થઇ, અને તેથી કામવિકાર ઊડી જતાં પ્રેમરૂપ બની ગઇ! વેણુ, પુરુષ છતાં, સ્ત્રીનો હક છીનવી લઇને અધર રસ પીએ છે, તેથી ગોપીઓને તેની ઇર્ષા આવી, પણ પાછું સમાધાન કર્યું કે પોતાના માતા પિતા, વૃક્ષ તથા નદી આદિ સર્વેને તે રસ આપે છે, તેથી એ યોગ્ય છે. વેણુએ જડત્વ મૂકી દઇને પોલાણુ સ્વીકાર્યું એટલે કે વાસનાઓ ત્યાગીને ૐ નો ધ્વનિ સ્વીકાર્યો. જ્યાં નદીઓને કમળરૂપી રોમાંચ થાય અને વૃક્ષોને ફળ રૂપી રોમાંચ અને મદની ધારા રૂપ પ્રેમાશ્રુ થાય, ત્યાં બીજાનો શો હિસાબ? વેણુનાદ એટલે કે બ્રહ્મનાદનું વર્ણન, અને તેનું ધ્યાન કરતાં ગોપીઓ તન્મય થઇ ગઇ, અર્થાત્ જીવ વાસનાનો ક્ષય કરી, મન બ્રહ્મરૂપ કરી મોક્ષ પામી શકે છે, એમ જ્ઞાનનો એમાં ધ્વનિ છે. આ ૐ ના સ્વર માટે બે અક્ષર વિશેષ કહીશું તો અપ્રાસંગિક નહિ થાય, કેમકે વેદ તથા ગીત સર્વસ્વ તેમાં છે. શાસ્ત્રમાં ૐ ને બ્રહ્મરૂપે જ કહ્યો છે.

ૐ નો ધ્વનિ તે બ્રહ્મનો શ્વાસ તથા ઉચ્છ્વાસ છે. શ્વાસ વખતે જે **सः** જેવો ધ્વનિ થાય છે, અને ઉચ્છ્વાસ વખતે **अहम** જેવો ધ્વનિ થાય છે તેનું વારાફરતી **सोऽहम्** તથા **अहंसः—हंसः** એમ ધ્વનિ થયા કરે છે. આ **सः** શબ્દ 'તે' ના અર્થમાં સર્વનામ તરીકે વપરાયો છે. સ્ત્રી પોતાના પતિને માટે ત્રીજા પુરૂષમાં બોલે છે, અને તેમાં 'તે' શબ્દ જ વપરાય છે. આ જ અર્થમાં આખા જગતના પતિને **सः** શબ્દ લાગુ પડે છે. મુસલમાની "પાસ અન ફાસ" એટલે શ્વાસ ઉચ્છ્વાસ તે 'હું હું' નો અર્થ પણ 'હું જ છું' મતલબ કે **सोऽहम्** જેવો થાય છે. પૃથ્વીના અગર બ્રહ્માંડના ફરવાથી, તેમ ભમરડો ફરવાથી જે ધ્વનિ થાય, તેવો કંઇક થાય છે, અને જેનો આભાસ કાનમાં આંગળીઓ નાખીને બંધ કરવાથી સંભળાય છે, તેવો ધ્વનિ, તે **सोऽहम्** અગર **हंसः** નો છે. **सोऽहम्** શબ્દમાંથી

'स' તથા 'ह' બન્ને નામરૂપાત્મક 'વ્યંજનો' દૂર કરશો તો શેષમાં ખરો શબ્દબ્રહ્મનો 'સ્વર' ૐ રહેશે. આ ૐ કુદરતની જ બનાવટ છે, તે માટે અનેક રીતે જોઈ શકાય છે. બાળક જન્મવા સાથે 'અ' 'ઉં' એ પ્રમાણે ૐ ના જેવો ધ્વનિ કાઢે છે. દર્દીના ટસકામાં પણ તે જ ધ્વનિ છે. પ્રાણપોકનો પણ તે જ સ્વર છે. સ્વામી રામતીર્થ તો ઇંગ્રેજી ફારસી એમ બધી ભાષાઓમાં તે જ મૂળ સ્વર જુએ છે. વળી ૐ નો મૂળ અક્ષર अ તે સંસ્કૃતમાં પ્રથમનો, ઈંગ્રેજીમાં 'એ' તે પ્રથમનો, ફારસી અરબીમાં 'અલેફ' પણ પ્રથમનો છે. ઈંગ્રેજી શબ્દોમાં શરૂઆતમાં જે ઓમ્ની Omni પ્રત્યય આવે છે જેમકે Omni-present સર્વવ્યાપી, Omnipotent સર્વ-સત્તાધારી વગેરેમાં પણ તે જ ધ્વનિ જુએ છે ઇંગ્રેજી તથા હીબ્રુ 'એમેન' amen તથા આરબી 'આમીન' પણ તે જ ધ્વનિસૂચક મનાય છે. ફારસી 'અ' તે 'હું છું' અર્થમાં વપરાય છે તે પણ તે જ ધ્વનિદર્શક છે. આ ઉપરાંત આનંદ, આશ્ચર્ય કિંવા ભયદર્શક ધ્વનિ પણ તે જ છે. ગાયનનું મૂળ પણ તે જ છે; સૃષ્ટિનું સર્વસ્વ પણ તે જ છે. ૐ માં અ, ઉ, મ્ અર્ધમાત્રા અને બિંદુ એમ પાંચ સ્થિતિ, તે દરેકના અનેક અર્થ છે. 'અ' કેવળ નિર્વિકારી છે. ગળામાંથી નિર્વિકાર ધ્વનિ 'અ' નીકળે છે. 'ઉ' બોલતાં બે હોઠ નજીક આવવાનું કરે છે, એટલે કે ઇશ્વર અને માયાનો સમાગમ થયાનું સૂચક છેઃ અને 'મ્' અક્ષરથી હોઠ ભેગા થઈને સૃષ્ટિનું ઉત્પત્તિસૂચક છે, અને અર્ધમાત્રા તથા બિંદુ એ બ્રહ્મનું ત્રિગુણાતીત સ્થાન 'સૂચક' છે. વળી ૐ નું બિંદુ તે બ્રહ્મ, તેની નીચે અર્ધમાત્રા તે માયા અને ૐ તે માયાની છાયાસૃષ્ટિ, અને ૩ નાં ત્રણ પાંખડાં તે ત્રિગુણાત્મક સૃષ્ટિની છાયા. આ ૐ કાર ઉપર જેટલું કહેવાય તેટલું ઓછું છે, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઋગવેદ, યજુર્વેદ, સામવેદ; ભૂઃ ભુવઃ સ્વઃ; સત્ત્વ, રજ, તમ; જાગ્રત,

સ્વપ્ન અને સુષુપ્તિ, (અર્ધમાત્રા તે તુરીય અવસ્થાદર્શક છે.) ઉત્પત્તિ, સ્થિતિ અને લય; સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ; વિરાટ હિરણ્યગર્ભ અને ઇશ્વર; વિશ્વ, તેજસ્ અને પ્રાજ્ઞ વગેરે અનેક ત્રિપુટીઓ તેમાં છે. **तत्त्वमसि** પણ તેમાં છે. ૐ માંથી અ ૧ સંખ્યા દર્શક છે, એટલે કે અદ્વૈત બ્રહ્મ બતાવે છેઃ ' ઉ ' એટલે ' એજ ' ' મ્ ' ૨૫ સંખ્યા દર્શક છે, સાંખ્યનું પચીસમું તત્ત્વ જીવાત્મા, આ પ્રમાણે આ ત્રણે અક્ષરોનો સામટો અર્થ **तत्त्वमसि** દર્શક થાય છે. ૐ નાં પાંચ અંગ તે વળી પંચાયતનદેવ, પંચમહાભૂત, પાંચ પ્રાણ એમ અનેક છે, એક ઇસ્લામી ગૃહસ્થ કહે કે ' અ ' અને ' મ ' વચ્ચે સર્વસ્વ છે. ' અ ' તે પહેલો અક્ષર ' અલેફ ' ' મ ' ' મીમ. ' ' મીમ ' નો ' મ ' તે **મહમદ** સૂચક અને ' અ ' તે ' **અલ્લાહ** ' સૂચક, **મહમદથી અલ્લાહ** ઓળખાય. અર્ધચંદ્ર તે ખુદાની રોશની, તેજ છે. ફારસીમાં જમણી તરફથી વંચાય તેથી **મહમદ** પ્રથમ, ને પછી **અલ્લાહ** છે. કુરાનમાં શરૂમાંજ 'અ' 'લ' 'મ' અક્ષરો તે ૐ જેવા છે. **अहंब्रह्मास्मि** નો એમાં ધ્વનિ છે.

ઉપર મુજબ રાસલીલાના ઉત્તેજક **શ્રીકૃષ્ણના વેણુનાદ**–શબ્દબ્રહ્મ ૐ કારનું સહજ દિગ્દર્શન કર્યું. હવે રાસલીલા વસ્તુનું કંઈક નિરીક્ષણ કરીએ. પરંતુ તે પહેલાં કદંબલીલા માટે બે અક્ષર કહેવાની જરૂર છે; કારણ કે કદંબલીલામાંથી જ રાસલીલાનો ઉદ્ભવ થયો છે. કદંબલીલા, એટલે સંસારનું રહસ્ય. તે નહિ સમજનાર ગૃહસ્થો લીલાની બહુ હાંસી કરે છે, પરંતુ વિવેક શીખે તો જ ગમ પડવા સંભવ છે કેવળ જડવાદ કદંબલીલાને એક અડપલા બાળકનું માત્ર અડપલું માની શકે છે. પણ ઐતિહાસિક સ્વરૂપ ઊંચું હોય તો હકીકત એવી બની હતી કે, ગોપકન્યાઓએ કાત્યાયની વ્રત કરીને છેવટના ત્રીસમે દિવસે

પૂર્ણાહુતિમાં શ્રીકૃષ્ણને પતિ તરીકે માગ્યા હતા. વ્રતનું ફળ દેવા માટે ઉપર કહેલા છેવટના ઉજવવાને દિવસે, ગોપીઓ કલિનો નાશ કરનારી કાલિન્દિ નદીમાં નવસ્ત્રી થઇને સ્નાન કરવા પડેલી હતી. તત્ત્વજ્ઞાનની દષ્ટિમાં આ વ્રત માયાની કૃપા મેળવીને તેનું આવરણ દૂર કરી પુરૂષનાં દર્શન કરવા અર્થે સમજવાનું છે. શ્રીકૃષ્ણ તે વખત બધીનાં કપડાં ભેગાં કરી, જીવન અથવા સંસારરૂપી કદંબના ઝાડ ઉપર ચઢી ગયા. ગોપીઓમાં તે વખતે તેવો રિવાજ હોવાથી એ પ્રમાણે કર્યું હશે એમ અનુમાન થાય છે. હવે જુઓ કે ગોપીઓની ઉમર તો સાત આઠ વર્ષની હતી; પરંતુ લીલા માટે એ મુગ્ધા દેખાતી હતી. તેઓ મુગ્ધા ન હતી, પણ કિશોરી હતી. તે વિના લીલા કેમ થઈ શકે ? ગોપીઓએ જળમાં રહીને વસ્ત્ર માગ્યાં, ત્યારે બહાર નીકળીને પોતાની પાસે આવીને લઈ જવા શ્રીકૃષ્ણે કહ્યું. સ્ત્રીની સાહજિક મર્યાદાથી તથા લજ્જાથી ગોપીઓએ તે પ્રમાણે કરવા ના પાડી, પણ બાળયોગી શ્રીકૃષ્ણને તેમની લજ્જા મુકાવવી હતી, કેમકે તે સિવાય ક્રીડા થઈ શકેજ નહિ. લજ્જા રૂપ માયાને દૂર કર્યા સિવાય પુરૂષનું દર્શન અથવા જ્ઞાન પ્રાપ્ત થઈ શકે નહિ, તે માટે એ બોલ્યા કે, "ઊંચા હાથ કરી માથા ઉપર મૂકી સૂર્યને (સૂર્ય દેવનો અપરાધ કર્યો, કેમકે સૂર્યોદયની પૂર્વે સ્નાન કરવાને બદલે સૂર્યોદય પછી નગ્ન અવસ્થામાં સ્નાન કર્યું તેથી) નમસ્કાર કરીને પછી વસ્ત્ર લઈ જાઓ." માયા રૂપી વસ્ત્ર જે નાંખી દેશે તેનેજ પુરૂષનાં દર્શનની આશા સમજવી! વ્રત કર્યા છતાં નગ્ન નાહીને વ્રત ભંગ કર્યું તથા સૂર્યદેવનો દ્રોહ કર્યો તેના શાસન અર્થે લજ્જા રહિત થઈ સૂર્યને નમસ્કાર કરીને વસ્ત્ર લઈ જવાનું કહ્યું છે. 'નગ્નાવસ્થા' શબ્દમાં પણ બહુ રહસ્ય છે. આદમ તથા ઈવનું સ્વરૂપ ખ્રિસ્તિ ધર્મમાં તદ્દન નગ્ન બતાવ્યું છે તેમાં પણ તેજ રહસ્ય છે. માયાના આવરણ રહિત

આત્માનો ધ્વનિ છે. **અનસૂયા** માતાનું પારખું જોવા **બ્રહ્મા, વિષ્ણુ** અને **મહેશ** ગયેલા તેમણે પણ નગ્નાવસ્થામાં માતુશ્રી પાસે ભિક્ષા માગી હતી. **શુકદેવજીને** દેખીને સ્નાન કરતી અપ્સરાઓ કેમ અચકાઈ નહિ? આ બધામાં રહસ્ય ખૂબ સમજવાનું છે. **કલ્કી** અવતારની યોજનામાં પણ **અસ્ત્ર શસ્ત્ર** મૂકીને કેવળ નગ્ન હાથથી જ યુદ્ધ કરીને જીતવાનું કહેલું છે. આત્માને એકલા 'નગ્ન' આત્માથી જ પ્રાપ્ત કરવાનો છે **એમ વેદ** કહે છે. માયા પટલ દૂર થાય એટલે આત્મા આત્માને ઓળખી શકે છે. **શ્રીકૃષ્ણે** કેવળ શરણાગતિનો બોધ આપેલો છે. **ક્રાઇસ્ટ** પણ શું કહે છે ? ઘરબાર, માબાપ, છોકરાં, ભાઇબ્હેન બધું છોડીને આવવાનું કહે છે. કહે છે કે " મારા કરતાં માબાપ તથા પુત્ર પુત્રીને વધારે ચાહશે તે મારી પાસે આવવાને લાયક નથી" (મેથ્યુ ૧૦–૩૭ તથા ૧૯–૨૯). એટલું જ નહિ પણ આગળ વધીને કહે છે કે "મ્હારી પાસે આવે તો માબાપ, સ્ત્રી, પુત્રપુત્રી, ભાઇબ્હેન બધાંનો તિરસ્કાર કરવો જોઇએ," એથી પણ આગળ વધીને કહે છે કે "પોતાના જીવનો પણ તિરસ્કાર કરવો જોઇએ " (લ્યુક ૧૪–૨૬). આ પ્રમાણે સર્વસ્વ ત્યાગ કરીને એક પ્રભુને ભજવાનો બોધ **શ્રીકૃષ્ણે** અહિંથી શરૂ કર્યો છે. રાસલીલાનો પ્રસંગ પણ તે જ સિદ્ધાંત શીખવે છે. ગોપીઓને પ્રેમ ગુફામાં સ્વીકારી અને ઋષિપત્નીઓને નહિ સ્વીકારી, તેમાં પણ તે જ સિદ્ધાન્ત છે. પ્રાકૃત શૃંગાર સંબંધ ગણતાં પણ, પતિ સમક્ષ લજ્જા હોય ? ગોપીઓ **શ્રીકૃષ્ણની** દરખાસ્ત સ્વીકારીને વસ્ત્રો લઈ ગઇ. વસ્ત્રો મળ્યાં છતાં બાળાઓ ત્યાંથી ખસી નહિ, એટલું જ નહિ પણ તેમણે ભોગવિલાસ દિવ્ય પ્રેમાનંદ માટે સ્પષ્ટ માગણી કરી; ત્યારે **શ્રીકૃષ્ણે** તેમની કસોટી કાઢવા માટે એ માગણીને પ્રાકૃત રૂપ આપીને વ્યભિચાર વિશે બોધ કર્યો. તોપણ એમણે ન માન્યું, અને દૃઢ નિશ્ચય બતાવ્યો; પણ એમનામાં જરાક પકવતાની ખામી લાગવાથી એમને વચન

આપ્યું કે, "શરદ્ઋતુમાં તમારી સાથે ક્રીડા જરૂર કરીશ." આ પ્રમાણે વચન મળ્યું ત્યારે જ ત્યાંથી ગોપીઓ ખસી ગઈ. સંસારનાં સુખ ભોગવી ચૂકયાથી સંસારની વાસનાઓ ગોપીઓને છૂટી ગઈ હતી. પૂર્વના સંસ્કારની જ એ ખૂબી છે. આગલી કમાણી એમને કામ લાગી. વચન લઈને શરદ્ઋતુમાં ગોપીઓ (આ ક્રીડા વખતે પરણેલી પણ કેટલીક હતી) હાજર થઇ, ત્યારે પણ તે જ વ્યભિચાર વિશેનો બોધ શ્રીકૃષ્ણે આપ્યો; છતાં પણ એમની દૃઢ શ્રદ્ધા જોઈ, તેથી ક્રીડા કરી, અને રાસ રમ્યા. અથવા કહીએ કે કવિ, ભકત અથવા ગોપીનાં હૃદયમાં રાસ રમાયો. કામદેવને જીતવા માટે સામગ્રી તેવી જ કરીને જય મેળવ્યો છે; તે સાથે, પ્રાકૃત કામ દોષયુક્ત છે તે પ્રસંગોપાત બતાવવાનું શ્રીકૃષ્ણ કિંવા વ્યાસ ભગવાન ચૂકયા નથી. દોષ દેખાય તો જ વૃત્તિ તેમાંથી બદલાય છે. આ કદંબલીલા અથવા વસ્ત્રહરણ ક્રીડા શ્રીમદ્ભાગવત સિવાય અન્ય સ્થળે દેખાતી નથી.

હવે રાસલીલાનું નિરીક્ષણ કરીએ. આગળ ઘણીવાર કહ્યું છે કે રાસનું સ્વરૂપ સમજવાના કેવળ શુષ્ક જડવાદી અધિકારી નથી. માણસ સાધનસંપન્ન થઈને ભક્તિ તથા જ્ઞાનયુક્ત થાય, ત્યારે જ ખરા રહસ્યની તેને કંઈક ઝાંખી થઇ શકે. રાસનો મુદ્દો વાસ્તવમાં કામદેવનો ગર્વ ઉતારવાનો છે. કામદેવ પ્રાણીમાત્રને માયામાં ફસાવે છે પણ શ્રીકૃષ્ણ તેને કહે છે કે "હજારો અપ્સરાઓમાં હું રમું છું છતાં કેવો અલિપ્ત રહી શકું છું, તે જોઈ લ્યો; તમારું હોય તેટલું સામર્થ્ય મારા પર અજમાવી લ્યો; હું અને ગોપીઓ બન્ને કેવાં અલિપ્ત રહ્યાં છીએ ?" રાસ પંચાધ્યાયીના પ્રથમના શ્લોકની ટીકામાં શ્રીધર સ્વામી કહે છે કે **शृंगारकथोपदेशेन विशेषतो निवृत्तिपरेय पंचाध्यायी** એટલે શૃંગાર તો માત્ર છળ છે; વાસ્તવમાં માયાથી મુકત કરીને મોક્ષદાયી છે.

માણસ માત્રનો પ્રયાસ આત્યંતિક સુખને માટે છે. આત્યંતિક સુખ ધર્મના બળથીજ પ્રાપ્ત થાય છે. ધર્મનો પાયો અભેદ છે. એ અભેદનો પ્રત્યક્ષ બોધ આપનાર શિક્ષક અથવા ગુરુ, તે શ્રીકૃષ્ણ; યોગ્ય શિષ્ય તે ગોપીજન; અને તેમને માટેનો પાઠ તે રાસલીલા છે. ષડ્દર્શનોએ કર્મ, જ્ઞાન, તત્ત્વ વગેરેનો બોધ સારી પેઠે આપ્યો; કર્મેન્દ્રિયો તથા જ્ઞાનેન્દ્રિયોને ખોરાક સારી પેઠે મળ્યો; પરંતુ હૃદયને કંઇ મળ્યું નહિ. ભકિત વગરનું કર્મ તથા જ્ઞાન શુષ્ક હતાં, પ્રેમભકિતના ભાવોમાં દાસ્ય, સખ્ય અને વાત્સલ્ય એ ત્રણે પ્રકારના ભાવ કરતાં ચોથો મધુર ભાવ એટલે સ્ત્રી પુરુષનો અથવા આશક માશુકનો ભાવ અતિ તીવ્ર છે. આ પ્રકારના ભાવની ભકિતમાં પ્રેમ જેમ સ્વામિત્વ તેમ સેવા પણ સ્વીકારે છે. આવું ઐકય અથવા અદ્વૈતપણું બીજા કોઈ ભાવમાં નથી એતો સ્પષ્ટ જ છે. આનો કાંઇક અનુભવ માત્ર શ્રી ગૌરાંગ પ્રભુના ભકતોને થયેલો દેખાય છે. ભકિત માટે શૃંગાર રસ ઉપયોગી છે. આ શૃંગાર રસથી માયાનું આવરણ ભેદી, જીવ શિવનું ઐકય અથવા અભેદ બતાવવા માટે રાસ રમાયો છે. અધિકાર પ્રાપ્ત કર્યા સિવાય કોઇને પણ તેની ઝાંખી થવી મુશ્કેલ છે. ભકિત યા પ્રેમ અથવા શ્રદ્ધાની ટિકિટ સિવાય કેવળ શુષ્ક જડવાદીનો એના હૃદયમાં પ્રવેશ અસંભવિત છે. શૃંગારના દેખીતા પ્રાકૃત વિષમ આવરણ નીચે પ્રભુ સાથેના ઐકયનો કોમળ સંબંધ રહેલો છે.

પ્રથમ તો વિચાર કરો કે, સાત આઠ વર્ષનું બાળક આ ક્રીડા કરી શકેજ કેમ? વળી તેમાં ખાસ જુઓ કે, હાલના જમાનામાં પણ પંદર સોળ વર્ષ સિવાય પુરુષત્વ પ્રાપ્ત થઈ શકતું નથી. સાધારણ બુદ્ધિનો માણસ પણ વ્યભિચારનો આક્ષેપ કરતા પહેલાં આ કારણથી જ આંચકો ખાશે. વળી શ્રીકૃષ્ણનું સ્વરૂપ સમજીને પછી શંકા કે પ્રશ્ન કરવામાં આવે તો પણ ઠીક. એમને

કેવળ મનુષ્યત્વજ અર્પણ કરવું હોય, તો તેનો ઇલાજ નથી. વળી જુઓ કે, ફોઇ ભત્રીજી, માસી ભાણેજ, નણંદ ભોજાઇ, કદાચ મા દીકરી, બ્હેનો એમ નાની મ્હોટી મળીને અસંખ્ય ગોપીઓ સાથે ન્હાનું બાળક એકજ સમયે કેમ રમી શકે? વળી આગળ વધીને જુઓ કે, શ્રીકૃષ્ણનો વેણુનાદ સાંભળવા સાથે જ રાતમાં તે રાતમાં કેટલીક તો શણગાર પણ સજ્યા વગર બાળક ધવરાવતાં, દૂધ દોહતાં, ખાતાં, પીતાં, પીરસતાં, દૂધ ઉકાળતાં એમ દરેક કાર્ય કરતાં પડતાં મૂકીને, કેટલીક અવળ સવળ કપડાં તથા દાગીના પહેરીને, તેમજ શણગાર સજીને, કેટલીક રાતના પોષાક સજેલા તે જ ધારણ કરીને એકમેકથી છાની આવેલી તે પાછી ભેગી થઇને એક અવાજે કામવિકારથી પરવશ અવસ્થામાં પણ શ્રીકૃષ્ણમય થઈને દિવ્ય પ્રેમ સમજાવવા પ્રાકૃત ભાષામાં નિર્લજપણે માગણી કરે, એને શું કહેશો? વળી એક એકની ઇર્ષા પણ નહિ, તેનો કંઇ ખ્યાલ કરો. શ્રીકૃષ્ણભાવમાં પોતાનું એ અસ્તિત્વ જ ભૂલી ગઈ, તેને શું કહેવું? પ્રાકૃત કામની અંદર આવો સંભવ ખરો? માગણી થાય, તે પણ આ નાના બાળક પાસે! એ બાળકને તમે શું કહેશો? ગમે તેટલા જડવાદી થાઓ અને ગમે તેટલો ભાગ માનો, તો પણ એ બાળકને કોઈ અપૂર્વ અથવા આમાનુષ તો કહેવુંજ પડશે. જડવાદી હમણા હમણાં કંઇક સુંવાળા થતા જાય છે. તેઓ યોગવિદ્યા અથવા પાશ્ચાત્ય આધુનિક સ્થિરિચ્યુએલીઝમના નામથી ઓળખાતી વિદ્યાનું અવલંબન કરશે તો પણ સમાજના કંઈક માર્ગ ઉપર એ આવી શકશે.

કોઇ જિજ્ઞાસુને એમ શંકા થાય કે, ભગવાન થઇને કોઇના પતિ કેમ થવાય? એ તો સર્વનો પિતા છે તો પછી પતિ કેમ

થઇ શકે ? પરંતુ વિચાર કરો કે, જ્યાં મનુષ્યત્વના ગુણદોષ ટુંક મુદતમાં પ્રત્યક્ષ બતાવવા હોય, ત્યાં પછી પ્રેમમાર્ગમાં સ્વામિત્વ કેમ ન બતાવે ? પરમેશ્વરે મનુષ્યની લીલા કરી બતાવવા માટે મનુષ્યરૂપ પતિપણું સ્વીકાર્યું, તો તે માગણીદારની માગણી તો શું પણ અપૂર્વ આર્જવના કારણથી હતું. જેનો જેવો ભાવ હોય તે રૂપે પ્રભુ તેને પ્રાપ્ત થાય છે. વાસ્તવમાં તો અનેકવાર કહ્યું છે તેમ તે શ્રીકૃષ્ણની પત્નીઓજ હતી. કલ્પવૃક્ષમાં કંઇ બધું ભરી મૂક્યું નથી, પણ આશ્રય લેનારની ગમે તેવી ઇચ્છા હોય તે અભેદભાવે પૂર્ણ કરે છે. તે જ પ્રમાણે શ્રીકૃષ્ણ કોઇના પિતા થયા. કોઇના મામા થયા તો કોઇના ભાણેજ થયા, કોઇના કાકા થયા, કોઇના ભત્રિજા થયા, કોઇના મિત્ર થયા તો કોઇના શત્રુ થયા, કોઇના સાળા થયા તો કોઇના બનેવી થયા, આ પ્રમાણે પોતે નિર્વિકાર તથા અલિપ્ત હોવા છતાં પણ અનેક તમાશા કર્યા, તો પછી રાસ મસ્ત કવિ તથા ભકતની મરજી મુજબ પતિ થવાને શું વાધો ? વળી આ તો મૂળનો સંકેત જ હતો. પ્રભુ બધાંનો બધી રીતે સગો છે. તેમાં નવો સંબંધ છેજ નહિ. આખા બ્રહ્માંડના એ પતિ છે. તો પછી બિચારી ગોપીઓ માટે શા સારૂ બાધ જોઇએ ? રાસ પંચાધ્યાયીના પ્રથમ અધ્યાયના ૧૯ મા શ્લોકમાં પૂર્ણ ખુલાસો છે. વાસ્તવમાં પ્રભુ જ સાચો પતિ પુત્ર, મિત્ર વગેરે, અને સંસારના ઉપપતિ, ઉપપુત્ર, ઉપમિત્ર, સમજવાના, એ રહસ્ય સમજવાનું છે. રાવણ, શિશુપાળ આદિ દુશ્મનની ભાવનાવાળાના પતિ ખરા, અને ગોપીના નહિ ? દેવ દર્શનમાં પતિ સાથે હોવા છતાં, સ્ત્રીઓ ભગવાનને સાચા પતિ કહીને બોલાવે છે, તેમાં શું રહસ્ય છે ? આ 'પતિ' તે પતિઓના હૃદયમાં રહેલો સર્વનો 'પતિ' એટલે કે માલિક સમજવાનો છે. એ ગોપીઓના હૃદયમાંજ હતા, ત્યાં પછી બહારનો સ્પર્શ કેમ સંભવે ? બાહ્ય ઇન્દ્રિયનો સંબંધ જ ત્યાં નથી.

પતિવ્રતા સ્ત્રીના પતિમાં જ શ્રીકૃષ્ણનો વાસ છે. એ પતિની ભક્તિ, તે જ શ્રીકૃષ્ણ પતિની ભક્તિ છે. ગોપીઓએ શ્રીકૃષ્ણને પતિપણું આપીને સર્વસ્વ માલિકી તેને સોંપી દીધી હતી, અને પોતાનું 'સ્વ' પણું તદ્દન છોડી દીધું હતું. પ્રાકૃત જારબુદ્ધિ કહો, તો પણ તે કોનામાં? શ્રીકૃષ્ણ પ્રભુમાં? પ્રભુને 'જાર' શબ્દ લાગુ પડી શકે ખરો? ગોપીઓ શ્રીકૃષ્ણના શરીરમાં વસ્ત્રાલંકારમાં, હલન ચલન વગેરે તમામમાં સૂક્ષ્મ દૃષ્ટિથી ભક્તિ સાથે પ્રત્યક્ષ જ્ઞાન જુએ છે; એટલે વિજ્ઞાન, જેને અપરોક્ષ જ્ઞાન કહીએ, તેનો અનુભવ સાક્ષાત્ લે છે. જ્યારે સર્વસ્વ તેમાં જુએ, તો પછી તેના વિશે પતિપણાનો અપવાદ શા માટે જોઇએ? સ્ત્રી વર્ગમાં મૂળથી જ કામ તથા શૃંગારનાં બીજ હોય છે, એટલે તે વિકારથી પણ બધું પડતું મૂકીને એ ગઇ ખરી; પણ કોની પાસે? શ્રીકૃષ્ણ પાસે; અને બધું અર્પણ પણ કોને? પ્રભુભાવે શ્રીકૃષ્ણને; પોતાના ખરા પતિને! કેવળ દિવ્ય પ્રેમ સિવાય તેમાં બીજું કંઇ નથી; ત્યાં પંચમહાભૂતના શરીરની વાતને અવકાશ જ કયાંથી હોય?

વળી જુઓ કે દોષ મૂકનારા એટલું પણ જોઇ શકતા નથી કે, કદંબલીલા અથવા વસ્ત્રહરણ ક્રીડા વખતે શ્રીકૃષ્ણ એકલા ન હતા, પણ ગોપ બાળકો ભેગા હતા; તેમાં પણ રાસ વખતે તો દેવો અને તેમની સ્ત્રીઓ, ગાંધર્વ અને તેમની સ્ત્રીઓ દેવર્ષિઓ ઋષિ મુનિઓ વગેરે અનેકની સમક્ષ રાસ રમાયો. વળી મોટાભાઇ બળરામ સાથે હતા એમ વિષ્ણુપુરાણ કહે છે. આ ઊંચામાં ઊંચી કોટીના જીવો ઉપરાંત આ નાચનો સાથ કરવા માટે દેવો દુંદુભી વગાડીને તાલ આપે, તાંડવપ્રિય શંકર સાક્ષાત જોવા આવે અને કૃષ્ણની યોગશક્તિ જોઈને આનંદ પામે તેમ ગોપીઓના ભાગ્યને વખાણે એને શું કહેશો? શંકર કહે કે "આવો સંયમ કરે તે જ

બ્રહ્મમય થાય, એમ શ્રીકૃષ્ણે બતાવ્યું. "વળી આ નાચના સંગાથમાં ગાંધર્વ ગાયન કરે નર્તકીઓ નાચે, બંદીજનો વખાણ કરે એમ ગીતવાદ્ય શાસ્ત્રના નિષ્ણાતો તાલસૂર આપીને સંગાથ કરે, દેવ તથા ગંધર્વની સ્ત્રીઓ મોહ પામી જાય, પુષ્પોની વૃષ્ટિ કરે ઋષિમુનિઓ ભ્રમરનું રૂપ લઇને ગુંજાર કરે, આ બધાને શું કહેશો? ચંદ્ર બિચારો એટલો લુબ્ધ થઇ ગયો કે ત્યાં જ સ્તંભી ગયો, અને તેથી છ મહીના સતત રાત રહી, એવી કલ્પના કરી છે.

આ બધા સમારંભને શું કહેશો ? ચાર સ્ત્રીઓ હાલ પણ ગાતી હોય તો બધું ગજાવી મૂકે છે. પાંચ પચીસ સાથે ગાતી હોય તો પણ બધાનો જાણે એક જ સ્વર હોય એમ સંભળાય છે. આવા પંચમ સ્વરના મહાન ધ્વનિવાળા ગાયનથી આકર્ષાઇને ત્રિલોકના વાસીઓ આકર્ષાયા. આવા પ્રસંગને વ્યભિચારની ભાષાનો અંશ પણ લાગુ પડી શકશે ? વળી તેથી પણ વિશેષમાં જુઓ કે જોનારમાંથી ઊંચી કોટીના જીવો વ્રજમાં અવતાર લેવામાં જીવનનું સાર્થકપ્ય માને, એનો શો અર્થ ? ખૂબ ખ્યાલ કરવા જેવી વાત છે કે, ચાંદની રાતમાં બારણાં બંધ કરીને નહિ, તેમ જ ઓરડામાં ઓસરીમાં, આંગણામાં કે કંમ્પાઉંડમાં પણ નહિ, ખૂણે ખાંચરે નહિ, લંડનની પીકેડેલી અગર મુંબઇના 'ફોકલાંડરોડ' ઉપર નહિ, તેમ જ તેવી કોઈ પણ નામીચી જગ્યામાં નહિ, પરંતુ વિશાળ ખુલ્લા મેદાનમાં, હજારો માણસોની સમક્ષ રાસ રમાયો છતાં કોઈ પણ ગોપીને ઠપકાનો એક અક્ષર પણ ન કહે, એ શું દર્શાવે છે ? આ દિવ્ય ભવ્ય ક્રીડાને વ્યભિચાર કહેનાર માણસ કેવળ દયાને જ પાત્ર સમજવાનો છે. વ્યભિચારની કાયદેસર અથવા લૌકિક વ્યાખ્યાથી કે તેના અનુભવથી ભાગ્યે જ કોઇ અજાણ્યું હશે. પામર ટીકાકાર બીચારો વ્યભિચારની વાત સાચી માને અને તે સાથે શ્રીકૃષ્ણ સાત આઠ વર્ષનું બાળક હતું એ

ન માને તેનો શો ઇલાજ? એ ઊર્ધ્વરેતસ્ હતા તો પછી વ્યભિચાર કેવો? શ્રીધર સ્વામી અવરુદ્ધ સૌરતનો અર્થ એ પ્રમાણે કરે છે. પરંતુ બંગાળી ગોસ્વામી વગેરે 'રતિ'નો અર્થ માત્ર ક્રીડા કરે છે.

ફરી ફરી કહેવાની જરૂર પડે છે કે, આ અદ્‌ભુત શૃંગાર-રસમય ભક્તિનું ભાન થવા માટે સંસ્કારની અપેક્ષા રહે છે. શુકદેવ જેવા બાળ બ્રહ્મચારી અને બ્રહ્મજ્ઞાની જ આ રસનો સ્વાદ ચાખી શકે; અને તેથી તેમણે ગોપીઓને સંન્યાસિનીની ઉપમા આપેલી છે. ગોપીઓના સંસ્કાર તથા અધિકાર કેટલા હતા તે જોવું હોય તો શ્રીકૃષ્ણે ધર્મશાસ્ત્રાનુસાર ઘેર જવા કહ્યું ત્યારે ગોપીઓએ આપેલો ઉત્તર જોવાથી સમજાશે. એના શબ્દે શબ્દમાં બ્રહ્મજ્ઞાન ભરપૂર છે.

આ સ્થૂળ રાસને સૂક્ષ્મમાં સમજવો હોય તો તેને ગુપ્ત કહેવામાં હરકત નથી. કેમકે પ્રકૃતિ પુરુષનો સંબંધ અવ્યક્ત એટલે ગુપ્ત જ હોય છે. દિવ્ય ચક્ષુયુક્ત બ્રહ્મજ્ઞાની જ તેને સમજી શકે. સુફીના જ્ઞાનદર્શક શૃંગારના શબ્દો માફક શરીરરૂપી વૃન્દાવનમાં, પ્રેમરૂપી યમુનામાં, આત્મરૂપી શ્રીકૃષ્ણ, વૃત્તિરૂપી ગોપીઓ સાથે સતત રાસ રમ્યા જ કરે છે.

આ રાસલીલામાં શંકાશીલને એક સહજ શંકા થવા જેવું છે કે, એક કૃષ્ણના અનેક થયા તે શું? જડવાદી ભલે એમ સંતોષ માને કે, રાસલીલાને વર્ણન માટે સાહિત્ય આપવાની ખાતર બળવાન શ્રીકૃષ્ણ દવા દારૂથી મસ્ત બનીને એક છતાં હજારો જેવા લાગ્યા હોય, અગર પોતાના ગોપ મિત્રોને પોતાના જેવા વેશ આપીને ગોપીઓના કોડ એમણે પૂરા કર્યા હોય, અથવા આગળ જરા વધવું હોય તો યોગબળથી દરેક ગોપીની એવી નજર-બંધી કરી દીધી કે પોતાની પાસે જ શ્રીકૃષ્ણ છે એમ એ માનવા લાગી, અથવા સ્થૂળ દેહ ત્યાગ્યા પછી ભક્તોના સૂક્ષ્મદેહો

કૃષ્ણ ગોપી રૂપે રાસના રસને સતત પીતા હોય! પરંતુ આ સ્થૂલ રાસમાં **શ્રીકૃષ્ણની** યોગશક્તિ તથા બ્રહ્મજ્ઞાન જ મુખ્ય તત્ત્વ છે; તેથી એ સ્થૂળની વાટાઘાટમાં પડવામાં શો લાભ છે?

આ રાસ અથવા માનો કે યુરોપિયનોનો કૃત્રિમ 'બૉલ' અગર 'ડૅન્સ' તદ્દન નૈસર્ગિક છે. તેમાં તફાવત એટલો જ કે 'રાસ' તે યુવાન અથવા પુખ્તજનનો નહિ પણ બાળકનો 'બૅાલ' હતો. નાચ એ સુધરેલી તથા જંગલી પ્રજાઓમાં સામાન્ય અને સાહજિક આનંદ દર્શક રમત છે. હિંદુસ્તાનની અર્ધ જંગલી પ્રજાઓમાં તેમજ આફ્રિકા અમેરિકાની જંગલી પ્રજાઓમાં નાચ આનંદનો આવિર્ભાવ બતાવે છે. સુરત જીલ્લાની કાળી પરજનો તેમ જ ગમે તે સ્થાનની ભીલ જાતોના નાચ હજી પણ જોવા લાયક છે. સુધરેલા વર્ગોમાં પુરુષો માંડવી ગાય, સ્ત્રીઓ રાત દિવસ થાકની પરવા વિના ગરબા ગાય, યુરોપિયન સ્ત્રી પુરુષ ભેગો નાચ કરે, એમ માણસ માત્ર આનંદમાં હોય ત્યારે નાચ કરે છે. આની સાથે ભગવાનની ભક્તિમાં જે તરબોળ થતો હોય છે, તે પણ અંદર અથવા બહાર નૃત્ય કરે છે. આ પ્રમાણે નૃત્ય અથવા રાસ આખી સૃષ્ટિમાં વ્યાપ્ત છે, તો પછી **શ્રીકૃષ્ણના** રાસ માટે શંકા શા માટે હોય. યાહુદીના પવિત્ર તૌરેત કિતાબમાં પયગંબર ઉપર બ્રહ્માના જેવા આક્ષેપો સ્પષ્ટ મૂકાયા છે. અને તેમાં વ્યભિચારનું વર્ણન ઘણું છે. તો પણ શ્રદ્ધાળુ વિદ્વાનો એ કલંકને ખોટું કહે છે, તો આ પ્રસંગ કેવળ નિર્દોષ ક્રીડાનો જ છે. તેને માટે કલંકને અવકાશ જ કયાં રહે? ખરી વાત એ છે કે માણસ પોતાની બુદ્ધિ પ્રમાણે બીજા માટે તોલ કરે છે; પોતાની દૃષ્ટિમર્યાદા પહોંચે તેટલું એ જોઇ શકે, એ સ્પષ્ટ છે; તેમાં પાછો અનુભવ અને માહિતિની ખામી, એ બીજો દોષ! કાઠિયાવાડની લાજ સુરત જીલ્લાના લોકની દૃષ્ટિમાં કેવી દેખાશે, અને સુરત જીલ્લાની રીતભાત

કાઠિયાવાડી કેવી દૃષ્ટિથી જોશે? સુરતની સ્વતંત્રતાની રીતભાતનું ગૌરવ નહિ સમજનાર તેની ઉચ્ચતર નીતિનો ખ્યાલ કેવી રીતે કરશે? અરે, યુરોપ જઈ આવેલા તમારા મિત્ર સાથે વાત કરશો તો તેનું તમે માનશો પણ નહિ; સ્ત્રીઓ મિત્ર તરીકે હોય, અગર તેની સોબતમાં વર્ષોનાં વર્ષો કાઢયાં છતાં, અન્ય સ્થળોમાં ટુંક મુદતના સહવાસમાં જે પરિણામો આવવાનો સંભવ હોય તેનું ત્યાં વર્ષો વીતે તો પણ સ્વપ્ન પણ હોતું નથી. આ વાત અહિંના અસલી માણસને ગળે ઉતરશે? સાથે હરે ફરે, જમે રમે, નાચે કૂદે, પણ દરેક પ્રસંગે નીતિના ભંગની શંકા લેવાય જ નહિ! પુરુષ પુરુષ ભેગા રહે, તેમ સ્ત્રી પુરુષો ભેગાં રહેવાનો અભ્યાસ થઇ ગયેલો હોવાથી એશિયાનાં માણસને તેનો ખ્યાલ આવી શકે જ નહિ. આ ધોરણે યુરોપિયનના નાચ અથવા અહિંના અસલી વતનીઓના જોનારને શ્રીકૃષ્ણના રાસમાં કંઈ જ આશ્ચર્ય કે વિશેષ લાગશે નહિ. આ પ્રમાણે એમણે કામદેવનો મદ ઉતાર્યો કે, આટલો સ્ત્રી સહવાસ અને રમ્યા છતાં પોતે કેવળ નિર્લેપ રહ્યા અને કામદેવ હાર્યો. જડવાદી માટે મોટી મુશ્કેલી એ છે, કે અમુકજ માનીએ અને અમૂક નહિ માનીએ; તેનો શો ઇલાજ?

રાસલીલા પછીની વનક્રીડા. રમણરેતીની ક્રીડા, જળક્રીડા વગેરે અનેક ક્રીડાઓનું વર્ણન વાંચીએ છીએ, ત્યારે વિચાર આવે છે, કે યુરોપ અમેરિકાનાં મોટાં શહેરોમાં અને તેમાં પણ ખાસ પેરિસમાં કરોડો રૂપિયા ખરચીને જે કૃત્રિમ આનંદ લેવાના પ્રયત્ન થાય છે, તે આ નૈસર્ગિક સરલ આનંદને પહોંચી શકશે? યુરોપીયનોના અભિમાનને પણ તેમાં સખ્ત પ્રહાર છે. યુરોપ અમેરિકામાં આજ સુધીમાં લાખો નાચ થઇ ગયા હશે અને હજી થાય છે, પણ તેનું નામ નિશાન છે? આના મુકાબલામાં આ એક બાળક તથા નિર્દોષ ગોપી બાળાઓનો નૈસર્ગિક

અને અપૂર્વ નાચ ઋષિ, મુનિ, દેવ, ગાંધર્વ, ભક્ત, રાજા, રંક, કવિ એમ સર્વેએ આજ સુધી ગાયો અને હજી સુધી ગાય છે, એને શું કહેશો? અદ્વૈત શિરોમણિ **શંકરાચાર્ય** પણ ગોપીભાવને શ્રેષ્ઠ કહે, તે વિશે શું કહેવું? તમામ સંપ્રદાયના આચાર્યો **શ્રીચૈતન્ય** ભગવાન, **જયદેવ** સ્વામી, **તુકારામ, એકનાથ, રામદાસ, જ્ઞાનેશ્વર** આદિ ઉત્તર દક્ષિણ પૂર્વ પશ્ચિમ એમ બધા દેશના મહાત્માઓ બોલે, એ તો ઠીક પરંતુ નિર્ગુણ બ્રહ્મના ઉપાસક **કબીર** સાહેબ જેવા કહે છે કે – "**कबीर कबीर कया करो जाओ जमुना के तीर; एक एक गोपीके प्रेममें हो गये सो सो कबीर**" તે જ પ્રમાણે **બુદ્ધ** ભગવાનને જિતેન્દ્રિય બતાવવા માટે **શ્રીકૃષ્ણનું** દૃષ્ટાન્ત બુદ્ધ કવિરાજ **અશ્વઘોષ** આપે છે. સુફી ભક્તોએ શૃંગાર જ ગાયો છે. આ આશક માશુકના પ્રેમમાં નાચ રંગ પણ આવી જાય છે. શૃંગારરસ વિનાનો ભક્તિરસ જ હોઇ શકે નહિ. હવે દ્વંદ્વના નિયમ પ્રમાણે સારું નરસું સાથે જ રહે છે; એ છૂટાં પડી શકે જ નહિ. નઠારામાં સારું અને સારામાં નઠારું મિશ્રિત છે; તેમ આ પ્રસંગમાં પણ બન્યું છે; કેમકે કાળે કરીને દરેક વસ્તુમાં વિકાર થવાનો જ. રાસની ગરબીઓનો, સુફીની કવ્વાલી, કજરી, અને ગઝલોનો અનઅધિકારીને હાથે ગેર ઉપયોગ થાય, તેમાં શું આશ્ચર્ય? બંગાળાના **શ્રીચૈતન્ય** પ્રભુના અનુકરણમાં ભાવનાનો ગેર ઉપયોગ થાય, તેમાં શું આશ્ચર્ય? કઇ સારામાં સારી ચીજમાં કાળે કરીને વિકાર થતો નથી? આ બધું ગૂઢ જ્ઞાનનો અધિકારી સમજી શકે.

હવે રાસલીલાના અંતરમાં પેસીએ. તેમાં શૃંગાર અને જ્ઞાન કેવાં ભેગાં ભળ્યાં છે, તેનો વિચાર કરીએ, **શ્રીકૃષ્ણનો** બોધ નહિ સ્વીકારીને ક્રીડાની શિર સાટે ગોપીઓએ માગણી

કરી, ત્યારે **શ્રીકૃષ્ણે** રમત ગમત કરી. રમતમાંને રમતમાં ગોપીઓને ગર્વ થયો કે, **શ્રીકૃષ્ણ** અમારા વશમાં છે. ભકતનો આ ગર્વ * ઉતારવાની જરૂર દીનવત્સલ **શ્રીકૃષ્ણને** લાગી. આ ગોપીઓમાંથી વળી એક મુગ્ધા (**રાધા**) ઉપર કૃપા કરીને એ એકાંતમાં તેની સાથે ગયા, તેની વેણી ગુંથી, ને તેને કૃતાર્થ કરી. પણ તેને પણ ગર્વ થયો એણે કહ્યું કે, " હું થાકી ગઈ છું, મારાથી એક ડગલું પણ ચાલી શકાય તેમ નથી, માટે મને ખાંધે બેસારીને લઈ જાઓ." **શ્રીકૃષ્ણે** ઘણું સમજાવ્યા છતાં જ્યારે તે ગોપીએ પોતાની હઠ ન જ છોડી, ત્યારે એને કહ્યું કે –" ઝાડની ડાળી ઝાલીને મારી ખાંધપર બેસો." ગોપીએ ખાંધપર બેસવા ડાળી પકડી, કે તરત **શ્રીકૃષ્ણ** અદૃશ્ય થઇ ગયા, એટલે કહો કે સંતાઈ ગયા. પછી બીજી ગોપીઓ **શ્રીકૃષ્ણને** નહિ દેખવાથી શોધ કરતી ત્યાં આવી, અને ત્યાં શૃંગારનાં ચિહ્ન દેખવાથી આગળ જતાં પેલી ગોપીની હૃદયદ્રાવક સ્થિતિ જોઇ. વાસ્તવમાં તો, **રાધાજીની** હઠથી એને ખાંધે લેવા એ નીચે બેઠા, પરંતુ **રાધાજીએ** બેસવા પગ ઊંચે કર્યો, ને **શ્રીકૃષ્ણ** અદૃશ્ય થઇ ગયા! **રાધાજીના** વિરહ, વિલાપ અને તમામ ગોપીઓની વિરહાનલથી થયેલી ઉન્મત્ત દશાનું વર્ણન વાંચતાં રૂંવાટાં ઊભાં થઈ જાય છે. **જયદેવ** કવિ વળી કહે છે કે જેવી રીતે **શ્રીકૃષ્ણ** અંતર્ધાન થયા, તેવી રીતે **રાધાજીએ** કરવાથી **શ્રીકૃષ્ણે** વિરહ દુઃખ બતાવ્યું હતું. મુદ્દાની વાત એ છે કે, દરેક કુટુંબમાં ન્યાતમાં, જાતમાં, દેશમાં ને ગામમાં સાત્વિક, રાજસિક અને તામસિક મનુષ્યો હોય છે તેમ જ નિર્ગુણ જ્ઞાની પણ હોય છે. એમ ચાર પ્રકારનાં મનુષ્યો હોય છે; તેથી તે લોકો પોતાની

---

*શ્રીમદ્‌ભાગવત્‌ના દશમસ્કંધના અધ્યાય ૩૦ શ્લોક ૨૮માં **अनयाराधित:** નો **राधित** શબ્દ મર્મયુક્ત છે.

ગતિ પ્રમાણે વર્તન કરે તથા બોલે. ઘણા એક માણસના મૃત્યુ પછી તેના માટે આ ચારે પ્રકૃતિવાળાં માણસો જુદી જુદી રીતે યાદ કરે છે. કોઇ તેમના સાત્વિક ગુણ યાદ કરે, કોઈ તેમના રૂપ રંગને યાદ કરે, કોઇ તેમના અવગુણ યાદ કરે, અને કોઈ તેમના આત્માને શાન્તિ મળવા પ્રભુને વિનંતિ કરે. એવી રીતે ગોપીઓના સંબંધમાં પણ બનેલું છે. એમણે સ્થાવર જંગમ સર્વને શ્રીકૃષ્ણના સમાચાર પૂછયા, તેમનાં ચારિત્રના નાટક ભજવ્યાં, તેમના જ્ઞાન અને સાત્વિક ગુણોને યાદ કર્યાં, તેમને મ્હેણાંટોણાં માર્યાં, રૂદન કર્યાં, તેમના આત્માને જંગલમાં દુઃખ પડતું હશે તે માટે ચિંતા કરી, કલ્પાંત કર્યાં, એમ અનેક પ્રકારે વિલાપ કરીને છેવટ મરણ દશામાં ગોપીઓ આવી, ત્યારે એ પાછા પ્રકટ થયા. આ પ્રસંગમાં છેવટના ભાગમાં શ્રીકૃષ્ણ અને ગોપીઓ વચ્ચે પ્રશ્નોત્તર થયા છે, તેમાં બહુ જ ચાતુર્ય અને યુકિત છે; તે ખાસ મનન કરવા લાયક છે. શ્રીકૃષ્ણ કહે છે કે, "વિરહથી પ્રેમ વધે છે માટે જ મેં નાટક કર્યું હતું, તે સિવાય તમારા પ્રેમ માટે મારી પાસે બદલો આપવા જેવું કંઇ જ નથી, તમારો હું ઋણી છું. બ્રહ્મા જેટલું આયુષ્ય ભોગવું તો પણ ઋણ મુકત થઉં નહિ. તમે મુકત થયાં અને હું તમારી સાથે બંધાઉ છું, તે તમે કૃપા કરીને મુકત કરો તો થઉં; બીજો ઈલાજ નથી." ગોપીઓએ એમને કૃતઘ્ની ઠરાવવા ધાર્યું, પ્રશ્નોત્તરીમાં આખર શ્રીકૃષ્ણ જીત્યા ખરા, પણ તે હાર્યા જેવા જીત્યા. આ વિવાદ કાવ્યશકિતનું અપૂર્વ સ્વરૂપ છે, અને સાથે જ્ઞાની ભકતને તેમાં પગલે પગલે બ્રહ્મોપદેશ પણ છે. આ ઠેકાણે સમજાશે કે ગોપીઓ સાધારણ મૂર્ખ અશિક્ષિત આહીરણી નહિ પરંતુ સંસ્કારી દેવીઓ હતી.

ગોપીઓના વિરહદુઃખનો ખ્યાલ કરવો હોય તો એક મિત્ર, સગું, કુટુંબી અથવા સાધારણ સ્નેહીને ગુમાવવાથી જે કલ્પાંત

અને રૂદન જોવામાં આવે છે, અને તેમાં વળી જો એકનો એક પુત્ર બાળવિધવા મૂકીને યુવાવસ્થામાં ઉપડી જાય, અથવા એક જ બાળકી વિધવા થાય, એ સમયે અશ્રુધારાની નદીઓ કેવી વહે છે? તેનો પૂરતો વિચાર થશે. આવા પ્રકારની અને તેથી પણ અતિ વધારે વિરહ વેદના, બ્રહ્મજ્ઞાનનો આશ્રય જે શ્રીકૃષ્ણ પરમાત્મા, તેમના સમાગમના અભાવથી, આ સંન્યાસી ગોપીઓને થતી હતી. આ વિરહવેદના મીસીસ **અંડરહિલ, સેંટ ટેરીસા, મૅડમ ગ્વાજન, સૂસો, માસિનિ,** વગેરે પાશ્ચાત્ય સંતોને થઈ છે વિરહ કોનો? જ્ઞાનનો. ઉપરનાં સંસારી કારણોથી અશ્રુપાત કરવાનો અનુભવ ઘણાંને હશે, પરંતુ વિરહની પીડાનાં પ્રેમાશ્રુ અને તે પણ પ્રભુના વિરહ નિમિતનું એક પણ અશ્રુ પાડી જુઓ અને પછી જુઓ કે, ઉપર કહેલાં તથા સંસારનાં બીજાં સંકટોનાં અશ્રુ તેમ જ તેનાં કારણો તેની આગળ અસ્તિત્વ ભોગવી શકે છે? એક પ્રેમાશ્રુ અથવા પ્રભુના વિરહ દુઃખનું અશ્રુ આખી જિંદગીનાં સંકટાશ્રુને દૂર કરે છે. આનંદાશ્રુના અનુભવનો ખ્યાલ વાણી અગર કલમથી કેવી રીતે આપી શકાય? કાવ્યશકિત તો આ પ્રસંગના વર્ણનમાં કવિ તથા ભકતોએ એવી અપૂર્વ બતાવી છે કે દુનિયામાં તેની બરાબરી કોઈ કરી શકે જ નહિ. કરૂણરસના બંબા ત્યાં ઊડે છે. આ જ્વાળાઓથી જ ઉચ્ચ કોટિના જીવરૂપી ગોપીઓનાં પાપ ભસ્મ થઇ જઇને તેઓ શુદ્ધ થઈ બ્રહ્મજ્ઞાનને પાત્ર થાય છે. ગોપીઓ કરૂણરસના વિમાનમાં બેસીને અશ્રુજળનાં બંબા ભરી ઉરાડીને એ અગ્નિને શાન્ત કરે છે. પાપ બળી જવાથી અને કૃષ્ણમય થવાથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થતાં શાન્તિ તથા આનંદનો અનુભવ લઇને અંતે એ બ્રહ્મમય થાય છે. સંસારી અને વિરક્ત બન્નેને જેમાં રસ પડે, જ્ઞાન મળે, સમજ પડે અને છેવટ જેથી

મુક્તિ પણ મળે, એવો આ પ્રેમરસ છે. આ પ્રેમરસ તથા કરૂણારસનો સ્વાદ જેણે ચાખ્યો, તેણે આ દેહનું સાર્થક્ય કર્યું એમ સમજવું. માણસમાત્રનો પ્રેમ પ્રભુ પ્રત્યે છે, તેથી બધા પ્રેમનું ધામ તે એક જ છે, એટલે તેના ઉપર જ પ્રેમ રાખવાથી આખી સૃષ્ટિનો પ્રેમ મળે છે; એ તત્ત્વજ્ઞાન ગોપીઓ બરાબર સમજતી હતી, અને તેથી જ એ પ્રેમઘેલી થઇ હતી. મુરલિના સ્વરથી આકર્ષાઇને ગોપીઓ આવી તે વખતે શ્રીકૃષ્ણે તેમને ધર્મશાસ્ત્રનો બોધ કર્યો, તેનો ઉત્તર ગોપીઓએ આપેલો છે એ જોવાથી પણ તેમના તત્ત્વજ્ઞાનનો ખ્યાલ આવી શકશે. જે શુષ્ક માનવી કામ તથા તેને અંગે પ્રાપ્ત થતા આનંદ અને વિરહના કરૂણારસનો સ્વાદ ન સમજે, તેને માટે ગોપીનો દિવ્ય પ્રેમ સમજવાની તથા તેને અંગે પ્રાપ્ય થતા બ્રહ્મજ્ઞાનની ઝાંખીની આશા જ શી? સામાન્ય માનવી અનેક પ્રવૃત્તિઓમાં છતાં દષ્ટપ્રીતિપાત્રમાં રાતદિવસ નિમગ્ન અને તન્મય થઈ જાય છે. તે જ ધોરણે ગોપીઓ દૂધ દોહતાં, દહિ વલોહતાં, મહિ વેચતાં, મૂલ્ય ઠરાવતાં એમ સંસારના દરેક વ્યવહારમાં શ્રીકૃષ્ણનું જ નામ લેતી અને બધા વ્યવહારને કૃષ્ણ નામ જ આપતી. પાણી ભરતાં, રાંધતાં, ખાતાં, પીતાં, હાલતાં, ચાલતાં, બેસતાં, ઊઠતાં, એમ રાતદિવસ તેમનું જ એ રટણ કરતી. આ જ **अहंब्रह्मास्मि**નો સાક્ષાત્કાર.

આ રાસની વળી એક ખૂબી એવી છે કે, જે ગોપીઓ રાસમાં હતી તે જ ગોપીઓને તેમના પતિ વગેરે પોતાની પાસે દેખાતી હતી, અને જે સ્થિતિમાં જતી વખતે તેઓ હતી તે જ સ્થિતિમાં તેમને એ દેખાતી હતી. દરેકનાં અધૂરાં મૂકેલાં કાર્ય પ્રભુએ તે તે સ્વરૂપ લઇને પૂરાં કર્યાં હતાં, પરંતુ આ સામાન્ય સમજમાં ઊતરે તેવું નથી. તેનો કશો ઈલાજ પણ નથી. શ્રદ્ધાનો જેને કંઇ પણ આધાર નથી. ગમે તે માને, અને ન ગમે તે ન

માને. તેથી વિશેષ ખૂબી એ છે કે, જે સાધક ગોપીઓને શ્રીકૃષ્ણને શરણે જવાની મનાઇ થઇ, તે પ્રાકૃત ગુણમય દેહને ત્યાં જ રહેવા દઇને, ચિન્મય દેહથી ત્યાં ગઈ! સૂર્ય અને સૂર્યનાં કિરણ માફક એ તદ્રૂપ થઈ ગઇ. ફરહાદની કબરમાં **શીરીન** કેમ જઇને સૂતી? એવાં દૃષ્ટાન્તો અનેક મળી શકે છે. પ્રાકૃત ગુણમય દેહ ઘરમાં રાખીને, **યોગમાયાએ** આગળ કહ્યું છે તેમ, આ દેહ છોડ્યાની વાત પ્રાકૃત અર્થમાં લેવાની નથી. આવા મંગળ પ્રસંગે એ અપ્રાકૃત ચિન્મય દેહથી ગઇ, અને તેમ કરીને સિદ્ધ ગોપીઓ કરતાં પણ પ્રભુ પાસે વહેલી પહોંચી. ગોપીઓને સ્થૂળમાં દૂરથી આવવાનું હતું, અને આ ગોપીઓ તો **યોગમાયાની** કૃપાથી એકદમ ત્યાં પહોંચી, પ્રેમની ખાતર જ ગોપીનો પ્રેમ હતો; તેમાં બીજું કંઈ કારણ નહોતું; તેથી એ પ્રેમરૂપ બની ગઈ. જાર બુદ્ધિ કોનામાં? પ્રભુમાં. પ્રભુમાં જાર બુદ્ધિ કહેવી, એનો કંઇ અર્થ છે? માર્ગ ગમે તેવો હોય, પણ પ્રાપ્ય વસ્તુને તેનો શું બાધ હોય? અગ્નિને કંઇ ભેદ છે? સાકરને ગાળ દઇને ખાશો તો પણ તે ગળપણ છોડશે? ભાવનાનો પ્રકાર ગમે તે હોય, પણ સંકલ્પ તો પ્રભુ માટેનો જ હતો. વિરહાગ્નિથી પાપ બળી ગયું અને પ્રભુનું માનસિક દર્શન થવાથી પુણ્ય પૂર્ણ થયું, એટલે એ સાધનો તે પુનર્જન્મનું કારણ જ ન હતું. આનું જ નામ મોક્ષ, અને તે જ **સોઽહમ્.**

પ્રેમની નદીનું પૂર સામાન્ય દિવાલથી રોકી શકાશે? આવા પ્રેમ માટે તો **શુકદેવજી** જન્મ થતાં જ નીકળી પડયા; **દધીચિ** ઋષિએ પોતાનાં અસ્થિ અર્પણ કર્યાં; **બુદ્ધ** ભગવાને રાજ્ય છોડયું, **ક્રાઇસ્ટે** શૂળી કરતાં પણ સખ્ત દેહાંત પીડા સ્વીકારી. **ક્રાઇસ્ટના** ભક્તો જીવતા બળી મુઆ. **મનસુરે** શૂળી સ્વીકારી. ઘણા ધર્મવીરોએ પ્રાણ ત્યાગ કર્યા. **શ્રી શંકરાચાર્ય**, **શ્રીગૌરાંગ**

પ્રભુ, જ્ઞાનેશ્વર, પરમહંસ **શ્રીરામકૃષ્ણ** અને સમર્થ **રામદાસ** આદિએ લંગોટી પહેરી, અને **નરસિંહ મહેતા તુકારામ** તેમજ **મીરાંબાઈ** આદિએ સંસારમાં રહીને લંગોટી પહેરી.

આ જીવન્મુક્ત ગોપીઓનું પરાક્રમ અપૂર્વ હતું, શું તેમનું શૂરાતન અને પરાક્રમ! રણભૂમિમાં આવા ક્ષત્રિશૌર્યને કેટલું ઊંચું સ્થાન મળે? વિક્ટોરિયા ક્રોસ એની આગળ કાંઈ હિસાબમાં નથી. આનો ભાવાર્થ એટલો જ કે ભક્તિતત્ત્વોનો પૂર્ણ પ્રયોગ કરનારને ભગવાન મળ્યા. જે ભકતોએ આ પ્રમાણે સંસાર છોડ્યો છે તેઓ જ ભકતમાળમાં દાખલ થઈ શકયા છે **તુલસીદાસજી** કહે છે કેઃ

जहां काम तहां राम नहि राम तहां नहि काम।
तुलसी दोनो क्यों रहे रवि रजनी एक ठाम॥

વળી **કબીર** સાહેબ કહે છે કે—

जब मैं था तब तुं नहि अब तुं है मैं नाहि।
कहे कबीर नगर एकमें दो राजा कहां समाई॥
'मैं मैं' बकरी करे बकरी मारी जाय।
मेना तो 'मैं' ना कहे मेना सक्कर खाय॥

આ પ્રેમથી દેવ મુમુક્ષુ તથા બ્રહ્મવાદીઓ પણ આકર્ષાઈને પરમાત્માનું પૂજન કરે છે. તો પછી અવતારી ગોપીઓને આકર્ષણ થાય તેમાં શું આશ્ચર્ય? **यं सर्वे देवा नमन्ति मुमुक्षुवो ब्रह्मवादिनश्च (नृ. ता. उपनिषद्).** આ પ્રમાણે ગોપીઓના સાચા વૈરાગ્ય અને મુમુક્ષુતાની પ્રભુએ કસોટી કાઢીને ખાત્રી કરી કે અદ્વૈત બ્રહ્મજ્ઞાનને એ પાત્ર થઈ છે. ત્યારે જ એમણે રાસનો આરંભ કર્યો કે જેથી કરીને દ્વૈતભાવના ટળીને એ અદ્વૈતપણું પામીને **तत्त्वमसि** સિદ્ધ કર્યું.

હવે પાછા આપણે પાર્થિવવાદની ખબર લઈએ. એ દષ્ટિ વાળાઓ માટે કહી શકાય, કે સૃષ્ટિની ઉત્પત્તિ થયા પછી આજ સુધીમાં આવો નાચ કદી થયો જ નથી અને થવા સંભવ પણ નથી. ભવ્ય મહેલોમાં યુરોપ અમેરિકાના નાટયાર ભોમાં યા કોઈ મોટી હોટલોમાં, રાજાઓના રણવાસમાં, અથવા નાટકશાળાઓની રંગ-ભૂમિ ઉપર, રંગરોગાન લગાવી વારાંગનાઓ લાવી, હરેક રીતે શણગારી ને નાચરંગ કરવામાં આવે તો પણ રાસલીલાનો રંગ એમાં આવે જ નહિ! આ નાચ જડલોકોનો નહોતો. આ બ્રહ્મ જ્ઞાનના નાચમાં કુદરતી સૌન્દર્યનો રંગ જ ઓર હતો. સૌન્દર્ય જાણે સ્થૂળ સ્વરૂપ લઈને નાચતું હોય, અને તે સાથે નિસર્ગ જાણે નાચવા મંડી હોય એમ બન્યું હતું, હવામાં જ રંગ જામી ગયો હોય એવો રંગ જામીને જે આ દિવ્યરાસ બન્યો, તેનું વર્ણન ભાષાથી શી રીતે થઇ શકે ?

રાસક્રીડા કર્યાં પછી યમુનાની રેતીમાં રમણક્રીડા, તથા જલ ક્રીડા, વનક્રીડા, વગેરે ક્રીડાઓ કરી, તે પણ અવર્ણનીય છે. શ્લોક ૨૫માં જે ક્રીડાઓ કહી છે તે અંતરીક્ષ ક્રીડા હતી એમ શ્રીધર સ્વામીજી કહે છે એમાં શું અસંભવિત છે? આ ક્રીડાનું રહસ્ય ખરેખરું જાણનાર મૂળ **વ્યાસમુનિ** અને છેવટે **નરસિંહ મહેતા** હતા એમ કહીએ તો ચાલે. આ બંનેએ તેનું વર્ણન કરવામાં અથાગ બુદ્ધિ અને શકિત બતાવી છે.વ્યાસ મુનિએ તો **શ્રીધર** સ્વામીની ટીકાનુસાર સ્પષ્ટ લખ્યું છે કે શ્રીકૃષ્ણ ઊર્ધ્વ-વીર્ય હતાં. તેમણે દિવ્યચક્ષુથી જોઇને દિવ્યરાસ વર્ણવ્યો છે. એટલે જે બધી ક્રીડાઓ થઇ તેનો આધાર જેની તેની કલ્પના ઉપર રહે છે. વળી શ્રીકૃષ્ણ તે **ભગવાન** સાક્ષાત છે. એ હકીકતથી ગોપીઓ અજાણી ન હોતી. તેમ જ શ્રીકૃષ્ણના સંસર્ગથી **કામદેવ** ઉશ્કેરાવાને બદલે હંમેશ માટે નિવૃત્ત

થઇ જતો અને જીતાતો હતો. એ પણ તે જાણતી હતી. દરેક પ્રસંગે પ્રભુએ પ્રભુત્વનો ઇશારો કર્યો છે. પરંતુ પોતે ભોગ્ય અને શ્રીકૃષ્ણ ભોક્તા છે એ વાત રાસને અંગે ગોપીઓ ભૂલી ગઇ હતી, તે કેવળ અદ્વૈતભાવ પામી. જેવી રીતે યોગીઓ અને બ્રહ્મજ્ઞાનીઓ ભગવાનને પામે છે તેવી રીતે આ સંન્યાસિની બાળાઓનો પોતાના પ્રેમથી ગમે તે રૂપે પણ શ્રીકૃષ્ણને પામવાનો દૃઢ સંકલ્પ હતો, તે સંકલ્પ પ્રભુએ પૂર્ણ કર્યો. પ્રાકૃત વિષયાસક્તિ છોડાવવા પોતે વિષયાસક્તિ બતાવીને એમને સમજાવ્યું કે વ્યભિચારની વાસનાથી પણ પ્રભુના ઉપર મન ચોંટે તો તે પણ યથાર્થ છે, કેમકે તેથી આસક્તિ છૂટે છે. એક વાત ભૂલવાની કે, સાધારણ મોટા માણસનું અનુકરણ બાજુ રહ્યું, પણ તેની વાત કરવાનોયે આપણને અધિકાર નથી હોતો, ત્યાં આવા પૂર્ણ પરમેશ્વરનો આપણે આપણી પામર દૃષ્ટિથી પાર પામવા મથીએ, તે કેમ બને ? મોટાઓની વાણી પ્રમાણે વર્તન કરવું જોઇએ; કૃતિ પ્રમાણે કરવા જતાં અથડાઇ પડાય. મહાત્માઓની કૃતિ તેના પરિણામથી જ સમજાય છે. રાસના પાંચ પાંચ અધ્યાયના ફળમાં છેવટ શું કહ્યું છે ? આ પંચાધ્યાયીનું ફળ આગળ કહી ગયા તે પ્રમાણે મનુષ્યને કામમાંથી મુક્ત કરવાનું છે. જેવો શરૂમાં સંકલ્પ કહ્યો છે, તેવો જ અંતમાં ફળનો પણ છે. ઉપરની કૃતિ સ્થૂળ દૃષ્ટિથી ગમે તેવી દેખાય, પણ તેનું રહસ્ય શું છે ? કે, રાસ રમાયા પછી આખી જિંદગીમાં ગોપીઓએ કદિ પણ કામવાસના બતાવી નથી, ઊલટું બ્રહ્મજ્ઞાન પૂર્ણ બતાવ્યું છે, હાલ પણ મોટા માણસોના ચરિત્રમાં અનેક એવી બાબત હોય છે કે જેમાં સાધારણ મનુષ્યનું પ્રવેશ કરવાનું ગજું હોતું નથી. **શેલી**, **બાયરન**, **કીટસ**, **પ્રેમાનંદ**, **દયારામ** વગેરે કવિઓના ચરિત્ર માટે ગમે તેમ કહો, પરંતુ વૃદ્ધ તત્ત્વજ્ઞાની કવિરત્ન **વડ્ઝવર્થનું** એક કાવ્ય સ્કૉટલૅંડની

એક નિર્દોષ ગ્રામ્ય બાળાને જોઈને લખેલું છે, તેની મઝા જુઓ. Sweet Highland Girl કહીને પછી પોતાના ગીતમાં એણે કહ્યું છે કે,-" હે બાળા! હું તારા ઉપર એટલો બધો મુગ્ધ થયો છું કે, તારી પાસે કોઇ પણ સ્થિતિમાં અને ગમે તેવી શરતથી રહેવા હું કબૂલ છું." હવે કોઈ પામર કદાચ ટીકા કરશે કે, વૃદ્ધ કવિરાજનું મન વિહ્વળ થઇ ગયું હતું, તો તેનો જવાબ એટલો જ કે એવે પ્રસંગે જે મહાન પુરુષ માટે વિચાર કરવામાં આવે તેની, અને આક્ષેપ કરનારની પોતાની, એ બન્નેની તુલના કરવી જોઇએ. **નેપોલિયનને એબટ** એકપત્નીવ્રતવાળો કહે છે, અને બીજા કેટલાક ગ્રંથકારો વ્યભિચારનો આરોપ તેના પર મૂકે છે, તેનો નિર્ણય થશે ખરો? **શ્રીકૃષ્ણે કામદેવનો** મદ ઉતાર્યો, તેનો અર્થ સમજવાને કેટલા અધિકારી છે? **કામદેવની** માયા **શ્રીકૃષ્ણ** ઉપર ચાલી શકી? આ બધી વાતનો ખ્યાલ કરવો ઘટે; મને લાગે છે કે આવા ઊંડા પાણીમાં જઇને તરતાં ન આવડે તો પછી ડૂબવા સિવાય બીજો માર્ગ ન હોય. નાહક તર્ક વિતર્કથી કશો ફાયદો નથી. **શ્રીકૃષ્ણે** અનેક ગોપીઓ સાથે ક્રીડા કરી, અને હજારો રાણીઓ સાથે ગૃહસ્થાશ્રમ કર્યો. **કુબ્જા** જેવીને પણ તારી; આમાંથી કોઈ પણ સ્થળે કે કોઇપણ સમયે **શ્રીકૃષ્ણને કામદેવ** લાગુ થયો હોય, કામજ્વરથી તેઓ પીડાયા હોય એવું સૂચન ક્યાંયે નથી. એવી ભાવના તો પામરોની જ છે. પ્રભુ તો ભક્તની ભાવના પ્રમાણે દેખાય છે, એ જ એવું રહસ્ય છે. આખા ચરિત્રના દરેક કાર્યમાં એ જ રહસ્ય છે. વિચાર કરો કે, જ્યાં ચંદ્રને પણ કામપીડિત વર્ણવ્યો છે, ત્યાં પછી ગોપીઓનો શો હિસાબ? રૂપકની જ બધી બલિહારી છે? સાધારણ શુદ્ર સ્ત્રીઓ હાલ પણ ગાય છેઃ—

" રાસ ખેલો **કનૈયા નંદલાલા,**
સૂરજ તલખે ને ચાંદો તલખે, તલખે નવલખ તારારે–રાસ૦ "

આ પ્રમાણે અશિક્ષિત શૂદ્ર સ્ત્રીઓ તેનો મર્મ સમજે છે; કેમકે તેમને હૃદય છે; પણ જેને હૃદય જ ન હોય, તેનો શો ઈલાજ ? માટે બુદ્ધિ સ્થિર રાખીને યુક્તિ પુરઃસર સહૃદયપણે પોતાના મનમાં વિચાર કરીને સમાધાન કરવું, એ જ ઉત્તમ માર્ગ છે. કેમકે જ્ઞાનદૃષ્ટિએ જોનારને આ બધામાં કેવળ આત્મજ્ઞાન છે. આત્મા, ઇન્દ્રિયો તથા વિષયો વગેરેનું તેમાં વર્ણન છે. માત્ર રૂપક અલૌકિક છે. તે સિવાય કાંઈ **નરસિંહ મહેતાએ** અમસ્તું ગાયું છે કે, " એ રસનો સ્વાદ **શંકર** જાણે કે જાણે **શુક** જોગી રે, એક જાણે છે વ્રજની નારી કે બીજો **નરસૈયો** ભોગી રે, " ? આ બે લીટીમાં કેટલો અર્થ છે ?

આત્મજ્ઞાનની દૃષ્ટિથી જોતાં કૃષ્ણ તે આત્મા, **રાધા** તે પ્રકૃતિ, ગોપીઓ તે વૃતિઓ, વેણુનાદ તે જીવનું ગીત, **યમુના** નદી તે શરીરમાંના પ્રેમનો સૂક્ષ્મ પ્રવાહ; આ પ્રમાણે શરીરમાં જ રાતદિવસ રાસ રમાય છે. વળી લાક્ષણિક અર્થ લેવો હોય તો ગોપ તે દેવ અને ગોપીઓ તે દેવાંગનાઓ, એ બન્ને પરમાત્માનાં અંશ; અંશ-અંશી ભિન્ન હોય નહિ. મતલબ કે સર્વ ગોપ તે **વિષ્ણુ** અને ગોપીઓ **લક્ષ્મીજી**; એમ બન્ને રૂપ મળી અદ્વૈત બ્રહ્મનું નિરૂપણ થાય છે. વેદમાં લાક્ષણિક અર્થ ઠામઠામ દેખાય છે, તે ધોરણે 'ગોવિંદ' અને 'ગોપ'માંના 'ગો' તે ઇન્દ્રિયો, 'ગો' 'પ' તે ઇન્દ્રિયોના પાલક દેવતા, 'ગો' 'પી' તે ઈન્દ્રિયોની વૃત્તિ. વિષય અને વૃત્તિઓને લગ્ન જેવો જ સંબંધ હોય છે, તે તે સંબંધ ગોપ ગોપીનો છે. માયાનો ખોટો સંબંધ છોડી, અજ્ઞાન દૂર કરી, વિજ્ઞાન દૃષ્ટિથી પુરુષ કૃષ્ણ સાથે સંબંધ કર્યો, એમ પણ લાક્ષણિક અર્થ સ્પષ્ટ છે.

વળી બીજી દૃષ્ટિથી જોતાં ગોપીઓનો એ બધો વ્યવહાર માત્ર સ્વપ્નનો હતો, અગર તુરીય અવસ્થાની એ સમાધિ હતી,

એવો અર્થ પણ નીકળી શકે છે. **શ્રીકૃષ્ણનો** શરીર સંબંધ થયો નથી, પરંતુ ગોપીઓ તદ્રૂપ થઇ જવાથી સ્વપ્નમાં અથવા સવિકલ્પ સમાધિમાં એ બધી ક્રીડા કરતી હતી, અને પછી દિવસે ગાતી હતી, એમ સમજનારને પણ ક્યાં ના છે? રાસ રમ્યા પછી પોતાના પૂર્ણ ભકત **નરસિંહ મહેતાને મહાદેવની** કૃપાથી કૃષ્ણ પરમાત્માએ એ રાસ બતાવ્યો, અને તે પ્રમાણે હજારો વર્ષ વીત્યાં છતાં **નરસિંહ મહેતાએ** બીક તથા લજ્જા મૂકીને ધરાઇ ધરાઈને એ ગાયો, એમાં શું રહસ્ય છે, તે સમજવાનો ખ્યાલ કરવો જોઇએ. કાં તો ગૂઢ બ્રહ્મજ્ઞાન (સૂક્ષ્મ ગોલોકનો સતતનો રાસ વૃન્દાવનમાં એકવાર થયો, તે પાછો **નરસિંહ મહેતાએ** જોયો એમ સૂક્ષ્મભૂતનું સ્થૂળ રૂપક થયું એમ) સમજો, અથવા જડવાદી માટે એમ સમજો કે, તે સમયના જનસમાજની અભિરુચિઓ અગર સંસારના વ્યવહારની સ્થિતિ અને સંયોગોનો ઐતિહાસિક ચિતાર તેમાં આપેલો છે. વાસ્તવમાં ગોલોકમાં નિત્ય રાસ અપ્રકટ છે અને દરેક બ્રહ્માંડનો પ્રકટ રાસ કૃષ્ણાવતારમાં થાય છે તે આ પૃથ્વી ઉપર પાછો ક્રમ પ્રમાણે થશે. **નરસિંહ મહેતાના** કાવ્યસંગ્રહમાં નીચેની પંક્તિઓ છે:

> બાઈ? મારે સોણું કે સાચું? **નંદકુંવરશું** રંગભેર રમતાં
> અંતર ગતિ રાચ્યુ રે;
>
> સૈયર! મોહે હેતે બોલાવી મરકલડો લીધો,
> આલિંગન દીધું આવીને, અધર અમૃતરસ પીધો.

દરેક ગોપ પોતાની ગોપીને સોડમાં જુએ છે, તો પછી રાસમાં જે ગોપીઓ ગઇ તે કોણ? આનો ખુલાસો એટલો જ કે જેવી જેની ભાવના તેની તેવી સિદ્ધિ. **यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी** કલ્પવૃક્ષ રૂપી પ્રભુ સર્વના મનોરથ પૂર્ણ કરે છે, તે કંઈ પ્રત્યક્ષ થઈને કરતો નથી. રાસ માટે ચિન્મય અપ્રાકૃત ગોપીઓની એણે

નવી સૃષ્ટિ રચી કહો, અથવા જે કહેવું હોય તે કહો પણ સત્ય સમજવાનો શુદ્ધ સંકલ્પ કરીને પ્રયત્ન થશે તો જ તેની ઝાંખી થશે.

નરસિંહ મહેતાની કલ્પનામાં વળી સ્ત્રીને મોક્ષ મળવો કઠિણ છે. પરંતુ પોતાની સાચી ભકિત હોવાથી મોક્ષ આપવા ખાતર જ જાણે કેવળ કૃપા કરીને **શ્રીકૃષ્ણે** ગોપીઓનો સંગ કરીને તેમનો ઉદ્ધાર કર્યો હોય, એમ પણ એ ધ્વનિ કરે છેઃ **નરસિંહ મહેતા** એક ઠેકાણે કહે છે કે –

કોટિ કંદર્પનો દર્પ એવા **હરિ**, ભૂતળ ભોગીનું રૂપ લીધુંઃ
કામની કેલી કરવા કળીકાળમાં, અધમજનને અભયદાન દીધું.
ચાર જુગને વિષે મુકિત નહિ નારને, જુગત જાણી એમ વેદ બોલે;
વ્રજતણી નાર વિધિસર ભાવી ભલે રંગ રાતો સદા રંગ ડોલે.
અધમ ઓધારવા અવતર્યાં **શ્રીહરિ**, એ શું જાણીને તે જ્ઞાન કરશે ?
તેહના ચરણની રેતમાં લોટતાં, **નરસીયા** સરખા કોટિ તરશે "

' **સુરત સંગ્રામ** ' ગાઇને પાછું ગોપીઓને ભકતરાજે **વ્યાસ**ની માફક ' અધમ ' કહી છે. આ ' અધમ ' તે પ્રાકૃત અર્થમાં લેવાનું નથી, પ્રેમની ભાવના તેમાં છે.

ભકતરાજ આગળ વધીને સ્વમથી પણ ભાવના વિશેષ કરે છે અને કહે છે કે—

* " મકર પ્રતિબિંબમાં બાળક જયમ રમે, ત્યમ રમે ગોવિંદ સાથે ગોપી; "

એટલે દર્પણમાં જોઇને બાળક રમે તેવી છોકરાંની રમત રૂપ એ લીલાને કહી છે. સ્વયં **વ્યાસ** ભગવાન પણ કહે છે કે **यथार्भकःस्वप्रतिबिम्बस्य विभ्रमः** બાળકની પોતાના પ્રતિબિંબના ભ્રમ જેવી લીલા કહી છે. મતલબ કે, દર્પણ તો શું પણ હર

* ' મકર ' તે. ' મુકુરનો ' અપભ્રંશ છે, અર્થાત્ મુકુર એટલે દર્પણ.

કોઇ પ્રકાશમય વસ્તુમાં પ્રતિબિંબ દેખીને બાળક રમે તેવી કેવળ નિર્દોષ રમત એને કહેલી છે. આ બાહ્ય અર્થમાં રહસ્ય એ છે કે જેમ બાળક દર્પણમાં પોતે જ છે, તેમ ગોપીઓ તે શ્રીકૃષ્ણ જ હતી, બીજી કોઈ નહિ, તત્ત્વમાં એક માત્ર લીલા માટે પોતાનાં પ્રતિબિંબ બતાવ્યાં! ભગવાન્ આત્મારામ છે. **રમાના** ઈશ ભગવાન છે. તમામ ગોપીઓમાં **રમાનો** રસ પ્રસરેલો હતો, તેથી **શ્રીકૃષ્ણ** ગોપીઓમાં બ્રહ્માનંદનો આવિર્ભાવ કરીને રમ્યા, એમ સ્પષ્ટ આશય છે. બાળક જેમ દર્પણમાં પોતાનો ભાવ સમજીને રમે છે તેમ એ રમ્યા. **રમાના** રસ સિવાય ઇશ્વર અગર જીવ ટકી શકે જ નહિ. પ્રકૃતિ વગરનો પુરુષ જ કેવો? સ્ત્રીઓનું હૃદય જ ધર્મનું ખરું ક્ષેત્ર છે; ક્ષેત્ર હોય તો જ ક્ષેત્રી. પ્રકૃતિ અથવા સ્ત્રીને જડ અજ્ઞાની ગણી, હવે અજ્ઞાનીને જ્ઞાન કદી થાય નહિ અને તેથી મોક્ષની એને આશા નહિ; માટે પ્રભુએ કૃપા સાથે મોક્ષ પણ આપ્યો, એમ આશય છે. **વ્યાસ** મુનિએ પણ ગોપીઓ માટે 'વ્યભિચાર' અને 'અધમ' શબ્દ વાપર્યા છે. **શ્રીકૃષ્ણે** પોતે પણ તે મતલબનું કહ્યું છે, તેનો ખુલાસો થઇ ગયો છે. આગળ કહ્યું છે તેમ **બ્રહ્મા** તથા ઇન્દ્રનો એમણે ગર્વ ઉતાર્યો, તેમ આ કાર્ય પણ **કામદેવનો** અગર કામશાસ્ત્રના અભિમાનીઓનો ગર્વ ઉતારવા સારુ છે. એક ઠેકાણે તો **મહેતાજીએ** ઉન્માદ અવસ્થામાં ગાયું છે કે—" તમને બ્રહ્મચારી કહે તે ઘેલા, તમે સદા વ્યભિચારી રે. " **હવે મહેતાની** વ્યભિચારની વ્યાખ્યા જુઓ- " નરસૈયાના સ્વામી વિના બીજા અનેક ધર્મ વ્યભિચાર રે:' શું પ્રેમ તથા ભક્તિની ઘેલછા અને મસ્તી! ગોપીઓએ જે ચાર પ્રશ્ન પૂછીને તેમને કૃતઘ્ની કહ્યા હતા. તેવી મસ્તી આ વ્યભિચાર' શબ્દમાં છે. કવિ અને ભકતનાં દિવ્ય ચક્ષુ કયાં જઇ શકતાં નથી? ભકિતના બળથી **મહેતાજીનું** પ્રભુ સાથે ઐકય જુઓ કે—"તુજને મુજમાં ભેદ નહિ **નાગરા**, માનને એ મારી વેદવાણી."

"જ્યાં છે પ્રેમ ત્યાં પરમ આનંદ છે, એમ આનંદ ત્યાં અન્ય ન્હોયે."

નરસિંહ મહેતાના ભક્તિભાવમાં દાસ્ય અને કોઈ વખતે સખ્ય ભાવ ઉપરાંત મધુર ભાવ પણ ખાસ હતો, પરંતુ **મીરાંબાઇ** તો ગોપીનો અવતાર જ હોવાથી તેનો ભક્તિભાવ પતિ પત્નીના સંબંધનો હોવાથી તેની વાણીમાં પ્રેમ છલકાઇ જાય છે, અને બહાર નિકળી તેનો મોટો પ્રવાહ વહે છે તેણે બેધડકપણે ઘણી હિંમતથી અને આવેશમાં પ્રેમ ગાયો છે. કેટલાકનું કહેવું છે કે **મીરાંબાઈ** તે વિષ્ણુભગવાને લીધેલું રૂપ અને રાણો તે **શંકરે** લીધેલું રૂપ છે. શ્રુતિમાં પણ આવો ધ્વનિ છે. **મોહિની**ના રૂપમાં **શંકરને** જેવી મજા બતાવી હતી તેવી ગમ્મત એ બન્નેએ પાછી સંસારમાં કરી! **મીરાંબાઇએ** એક **શ્રીકૃષ્ણને** જ પુરુષ કહેલો છે, તેના ખુલાસાનો કંઈ આભાસ **કર્ણાટકીએ** **પૃથ્વીરાજ** એકલાને જ પુરૂષ કહ્યો હતો તે ઉપરથી થઇ શકે છે. માત્ર **કર્ણાટકી**નો સ્થૂલ, અને **મીરાંબાઇ**નો શુદ્ધ દિવ્ય પ્રેમ હતો એ જ ભેદ!

ઉપર પ્રમાણે રાસલીલાને અનેક દૃષ્ટિકોણથી આપણે જોઈ. આ ઉપરાંત એક એવો પણ તર્ક થઈ શકે છે કે આ રાસ તે ગાયન શાસ્ત્રનું રૂપક પણ કેમ ન હોય? રાગ અને રાગણીઓનો નાચ તે પ્રેમનો એક નાચ કેમ ન કહેવાય ?

પ્રેમ શું છે અને 'પ્રેમ' શબ્દ સાધારણ ભાષામાં કેવી રીતે વાપરીએ છીએ એ હવે તપાસીએ. બધા કવિઓએ શૃંગાર રસને જ કેમ ગ્રહણ કર્યો છે તે પણ તપાસીએ. શૃંગારમાં તેમ જ દરેક કળા કૌશલ્યમાં **શ્રીકૃષ્ણથી** વધીને બીજો કોઈ નથી અને શૃંગાર સહુને પ્રિય હોય છે એમ સમજીને શૃંગાર રસ બધાએ ગાયો હોય એમ લાગે છે. વળી ભગવાનને તે રસ અમુક માટે પ્રિય છે અને ભક્તોએ તે રસમાં એનો અનુભવ કર્યો છે માટે એ ગાયો.

રજવાડાઓમાં સેંકડો વારાંગનાઓ રાખીને શૃંગાર રસનો કૃત્રિમ આનંદ લેવાય તે આ કુદરતી આનંદ આગળ તદ્દન શુષ્ક દેખાશે.

આ શૃંગારરસ લોકને પ્રિય લાગે અને તે સાથે એ હિતાવહ પણ થઇ શકે એમ જાણીને ભક્તોએ ગાયો ખરો પણ કહેવાની ફરજ પડે છે કે, રાસલીલાનું રહસ્ય સમજ્યા વગર ગુજરાતમાં જે ગરબીઓ આજકાલ ગવાય છે તેની અસર પામર અજ્ઞાની ઉપર કેવી થાય એ વિચારવા જેવી બાબત છે. "ઊલટી બુઝી રામ" જેવું થવાનો તેમાં સંભવ ખરો. **નરસિંહ મહેતાએ** ધુનમાં પદો રચ્યાં અને પાછળથી કવિવર્યો **પ્રેમાનંદ** તથા **દયારામે** પ્રચાર્યાં તે તો જ્ઞાનીઓ માટે છે. સાધારણ અનઅધિકારીનાં મન ઉપર એ અવળી અસર કરે તેમાં શું આશ્ચર્ય? મહાભારતની કથા થઇ, તેમાંથી એ અનધિકારી કુટુંબનાં માણસોને કોઇએ પૂછ્યું કે, "શું બોધ લીધો?" ત્યારે તેમાંના એક પુરૂષે **બ્રહ્મા** અને **સરસ્વતી**નો દાખલો આપ્યો, સ્ત્રીએ **દ્રૌપદી**ના પાંચ પતિનો દાખલો આપ્યો અને કુંવારી છોકરીએ **કુંતામા** અને કર્ણનો દાખલો આપ્યો: એમ સંસ્કાર પરત્વે જેણે તેણે સાર લીધો. કાળે કરીને કઈ વસ્તુમાં વિકાર થતો નથી? **વ્યાસજી** જેવા અધિકારી મહાત્મા કૃષ્ણ રૂપ **નરસિંહ મહેતા** ગોપીરૂપ **મીરાંબાઇ** જેવાં જ્ઞાની ભક્તો જ્ઞાન અથવા ભક્તિની મસ્તીમાં ગમે તેમ બોલે તેથી સાધારણ પામરને તેમ કરવાનો અધિકાર કંઈ પ્રાપ્ત થાય?

આવાં કાર્યોમાં નિષ્કામપણાનું જ બળ પ્રધાન છે. **શ્રીકૃષ્ણનાં** કર્મો તમામ નિષ્કામ હોવાથીજ તેમાં બધું રહસ્ય છે. નિષ્કામ કર્મો કર્યાથી કોઇ જાતનો બાધ નથી. ઈન્દ્રે **ત્રિશિરાવિશ્વરૂપ** ગુરૂ બ્રાહ્મણને માર્યો, વેદોનું અધ્યયન નહિ કરનારા બ્રાહ્મણોમાંથી આશ્રમવાળા સંન્યાસીઓને મારીને કૂતરાને ખવરાવ્યાનું ઋગ્વેદની ઉપનિષદ્‌ની શ્રુતિઓમાં છે; **જનક**રાજાએ યજ્ઞ યુદ્ધ આદિ અનેક

કર્મો કર્યાં, **પરશુરામે** પિતાની આજ્ઞાથી માતાનો વધ કર્યો, તેને નિંદનારા બ્રાહ્મણના છોકરાઓને તેમના પિતાએ ન્હારને ખવરાવી દીધા હતા; માત્ર કુતર્ક કરવાની શિક્ષામાં એક બ્રાહ્મણનું માથું કપાઇ ગયાનું પણ ઉપનિષદ્‌માં છે. **શ્રીશંકરાચાર્ય** મહારાજે જ્ઞાતિલાઓને એટલે **કાલટી**ના બ્રાહ્મણોને અપમાનના ગુના માટે શાપ આપીને **વેદભ્રષ્ટ** કર્યાં હતા. આ બધાં કર્મો નિષ્કામ હોવાથી કર્તવ્યની પરાકાષ્ટા દર્શાવવા જેવા એ આદર્શો છે. આવાં કર્મો કોઈને બંધનકારક થયાં નથી. તેથી પણ વિચિત્ર દાખલાઓ જુઓ કે, **શુક્રાચાર્ય** દૈત્યના ગુરુ દેવોનો નાશ કરાવનાર **પ્રહ્‌લાદને** નાસ્તિકપણું શિખવનાર, અને તેને ભગવાનની ભકિતની કસુર માટે દૈત્ય પિતા **હિરણ્યકશિપુ** આગળ મારવાને ધરનાર હોવા છતાં તેને આકાશમાં મોટા નક્ષત્રનું સ્થાન મળ્યું. એનું કારણ શું? કર્તવ્યપરાયણતા! નિમકહલાલીથી નોકરી કરવામાં એક આંખ પણ એમ ગુમાવીને '**શુક્રાચાર્ય**' શબ્દ જુદા અર્થવાળો કરી આપ્યો! આ બધામાં શું રહસ્ય છે? આ જ્ઞાની મહાત્માઓ દીર્ઘ અને દિવ્ય દષ્ટિથી ભવિષ્યના ગર્ભમાં શું નિર્માણ છે તે જાઇ શકતા હતા, અને તેથી જ પ્રારબ્ધવશ થઈને કર્મ કરતા હતા. નિષ્કામપણું એ જ બળ છે. **શંકરાચાર્યે** પરકાયામાં પ્રવેષ કરી કામશાસ્ત્રનો અનુભવ લઇને પછી **સરસ્વતી** સાથે સંવાદ કરવાનો નિશ્ચય કર્યો, ત્યારે તેમના શિષ્યોએ કહ્યું કે, "આપ સર્વજ્ઞ છતાં આ નિંદિત માર્ગ કેમ લ્યો છો?" ત્યારે તેઓ બોલ્યા કે "આસકિત વગરનું કર્મ બાધક છે જ નહિ," અને તે સમયે **શ્રીકૃષ્ણ** અને ગોપીનું દષ્ટાંત આપી સમજાવ્યું કે "કામનાઓનું મૂળ સંકલ્પ છે; તે સંકલ્પનો અભાવ હોય ત્યાં સંસારનો પાશ કેમ બેસે? એ જ વ્રજબાળાઓને '**કૃષ્ણ** બ્રહ્મચારી અને **દુર્વાસા** સદા અપવાસી' એમ કહેવાથી **યમુનાએ** માર્ગ આપ્યો હતો. આમાં પણ નિષ્કામપણું જ બળ છે. વળી

બીજી દૃષ્ટિથી જોતાં જણાશે કે, વ્યભિચારની આસક્તિવાળાને પણ **શ્રીકૃષ્ણાર્પણ** કરવાથી મુક્તિ મળે છે. તેથી તે દિશા તરફ પ્રવૃત્ત થયેલા પામરો માટે પણ આ શૃંગારચરિત્ર **શ્રીકૃષ્ણે** કર્યું, **વ્યાસ** મુનિએ ગાયું અને **શુકદેવજીએ** પ્રસિદ્ધ કર્યું. સાત દિવસમાં મોક્ષ આપવા માટે બોધ આપવા બેઠેલા **શુકદેવજી** શૃંગારમાં ઊતરી પડે અને વ્યભિચારનું તત્ત્વ બતાવે, અને મરવા બેઠેલા મોક્ષના ઉત્સુક **પરીક્ષિત** તે સાંભળે, એ બને ખરું ? વળી **કુવલયાપીડ** હાથી, **ચાણુર** મુષ્ટિક આદિ મલ્લોને તથા **કંસને** મારનાર નરમાં એવી કલ્પના પણ સંભવે ? કર્મની આસક્તિના સંબંધમાં **શ્રીશંકરાચાર્યે મંડનમિશ્રના** સમાધાન પ્રસંગે દષ્ટાંતો આપીને કહ્યું છે કે " વિષયોમાં લાગેલી બુદ્ધિવાળાનો બ્રહ્મજ્ઞાનમાં અધિકાર નહિ હોવાથી પરબ્રહ્મનું નિરૂપણ નહિ કરતાં **જૈમિનિ** મુનિએ કેવળ કર્મોનું જ નિરૂપણ કર્યું છે. " આ બધી તત્ત્વજ્ઞાન માટેની જ ભૂમિકાઓ છે. તત્ત્વજ્ઞાનની ધુનજ એવી છે. એવી જ રીતે સ્થૂળ શાસ્ત્રો (Sciences)ની પણ ધુન છે. મેડિકલ કોલેજમાં સ્ત્રી અને પુરુષોનાં અવયવોનું પૃથક્કરણ બતાવે, ત્યાં સ્ત્રી પુરુષનો અગર અવયવોનો ભેદ રાખી શકાય ખરો ? યોગી, જ્ઞાની અને ભક્ત જનોને સ્ત્રીત્વની અથવા પુરુષત્વની પરવા હોતી નથી. **બ્રહ્મ** એ સ્ત્રી નથી અને પુરુષ પણ નથી, અને તેટલા માટે નપુંસક જાતિમાં એ રહ્યું છે. ગોલોકમાં અભેદ છે, તો પછી તેના નમુના **વૃન્દાવનમાં** ભેદ ક્યાંથી હોય ? **મીરાંબાઈએ** ફક્ત **શ્રીકૃષ્ણને** જ પુરુષ કહ્યા છે એનો અર્થ એ જ કે પ્રકૃતિ સ્ત્રી અને પુરુષ કૃષ્ણરૂપ છે, એટલે કે **બ્રહ્મ** જ સાચું છે, બાકી બધું માયા પ્રકૃતિ છે. **મીરાંબાઈનું** દષ્ટાંત અનધિકારીને વિપરીત દેખાવા સંભવ છે, પણ **મીરાંબાઈને** મન તો પોતાનો સ્વામી રાણોજી પણ સ્ત્રી હતો. માણસ માત્ર સ્ત્રી રૂપે પ્રકૃતિ અને પુરુષ એક બ્રહ્મ **શ્રીકૃષ્ણને, મીરાં** માનતી

હતી. **બ્રહ્મા, વિષ્ણુ, મહેશ** પણ દેવી પાસે ગયા ત્યારે સ્ત્રી રૂપે ગયા હતા! મતલબ કે શક્તિ જ બધામાં મુખ્ય છે.

કેટલાક તત્ત્વજ્ઞાનથી રંગાયેલા પુરુષો (શિક્ષક, પ્રોફેસર જેવી મોટી જગ્યા ઉપર હોય છે ત્યારે) વિદ્યાર્થીઓને શિખવતી વખતે તલ્લીન થઇને સ્ત્રી પુરુષોનાં અવયવો, વીર્યની બનાવટ, ગર્ભાશય, ગર્ભનું વધવું પ્રસૂતિ ઈત્યાદિ બાબતો સમજાવે છે, તે વખતે કેટલાક વિદ્યાર્થીઓ શરમાઈ જાય છે. કારણ શું? અધિકારમાં ફેરફાર. સ્ત્રી ડાકટરને પુરુષદર્દીના ગુપ્ત ભાગોની સારવાર કરવામાં, તેમ જ પુરુષ ડાકટરને સ્ત્રી દર્દીઓ પરત્વે શી રીતે ભેદ રાખી શકાય? **નરસિંહ મહેતાએ** રાસ જોયો તે સ્થૂળ દૃષ્ટિએ અસંભવિત લાગે પણ ચૈતન્યવાદીને તે અનેક રીતે સુગમ છે. બીજા ભલે એમ માને કે **નરસિંહ મહેતાને** પણ ગોપીઓના જેવું સ્વપ્ન થયું હશે અથવા રાતદિવસની ભૂખ અને તરસને લીધે એણે મનની કલ્પના પ્રમાણે જેવું દેખ્યું તેવું ગાયું. આ શૃંગારરસમાં પણ વ્યાસ ભગવાનની માફક **મહેતાજી**ની ખૂબી એ છે કે તેમાં ઠામ ઠામ બ્રહ્મજ્ઞાન સ્પષ્ટ છે. એમાં જ બધું રહસ્ય છે કે દુરાચારની ભાવનામાંથી પણ ભક્તિનાં કારણથી **પ્રભુ** કેવો ઉદ્ધાર કરે છે. **શિશુપાળ, દંતવક્ત્ર (જયવિજય)** નો ક્રોધથી મોક્ષ થયો છે, **કંસ (કાળનેમી)** નો ભયથી મોક્ષ થયો છે યાદવોનો સ્નેહથી થયો. તો પછી ગોપીઓનો કામથી કેમ ન થાય? માત્ર આ ક્રોધ, ભય, સ્નેહ અને કામ ખરા જીગરનાં હતાં એ જ મુદ્દો છે ને પ્રભુ ઉપરનો કામ પ્રેમમાં પલટાઇ ગયો એ જ રહસ્ય છે.

ઇસ્લામી શાસ્ત્રમાં ખુદાએ વખતોવખત પયગંબર તથા પુસ્તકો માર્ફત લોકોને બોધ કર્યો, તે પણ ઇશ્કનાં જ રૂપકો છે. જેમકે હજરત **આદમને** વંશવૃદ્ધિ તથા જમીનની આબાદિ માટે ઇશ્કના રૂપમાં મોકલ્યા; હજરત **નુહ** માર્ફત ઇશ્કે–ક્રોધનું રૂપ ધર્યું હતું

અને છેવટ પ્રલય પણ કર્યો; હજરત **ઈબ્રાહીમ** સંપ અને પ્રીતિના રૂપમાં ઈશ્ક હતા. છેવટના હજરત **મહમદ** પ્રેમ, સંપ, યુદ્ધ આદિના ઈશ્કરૂપ હતા.

સાધારણ પ્રસંગે જ્ઞાન અને ભકિત મોક્ષદાયી ખરાં પણ અવતારમાં તો પ્રત્યક્ષ સમાગમવાળાને, ગમે તે કારણથી પણ તેમનો સમાગમ કરનારને કર્મ, જ્ઞાન કે ભકિત સિવાય પણ મોક્ષ મળવો વ્યાજબી છે, કેમકે તેમને અપરોક્ષ એટલે પ્રત્યક્ષ જ્ઞાન થાય છે તેથી બીજાં કોઇ સાધનની જરૂર રહેતી નથી.

શ્રીકૃષ્ણે બ્રાહ્મણની સ્ત્રીઓને જ્ઞાન આપીને પાછી વાળી અને ગોપીઓનો પ્રેમ સ્વીકાર્યો તેનું કારણ શું? બ્રાહ્મણ સ્ત્રીઓને શ્રવણ, મનન ઈત્યાદિ નવધા ભકિતનું અનુસંધાન બાકી હતું, તેઓને પતિ ભાંડુ વગેરેનો ભેદ હતો; જીવ–શિવના ઐકયનું એમને ભાન નહોતું; એટલે તેઓ અંશ રૂપે દ્વારકામાં રાણીઓ થઇ, પણ ગોપી ન થઇ અને ગોપીઓ પૂર્ણ પકવ થઈને અધિકારી બની હતી, તેથી તેમણે ઉપદેશ ન સ્વીકાર્યો અને તદ્રૂપ થઈને આત્મજ્ઞાન લીધું. ગોપીઓને વસ્ત્રહરણ વખતે તથા રાસની રાત્રિએ, બન્ને વખત **શ્રીકૃષ્ણે** ના પાડી, પણ એમણે ન માન્યું; કેમ માને? પાકો રંગ લાગી ગયા પછી કંઈ ઊતરે ?

પ્રેમનો પાયો સ્વતંત્રતા અને નિઃસ્વાર્થપણું છે. સ્વાર્થ અગર પરતંત્રતા હોય ત્યાં પ્રેમ હોઈ શકે જ નહિ. સ્વાર્થી પ્રેમમાં પોતાના પ્રેમપાત્રને તાબે કરવા જતાં પ્રથમ પોતે જ તાબે થવું પડે છે. ગુનેગારને પકડનાર પોલિસ પોતે પ્રથમ બંધાય છે. બળદને ઝાલી રાખનાર માણસ પોતે જ પહેલાં ઝલાઈ રહે છે; તેનું એને પોતાને ભાન હોય કે ન યે હોય. સ્વાર્થની ભાવના ગઇ કે કામ ગયો, અને કામ ગયો એટલે પ્રેમ આવ્યો; પછી તે પ્રેમમાં શોક, દુઃખ, વિરહ કે સંશય જેવું કંઇ જ રહેતું નથી, પણ અલિપ્ત આનંદરૂપ

બની જવાય છે. બંગાળના પરમહંસ **રામકૃષ્ણ** સમાધિસ્થ થયા બાદ તેમના વીસ શિષ્યો વીસથી ત્રીસ વર્ષની વયની અંદરના સુશિક્ષિત અને ગ્રેજ્યુએટો હતા તેમણે વિચાર કર્યો કે ગુરુનું નામ-સ્મરણ રહેવા માટે શું કરવું ? છેવટ એમણે સંન્યાસી થઇ ગુરુનો મઠ સ્થાપીને લોકોને બોધ કરવા નિકળી પડવાનું ઠરાવ્યું. આનું જ નામ પ્રેમ અથવા ભક્તિ. ગોપીના પ્રેમનો કંઇક ભાસ આ દૃષ્ટાન્તથી થઇ શકશે.

ખરેખર જો **વ્યાસ** ભગવાને બાળલીલા અને રાસલીલા નહિ ગાઈ હોત તો શૃંગારરસ આટલો વૃદ્ધિ પામ્યો ન હોત. વળી શ્રીકૃષ્ણલીલાની ખૂબી છે કે, શ્રીકૃષ્ણને પ્રેમમસ્તીમાં કોઇ ભક્ત વ્યભિચારી કહે, તો બીજા બાળયોગી અગર બ્રહ્મચારી કહે. શ્રીકૃષ્ણે પ્રસંગે કપટવર્તન કર્યા છતાં પણ તે સત્યવાદી કહેવાય છે. આ બધું શું ? ખરું જોતાં પ્રેમી ભકત પોતાના ઇષ્ટને અને તેમાં પણ શ્રીકૃષ્ણ જેવા પ્રેમી, રમતીઆળ ઇષ્ટને પ્રેમની મસ્તીમાં ગમે તેવા વિશેષણો આપે, તેનો નિર્ણય કરવાનો અન્યને શો અધિકાર ? એ દિશામાં બિલકુલ જવું નહિ ને જોવું નહિ, છતાં તેની ફકત ચેષ્ટા કરવી, એ ન્યાયયુકત ન હોય. નાનપણમાં માતુશ્રીને, યુવાવસ્થામાં સ્ત્રીને અને ભક્તિરસમાં પોતાના ઇષ્ટને પ્રેમની ઘેલછામાં તુંકારા કરીને કેટલાં અપમાન કરવામાં આવે છે ? પણ એ વાત ત્રાહિતને ન સમજાય. તેવી જ રીતે ઇશ્વરતત્ત્વનાં પરાક્રમો નજરે જોવા છતાં પણ માયામાં ખૂંચેલા જીવ એને ઓળખી શકે નહિ અને કવચિત્ ભાન થાય, તો ય પાછા ભૂલી જાય. સાત આઠ વર્ષની વય હોવા છતાં કૃષ્ણે યુવાન તરીકે ભોગવિલાસની ક્રીડાઓ કરી, એના ખુલાસામાં યોગ શક્તિ, શરીરબળ કે ગોપીઓની વાસના, એમાંથી શેનું આરોપણ કરવું, એનો નિર્ણય થઇ શકે તેમ નથી. માણસ એનું મનન

કરવા બેસે તો અંત જ આવે નહિ. કૃષ્ણકૃપા હોય તો જ તે નિર્ણય આવી શકે. સાધારણ પ્રસંગોમાં પણ જ્યાં નિર્ણય થઇ શકતો નથી, ત્યાં પછી આવી મોટી ગંભીર બાબતમાં કેમ થઈ શકે ? એક જ ઘરમાં ખબર પડતી નથી કે, વાંક કોનો હોય છે સાસુનો કે વહુનો, દિકરાનો કે દિકરીનો, ભાઇનો કે બહેનનો, બાપનો કે દિકરાનો. એક રાજ્યમાં કે એક કચેરીમાં પણ નિર્ણય થતો નથી કે વાંક રાજાનો, પ્રજાનો કે પ્રધાનનો, અથવા અમલદાર કે કારકુનનો છે, તો પછી આવડા મોટા વિષયમાં એકદમ નિર્ણય કેમ થઈ શકે ? **સીતા**ના સંબંધમાં **રામ**ને હાલ પણ દોષ આપનારા જોઈએ તેટલા છે. દરેક માણસ પોતાની અક્કલ મુજબ પોતાના વિચારનો ચિતાર કે ફોટોગ્રાફ તે રૂપે બધું પાડીને જુએ છે. વસ્તુતઃ કોઈ પણ ચીજ સર્વ માટે એક સ્વરૂપમાં નથી. સ્ત્રી જો સ્વભાવથી નાનપણથી જ મોહક હોય તો પણ સાધુ, યોગી, જ્ઞાની, બાપ, ભાઇ, દિકરા, દિકરી, દિકરાની વહુ, હિંસક પશુઓ કે પક્ષી વગેરેને તેના પ્રત્યે કેમ એક જ પ્રકારનો ભાવ થતો નથી ?

શ્રીકૃષ્ણે દરેક કાર્યમાં દક્ષતા દાખવી છે. બ્રાહ્મણોનાં કર્મ-કાંડનું પોકળ દુનિયાને બતાવવા ગોવાળીયાને મોકલીને એમની પાસેથી અન્ન મંગાવ્યું, ત્યારે તેમણે ના પાડી, અને તે માગણી બ્રાહ્મણ પત્નીઓ પાસે કરાવી ત્યારે થાળો ભરીને એ જાતે આપવા ગઇ, અને ત્યાં જઈને શ્રીકૃષ્ણને જોતાં જ મોહ પામી ! પરંતુ તેમને શ્રીકૃષ્ણે બોધ આપીને સમજાવ્યું કે, તમારા પતિઓએ શરૂ કરેલો યજ્ઞ તમારા સિવાય પૂરો થાય નહિ અને હું તો સર્વના હૃદયમાં છું જ. મુદ્દો એ છે કે રામ અને કામ ભેગાં રહી શકે નહિ. બ્રાહ્મણપત્નીઓને આકર્ષણ થાય એમાં કંઈ આશ્ચર્ય છે ? હરકોઇ સારી ચીજ જોઇને મનુષ્યને આકર્ષણ

થાય તો પછી શ્રીકૃષ્ણ જેવી અલૌકિક દિવ્યમૂર્તિ જોઈને તો જડચેતન માત્રને આકર્ષણ થાય. નીતિના ગ્રંથના લેખકો અથવા વિદ્વાન પુરુષો આદર્શ ચિતરવામાં સદ્‌ગુણના ભંડાર બતાવવા ગમે તેવાં ચિત્રો ઊતારે, પરંતુ સત્ય વસ્તુ અને તે વસ્તુનું રહસ્ય એ બીજી વાત છે. તેથી આ બાબતમાં દરેક વ્યક્તિ પોતાના અંતર્યામીને પૂછી લે. એક ઋષિપત્નીને તેના પતિએ રોકી રાખી હતી, તે પ્રાણત્યાગ કરીને અદ્વૈતપણું પામી. વિરહાગ્નિથી એનું પાપ બળી ગયું, અને માનસિક દર્શનથી એનું પુણ્ય પૂર્ણ થયું, તેથી એ મોક્ષ પામી. પ્રભુની માયાના આવરણથી સ્ત્રીઓ ઉપર શુષ્ક કર્મકાંડી બ્રાહ્મણો ગુસ્સે પણ ન થયા. ઐકયને પાત્ર નહિ હોવાથી તેમના મનમાં માત્ર પતિના કોપનો, સગાં સંબંધીના તિરસ્કારનો ઈત્યાદિ ભય હતો, અને તેના નિવારણની ચિંતા હતી. તેથી તેટલું કરી આપીને શ્રીકૃષ્ણે માનસિક ભક્તિ કરવા એમને બોધ આપ્યો. કેવળ શુષ્ક કર્મની મૂર્ખાઈનો આ કૃત્યમાં ધ્વનિ છે. એ બિચારાઓ કંસની બીકથી શ્રીકૃષ્ણ પાસે જઈ શકયા નહિ. તેથી એમણે દૂરથી જ માનસિક પૂજા કરીને મન વાળ્યું. બ્રાહ્મણોને કર્મ અને જ્ઞાનનું અભિમાન હતું તે ઊતરી ગયું.

શ્રીકૃષ્ણથી વસ્તુમાત્રને આકર્ષણ થાય છે એમાં શું આશ્ચર્ય ? ગોપીઓ આકર્ષાઈ, બ્રાહ્મણપત્નીઓ આકર્ષાઈ, કુબ્જા આકર્ષાઈ, સ્થાવર જંગમ બધું આકર્ષાયું ને ચંદ્ર આકર્ષાયો ને પ્રેમથી આખું જગત હજી પણ આકર્ષાય છે. તેનું રહસ્ય 'પ્રેમ' શબ્દમાં છે. આપણે જેને 'પ્રેમ' અથવા પ્રીતિ કહીએ તે માત્ર આત્માના અનંત રૂપનું પ્રતિબિમ્બ છે. પરોક્ષ વસ્તુ જે મધ્યસ્થ દ્વારા પ્રતીત થવા માંડે છે, તે મધ્યસ્થના રૂપમાં અથવા બીજી કોઈ ચીજના રૂપમાં પ્રેમ વ્યકત થાય તો તે પ્રેમ મર્યાદિત અને

તેથી અનિત્ય છે; પરંતુ પરોક્ષ આત્મા જ મધ્યસ્થરૂપે આવે ત્યારે એ પ્રેમનું શું પૂછવું ? પછી તો પ્રેમના મહાસાગરો દેખાશે (બૃહદારણ્યકોપનિષદ્ અ. ર. બ્રા. ૪ આ સંબંધમાં **યાજ્ઞવલ્ક્ક્યના** મુખથી ઉત્તમ બોધ આપે છે.) પ્રેમ આવો અજબ ને અતર્ક્ય હોવાથી ભક્તકવિ **દયારામે** કહ્યું છે કે: "જે કોઇ પ્રેમ અંશ અવતરે પ્રેમરસ તેના ઉરમાં ઠરે." સારંગી પડી છે પણ તે વગાડનારને જ જવાબ આપશે. ઈટાલિના એક સારંગી-વાળાના સ્વરથી એક પુલના હૃદયમાં આંદોલન થવાથી તે હાલતો અને સારંગીના સ્વરને જવાબ આપતો હતો. પ્રીતપુરાણ વિચિત્ર છે. પ્રીત પરાણે થતી નથી, ઉધાર લેવાતી નથી, પ્રીતની રીત જ ન્યારી છે. જેના હૃદયમાં પ્રેમ છે તે જ પ્રેમનો જવાબ આપી શકે છે; પછી તે બાળક હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય, પશુ પક્ષી કે ગમે તે હોય, શુષ્ક માણસને આખી જિંદગીમાં તેની સમજણ પડવાની નથી. લોહચુંબકની માફક પ્રેમ પ્રેમીને આકર્ષે છે. જે ન આકર્ષાય, તેને પશુ કરતાં પણ અધમ સમજવો. વળી પ્રેમમાં બુદ્ધિને અવકાશ નથી; તેમ તેની જરૂર પણ નથી, ઊલટી વિરોધી છે. દયારામે અમથું નથી કહ્યું કે: "રામબાણ વાગ્યાં હોય તે જાણે." પ્રેમને ગમે તેટલો દિવ્ય અને પવિત્ર કહીએ પણ તેને સાધારણ પરિભાષામાં લાવ્યા સિવાય છૂટકો જ નથી. તેનું વર્ણન કરવાનો બીજો કશો માર્ગ નથી તેથી એ બોલ વ્યાવહારિક ભાષામાં કહીએ.

આ સૃષ્ટિમાં સાંસારિક વ્યવહારોના નાનાવિધ આનંદનો પ્રમાણિકપણે મુકાબલો કરીએ તો સ્ત્રીસંગ અને તેમાં વળી પરસ્ત્રી સંગના આનંદથી વધીને બીજો કોઇ આનંદ નથી લેખાતો. રાસમાં તો જો કે પર સ્ત્રી છે જ નહિ. વળી જેમ કોઇ પોતાની વિવિધ રૂપે ક્રીડા કરે તેમ નાટક જેવી ક્રીડા તેમાં કરી હતી.

આ સકામ પ્રેમીઓથી જગત્ ભરપૂર છે. પરંતુ તેવા લાખો કરો-ડોમાં એકાદને જ ઇશ્વરી પવિત્ર પ્રેમ બ્રહ્માનંદની ઝાંખી થઇ શકે છે. આ પ્રેમ બ્રહ્માનંદનું વર્ણન જીભથી કે કલમથી કેમ થઇ શકે ? શ્રૂતિ પણ પુકારે છે કે વાણી તથા મનથી પણ એ પર છે; ત્યાં આપણો શો હિસાબ ? આ આનંદ, મુંગાનાં સ્વપ્ન જેવો કહીએ તો ચાલ. આ પ્રેમ અગર બ્રહ્માનંદ ચાર પ્રકારનો છે. દાસ્ય, સખ્ય, વાત્સલ્ય અને મધુર. એમાંથી ચોથો મધુર, સ્ત્રી પુરુષ વચ્ચેનો હોવાથી, ને તેમાં પણ પરકીયા ભાવ હોય તો વળી તે અપૂર્વ રસમય તથા ઉત્તમ પ્રકારનો બને છે. આ પ્રેમનો સ્વાદ **શ્રી ચૈતન્ય** ભગવાનના અનુયાયીઓ બાહ્ય તથા આંતરિક વૈરાગ્યના બળથી લેવાને ભાગ્યવાન થાય છે. **શંકરના** અદ્વૈત તત્ત્વનો તેઓ પ્રત્યક્ષ સ્વાદ તથા અનુભવ લે છે. યોગ અને જ્ઞાન બંને તેમાં છે. પ્રેમમાં શું નથી ? પ્રેમ વગરનું હૃદય કવિ **ચોસર** કઠણ કહે છે. Hard is the heart that loveth naught. ભોગવિલાસનો દાખલો આપીને કવિ અગર ભકતરાજ બ્રહ્માનંદનું કંઈક ભાન કરાવવા માગતા હોય એમ લાગે છે. કેમકે બીજો માર્ગ નથી; પરંતુ સંસારના સકામ પ્રેમ અથવા 'કામ' અને 'ઇશ્વરી પ્રેમ' વચ્ચેનો ગંભીર તફાવત ભૂલવાનો નથી. પ્રીતિવાળી સ્ત્રી અગર પુરુષ જો વૃદ્ધ, બિમાર યા કોઈ રીતે અપ્રિય થાય તો પ્રેમ પ્રવાહ બંધ થાય છે; અને પ્રભુનો પ્રેમ ગમે તેવા સંયોગોમાં દિન પ્રતિદિન વૃદ્ધિ જ પામ્યા કરે છે. 'કામ' પ્રેમ પોતાના સુખને માટે છે; દિવ્ય પ્રેમમાં પોતાના સુખની કલ્પના જ નથી. ગોપી માફક સ્વામીનું સુખ તે જ સુખ; સ્ત્રી અથવા પુરુષ વ્યભિચારી થાય તો તેમનો પ્રેમ તુટે છે, અને પ્રભુના પ્રેમમાં ઇર્ષાનો અભાવ હોવાથી ગોપીઓ ભેગી મળીને પ્રેમ કરે છે, એટલું જ નહિ પણ અરસ પરસ સુદ્ધાં પ્રેમ બતાવે છે. કેમકે સર્વેનો હેતુ **શ્રીકૃષ્ણના** સુખ

માટે જ છે. પોતાનું ' સ્વ ' નું તેમને ભાન જ નથી; માટે જ તે દૈવી પ્રેમ, પરંતુ તેનું ચે વર્ણન કરવા માટે તો સંસારી પ્રેમની ભાષા જ વાપરવી પડે છે. **નરસિંહ મહેતા** જેવા મહાત્માના હૃદયમાં અથવા **વ્યાસ** ભગવાન જે સ્વયં ભગવાનના અંશાવતાર હતા તેવા દિવ્ય પુરુષો ભગવાનના નામથી સંસારી શૃંગાર ગાય અને તેમાં પણ વ્યભિચાર ગાય, અને તે વળી **પરીક્ષિતને** મોક્ષ આપવાને પ્રસંગે **શુકદેવના** મુખથી જ બોધ અપાવે, એ બને જ કેમ ? આ ઉપરાંત બાળ બ્રહ્મચારી **ભીષ્મ** પિતામહ અંતકાળે **શ્રીકૃષ્ણની** સ્તુતિ કરે અને તેમાં ગોપીનું નામ દે, એને શું કહેવું ? વળી **જયદેવ, સુરદાસ, જ્ઞાનેશ્વર, તુકારામ, રામદાસ** આદિ વિરક્ત મહાત્માઓ એમની સ્તુતિ કરે, એનો શો અર્થ ? ખરી વાત એ છે કે, આ સત્યવક્તા ભક્તોએ દુનિયામાં જોયું અથવા જેવું એમને ભાસ્યું તેવું તેમણે અધિકાર પરત્વે પ્રામાણિકપણે ગાયું, અને તે સાથે બ્રહ્મજ્ઞાન માટે કંઇ પણ જિજ્ઞાસાના અંકૂર ઉત્પન્ન કરાવવા માટે શૃંગારને ભેળવીને અપૂર્વ રૂપકો આપીને તેને રુચિકર કર્યું. સુફી મઝહબમાં પણ તે જ ખૂબી છે. મૌલાના **રૂમીએ** ઇન્દ્રિયોના કૃત્રિમ અને અપવિત્ર ઇશ્કને ખુદાના પવિત્ર ઇશ્કથી જુદો કહ્યો છે; **શેક્સપીયર** ઇશ્કને-પ્રેમને પ્રભુ કહે છે; કવિરાજ **કીટ્સ** પ્રેમ ખાતર મૃત્યુને પણ સ્વીકારે છે; તેણે પ્રેમને જ ધર્મ કહ્યો છે. ગોપીના દિવ્ય પ્રેમની પવિત્રતા જુઓ કે જ્યારે ગોપીઓને ઉદ્ધવે જ્ઞાનની વાત કરી ત્યારે તેઓ બોલી કે " તમારા જ્ઞાનની અમને પરવા નથી, અમને તો એકંદરે કૃષ્ણ **દ્વારકામાં** કોની સાથે વિહાર કરે છે, કઇ સ્ત્રીઓ ભાગ્યશાળી થઈ છે વગેરે પ્રીતિની જ વાતો કરો. બીજી વાતો સાંભળવાની એ ચોખ્ખી ના પાડે છે. ગોપીઓનાં મનને તો શૃંગાર સિવાય બીજું કંઇ હતું જ નહિ. આ શૃંગાર તે પ્રાકૃત નહિ પણ દિવ્ય પ્રેમ અગર બ્રહ્મજ્ઞાન. પામરોને અભિરુચિ કરાવવા

માટે વ્યભિચારના રૂપમાં અહિં શૃંગાર ગયો છે, અને બ્રહ્મજ્ઞાનનો કંઈક ખ્યાલ આપવા શૃંગારરસનો સ્વાદ ચખાડીને સમજાવ્યું છે કે, એક યા અનેક સ્ત્રીઓ સાથેના ભોગવિલાસના આનંદને એકઠા કરીએ તો પણ બ્રહ્માનંદના એક અણુને તે પહોંચી શકે જ નહિ; ફક્ત આનંદનું પ્રમાણ પ્રકાર અને સ્વરૂપ સમજાવવા માટે જ એ યોજના છે. વ્યભિચારમાં જે અમર્યાદા, અવિવેક, ઉન્માદ અને મહાન ધરતીકંપ જેવા આઘાતો દેખાય છે, તેવા અન્ય કોઈ પણ કાર્યમાં હોય છે? વ્યભિચારી પુરુષ અગર સ્ત્રીને પોતાની માશુક કિંવા આશક ઉપર રાત દિવસ ખ્યાલ રહે છે, અને તેના સિવાય બીજી વાત સાંભળવાનું કે બીજાનું મોં જોવાનું પણ એને ગમતું નથી; તેવી એકાગ્રતાનો લેશ માત્ર, એક લાખમો ભાગ પણ બ્રહ્માનંદ ઉપર થાય, તો પછી એ પ્રાણીના ભાગ્યનું શું પૂછવું? મહાત્મા **સૂરદાસ** જેવા ભાગ્યશાળી ક્વચિત્જ પાકે. સુફી તત્ત્વજ્ઞાનીઓએ પણ આગળ કહેવાઈ ગયું છે તેમ આવા જ હેતુથી પ્રભુને એક માશુક માની, જીવ તેનો આશક થઈ અદ્વૈત ભાવ પામવા માગે છે, તેને લઈને રાસલીલા જેવો જ શૃંગાર સુફી બંધુઓએ ગાયો છે. પાશ્ચાત્ય મહાન કવિ રાજ **શેકસપીઅરે** ' પ્રેમ ' ચાખ્યો ખરો પણ દિવ્ય પ્રેમ એને મળ્યો નહિ. પ્રેમનો આત્મા-Spirit-**મેરી કોરેલીએ** કાંઇક ચાખ્યો ખરો, પણ બરાબર નહિ. **લાલન વેરાગણ, હાફીઝ, સમર્થયોગી ગુલાબસિંહ, જયદેવ** કવિની પત્ની, **જુલીએટ** વગેરે દષ્ટાંતો છે, તેમાં બરાબર પ્રેમ નથી. સાધારણ સ્ત્રી પુરુષનો પ્રેમ સકામ છે અને જીવનો ઈશ્વર પ્રત્યેનો પ્રેમ નિષ્કામ ને નિર્મળ છે. બ્રહ્મસૂત્ર ઈશ્વરને પ્રેમસ્વરૂપ કહે છે. **सईश्वर: अनिर्वचनीयप्रेमस्वरूपः** । તો પછી પ્રેમઘેલી ગોપી અને પ્રેમઘેલા શ્રીકૃષ્ણ ગોલોકના નિત્યમુક્ત જીવો અને બ્રહ્મ હોવાથી કામને ઉદ્દીપન્ન કરાવી તેને પ્રેમમાં બદલી નાંખે, એનું

નામ જ બ્રહ્મજ્ઞાન. બ્રહ્મ અથવા જીવમાં સ્ત્રી પુરુષનો ભેદ નથી પરંતુ તેમનું ઐક્ય બતાવવા માટે પ્રેમની ભાવના યોજેલી છે. પ્રેમનો ભાવ વૈખરીમાં સમજાવવા માટે કામનું બાહ્યસ્વરૂપ યોજ્યું દેખાય છે. પુરુષ તે પ્રભુ અને પ્રકૃતિ તે જીવ એમ સંબંધ બાંધીને ભક્તોએ ભક્તિ કરી છે. વિષ્ણુપુરાણમાં જે 'શ્રી' કહી છે તે જ બ્રહ્મવૈવર્તપુરાણની રાધા થઇ (વિષ્ણુપુરાણ, મહાભારત તથા હરિવંશમાં રાધા નથી) અને તેથી જ તે પુરાણમાં સાંખ્યની પ્રકૃતિપુરુષ જેવો વાદ **રાધાકૃષ્ણનો** દેખાય છે. ઈસ્લામી તથા ખ્રિસ્તિ ભક્તોએ પણ તે જ માર્ગ લીધો જણાય છે. મહાત્મા **ન્યુમેન** કહે છે કે If the soul is to go on into higher spiritual blessedness, it must become a woman. Yes. however manly thou may be among men. એક જ કુટુંબનાં પાત્રો સંસારમાં નાટક ભજવે છે, તેવો આ ખેલ છે. જીવ સ્ત્રી કે પુરુષ નથી, માટે સ્ત્રી અગર પુરુષમાં જીવ હોય તે જીવ અભેદ ભાવથી કૃષ્ણ પુરુષને પામે છે. **મીરાંબાઈ** તન્મય થઇ જવાથી નાટકના કૃષ્ણને ઠેકાણે સાક્ષાત્ શ્રીકૃષ્ણને આવીને તેને સ્પર્શનો લાભ આપવો પડયો હતો. આવી રીતે સ્ત્રી–પુરુષનો જેને અભેદ થાય તે જ રાસનું રહસ્ય અગર કૃષ્ણ ગોપીના પ્રેમનું રહસ્ય સમજી શકે. કૃષ્ણ તે બ્રહ્મ અગર પુરુષ, અને માયાવિશિષ્ટ પ્રેમમય ભક્તિથી માયાપટલ દૂર થઇ જીવ સાથે તેનું ઐક્ય થાય છે.

અદ્વૈત બ્રહ્મનું ઐક્ય, તે જ આ કૃષ્ણ ગોપી અગર શિવ જીવનું ઐક્ય છે. ગોપીઓનો પ્રેમ કેવળ નિષ્કામ હતો અને તેથી કવિ તથા ભક્તોએ તેને ગાયો છે. એ રસને સંસારનો કામરસ ગણવાનો નથી. આવી ગેરસમજ થવા ન પામે તે માટે જ

વ્યાસ મુનિ, **નરસિંહ મહેતા** તથા **ઉદ્ધવજીએ** પણ ગોપીઓની કામવાસનાની, પ્રાકૃત પામરના બોધ માટે, ક્વચિત્ નિંદા પણ કરી છે. સમજવાનો અધિકાર હોય તેને માટે તો આ નિંદામાં પણ અથાગ પ્રેમ છે. પ્રેમની મસ્તી છે. આ પ્રેમથી જ **વ્યાસ** ભગવાન અને **નરસિંહ મહેતાએ** શૃંગાર રસ ગાઇ, તેમાં 'અધમ' શબ્દ વાપરીને દોષ બતાવીને છેવટ બ્રહ્માનંદ, દોષરહિત અને સતત્ આનંદમય છે એમ બતાવી આપ્યું છે. ગોપીને અગર સ્ત્રીને અધમ કહી છે, તેનો અર્થ, જો કે પ્રાકૃત કામવિકારના દોષ બતાવવાનો હેતુ હોવા છતાં એકદમ પ્રાકૃત લેવાનો નથી. શ્રદ્ધાળુને મન તો ગોપી દેવાંશી જ છે, એટલે તેને માટે પ્રાકૃત ભાવ ઘટે જ નહિ; પરંતુ અશ્રદ્ધાવાન માટે કહેવાની જરૂર છે કે, 'અધમ' શબ્દ સમજવામાં બહુ અક્કલનો ખર્ચ કરવો પડે તેમ છે. **ઉદ્ધવજીએ** ગોપીઓને દુષ્ટ કહીને પાછી તેના ચરણની રજ માથે ચઢાવી, એને શું કહેશો ? મુકાબલા માટે અગર પ્રસંગને લઇને અમુક શબ્દ વપરાય તે કંઈ નિર્ણયાત્મક ગણાય નહિ. પ્રાકૃત કવિઓ અગર તત્ત્વજ્ઞાનીઓ એક જ વસ્તુને, પ્રસંગે શ્રેષ્ઠ અને પ્રસંગે કનિષ્ઠ કહે છે. ચંદ્રને વિરહ વખતે કીરણોથી અગ્નિ વર્ષાવતો કહી ગાળ દે છે, અને સમાગમના આનંદ વખતે અમૃત વર્ષાવતો કહે છે. તેથી આવા શબ્દોના ઉપયોગ પરત્વે ગેરસમજ ન થવા પામે એ બદલ ખાસ કાળજી રાખવાની જરૂર છે. સમુદ્રની ભરતીનું પાણી નદીમાં જાય છે, તેમ ભક્તો સામે પૂરે જાય છે. દુનિયાદારીથી તેમની ગતિ વિપરીત હોય છે. જેવી ગોપીની ગતિ વિપરીત હતી, તેવી તે ગતિને ગાનારાઓની ગતિ પણ વિપરીત હોય છે. દુનિયાને હિસાબે આ ઘેલછા જ ગણાય; પરંતુ જે પામરોને આ દુનિયાની અનેક પ્રકારની ઘેલછાઓમાં જો પ્રભુના પ્રેમની ઘેલછા લાગી, તો તે જીતી ગયો સમજવો.

ગૌડેશ્વર સંપ્રદાયમાં પૂર્વ રાગમિલન સંભોગવિરહભાવ સંમિલન છે. તેવી જ રીતે **સેઈંટ ટેરીસા** પણ પ્રેમમાર્ગનો વિભાગ કહે છે* આ મહાત્મા તેમ જ **સુસો રૂલમેન, ઍંજેલો, માર્સિવન** આદિ ભક્તોએ આ પ્રેમ માર્ગના અનુભવ પ્રત્યક્ષ લીધા છે.

જ્ઞાનદૃષ્ટિથી જોતાં **રાધા** કૃષ્ણનો પ્રેમ એટલે કે ગોપી-કૃષ્ણનો પ્રેમ તે પ્રકૃતિ પુરુષનો અગર માયા ઈશ્વરનો પ્રેમ, એટલે કે બન્નેનું અવિભક્તપણું બતાવી, પ્રેમની ભાષામાં બ્રહ્મરસનો પ્રેમ બતાવી, તે વડે અદ્વૈત આનંદનો રસ અધિકારી વર્ગને આપેલો છે. બાકી પુનરુક્તિનો દોષ સ્વીકારીને પણ કહેવું પડે છે કે વ્યભિચારનું વર્ણન કરે તેવા **વ્યાસ, નારદ, શુકમુનિ, સૂતપુરાણી** તથા ભક્તો હોય ખરા ? વળી મરણ પામવા માટે તૈયાર થએલા **પરીક્ષિતને** મોક્ષ આપવા **શુકમુનિ** શું શૃંગાર ગાવા બેઠા હશે ? કામીના શૃંગારનો અને બ્રહ્મજ્ઞાનના શૃંગારનો મેળ હોઈ શકે જ નહિ કેમકે તે વચ્ચે આત્યંતિક વિરોધ છે. માત્ર અભેદ બતાવવા બધો ભેદ અને વિરોધ આ પ્રસંગના નિરૂપણમાંથી કાઢી નાખ્યો છે. રાસલીલાનું મુખ્ય સ્થાન શ્રીમદ્‌ભાગવત્‌ છે. શુદ્ધ બુદ્ધિથી આંખ ઉઘાડીને તેને જોવાની જે કોઇ તસ્દી લેશે, તેને તેમાંથી એક પણ ખુલાસો મળવો બાકી નહિ રહે. પ્રત્યેક ઠેકાણે તેમાં આત્મજ્ઞાન છે. **નરસિંહ મહેતાનાં** પદોમાં પણ તે જ ધ્વનિ છે. **કામદેવને** બાળીને ભસ્મ કરનાર શંકર તે મહાન્‌ ભક્ત **નરસિંહ મહેતાને** વ્યભિચારવાળો રાસ બતાવે, એ વાત મગજમાં પણ પેસી શકે છે ? શૃંગાર રસ સર્વેએ ઘણો ગાઈને છેવટ જ્ઞાનરસ મૂક્યો છે. ગોપીઓને કુરૂ-ક્ષેત્રમાં સૂર્યગ્રહણ પ્રસંગે **શ્રીકૃષ્ણ** મળ્યા ત્યારે એકાંતમાં તેમણે

---

* 1 Recollection, 2 Quiet, 3 Union, 4 Ecstasy, 5 Rapt, 6 Pain of God, 7 Spiritual marraige.

એમને પ્રત્યક્ષ બ્રહ્મજ્ઞાન આપ્યું છે. તે જોવાથી આખા રાસનો અંત અગર સાર તેમાં જ દેખાશે. પ્રમાણિકપણે પોતાનું હૃદય તપાસીને **વ્યાસ** તથા **નરસિંહ મહેતા** જેવા પ્રમાણિક થઈને કહો કે, મનુષ્યની જે પ્રીતિ નવોઢા સ્ત્રી અગર ઇતર પ્રેમપાત્ર ઉપર હોય છે, તેવી પ્રીતિ તેને માબાપ, સગાં સંબંધી, કે ભાઈભાંડુ ઉપર હોય છે ખરી? આ બધાં પ્રત્યે મનુષ્ય ફરજ બજાવે એ ઠીક, પરંતુ પ્રીતિનું ખરું પાત્ર કયું છે, તે તપાસી જોવા જેવું છે. સ્ત્રી માટે પુરુષ શું શું કરે છે? સ્ત્રીને ગમે તે કોઈ કટુવચન કહે, તો પોતે ખેદ પામે છે; સ્ત્રીની ખાતર માબાપ કુટુંબ ને સગાં સંબંધીઓનું એ અપમાન કરે છે, અને પ્રસંગે છોડી પણ દે છે; લજ્જા મૂકે છે; બીજાની તાબેદારી ભોગવે છે; સ્ત્રીનાં સગાંને જ પોતાનાં ગણે છે; વિવેક મર્યાદા છોડીને, શૂરો છતાં ગરીબડો બને છે; ઇશ્વર કે ધર્મ સામે જોતો પણ નથી; સ્ત્રીની ખાતર જ સંસારમાં લીન રહે છે; સ્ત્રીની હયાતીમાં તેની આ સ્થિતિ રહે છે; અને મરણના વિયોગથી તેનું શું થાય, એનો ખ્યાલ જ કરવો બસ છે, પ્રાણત્યાગ સુધી પણ પ્રેમાં પહોંચે છે. સ્ત્રી પુરુષે આવા પ્રેમની ખાતર પ્રાણ અર્પ્યાનાં અનેક દૃષ્ટાન્તો છે. માબાપ, ભાઇ ભાંડુ, દેશ, ન્યાત જાત બધું છોડીને પ્રીતિનો અનુભવ કરતાં કેટલાએ દુનિયા પાર નિકળી પડયા છે, આખી જિંદગી બ્રહ્મચર્યમાં જ કાઢી નાખી છે. હાલ પણ કેટલાયે નાજુક લાગણીવાળા અગર ઉર્મિલ યુવકો ખોટી આશા અથવા ભોળપણના માર્યા, અશક્ય આશામાં ડુબીને ગુમ થઇ જાય છે. આવો ઉન્મત્ત ભાવ બતાવવા માટે ગોપીઓને સ્વકીયા છતાં પરકીયાનો પ્રાકૃત દેખાવ અપાયો છે.

સંસારમાં જે હૃદય પ્રેમ શૂન્ય છે. તેને પશુ કરતાં પણ અધમ સમજવો. સકામ હોવા છતાં પણ પ્રેમમાં દોષ હોઈ શકે

ગૌડેશ્વર સંપ્રદાયમાં પૂર્વ રાગમિલન સંભોગવિરહભાવ સંમિલન છે. તેવી જ રીતે **સેઇંટ ટેરીસા** પણ પ્રેમમાર્ગનો વિભાગ કહે છે* આ મહાત્મા તેમ જ **સુસો રૂલમેન, ઍંજેલો, માર્ટિવન** આદિ ભકતોએ આ પ્રેમ માર્ગના અનુભવ પ્રત્યક્ષ લીધા છે.

જ્ઞાનદષ્ટિથી જોતાં **રાધા** કૃષ્ણનો પ્રેમ એટલે કે ગોપી-કૃષ્ણનો પ્રેમ તે પ્રકૃતિ પુરુષનો અગર માયા ઈશ્વરનો પ્રેમ, એટલે કે બન્નેનું અવિભકતપણું બતાવી, પ્રેમની ભાષામાં બ્રહ્મરસનો પ્રેમ બતાવી, તે વડે અદ્વૈત આનંદનો રસ અધિકારી વર્ગને આપેલો છે. બાકી પુનરુકિતનો દોષ સ્વીકારીને પણ કહેવું પડે છે કે વ્યભિચારનું વર્ણન કરે તેવા **વ્યાસ, નારદ, શુકમુનિ, સૂતપુરાણી** તથા ભકતો હોય ખરા ? વળી મરણ પામવા માટે તૈયાર થરેલા **પરીક્ષિતને** મોક્ષ આપવા **શુકમુનિ** શું શૃંગાર ગાવા બેઠા હશે ? કામીના શૃંગારનો અને બ્રહ્મજ્ઞાનના શૃંગારનો મેળ હોઈ શકે જ નહિ કેમકે તે વચ્ચે આત્યંતિક વિરોધ છે. માત્ર અભેદ બતાવવા બધો ભેદ અને વિરોધ આ પ્રસંગના નિરૂપણમાંથી કાઢી નાખ્યો છે. રાસલીલાનું મુખ્ય સ્થાન શ્રીમદ્‌ભાગવત્‌ છે. શુદ્ધ બુદ્ધિથી આંખ ઉઘાડીને તેને જોવાની જે કોઇ તસ્દી લેશે, તેને તેમાંથી એક પણ ખુલાસો મળવો બાકી નહિ રહે. પ્રત્યેક ઠેકાણે તેમાં આત્મજ્ઞાન છે. **નરસિંહ મહેતાનાં** પદોમાં પણ તે જ ધ્વનિ છે. **કામદેવને** બાળીને ભસ્મ કરનાર શંકર તે મહાન્‌ ભકત **નરસિંહ મહેતાને** વ્યભિચારવાળો રાસ બતાવે, એ વાત મગજમાં પણ પેસી શકે છે ? શૃંગાર રસ સર્વેએ ઘણો ગાઈને છેવટ જ્ઞાનરસ મૂકયો છે. ગોપીઓને કુરૂ-ક્ષેત્રમાં સૂર્યગ્રહણ પ્રસંગે **શ્રીકૃષ્ણ** મળ્યા ત્યારે એકાંતમાં તેમણે

---

* 1 Recollection, 2 Quiet, 3 Union, 4 Ecstasy, 5 Rapt, 6 Pain of God, 7 Spiritual marraige.

એમને પ્રત્યક્ષ બ્રહ્મજ્ઞાન આપ્યું છે. તે જોવાથી આખા રાસનો અંત અગર સાર તેમાં જ દેખાશે. પ્રમાણિકપણે પોતાનું હૃદય તપાસીને **વ્યાસ** તથા **નરસિંહ મહેતા** જેવા પ્રમાણિક થઈને કહો કે, મનુષ્યની જે પ્રીતિ નવોઢા સ્ત્રી અગર ઇતર પ્રેમપાત્ર ઉપર હોય છે, તેવી પ્રીતિ તેને માબાપ, સગાં સંબંધી, કે ભાઈભાંડુ ઉપર હોય છે ખરી ? આ બધાં પ્રત્યે મનુષ્ય ફરજ બજાવે એ ઠીક, પરંતુ પ્રીતિનું ખરું પાત્ર કયું છે, તે તપાસી જોવા જેવું છે. સ્ત્રી માટે પુરુષ શું શું કરે છે ? સ્ત્રીને ગમે તે કોઈ કટુવચન કહે, તો પોતે ખેદ પામે છે; સ્ત્રીની ખાતર માબાપ કુટુંબ ને સગાં સંબંધીઓનું એ અપમાન કરે છે, અને પ્રસંગે છોડી પણ દે છે; લજ્જા મૂકે છે; બીજાની તાબેદારી ભોગવે છે; સ્ત્રીનાં સગાંને જ પોતાનાં ગણે છે; વિવેક મર્યાદા છોડીને, શૂરો છતાં ગરીબડો બને છે; ઇશ્વર કે ધર્મ સામે જોતો પણ નથી; સ્ત્રીની ખાતર જ સંસારમાં લીન રહે છે; સ્ત્રીની હયાતીમાં તેની આ સ્થિતિ રહે છે; અને મરણના વિયોગથી તેનું શું થાય, એનો ખ્યાલ જ કરવો બસ છે, પ્રાણત્યાગ સુધી પણ પ્રેમી પહોંચે છે. સ્ત્રી પુરુષે આવા પ્રેમની ખાતર પ્રાણ અર્પ્યાનાં અનેક દૃષ્ટાન્તો છે. માબાપ, ભાઇ ભાંડુ, દેશ, ન્યાત જાત બધું છોડીને પ્રીતિનો અનુભવ કરતાં કેટલાએ દુનિયા પાર નિકળી પડયા છે, આખી જિંદગી બ્રહ્મચર્યમાં જ કાઢી નાખી છે. હાલ પણ કેટલાયે નાજુક લાગણીવાળા અગર ઉર્મિલ યુવકો ખોટી આશા અથવા ભોળપણના માર્યા, અશક્ય આશામાં ડુબીને ગુમ થઇ જાય છે. આવો ઉન્મત્ત ભાવ બતાવવા માટે ગોપીઓને સ્વકીયા છતાં પરકીયાનો પ્રાકૃત દેખાવ અપાયો છે.

સંસારમાં જે હૃદય પ્રેમ શૂન્ય છે. તેને પશુ કરતાં પણ અધમ સમજવો. સકામ હોવા છતાં પણ પ્રેમમાં દોષ હોઈ શકે

નહિ. એક ઇંગ્રેજ કવિ કહે છે કે 'It is the truly virtuous man who can love.' મતલબ કે પ્રેમનું ખરું સ્થાન સ્ત્રી પુરુષ વચ્ચેનો સંબંધ છે. સાચ્ચી સ્ત્રી પતિની આજ્ઞાઓ ઉઠાવી તેની ઇચ્છાને માન આપીને ધીમે ધીમે તાદાત્મ્ય પ્રાપ્ત કરે છે. અને અંતે ઐક્ય મેળવે છે, તેમાં પ્રેમ સિવાય બીજું શું છે ? આવા સકામ પ્રેમને પણ કવિવર્યો દિવ્ય સ્વરૂપમાં લઇ જાય છે. ઇટાલિના કવિરાજ **ડેન્ટી** તથા **બીએટ્રીસના** પ્રેમનું તેવું દ્દષ્ટાંત છે. તેમ હોવાથી ઊંચી કોટિના ભક્તો તથા કવિરત્નો ઇશ્વરી દિવ્ય પ્રેમના વર્ણનમાં લૌકિક પ્રેમની ભાષા વડે પ્રાકૃત મનુષ્યોને પ્રિય થવા ખાતર, બ્રહ્મના પ્રેમરસને હજારગણો શણગારીને ગાય તેમાં શો બાધ હોઇ શકે ? **બુલ્વર લિટન** કહે છે કે The same Love which tempteth us in to sin if it be true love, works out its redemption. કામને પ્રેમ કરી નાખ્યો એ જ કૃષ્ણની જાદુગીરી, પાર્થિવ અગર સ્થૂલ અને સકામ પ્રેમ માટે તો શ્રીકૃષ્ણે કંદબ-લીલા વખતે તથા રાસ માટે ગોપીઓ આવી તે વખતે પુષ્કળ બોધ આપ્યો હતો. સકળ પ્રેમની પ્રશંસા આવે પ્રસંગે કરવી પડે છે. **લોર્ડ બેકન** જેવો કહે છે કે ' Wanton love corrupteth and embarrasseth it (Man kind), સકર્મ હતો તે નિષ્કામ થઇ ગયો, એ જ શ્રી કૃષ્ણનું યોગબળ શ્રીકૃષ્ણ જેવા ગુરુ અને ગોપીઓ જેવા શિષ્ય હોય ત્યાં શું ન સંભવે? આને માટે દુનિયામાં ઉપમાં અલભ્ય છે. સ્ત્રી પાસેથી પ્રેમનો પાઠ શીખીને તેમને શુદ્ધ બનાવી, પ્રબળ કરીને સ્ત્રીનો અંદરના આત્માને પરમાત્મામાં જોડી દેવો, એ જ ખરી જાદુગરી, એ જ પુરુષાર્થ, અને એ જ રાસ ! **લયલા** માટે **મજનુ** ઝાડ પાસે તપ કરતો કરતો વૃક્ષ થઇ ગયો, તો ગોપી કૃષ્ણરૂપ કેમ ન થઇ શકે ? જે માણસને સંસારી પ્રેમનો અનુભવ હશે તે જ ભાગ્યશાળી

માણસ શ્રીકૃષ્ણના દિવ્ય પ્રેમની કંઇક ઝાંખી કરી શકશે. કવિરાજ દયારામ શરૂઆતમાં શૃંગારનાં ઉત્તમ કાવ્યો બનાવતા હતા, તેમાંનું એકાદ કાવ્ય એક મહાત્માએ સાંભળ્યું તે ઉપરથી તેમને એમણે કહ્યું કે આ શૃંગાર હવે શ્રીકૃષ્ણ માટે કરો. ત્યારથી કવિરાજ મહાન્ ભકત થયા અને પદો તેમણે રચ્યાં, તેમજ પાછળથી શ્રીકૃષ્ણ સિવાય બીજા કોઇ માટે પદો તેમણે રચ્યાં નથી. ભગવાન કરતાં પણ ભકત મહત્તર છે, તેમ ગોપી પણ શ્રીકૃષ્ણથી વધારે પૂજ્ય છે. આ અપૂર્વ દૈવી રાસ શ્રીવૃન્દાવનમાંના શ્રીસેવાકુંજમાં હજી પણ થાય છે, અને એ સ્થળે રાતના સમયે કોઇ પણ રહી શકતું નથી એમ ત્યાંના શિક્ષિત તેમજ શ્રદ્ધાળુ સર્વ કોઈ રહેવાસીનું કહેવું છે. જો કોઈ એ સ્થળે હઠથી રાત રહી જાય તો તેનો પ્રાણ બચતો નથી, સંસાર વ્યવહારને ઉપયોગી રહી શકતો નથી, કારણ કે અધિકાર વિનાની હઠ ઇષ્ટને ગમતી નથી. છતાં તેનો ઉદ્ધાર તો થાય જ છે; આ પ્રમાણેના બનાવો અત્યારે પણ એ પાંચ વર્ષને આંતરે થતાં રહે છે, એવી વદંતી છે. શ્રીકૃષ્ણના પાદારવિંદથી પવિત્ર થયેલી એ પવિત્ર ભૂમિ તથા વાતાવરણમાં હજી પણ તે સમયનાં આંદોલન સાચા ભકતોને થાય છે. એ વાતની હાલનાં આગળ વધેલાં શાસ્ત્ર હવે ના પાડી શકે તેમ નથી.

શ્રીકૃષ્ણના પ્રેમ રૂપી બ્રહ્મજ્ઞાનને કોઈના વિરોધ કે કોઈની પણ અશ્રદ્ધાની કંઈ જ અસર થવાની નથી. એંજિનીયર ડાકટરનું શું સમજે ? જે વિષયનો અભ્યાસ જે કોલેજમાં કર્યો હોય, તે સિવાયનો બીજો વિષય અભ્યાસ વિના કેમ સમજાય ? તેવી રીતે આ રાસના સ્વાદને તે માટે મુકરર કરેલા અભ્યાસક્રમ સિવાય સમજી ન શકાય. બાકી આખર એ જ નાસ્તિકો સંસારનું ખોટું સુખ ભોગવીને ગમે ત્યારે પણ શ્રીરાધાકૃષ્ણના પ્રેમનો અનુભવ લેવાનું મન કરશે ત્યારે જ તેમનામાં સાચા આનંદના

અંકુર ફૂટવા માંડશે. સંસારમાં જે હૃદય પ્રેમશૂન્ય છે, તે હૃદય આ બ્રહ્મનો પ્રેમ કદિ સમજવાનું કે અનુભવવાનું નથી. તેથી તે માટે માણસે ભગીરથ પ્રયત્ન તથા આત્મભોગ કરવાં જોઇએ. વેદમાં અને ગીતામાં આત્માને આત્માથી ઓળખવાનું કહ્યું છે, તેવી રીતે પ્રેમથી પ્રેમ શોધવો જોઇએ. ગોપીઓનો પરિશ્રમ જુઓ. **અક્રૂર** જેવો પ્રેમી યાદવ પણ ગોપીઓનો પ્રેમ જોઇને હેરત પામી ગયો હતો. **ભગીરથનો** પ્રેમ જુઓ કે, ચાર પેઢી સુધી મહેનત સતત ચાલુ રહી, અને અંતે ગંગાજીને પધરાવ્યાં અને '**ભગીરથ પ્રયત્ન**' કહેવાયો. આનું જ નામ પ્રેમનો પ્રયત્ન. જાપાનમાં એક ન્હાના ટેબલ ઉપર પચાસ પોણોસો ઝાડનો બગીચો બનાવે છે. સતત મહેનત કહો, યોગ કહો કે પ્રેમ કહો, પણ તેના બળથી એ લોકો યથેચ્છ રૂપો બનાવે છે. એ ત્રણ પેઢીએ એ કાર્ય પૂરું થાય છે. આવાં કાર્ય માટે પ્રેમી પ્રયત્નો આટલા બધા થાય છે; તો પછી રાધાકૃષ્ણનું રહસ્ય સમજવા તથા તેનો બ્રહ્માનંદ લેવા કાજે તન મન અને ધનનો કેટલો વ્યય કરી કેટલો પરિશ્રમ લેવો પડે, તેનો ખ્યાલ કરવો જ બસ થશે. આચારવિચાર શુદ્ધ થયા પછી એ ઉન્માદ મગજમાં સંચરશે, અને મુક્ત, કૃતાર્થ, દિવ્ય ગોપીઓને ઓળખી શકાશે ત્યારે જ તેને સમજાશે કે પ્રેમ શી વસ્તુ છે. ત્યારે હૃદયપટલમાંથી સમસ્ત સૃષ્ટિનો લોપ થશે, બીજા બધા તર્ક વિતર્ક લોપાઈ જશે, બીજો કોઇ પણ વિચાર સ્થાન નહિ પામે, અને છેવટ હૃદય પવિત્ર થશે; તેમ જ સત્ય અગર બ્રહ્મને શોધવાની વૃત્તિનો પણ લય થશે ત્યારે જ ગોપીના પ્રેમનું ભાન થશે. અને અંતે પ્રેમની ઓળખ પણ થશે; દિવ્ય પ્રેમ ત્યારે જ સમજાશે. એ પ્રાપ્તિ થઈ કે જિંદગીનું સાર્થક્ય થઈ ગયું સમજવું. **હનુમાનને** રાજ્યપાટ ન મળ્યું: ઊલટું તેલ સિંદુર મળ્યાં; પણ એ **શ્રીરામ** સાથે પૂજાય છે, અને ગરૂડ જેમ વિષ્ણુ સાથે પૂજાય છે તેવી

રીતે ગોપી પણ શ્રીકૃષ્ણ સાથે પૂજાય છે. પ્રથમ ' શ્રી ' અથવા રાધા અને પછી કૃષ્ણ કહેવાય છે.

ગોપીઓનો પ્રેમ બહુ વાચનથી અગર વિદ્વતાથી સમજાય તેમ નથી. પ્રેમીને જ પ્રેમ સમજાય. આ કારણથી જ કેટલાક યુરોપીયન પંડિતો એમ કહે છે કે ગોપીઓની બધી વાત ગલત છે; અને તે પ્રમાણે તેમના મૂર્તિપૂજકો મૂર્તિનું ખંડન કરવા સાથે પોતે જ મૂર્તિપૂજકો બનીને, સ્વતંત્ર વિચારનો છું એમ કહેનાર પોતાના વિચારનો જ ગુલામ બનીને, પંડિતપણાની મૂર્ખાઇમાં પ્રલાપ કરે છે કે ગીતાવાળો કૃષ્ણ તે ગોપીવાળો હોય કેમ ? પરન્તુ આ રહસ્ય અનધિકારી કેમ સમજી શકે ? માણસ માત્રના શરીરમાં ઓછાવત્તા પ્રમાણમાં જે ષડ્રિપુ છે, તે પ્રભુને અર્પણ કરી દેવાથી બધું સમજાઈ જાય છે. ગોપીઓ આ તત્ત્વજ્ઞાન બરાબર સમજી હતી, તેથી તેમણે સર્વસ્વ શ્રીકૃષ્ણને અર્પણ કર્યું હતું. આનું જ નામ ' રાસ '.

રાસલીલાના ટુંકામાં વિવિધ ખુલાસા છે.

(૧) વિદ્વાન જડવાદી ભલે સમજે કે, નાના બાળકો ગોવાળીયાના છોકરા ભેગા કરીને નાચ કર્યો, અને જેમ યુરોપીયનોનો નાચ નિર્દોષ હોય છે તેવો તે હતો. પછી કવિઓ ગમે તેવા અલંકારો આપે. માયાવી બાહોશ કૃષ્ણે માયા રચી, એટલે નાટક બનાવી ભજવી બતાવવાની રમત કરી; હિંદુસ્તાનમાં તો ઘણે ભાગે નાટકોમાં સ્ત્રીનો વેશ પુરુષ ભજવે છે પણ યુરોપ અમેરિકામાં સ્ત્રી ભજવે છે. સાર્વજનિક અગર ખાનગી (Amateur) નાટકો, કોલેજના વિદ્યાર્થીઓથી ભજવાતાં નાટકો ઈત્યાદિ નાટકોમાં રાસલીલા પૂરી ભજવાય છે તેવું નાટક રાસલીલાને ભલે માને. એટલું પણ માનશે તો ભવિષ્યમાં કાળે કરીને પ્રેમના અનુભવની આશા રહેશે !

(૨) શ્રદ્ધાળુ વિદ્વાન ભલે સમજે કે, યોગમાયાથી શ્રીકૃષ્ણે માયા રચી, અને રમત કરી. ગોપીઓ માયા મોહમાં પડી, એટલે કે પોતાના મનોવિકારની છબી એમણે પોતાનામાં જ પાડી, અને પરિણામે શ્રીકૃષ્ણને નારાયણ રૂપ જોઇ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ અર્થે તેમણે સંન્યસ્ત દીક્ષા અગર પરમહંસ દીક્ષા લીધી અને અંતે પ્રેમરસમાં ડૂબીને મોક્ષ પામી. ગોલોકમાં થતો સતત સૂક્ષ્મ રાસ, અને વૃન્દાવનમાં પ્રથમ થયેલો સ્થૂળ રાસ, હજુ સૂક્ષ્મ રૂપમાં રમાય છે; એનું જે ધ્યાન ધરશે તેને હજી પણ પોતાના હૃદયમાં તે દેખાશે. તેને સ્થૂળમાં જોવો હોય તો **નરસિંહ મહેતાને** માર્ગે જઈ યોગ્યતા પ્રાપ્ત કરવાથી જોઈ શકાશે.

(૩) સામાન્ય શ્રદ્ધાળુ, કવિઓએ વર્ણન કરેલું છે તેમાંથી માનવું હોય તેટલું માને. પોતાના મનોવિકારની છબી પોતાના વિચાર ઉપર પડે છે, એટલે પોતાની રહેણીકરણી તથા ભાવના પ્રમાણે તે ગમે તેમ માની શકે છે. યોગબળ માને કે ઈશ્વરી સત્તા માને અથવા મનુષ્યચેષ્ટા માનવી હોય તો તેમ કરે. કેમકે જ્ઞાન નથી ત્યાં પછી દીવા વિનાના અંધારા જેવું છે. છતાં તેવા અજ્ઞાનીને આખરે જ્ઞાન થવાની આશા તો છે જ, કેમકે શ્રદ્ધાનું બળ કાંઈ જેવું તેવું નથી.

(૪) અશ્રદ્ધાળુ સ્થૂળવાદી પ્રાકૃત શ્રદ્ધાળુ કરતાં પણ વધારે દયા તથા ક્ષમાને પાત્ર છે. તે બધું ખોટું માને અગર અમુક ખરું અને અમુક ખોટું છે એમ માને, અથવા પોતાની બુદ્ધિ અનુસાર જે માનવું હોય તે માને, તે સામે દલીલ નિરર્થક છે. શ્રીકૃષ્ણ તેમના ઉપર કૃપા કરે!

ઉપર મુજબ રાસલીલાનો યથાશક્તિ ખુલાસો કર્યો છે, પરંતુ જેમની દૃષ્ટિમાં ક્ષમાશીલતા અથવા પ્રેમ તો ઠીક પણ વિશાળતા પણ નથી, તેમને કદાચ શ્રીકૃષ્ણનો ગુનો અક્ષમ્ય

લાગશે તેમને માટે ખુલાસો પણ એક જ છે કે હાલના ફોજદારી નિબંધ-પિનલકોડની કલમ ૮૩ અન્વયે, સાત વર્ષથી બાર વર્ષની અંદરના બાળકના કૃત્યથી કંઇ પણ ગુનો થતો નથી!! આટલું છતાં શ્રીકૃષ્ણને શિક્ષા જ કરવાની મરજી હશે, તો જન્મ વખતે તથા, તે પહેલાં પણ તે કેદખાનામાં જ હતા, એટલું જ નહિ પણ તેમનાં માતપિતા એટલે કે તેમનું કુટુંબ કેદમાં હતું! એથી વધારે, હાલ પણ શ્રીકૃષ્ણ ભક્તોનાં હૃદયમાં કેદ ભોગવે છે! મતલબ કે એ શિક્ષા ભોગવી ચૂકયા છે. વળી લીલા સમેટવાને પ્રસંગે પણ એમણે શિક્ષા ભોગવ્યા જેવો જ ભાવ ભજવી બતાવ્યો છે; માટે હવે તો જડવાદીએ પણ શાન્તિ રાખીને શ્રીકૃષ્ણ તરફ કૃપા બતાવવી, એ જ તેમનો પુરુષાર્થ છે! ભૌતિકશાસ્ત્ર પ્રમાણે, કૃપા આપશે તે કૃપા પામશે!

આ 'રાસલીલા' કરીને પણ પ્રભુએ "ધર્મ સંસ્થાપના" નો સંકલ્પ પૂર્ણ કર્યો છે. સજ્ઞાન ભકિતનું રહસ્ય ત્યારથી જ સમજાયું છે અને તેનું પ્રાબલ્ય ત્યારથી જ થયું છે એ સ્પષ્ટ છે.